(૬) **સ્થવિરોપઘાતિક** - આચાર્ય વગેરે ગુરુઓનો આચારના દોષથી અને શીલના દોષથી કે જ્ઞાન વગેરેથી ઉપઘાત કરવાના સ્વભાવવાળો હોય તે.

(૭) **ભૂતોપઘાતિક** - વિના કારણે એકેન્દ્રિય જીવોને હણે તે.

(૮) **સંજ્વલન** - દરેક ક્ષણે ગુસ્સો કરે તે.

(૯) **ક્રોધન** - એક વાર ગુસ્સે થયેલો અત્યંત ગુસ્સો કરે તે.

(૧૦) **પૃષ્ઠિમાંસાશિક** - બીજાની પીઠ પાછળ તેની નિંદા કરે તે.

(૧૧) **અભિક્ષ્ણં અભિક્ષ્ણં અવધારયિતા** - વારંવાર સમર્થ વસ્તુને અસમર્થ કહે, 'આ આવી જ છે' એમ કહે તે, અથવા વારંવાર બીજાના ગુણોનું અપહરણ કરે, જેમકે દાસ વગેરે ન હોય એવા પણ બીજાને 'તું દાસ છે, તું ચોર છે' વગેરે કહે તે.

(૧૨) **અધિકરણોત્પાદક** - પૂર્વે નહીં થયેલા ઝઘડા કે યંત્ર વગેરેને ઉત્પન્ન કરે તે.

(૧૩) **પુરાતનાધિકરણોદીરક** - પૂર્વે માફી માંગીને શાંત થયેલા ઝઘડાને ફરી ઉત્પન્ન કરે તે.

(૧૪) **સરજસ્કપાણિપાદ** - સચિત્ત વગેરે રજવાળા હાથથી અપાતી ભિક્ષા લે તે, તથા

જે અસ્થંડિલમાંથી સ્થંડિલમાં જતા પગ પ્રમાર્જે નહીં તે અથવા જે તેવા પ્રકારના કારણ વિના કપડા વગેરે નહીં પાથરેલી સચિત્ત વગેરે પૃથ્વી ઉપર આસન વગેરે કરે તે.

(૧૫) **અકાલસ્વાધ્યાયાદિકારક** - અકાળે સ્વાધ્યાય વગેરે કરે તે.

(૧૬) **કલહકર** - ઝઘડો થાય તેવું કાર્ય કરે તે.

(૧૭) **શબ્દકર** - રાતે મોટા અવાજે બોલે કે સ્વાધ્યાય કરે તે, અથવા ગૃહસ્થની ભાષા બોલે તે.

(૧૮) **ઝંઝાકર** - જેના જેનાથી ગણનો ભેદ થાય તે તે કરે તે, અથવા જેનાથી ગણના મનને દુઃખ થાય તેવું બોલે તે.

(૧૯) **સૂરપ્રમાણભોજી** - સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી ખાય, પીએ વગેરે કરે તે.

(૨૦) **એષણાઅસમિત** - અનેષણાનો ત્યાગ ન કરે, સાધુઓ પ્રેરણા કરે તો ઝઘડો કરે તે. અનેષણીયને નહીં છોડતો તે જીવહિંસા કરે છે. આમ પોતાને અને બીજાને અસમાધિ કરવાથી આ વીસમું અસમાધિસ્થાન છે.'

ગુરુ આ વીસ અસમાધિસ્થાનોને ત્યજે છે.

'એષણા એટલે અશન વગેરેને લેતી વખતે શંકિત વગેરે પ્રકારો વડે શોધવું. એષણા સંબંધી દોષો તે એષણાદોષો.' - **પ્રવચનસારોદ્ધારની ટીકા**માં એષણાદોષોની આ પ્રમાણે વ્યાખ્યા કરી છે.

તે એષણાદોષો દસ પ્રકારના છે. તે આ પ્રમાણે - ૧ શંકિતદોષ, ૨ મ્રક્ષિતદોષ, ૩ નિક્ષિપ્તદોષ, ૪ પિહિતદોષ, ૫ સંહૃતદોષ, ૬ દાયકદોષ, ૭ ઉન્મિશ્રદોષ, ૮ અપરિણતદોષ, ૯ લિપ્તદોષ અને ૧૦ છર્દિતદોષ. **શ્રીભાવદેવસૂરિજી**એ સંકલના કરેલ **યતિદિનચર્યા**માં અને **મતિસાગરસૂરિજી**એ રચેલ તેની **અવચૂર્ણિ**માં કહ્યું છે -

'તેમાં (૧) શંકિત એટલે જેમાં આધાકર્મ વગેરે દોષોની સંભાવના કરી હોય તેવા ભોજન વગેરે. (૨) મ્રક્ષિત એટલે ચોપડેલું. (૩) નિક્ષિપ્ત એટલે સચિત્ત વગેરે ઉપર મૂકેલું. (૪) પિહિત એટલે ઢાંકેલું. (૫) સંહૃત એટલે તેમાંથી બીજે નાંખેલું. (૬) દાયક એટલે બાળક વગેરે. (૭) ઉન્મિશ્ર એટલે મિશ્ર કરાયેલું એટલે સચિત્તથી યુક્ત. (૮) અપરિણત એટલે અચિત્ત નહીં થયેલું એટલે અલ્પ કાળવાળું. (૯) લિપ્ત એટલે ખરડાયેલું. (૧૦) છર્દિત એટલે ઢોળાયેલું. આ એષણાના દસ દોષો છે એટલે કે પિંડને ગ્રહણ કરવાના દૂષણો છે. કહ્યું છે કે, 'સોળ ઉદ્ગમના દોષ છે' વગેરે. (૭૯)

હવે ગવેષણાના દસ દોષો કહેવાય છે -

(૧) **શંકિત દોષ** - આધાકર્મ વગેરે દોષોની શંકા હોતે છતે પિંડ ગ્રહણ કરવામાં એટલે શંકિત પિંડ ગ્રહણ કરવામાં શંકિત દોષ થાય છે. એના ચાર ભાંગા છે. તે આ પ્રમાણે - (૧) ગ્રહણ કરતી વખતે શંકા હોય અને વાપરતી વખતે શંકા હોય. (૨) ગ્રહણ કરતી વખતે શંકા ન હોય અને વાપરતી વખતે શંકા હોય. (૩) ગ્રહણ કરતી વખતે શંકા હોય અને વાપરતી વખતે શંકા ન હોય. (૪) ગ્રહણ કરતી વખતે શંકા ન હોય અને વાપરતી વખતે શંકા ન હોય.

(૨) **પ્રક્ષિત દોષ** - સચિત્ત-અચિત્ત મહુડા વગેરે વસ્તુઓના યોગથી ચોપડેલું એવું પ્રક્ષિત બે પ્રકારનું હોય છે. સચિત્તથી લેપાયેલ હાથ વગેરે તે પ્રક્ષિત છે.

(૩) **નિક્ષિપ્ત દોષ** - ત્રસસ્થાવર જીવો ઉપર મૂકેલું અચિત્ત પણ નિક્ષિપ્ત છે. બેઇન્દ્રિય વગેરે ત્રસ છે. એકેન્દ્રિય એ સ્થાવર છે.

(૪) **પિહિત દોષ** - સચિત્ત-અચિત્તથી ઢાંકેલું તે પિહિત. એમાં ચાર ભાંગા છે - (૧) સચિત્તથી સચિત્ત ઢાંકેલું હોય. (૨) અચિત્તથી સચિત્ત ઢાંકેલું હોય. (૩) સચિત્તથી અચિત્ત ઢાંકેલું હોય. (૪) અચિત્તથી અચિત્ત ઢાંકેલું હોય. તેમાં ત્રણ ભાંગા અશુદ્ધ છે. ચોથા ભાંગામાં ભારે-હલકાના ચાર ભાંગા છે. તે પિંડવિશુદ્ધિમાંથી જાણવા. ગ્રન્થનો ગૌરવ થવાથી અહીં લખ્યા નથી.

(૫) **સંહૃત દોષ** - ભાજનમાં રહેલ માટી, પાણી, ફોતરા વગેરે આપવા માટે અયોગ્ય વસ્તુ કે આપવા નહીં ઇચ્છાયેલ વસ્તુ વાટકી વગેરે વાસણમાંથી પૃથ્વીકાય વગેરે ઉપર ખાલી કરીને જ તે ખાલી થયેલ વાસણથી વહોરાવે તે સંહૃત દોષ.

(૬) **દાયક દોષ** - આવા પ્રકારના દાયક વડે અપાયેલું હોય તે દાયક દોષ -

(૧) **નિગડિત** - લોઢાના પગના બંધન વગેરેથી બંધાયેલ.

(૨) **કાંપતો** - જેનું શરીર કંપતું હોય તે.

(૩) **પાદુકારૂઢ** - લાકડા વગેરેના પગરખા પહેરેલ.

(૪) **બાળક** - બાળક એટલે સમજણ વિનાનો અથવા છઠ્ઠીનું ધાવણ પીતો હોય તે.

(૫) **સ્થવિર** - સીત્તેર વર્ષની ઉપરની ઉંમરનો ઘરડો.

(૬) **અંધ** - દૃષ્ટિ વિનાનો.

(૭) **પંડક** - નપુંસક.

(૮) **મત્ત**- દારૂના નશાવાળો.

(૯) **કૂણિક** - કુબ્જ.

(૧૦) **ખંજ** - પગ વિનાનો

(૧૧) **જ્વરિત** - રોગી

(૧૨) **ખાંડતો** - ખાંડણી-દસ્તાથી જે સચિત્તને ખાંડતો હોય તે.

(૧૩) **પીસતો** - પથ્થર ઉપર તલ, મીઠુ, જીરુ વગેરે પીસતો હોય તે.

(૧૪) **લોઢતો** - યંત્રથી કપાસના બીજ કાઢતો હોય તે.

(૧૫) **પિંજતો** - પિંજવા વડે રૂને કોમળ બનાવતો હોય તે.

(૧૬) **કાંતતો** - રૂની પૂણીઓમાંથી દોરા બનાવતો હોય તે.

(૧૭) **વિલોડક** - બે હાથથી વારંવાર રૂને સૂક્ષ્મ કરતો કે દહીં વગેરેને મથતો.

(૧૮) **રજસ્વલા** - માસિક કાળમાં હોય તે.

(૧૯) **સબાલા** - સ્તનપાન કરતા બાળકવાળી.

(૨૦) **ગર્ભિણી** - આઠ મહિનાના ગર્ભવાળી.

(૭) **ઉન્મિશ્ર** - આપવા યોગ્ય એવી સાકર વગેરે વસ્તુ આપવા માટે અયોગ્ય એવા સચિત્ત દાણા વગેરેની સાથે એક કરીને અપાય તે ઉન્મિશ્ર દોષ છે. અહીં એક કરવું એટલે માત્ર ભેગું કરવું. આ દોષમાં પણ ચાર ભાંગા છે - (૧) સચિત્તની સાથે સચિત્ત મિશ્ર. (૨) અચિત્તની સાથે સચિત્ત મિશ્ર. (૩) સચિત્તની સાથે અચિત્ત મિશ્ર. (૪) અચિત્તની સાથે અચિત્ત મિશ્ર. આમાં પહેલા ત્રણ ભાંગા ન કલ્પે, ચોથો ભાંગો શુદ્ધ છે.

(૮) **અપરિણત** - આપવાની વસ્તુ અચિત્ત ન હોય તે. અથવા સંઘાટક બે સાધુમાંથી એક સાધુને અશન વગેરે નિર્દોષ લાગે અને બીજાને સદોષ લાગે તે.

(૯) **લિપ્ત** - મધ, દહી, દુધ, છાશ વગેરેથી ખરડાયેલું આપે તે લિપ્ત દોષ છે.

(૧૦) **છર્દિત** - ભૂમિ ઉપર ઢોળતા ઢોળતા વહોરાવેલું ગ્રહણ કરાય તે છર્દિત દોષ છે.

આ છર્દિત દોષ મળવાથી પૂર્વે કહેલા બેતાલીસ દોષ થાય છે. અહીં વારક મંત્રીની કથા પૂર્વે કહી જ છે. સોળ ઉદ્‌ગમના દોષો ગૃહસ્થને લીધે થાય છે, કેમકે પ્રાયઃ ગૃહસ્થો

તેમને કરે છે. સોળ ઉત્પાદનના દોષો સાધુને લીધે થાય છે, કેમકે સાધુ જ તેને કરે છે. દસ એષણાના દોષો ગૃહસ્થ અને સાધુ બન્નેને લીધે થાય છે, કેમકે શંકિતદોષ અને અપરિણતદોષ સાધુને લીધે થાય છે અને બાકીના દોષો ગૃહસ્થને લીધે થાય છે. ગ્રાસૈષણાના પાંચ દોષો છે. તે આગળ કહેશે. કહ્યું છે કે, 'સોળ, સોળ અને દસ ઉદ્ગમ, ઉત્પાદન અને એષણાના દોષો ક્રમશઃ ગૃહસ્થ, સાધુ અને બન્નેથી થાય છે. ગ્રાસૈષણાના પાંચ દોષો છે. (૧)' (૯૨-૯૭)'

ગુરુ આ દસ પ્રકારના એષણાદોષોને વર્જે છે.

'ગ્રાસ એટલે ભોજન. ગ્રાસ સંબંધી એષણા એટલે શુદ્ધિ - અશુદ્ધિની વિચારણા તે ગ્રાસૈષણા. તેના દોષો તે ગ્રાસૈષણાના દોષો.' - **પ્રવચનસારોદ્ધાર**ની **ટીકા**માં ગ્રાસૈષણાની આ પ્રમાણે વ્યાખ્યા કરી છે.

તે ગ્રૈસેષણાદોષો પાંચ પ્રકારના છે. તે આ પ્રમાણે - ૧ સંયોજનાદોષ, ૨ પ્રમાણાતિરિક્તદોષ, ૩ ઇંગાલદોષ, ૪ ધૂમદોષ અને ૫ અકારણદોષ. **પિંડવિશુદ્ધિ**માં અને તેની **વૃત્તિ**માં કહ્યું છે -

'શબ્દાર્થ - इय = બતાવ્યા પ્રમાણે, सोलस = સોળ, सोलस = સોળ, दस = દશ, उग्गम = ઉદ્ગમ, उप्पायणा = ઉત્પાદના, एसणा = એષણા, दोसा = દોષો, गिहि = ગૃહસ્થ, साहु = સાધુ, उभयपभवा ગૃહસ્થ અને સાધુથી થનારા, पंच પાંચ, गासेसणाए = ગ્રાસૈષણાના, इमे આ. (૯૩)

ગાથાર્થ - ઉપર જણાવ્યા પ્રમાણે સોળ ઉદ્ગમના દોષો ગૃહસ્થથી, સોળ ઉત્પાદનના દોષો સાધુથી અને દશ એષણાના દોષો ગૃહસ્થ અને સાધુ બન્નેથી ઉત્પન્ન થનારા છે. હવે ગ્રાસૈષણાના પાંચ દોષો છે, તે આ પ્રમાણે છે (૯૩)

ઉદ્ગમ-ઉત્પાદન-એષણાદોષનું નિગમન અને ગ્રાસૈષણાદોષની પ્રસ્તાવના -

ટીકાર્થ - 'इय' = 'इत्येवं' આમ દર્શાવ્યા પ્રમાણેના, 'सोलस सोलस दस' = 'षोडश षोडश दश' સોળ, સોળ અને દશ સંખ્યાવાળા દોષો જે યથાક્રમે, 'उग्गम-उप्पायणेसणा दोसा' = 'उद्गमोत्पादनैषणा विषयाः' ઉદ્ગમ-ઉત્પાદન અને એષણાસંબંધી છે, જેનું વર્ણન ઉપર કરાયેલું છે તે, 'दोसा' = 'दोषाः' આહારના દૂષણો-દોષો, ક્રમથી 'गिहिसाहूभयपभवा' = 'गृहिसाधूभयप्रभवाः' ગૃહસ્થથી, સાધુથી અને ઉભય = ગૃહસ્થ-સાધુથી ઉત્પન્ન થનારા છે.

અહીં એ ૪૨ દોષોમાં સોળે-સોળ ઉદ્ગમદોષો ગૃહસ્થથી ઉદ્ભવે છે, કારણ કે તેઓના કર્તા પ્રાયઃ ગૃહસ્થ હોય છે. સોળે સોળ ઉત્પાદના દોષો યતિથી જ ઉદ્ભવે છે,

કારણ કે યતિ જ તેઓને કરે છે. ગૃહસ્થ અને સાધુ = ઉભયથી એષણાદોષો ઉદ્ભવે છે, કારણ કે ગૃહસ્થ અને સાધુ તેના કરનારા હોય છે. શંકિતદોષ અને સાધુભાવઅપરિણતદોષ આ બે સાધુ થકી ઉત્પન્ન થયેલા હોય છે. શેષ પ્રક્ષિતાદિ આઠ દોષો અવશ્ય ગૃહસ્થથી જ ઉદ્ભવે છે.

આ પ્રમાણે વિધિથી લેવાયેલ આહાર વિધિપૂર્વક વાપરવાનો હોય છે. માટે હવે ગ્રાસૈષણાનો અવસર હોવાથી તે દોષની પ્રસ્તાવના કહે છે.

'पंच' = 'पञ्च' આગળ ૪૨ દોષોની વાત થઈ. એટલે હવે સંયોજના આદિ દોષોની વાત જણાવતાં કહે છે. વળી, પાંચસંખ્યા પ્રમાણ દોષો છે. તે દોષો શેના છે ? તે કહે છે, 'गासेसणाए' = 'ग्रासैषणायाः' - 'ग्रासैषणायां वा' = ગ્રાસૈષણાના છે. 'ગ્રાસ' એટલે કે ભોજન. તે વિષયક એષણા, એટલે કે, શુદ્ધ-અશુદ્ધની વિચારણા. અર્થાત્ વાપરતી વખતે શુદ્ધ અને અશુદ્ધની વિચારણા. એટલે કે વાપરતા 'ભાવ' અને 'વિધિ' બન્ને જોવાના હોય છે, 'ભાવ' = ખાતી વખતે રાગ-દ્વેષ ન કરવો. 'વિધિ' = સંયોજના ન કરવી. ષષ્ઠી-વિભક્તિ લગાડીને તે ગ્રાસૈષણાના, અથવા સપ્તમીવિભક્તિ લગાડીને તે ગ્રાસૈષણાવિશે હવે કહેવામાં આવનારા સંયોજના વગેરેના દોષો છે. 'इमे' = 'इमे' તે આ પ્રમાણે છે. (૯૩)

અવતરણિકા - હવે, પ્રસ્તાવનામાં જણાવેલ તે જ ગ્રાસૈષણાના દોષોને નામથી બતાવે છે, તેમજ પહેલા દોષ = સંયોજનાનું સ્વરૂપ બતાવે છે -

શબ્દાર્થ - संजोयणा = સંયોજના, पमाणे પ્રમાણ, इंगाले અંગાર, धूम धूम, कारणे કારણ, पढमा પહેલો દોષ, वसहिबहिरन्तरे = ઉપાશ્રયની બહાર અને અંદર, वा = અથવા, रसहेउं = સ્વાદને માટે, दव्वसंजोगा = દ્રવ્યોને ભેગા કરવા. (૯૪)

ગાથાર્થ - (૧) સંયોજના (૨) પ્રમાણ (૩) અંગાર (૪) ધૂમ અને (૫) કારણ. એ પાંચ ગ્રાસૈષણાના દોષો છે. તેમાં સ્વાદ માટે ઉપાશ્રયની બહાર અને અંદર બે દ્રવ્યો ભેગા કરવા તેને સંયોજના કહેવામાં આવે છે. (૯૪)

સંયોજના વગેરે ભોજનવિષયક પાંચ દોષોનું નામકથન -

ટીકાર્થ - (૧) 'संयोजना' = ભેગું કરવું તેને સંયોજના કહેવાય છે. ગૃદ્ધિના કારણે રસમાં ઉત્કર્ષ = વધારો કરવા માટે सुकुमारिका = તળેલી રોટલી - પોચીપૂરી વગેરે દ્રવ્યોને ગોળ વગેરે દ્રવ્યો સાથે મેળવવું ઇત્યાદિ સ્વરૂપ જે કરવામાં આવે છે તે પ્રથમ સંયોજના નામક ગ્રાસૈષણા દોષ છે.

(૨) 'पमाणे' = 'प्रमाणं' પ્રમાણ. કોળીયાની સંખ્યા આદિથી આહારની માત્રા એ છે સ્વરૂપ જેમાં એવું જે પ્રમાણ, તેનું અતિક્રમણ કરવામાં આવે ત્યારે બીજો પ્રમાણ નામનો ભોજન દોષ થાય છે. મૂળગાથામાં 'पमाणे' એમ જે છેલ્લે 'एकार' છે તે પ્રથમ-વિભક્તિ એકવચનનું સૂચક છે એમ જાણવું.

(૩) 'इंगाले' = 'अङ्गारकरणं' અહીં પણ છેલ્લે જે 'एकार' છે તે પૂર્વવત્ જાણવો. ચારિત્રરૂપી ઈન્ધનને અંગારા જેવું કરે તે ઇંગાલ નામનો દોષ છે. અહીં અન્ત્યસ્વરાદિનો લોપ થયો છે. પછી 'संज्ञायां घः' આ વ્યાકરણના નિયમ પ્રમાણે 'घ' પ્રત્યય લાગ્યો. અર્થાત્ મૂળ 'इंगालकरण' શબ્દ છે. પરંતુ વ્યાકરણના નિયમ પ્રમાણે 'करण' શબ્દનો લોપ થવાથી 'इंगाल' શબ્દ બન્યો છે.

ભાવાર્થ આ છે કે ચારિત્રરૂપી ઇંધનને બાળવા માટે સમર્થ એવો જે રાગનો પરિણામ છે તેને ઇંગાલ કહેવાય છે.

(૪) 'धूम' = 'धूमकरणं' = અહીં પ્રથમવિભક્તિ એકવચનનો લોપ થયો છે તે છન્દના લીધે થયો છે એમ જાણવું. ચારિત્રરૂપી ઈન્ધનનો ધૂમાડો કરનાર તે ધૂમદોષ છે. 'मंतुवंतुविना लुक्' આ વ્યાકરણના નિયમાનુસારે 'वंतु' = 'वत्' નો લોપ થાય, પછી અન્ત્યસ્વરાદિનો લોપ થાય, પછી પૂર્વેની જેમ 'घ' પ્રત્યય લાગે. તેથી 'धूम' શબ્દ બન્યો છે.

ભાવાર્થ આ છે કે જે દ્વેષનો પરિણામ ચારિત્રરૂપી ઇંધનને ધૂમાડારૂપે કરવા સમર્થ છે તે 'ધૂમ' નામનો ભોજનદોષ છે.

(૫) 'कारणे' = જે કારણ દ્વારા પ્રાણીવડે ભોજન નામનું કાર્ય કરાય તેને 'કારણ' કહેવાય છે. અહીં પણ જે 'एकार' છે એ પૂર્વવત્ જાણી લેવો. સંયમ આદિ કારણ વિના જ રૂપ, બળ વગેરે માટે અશનાદિનો ઉપભોગ કરવો એ કારણ નામનો દોષ છે. મૂળગાથામાં 'च' જે સમુચ્ચયના અર્થમાં હોવો જોઈએ તે લોપ થયેલ છે એમ જાણવું. આ પ્રમાણે પાંચ ભોજનના દોષો થાય છે.

સંયોજનાનું સ્વરૂપ, તેના દ્રવ્ય અને ભાવ બે પ્રકારો -

હવે પહેલા સંયોજના નામના દોષની વ્યાખ્યા કરવાની ઇચ્છાથી કહે છે -

'पढमा' = 'प्रथमा' પાંચ દોષોની અપેક્ષાએ ક્રમસર આવતો आद्य = પ્રથમ દોષ સંયોજના છે. એ સંયોજના કેવી રીતે થાય છે ? તે કહે છે, 'वसहि बहिरन्तरे वा' = 'वसतिबहिरन्तरे' वसति = ઉપાશ્રયની બહાર ભિક્ષાટનમાં અથવા वसति = ઉપાશ્રયની

અંદર. 'वा' એ વિકલ્પને સૂચવનાર છે. 'रसहेउं' = 'रसहेतोः' રસના ઉત્કર્ષ માટે. એટલે કે સારા સ્વાદ માટે. 'दव्वसंजोगा' = 'द्रव्यसंयोगाः' ભિક્ષામાં કૂરાદિ દ્રવ્યોના લાભમાં રસની ગૃદ્ધિના લીધે દહીં વગેરેને મેળવે = ભેળવે તેને દ્રવ્યસંયોગ કહેવાય છે.

આવી રીતે સાધુ જે કરે એ પ્રથમ સંયોજના નામનો દોષ થાય છે.

અહીં ભાવાર્થ આ છે કે સંયોજના બે રીતે થાય છે - (૧) ભાવસંયોજના. (૨) દ્રવ્યસંયોજના. અહીં દ્રવ્યસંયોજનાની વાત લેવાની છે.

(૧) ભાવસંયોજના :- ગૃદ્ધિના પરિણામથી ક્ષીરાદિદ્રવ્યોનું સંયોજન કરવામાં આત્મામાં જ્ઞાનાવરણીયાદિ કર્મોનું સંયોજન થાય છે. અર્થાત્ જ્ઞાનાવરણીયાદિ કર્મ બંધાય છે. એટલે કે, ભાવથી = દ્રવ્યની ગૃદ્ધિરૂપ અધ્યવસાયથી આત્માની સાથે કર્મોનું મીલન થાય છે. તે કર્મો દ્વારા સંસારનું મીલન થાય છે અને તે સંસાર દ્વારા જ દુઃખનું મીલન થાય છે. માટે તે ભાવસંયોજના કહેવાય છે.

દ્રવ્યસંયોજનાના બાહ્ય અને અભ્યંતર બે પ્રકારો, તેમાં પણ બાહ્યસંયોજનાના બે પ્રકારો-

(૨) દ્રવ્યસંયોજના :- બે પ્રકારે છે (i) બાહ્ય (ii) અભ્યંતર. અહીં બાહ્ય-અભ્યંતરપણું ક્રમશઃ ભોજનક્રિયાના અપ્રત્યાસન્નતા અને આસન્નતાને આશ્રયીને જાણવું. (અર્થાત્ દ્રવ્યસંયોજનાનું બાહ્ય-અભ્યંતરપણું આમ તો વાપરતી વખતે હોય છે. વાપરતાં પૂર્વે પાત્રાદિમાં જે વસ્તુનું મિલન કરે તે બાહ્યસંયોજના થાય અને મોઢામાં જે મીલન કરે અથવા પાત્રમાં કે મુખમાં મીલન કરે તે અભ્યંતર સંયોજના થાય. ટીકાકારે અહીં બાહ્ય-આભ્યંતરનો ખુલાસો આ પ્રમાણે કર્યો છે કે જે ભોજનક્રિયાને અપ્રત્યાસન્ન હોય એટલે કે વસતિની બહાર જે કરવામાં આવે તે 'બાહ્ય' તરીકે જાણવું અને જે આસન્ન હોય એટલે કે વસતિની અંદર જે કરવામાં આવે તે 'અભ્યંતર' તરીકે જાણવું.) આ જ વાતને સ્પષ્ટ રીતે કહે છે કે,

(i) બાહ્યદ્રવ્યસંયોજના : (A) રસના હેતુથી દ્રવ્ય માટે ફરવું. અને (B) તે દ્રવ્યોનું અલગ-અલગ પાત્રોમાં ગ્રહણ કરવું. એમ બે પ્રકારની બાહ્ય દ્રવ્યસંયોજના છે. બન્ને પ્રકારની પણ સંયોજનાને ભિક્ષામાં ફરતાં વસતિની બહાર કરે છે. તે આ પ્રમાણે કે,

(A) કોઈ સાધુએ ભિક્ષામાં ફરતાં શાલ્યાદિ કૂર કે દૂધ પ્રાપ્ત કર્યા. તેની પ્રાપ્તિ પછી રસગૃદ્ધિથી દહીં, સાકર, ગોળની ગવેષણા માટે ફરે. અથવા મણ્ડક, મગ, શાલ્યાદિની પ્રાપ્તિમાં ઘી, દહીં, 'स्निग्धपत्रशाक' વઘારેલું લીલું શાક, ભાજી વગેરે શાલનકાદિ માટે ફરે.

એ પ્રથમ પ્રકારની બાહ્ય દ્રવ્યસંયોજના થઈ.

(B) જો બન્નેની પ્રાપ્તિ થતી હોય. અર્થાત્ કૂર કે દૂધ અને દહીં, ગોળની પણ પ્રાપ્તિ થતી હોય, અથવા મણ્ડકાદિ અને ઘી આદિની પણ પ્રાપ્તિ થતી હોય, ત્યારે અલગ અલગ પાત્રોમાં એ સાધુ સ્થાપે. 'હમણાં જ સંયોજન કરાયેલા દ્રવ્યો જો ભોજનવેળા સુધી ધારી રાખવામાં આવશે તો એ વિરૂપ = વિરસ થઈ જશે, એટલે ભોજન કરતી વેળાએ જ સંયોજન કરીશ.' એમ વિચારીને મેળવેલ દૂધ વગેરે વસતિની બહાર જ અલગ અલગ ભાજનોમાં = પાત્રોમાં ગ્રહણ કરે. આ બીજા પ્રકારની બાહ્ય દ્રવ્યસંયોજના થઈ.

અભ્યંતરદ્રવ્યસંયોજનાના ત્રણ પ્રકારો -

હવે અભ્યંતરદ્રવ્યસંયોજનાની વાત જણાવતાં કહે છે.

અભ્યંતરદ્રવ્યસંયોજના ત્રણ પ્રકારે છે (૧) પાત્રકસંબંધી (૨) કવલ = કોળીયાસંબંધી. (૩) મુખસંબંધી.

આ ત્રણે પ્રકારની સંયોજના વસતિમાં આવ્યા બાદ કરે છે માટે 'અભ્યંતર' કહેવાય છે.

(૧) ભોજન સમયે જે 'सुकुमारिकादि' સુકુમારિકાદિ = રોટલીવિશેષ જે ખંડ = ખાંડ આદિ સાથે રૂચે તે સુકુમારિકાદિને તે જ ખાંડ વગેરેની સાથે એક જ પાત્રમાં રસની ગૃદ્ધિથી સંયોજીને સ્થાપે. આ પ્રથમ પ્રકારની અભ્યંતર સંયોજના છે.

(૨) જ્યારે, 'तथाभूत' = તે જ સુકુમારિકાદિને તે જ ખાંડ વગેરેની સાથે કોળીયા રૂપે કરે. આ બીજા પ્રકારની સંયોજના છે.

(૩) જ્યારે, તે સુકુમારિકાદિને મોઢામાં નાંખીને, તે ઉપર બીજું કાંઈક = તે પ્રકારનું જ ખાંડ વગેરે તેની ઉપર નાંખે. આ ત્રીજા પ્રકારની અભ્યંતર સંયોજના છે.

સાર આ થયો કે, વસતિની બહાર દ્રવ્યસંયોજનમાં બાહ્ય દ્રવ્યસંયોજન કહેવાય છે. તથા, વસતિમાં આવીને રસમાટે તે સંયોજના કરાયે છતે અભ્યંતર દ્રવ્ય સંયોજન કહેવાય છે.

બહાર અને અંદર ઉપકરણની સંયોજના, તથા સંયોજનાની અનુજ્ઞા ક્યારે ? -

અહીં પિંડનો અવસર હોવાથી પિંડસંબંધી સંયોજના બતાવી છે. પરંતુ બીજા પ્રકારની સંયોજના પણ સંભવે છે. તે આ રીતે કે,

ઉપકરણની ગવેષણા કરતો સાધુ, ચોલપટ્ટાની પ્રાપ્તિમાં વિભૂષા = નીચે અને ઉપરનાં કપડાની સરખામણી = સમાનતા માટે બીજું કપડું માંગીને પહેરે = પરિભોગ કરે

ત્યારે બાહ્ય ઉપકરણ સંયોજના થાય છે. વસતિમાં આવીને પરિભોગ કરે ત્યારે અભ્યંતર ઉપકરણ સંયોજના થાય છે. ઇત્યાદિ પણ અધ્યાહારથી સમજી લેવું.

અહીં મૂળગાથામાં જે 'रसहेतोः' એવું વિશેષણ મૂક્યું, એનાથી આ અર્થ ફલિત થાય છે કે, કારણસર = રસગૃદ્ધિના અભાવે સંયોજના અનુજ્ઞાત પણ છે. તે આ રીતે કે,

રોગી સાધુને અથવા જે સાધુને આહાર ઉપર અરૂચી થઈ હોય એને તથા 'प्रधानाऽऽहार' = શ્રેષ્ઠ આહારને ઉચિત એવા રાજપુત્રાદિ સાધુને, તથા સાધુને ઉચિત એવા સંયોગરહિત આહારથી હજુ પણ સમ્યગ્ રીતે ભાવિત ન થયેલ હોય એવા શૈક્ષક સાધુને, આ સંયોજના અનુજ્ઞાત છે. કારણ કે તેઓને શાલનકાદિ વિના આહાર રૂચતો જ નથી. (૯૪)

અવતરણિકા - આ પ્રમાણે સંયોજનાની વાત કરી. હવે 'प्रमाण-अतिक्रम' દોષને કહેવાની ઇચ્છાથી કહે છે -

શબ્દાર્થ - धिइबल = ચિત્તનું સ્વાસ્થ્ય અને શારીરિકબળ, संजमजोगा = સંયમનાં વ્યાપારો, जेण = જેટલો આહાર કરવા વડે, ण हायंति = ઓછા ન થાય, संपइ = તે દિવસે, पए वा = અથવા બીજે દિવસે, तं = તેટલું, आहारपमाणं = આહારનું પ્રમાણ, जइस्स = સાધુનું, सेसं તેથી વધારે, किलेसफलं = ક્લેશ આપનારું છે. (૯૫)

ગાથાર્થ - જે આહાર કરવા વડે સાધુના જ્ઞાનાભ્યાસમાં, વૈયાવૃત્ત્યાદિ કરવા માટે શારીરિક બળમાં અને પડિલેહણ-પ્રમાર્જના વગેરે સંયમના યોગોમાં તે દિવસે અથવા બીજા દિવસે આહાર કરતાં સુધીમાં હાનિ ન પહોંચે તે સાધુના આહારનું પ્રમાણ કહેવાય અને તેનાથી જે અધિક વાપરવામાં આવે તે ક્લેશફલવાળો અર્થાત્ પ્રમાણાતિરિક્ત દોષવાળો તે આહાર શરીરને પીડા કરનારો બને છે. (૯૫)

ધૃતિ, બળ, સંયમયોગો જેનાથી હાનિ ન પામે તેટલું પ્રમાણસર ભોજન કરવું -

ટીકાર્થ - 'धिइ' = 'धृति' = ચિત્તની સ્વસ્થતા. ઉપલક્ષણથી જ્ઞાનાદિની વૃદ્ધિ જાણવી. 'बलं' = બળ = વૈયાવચ્ચ વગેરે કરી શકે એવું શરીરનું સામર્થ્ય. 'संजमजोगा' = 'संयमयोगाः' = સંયમના યોગો. અર્થાત્ ચારિત્રનાં સાધક પડિલેહણ, પ્રમાર્જન વગેરે સાધુના વ્યાપારો = ક્રિયાઓ. આ બધાનો દ્વન્દ્વસમાસ કરવાથી 'धृतिबलसंयमयोगाः' થાય છે. તે યોગો, 'जेण' = 'येन' જેના દ્વારા, એટલે કે જેટલા પ્રમાણમાં અશનાદિના ઉપભોગ દ્વારા, 'ण हायंति' = 'न हीयन्ते' હાનિ ન પામે, પરંતુ 'अनवरत' = સતત ઊંચે જ ચઢે એમ અધ્યાહારથી લેવું. 'હાનિ ન પામે' એવું ક્યારે બને ? તે કહે છે, 'संपइ' = 'संप्रति' ભોજન લીધા બાદ તે જ દિવસે. 'वा' = અથવા 'पए' = 'प्रगे' આગામી દિવસે = બીજા દિવસે,

અર્થાત્ જેટલા આહારના ઉપભોગ દ્વારા ઓછું કે વધુ હોવાથી તે જ દિવસે કે બીજા દિવસે ભૂખ લાગવી, અજીર્ણ થવું વગેરે પીડા ન થવા દ્વારા સંયમ, જ્ઞાન વગેરેની હાનિ ન થાય. તેને શું કહેવાય ? તે કહે છે, 'आहारपमाणं' = 'आहारप्रमाणं' = સંયમ, ધૃતિ આદિને ઊંચે ચઢાવનારો તેટલા પ્રમાણનો ખોરાક = ભક્તપાનરૂપ ભોજનનું પ્રમાણ, 'जईस्स' = 'यतेः' = સાધુનું જાણવું. ઉપલક્ષણથી સાધ્વીજીઓનું પણ જાણવું.

પુરુષ, મહિલા અને નપુંસકનું આહારપ્રમાણ -

હવે આહારના પ્રમાણ વિશે વિસ્તૃત માહિતી આપતાં ટીકાકાર કહે છે.

એક પુરુષનું એક દિવસની તૃપ્તિને કરનાર આહારનું પ્રમાણ બત્રીશ (૩૨) કોળીયા છે. આ મધ્યમ પ્રમાણ જાણવું. એટલે કે ૩૨ કોળીયાથી એક-બે વગેરેથી હીન કરતાં કરતાં નવ કોળીયા સુધીનો આહાર તે મધ્યમપ્રમાણ છે. ૧ થી ૮ કોળીયાનો આહાર એ જઘન્ય પ્રમાણ છે. ઉત્કૃષ્ટ તો ઘણાં કોળીયા થાય છે. અર્થાત્ ૩૨ કોળીયાથી ઉપર ઉત્કૃષ્ટ પ્રમાણ કહેવાય છે.

મહિલાના આહારનું પ્રમાણ ૨૮ કોળીયા છે અને નપુંસકનું પ્રમાણ ૨૪ કોળીયા છે. જો કે નપુંસકોની પ્રવ્રજ્યા લગભગ નથી હોતી એટલે શાસ્ત્રોમાં આ કહેવાતા શ્લોક પ્રમાણે માત્ર પુરુષ અને મહિલાના આહારનાં પ્રમાણની વાત બતાવવામાં આવી છે -

'કુક્ષિને પૂરક પુરુષનો આહાર ૩૨ કોળીયા કહેવાયો છે. તેમજ મહિલાનો ૨૮ કોળીયા કહેવાયો છે. (૧)' આમ, આ ગાથામાં નપુંસકની વાત કહેવાઈ નથી.

કોળીયાનું પ્રમાણ અને દ્રવ્યકુકડી અને ભાવકુકડીનું સ્વરૂપ -

હવે કોળીયાનું પ્રમાણ શું ? તે કહે છે - કૂકડીના ઈંડાના માપનો કોળીયો બને છે. તેમાં કૂકડી બે પ્રકારની છે (૧) દ્રવ્યકૂકડી. (૨) ભાવકૂકડી.

(૧) દ્રવ્યકૂકડી - આના પણ ૨ પ્રકારો પડે છે. (A) સાધુનું શરીર દ્રવ્યકૂકડી. સાધુનું મુખ તે ઈંડુ. એટલે કે ઉઘાડેલા મોઢામાં કોળીયો મૂકતાં મોઢું, આંખ, કપાળ, હોઠ, ભ્રમર વિકૃત ન થાય અને કોળીયો મોઢામાં પ્રવેશી જાય તે કવલ = કોળીયાનું પ્રમાણ જાણવું. અથવા, (B) કૂકડીનું ઈંડું, તે પ્રમાણવાળો કોળીયો લેવો.

(૨) ભાવકૂકડી - જેટલા પ્રમાણનો આહાર લીધા પછી પેટ અતિ ખાલી ન રહે અને અતિ ભરેલું ન રહે અને ધૃતિ, જ્ઞાન વગેરેની વૃદ્ધિ થાય, તેટલા પ્રમાણવાળા આહારના બત્રીસમા ભાગને 'अण्डक' કહેવાય છે. તેટલા પ્રમાણવાળો એક કોળીયો બને છે.

પેટને આશ્રયીને કાળની અપેક્ષાએ ભાગ પાડીને ભોજન અને પાણીનું પ્રમાણ -

પુરુષ વગેરેને આશ્રયીને બત્રીશ કવલ વગેરેનું માન તો પાણી વિના માત્ર કવલાહારનું છે. પાણી સાથે તો કાળની અપેક્ષાએ અલગ અલગ વિભાગથી તે કવલનું પ્રમાણ જાણવું. તે આ રીતે કે, કાળના ત્રણ પ્રકારો છે - (૧) શીત (૨) ઉષ્ણ (૩) સાધારણ.

(૧) જે કાળે ઠંડી ઘણી હોય તે શીતકાળ, (૨) જે કાળે ઘામ-બફારો અધિક હોય તે ઉષ્ણકાળ અને (૩) જેમાં ઠંડી-ગરમી બન્ને સમાન હોય તે સાધારણકાળ છે.

'भोजक' = ભોજનને કરનારના उदर = પેટના બધાં જ विवर = પોલાણના ૬ ભાગો કલ્પવા. તેમાં, સાધારણકાળે ભોજન અને પાણીને વાપરવાનું પ્રમાણ આ પ્રમાણે જાણવું. પેટના ત્રણ ભાગોને છાશ વગેરે વ્યંજનથી યુક્ત કૂરાદિ અશનથી પૂરવા અને બે ભાગો कांजिकापानथी = કાંજીનું પાણી, શુદ્ધપાણી વગેરે પ્રવાહીથી ભરવા તથા ૬ઠ્ઠો ભાગ ખાલી રાખવો જેથી વાયુ આમથી તેમ ફરી શકે. જો એમ ન કરવામાં આવે તો વાયુ પીડા કરે. તેથી પેટ માટે પાંચ જ ભાગ સદા ઉપયોગી બને છે. કહેવાયું છે કે,

'પેટના કલ્પેલા ૬ ભાગમાંથી ૩ ભાગ વ્યંજનયુક્ત આહારથી ભરવા. બે ભાગ कांजिकादि द्रवथी = પ્રવાહીથી ભરવા અને વાયુના સંચાર માટે છઠ્ઠો ભાગ ખાલી રાખવો. (૧)'

શીતકાળમાં પાણીથી એકભાગ ભરવો, ચાર ભાગ આહારથી ભરવા અને ૧ ભાગ વાયુના સંચાર માટે ખાલી રાખવો. આ વાત બધે જ સમજી લેવી.

ઉષ્ણકાળમાં ૩ ભાગ પાણીથી ભરવા ૨ ભાગ આહારથી ભરવા. અહીં આહાર-પાણીના વિષયમાં ભૂખની વૃદ્ધિમાં આહારની વૃદ્ધિ કરવી અને તરસની હાનિમાં પાણીની હાનિ કરવી વગેરે સમજી લેવું.

ઉપરોક્ત આહારપ્રમાણ સિવાયનું પ્રમાણ ક્લેશફળ છે અને વિરુદ્ધ દ્રવ્યનો આહાર પણ ક્લેશફળ છે -

ઉપર બતાવ્યા પ્રમાણે આહારનું પ્રમાણ છે. આનાથી व्यतिरिक्त = ન્યૂન કે અધિક આહાર લેવામાં પ્રમાણદોષ છે. એટલે જ કહે છે કે, 'सेसं' = 'शेषं' સંયમાદિના નિર્વાહનાં કારણભૂત, પોતાના દેહને ગુણકારી એવા આહારના માનથી જુદો. એટલે કે ન્યૂન કે અધિક આહાર. અથવા પ્રકામ કે અતિબહુ વગેરે દોષયુક્ત આહારાદિ. પ્રકામ - અતિબહુક વગેરેનું સ્વરૂપ હવે આગળ કહેવામાં આવશે, તે દોષયુક્ત આહાર શેનું કારણ બને છે ? તે કહે છે, 'किलेसफलं' = 'क्लेशफलं' ક્લેશ એટલે કે શરીરપીડા, એ છે ફળ = પ્રયોજન જેનું એ

ક્લેશફળ કહેવાય છે. અર્થાત્ એ ક્લેશરૂપી ફળનું કારણ બને છે. કારણ કે, દોષયુક્ત આહાર, એ અક્ષુધા - અજીર્ણાદિને ઉત્પન્ન કરવા દ્વારા શરીરવ્યથાને ઉત્પન્ન કરે છે. (કહ્યું છે કે, અતિરિક્ત આહાર પીડા ઉપજાવે છે અને તે વમન અને ઝાડાનું કારણ બને છે.)

આ બધાનો ભાવાર્થ આ થયો કે, જ્ઞાનાદિવૃદ્ધિને ઉત્પન્ન કરનારથી જુદું જે પણ છે તે પ્રમાણદોષથી દુષ્ટ જાણવું. તે પ્રમાણદોષના ૬ ભેદો છે.

પ્રકામ વગેરે ૬ પ્રમાણ દોષો -

(૧) પ્રકામં (૨) નિકામં (૩) પ્રણીતં (૪) અતિબહુકં (૫) અતિબહુશઃ અને (૬) અતિપ્રમાણં. જેનું બીજું નામ 'अतृप्यमानं' છે.

(૧) 'प्रकामं' બત્રીશ કોળીયાથી વધારે. એટલે કે તેત્રીશ વગેરે કોળીયાનું ભોજન એક જ દિવસમાં કરે તો એ પ્રકામ કહેવાય છે. અહીં આટલું ધ્યાન રહે કે જે આહારાદિમાંથી સ્નેહ = ઘી વગેરે ચીકણાં પદાર્થોના બિન્દુઓ ટપકતાં ન હોય એવા કોળિયાઓમાં પ્રકામપણું જાણવું. જો એજ પ્રકામ આહારમાં સ્નેહના બિન્દુઓ ટપકતાં હોય = ઘી વગેરેથી લથપથ હોય તો એમાં પ્રકામ અને પ્રણીત બન્ને દોષો સંભવે છે. આ જ પ્રમાણે છએ છ દોષોમાં દોષોનું સંકરપણું જાણવું.

(૨) 'निकामं' પ્રકામ ભોજન જ જો એકથી વધુ દિવસો કરવામાં આવે. અર્થાત્ બીજા-ત્રીજા વગેરે દિવસોમાં કરવામાં આવે તો એને નિકામ કહેવાય છે.

(૩) 'प्रणीतं' = કોળીયારૂપે ઉપાડવામાં આવતાં આહારાદિમાંથી જો ઘી વગેરે ગળતું હોય = ટપકતું હોય તો એ ભોજન પ્રણીત = લથપથતું કહેવાય છે.

(૪) 'अतिबहुकं' એક દિવસે ન્યૂનોદરતા વિના = ઉણોદરી વિના પેટ ભરીને પરિપૂર્ણભોજન વાપરે એ 'बहुकम्' કહેવાય છે. તે બહુકમ્ને ઓળંગીને અતિશય એટલે કે પોતાના પેટ માટે પર્યાપ્ત આહારના પ્રમાણ કરતાં વધારે અશનાદિ જે બે વાર વાપરે. તે અતિબહુકમ્ કહેવાય છે.

(૫) 'अतिबहुशः' = ત્રણવાર જે અતિબહુકમ્ અશનાદિ વાપરે તે.

(૬) 'अतिप्रमाणं' = 'अतृप्यमानं' = અતિલોલુપતાથી તૃપ્તિ નહીં પામતો ત્રણ વારથી વધારે ચોથી વગેરે વાર સાધુ જે અશન વગેરે વાપરે તે અતિપ્રમાણ કે અતૃપ્યમાન કહેવાય છે.

આ પ્રમાણ દોષથી દુષ્ટ છએ પ્રકારના આહાર સાધુ વાપરે નહિ. તથા,

દેહ અને સંયમનો ક્ષય કરનાર એવા વિરુદ્ધદ્રવ્યનો આહાર પણ ક્લેશફળ જ છે. માટે તેવા ભોજન પણ ન કરવા. વિરુદ્ધદ્રવ્ય કોને કહેવાય ? તે જણાવતાં કહે છે -

જેમકે દહીંનો તેલ સાથે સંયોગ અથવા દૂધનો તેલ સાથેનો સંયોગ એ કોઢના વિકારને કરનાર છે.

તેમજ, સમાનભાગે મેળવેલ ઘી અને તેલનો સંયોગ એ કેટલાંક કાળ પછી ઝેર બને છે. આ પ્રમાણે ૯૫મી ગાથાની વ્યાખ્યા કરી. (૯૫)

અવતરણિકા - હવે જે કહેવામાં આવ્યું કે 'શેષ ક્લેશફળ છે' તે શી રીતે બને છે ? તે જણાવતા કહે છે -

શબ્દાર્થ - जेण = જે કારણથી, अइबहु = બેવાર, अइबहुसो = ત્રણવાર, अइप्पमाणेण = ત્રણવારથી વધારે, भोयणं = આહાર, भुत्तं = વાપરેલો, हादेज्ज व = અધિકસ્થંડિલ કરાવે, वामेज्ज व = અથવા ઉલ્ટી કરાવે, मारेज्ज व = અથવા પ્રાણનો ત્યાગ કરાવે, तं = તે અધિક આહાર, अजीरंतं = પાચન નહિ થતો. (૯૬)

ગાથાર્થ - બે વખત, ત્રણ વખત અને તેથી વધુ વખત કરાયેલો આહાર પાચન નહિ થવાના યોગે તેવા આહાર કરનારને અધિકસ્થંડિલ કરાવે અથવા ઉલ્ટી કરાવે અથવા તેના પ્રાણનો પણ ત્યાગ કરાવે છે. (૯૬)

ટીકાર્થ - અતિ બહુવગેરે ભોજન શું કરે ? ઝાડા-ઉલ્ટી વગેરે કરાવે -

'जेण' = 'येन कारणेन' જે લોલુપતા આદિ કારણસર, 'अइबहु' = 'अतिबहु' બે વાર લેવામાં આવતાં अतिबहुकम् નામના આહારથી, 'अइबहुसो' 'अतिबहुशः' ત્રણ વાર લેવામાં આવતા अतिबहुकम् નામનાં આહારથી તથા, 'अइप्पमाणेण' = 'अतिप्रमाणेन' ત્રણવારને ઓળંગીને લેવામાં આવતા अतिप्रमाणम् નામક આહારથી, બધામાં તૃતીયાવિભક્તિ કરણરૂપે લેવામાં આવી છે. અથવા તો अतिप्रमाणम् જેનું બીજું નામ 'अतृप्यमान' છે તેની વ્યાખ્યા બતાવતાં કહે છે. તૃપ્તિને ન માનતા એવા સાધુથી જે અશનાદિ 'भोयणं भुत्तं' = 'भोजनम् भुक्तम्' = ભોજન વાપરવામાં આવ્યું. ઉપરોક્ત વાપરવામાં આવેલ अतिबहुकम् વગેરે આહાર શું કરે ? તે કહે છે, 'हादेज्ज व' = 'हदयेद्वा' = ઝાડા કરાવે, 'वामेज्ज व' = 'वमयेद्वा' ઉલ્ટી કરાવે, 'मारेज्ज व' = 'मारयेद्वा' = પ્રાણત્યાગ કરાવે. મૂળગાથામાં 'वा' શબ્દો સ્વસ્થાને છે અને વિકલ્પને સૂચવનાર છે. 'तं' = 'तम्' = તે अतिबहुकादि ભોજન કેવું હોય ત્યારે ઝાડા વગેરે કરાવે ? તે કહે છે, 'अजीरंतं' = 'अजीर्यत्' = અજીર્ણ થતું પરિણમન ન પામતું અર્થાત્ નહિં પચતું ભોજન.

અહીં, મૂળકારશ્રીએ દોષદર્શન કરાવવા દ્વારા અર્થાત્ અતિબહુકાદિ ત્રણ દોષના દર્શન કરાવવા દ્વારા પ્રકામાદિ બાકીના ત્રણેય દોષની વાત ઉપલક્ષણથી કરી દીધી છે એમ સમજી લેવું. પ્રકામાદિ ત્રણ દોષોનો ઉલ્લેખ કર્યા વિના માત્ર જે અતિબહુકાદિ ત્રણ દોષોને લીધા છે તેનું કારણ આ છે - અતિબહુકાદિ ત્રણ દોષો એ આત્મવિરાધના વગેરે ઉત્પન્ન કરનાર હોવાથી એનો અત્યંત પરિહાર = ત્યાગ કરવો એમ બતાવવા માટે.

પ્રમાણથી વધારે ભોજનમાં દોષો અને પ્રમાણસર ભોજનમાં ગુણો -

આત્મવિરાધના આદિની સંભાવના જણાવતાં કહે છે કે, અજીર્ણ પામતાં આહારાદિથી મરણ વગેરે થાય એ આત્મવિરાધના. અજીર્ણથી શરીર અત્યંતઠંડુ પડી જાય વગેરે કારણે શરીરમાં પ્રાણનો સંચાર કરવા તાપણાં વગેરે કરાય કે જેમાં તેજસ્કાયાદિની વિરાધના થાય એ સંયમવિરાધના.

(અહીં પ્રાસંગિક થોડી વાત જાણવી કે પૂર્વકાળમાં જ્યારે છાતી અચાનક અટકી જાય. કે શરીર એકદમ ઠંડું પડી જાય ત્યારે ચારે બાજુ મોટા તાપણાં કરવામાં આવતાં કે જેથી ગરમીના લીધે છાતી પાછી ધડકતી થઈ જાય. અથવા શરીરમાં ગરમી પેદા થતાં શરીરમાં પ્રાણનો સંચાર ચાલુ થઈ જાય. વર્તમાનમાં પણ તીવ્રહૃદયરોગના હુમલાદિમાં ડૉક્ટરો કરન્ટના શોક આપે છે. જેથી છાતીનો ધબકાર ચાલુ થઈ જાય. એ કરંટ એટલે એક જાતનું તાપણું જ છે ને ? અસ્તુ.)

તથા, "આ લોકો ખાઉધરા છે" એ પ્રમાણે લોકોમાં અપવાદ થાય. એ રીતે પ્રવચન-વિરાધના થાય.

અતિબહુકાદિ આહારમાં જેમ આત્મવિરાધનાદિ ત્રણ દોષો બતાવ્યા એજ રીતે ઉપલક્ષણથી પ્રકામાદિ ભોજનમાં પણ આ ત્રણેય અને બીજા પણ બ્રહ્મચર્યવિરાધના આદિ દોષો જાણવા.

ઉપરોક્ત દોષોથી બચવા માટે પ્રમાણસર જ ભોજન લેવું જોઈએ. કારણ કે, તે ગુણકારી છે.

વળી જે લોકો અપથ્યને છોડનારા હોય છે, ૩૨ કોળીયા કે તેથી પણ ઓછું વાપરનારા હોય છે તેઓને બીજા વૈદ્ય પાસે ચિકિત્સા કરાવવાની જરૂર નથી પડતી. કારણ કે ઉપરોક્ત પ્રમાણસર ભોજન લેનારા તેઓ જાતે જ વૈદ્ય જેવા છે. આમ, પ્રમાણયુક્ત ભોજન કરવામાં વિશેષ ગુણ છે. તેનાથી જ્ઞાનાદિની વૃદ્ધિ થાય છે. (૯૬)

અવતરણિકા - આ પ્રમાણે 'પ્રમાણદોષ' કહ્યો. હવે અંગાર અને ધૂમ નામના બન્ને

દોષોની એક સાથે વ્યાખ્યા કરવાની ઇચ્છાથી કહે છે -

શબ્દાર્થ - અંગાર = ધૂમાડા વગરનો બળતો અંગારો, સધૂમ = ધૂમાડાવાળું અડધું બળતું લાકડું વગેરે, ઉવમ = સરખો, ચરણિંધણકરણ = ચારિત્રને બાળવાના, ભાવઓ = સ્વભાવથી, જં જે અશનાદિ, ઇહ = આ ગ્રાસૈષણાના દોષમાં, તં = અશનાદિ, રત્તો = રાગવાન, દુટ્ઠો = દ્વેષવાન, ભુંજઇ = વાપરે, અંગારં = અંગારદોષવાળું, ચ = અને, ધૂમં = ધૂમદોષવાળું, ચ = અને (૯૭)

ગાથાર્થ - જેમ લાકડાને અગ્નિ સર્વથા બાળીને ધૂમાડા વગરના અંગાર જેવો બનાવે છે અને અડધું બાળીને ધૂમાડાવાળું બનાવે છે તેવી રીતે જે સાધુ આહાર વાપરતી વખતે પ્રશંસાપૂર્વક વાપરે તે પોતાના ચારિત્રને સર્વથા બાળીને અંગારા જેવું બનાવે છે અને જે સાધુ વિરસ આહારની નિંદા કરીને વાપરે તે પોતાના ચારિત્રને અડધા બળેલા ધૂમાડાવાળા લાકડા જેવું મલિન બનાવે છે. (૯૭)

ટીકાર્થ - અંગાર અને ધૂમાડાની ઉપમા ચારિત્રરૂપી ઇન્ધન સાથે -

'अङ्गारः' = અહીં લાકડા વગેરેને ઇન્ધન કહેવાય છે. અગ્નિથી બળેલા, ધૂમાડા વિનાના બળતા અગ્નિ = સળગતાં કોલસાસ્વરૂપ લાકડા વગેરેને અંગાર કહેવાય છે. તથા, 'सधूमः' ધૂમાડા સાથે હોય તે સધૂમ, સધૂમ એવું ઇંધન કે જે અંગારભાવને પામ્યું ન હોય, અર્થાત્ દાહક્રિયાને અનુભવતું ઇન્ધન જયારે અડધું બળી જાય છે ત્યારે તેમાં ધૂમાડાનો સદ્ભાવ હોવાથી તે ઇન્ધન સધૂમ કહેવાય છે

ધૂમાડા સાથેનો અંગાર તે દ્રવ્યઇન્ધન, એની સાથે ઉપમા = સદશતા જેની કરાઈ છે તે 'चरणेन्धन' કહેવાય છે, 'चरणेन्धन'ની વ્યાખ્યા કરતા કહે છે કે, 'चरणं' એટલે કે ચારિત્ર, તે ચારિત્ર જ ઇન્ધન બને છે, કારણ કે એમાં બળવાપણું રહેલું છે. એ બળવાપણાનું જે કરવું, તે 'चरणिंधणकरण' કહેવાય છે. 'चरणिंधणकरणभावओ' = 'चरणेन्धनकरणभावतः' = ચારિત્રરૂપી ઇન્ધનને અંગાર કે સધૂમ સમાન કરવાપણાથી.

અહીં ભાવાર્થ આ છે કે જેમ દ્રવ્યઇન્ધનમાં દાહ્યપણું = બળવાપણું, દાહક = બાળવાપણું અને તેનાથી સાધ્યકાર્ય ધૂમ-દાહ-પાચન વગેરે આ ત્રણેય હોય છે, તે જ પ્રમાણે ભાવઇન્ધનમાં પણ દાહ્ય, દાહક અને તેનાથી ઉત્પન્ન થતું કાર્ય આ ત્રણેય હોય છે. જેમકે, દ્રવ્યેન્ધનમાં લાકડા વગેરેને બાળવું તે દાહ્ય, દાહક તે અગ્નિ અને તેનાથી સાધ્ય એવું કાર્ય તે ધૂમાડા કરવાપણું અને અંગારાપણાં સ્વરૂપ રહેલું છે. તે જ રીતે, ભાવઇન્ધનમાં ચારિત્ર એ દાહ્ય છે, અશનાદિનો વિષય બનતો સાધુનો રાગ-દ્વેષનો પરિણામ એ દાહક-અગ્નિ છે અને તેનાથી સાધ્ય કાર્ય એ છે કે, 'આ આહાર લૂખો છે' ઇત્યાદિ વચનો ઉચ્ચારવા દ્વારા ચારિત્રને ધૂમાડારૂપે મલિન કરવાપણું અને, 'આ આહાર મિષ્ટ છે' ઇત્યાદિ વચનો

ઉચ્ચારવા દ્વારા ચારિત્રને અંગારરૂપે કરવાપણું, એટલે કે સર્વથા બાળી નાંખવા દ્વારા ચારિત્રને મોક્ષરૂપી કાર્ય માટે અસાર બનાવવું.

જેમ અંગારાદ્વારા લાકડા વગેરેનું કાર્ય સધાય નહિ અર્થાત્ જેમ રમવા માટે ગિલી-દાંડા કે મકાન કે લખવાના સાધન, બાજોઠ વગેરે બનાવવા લાકડા ઉપયોગમાં લેવાય પણ અંગારા નહિ. એટલે કે અંગારાથી કાંઈ એ બધી વસ્તુઓ બની શકતી નથી. તે જ રીતે ધૂમાડારૂપ કે અંગારારૂપ ચારિત્ર દ્વારા દુઃખ-પાપમુક્તિસ્વરૂપ મોક્ષ જલ્દી મેળવી શકાતો નથી.

આમ ચારિત્રઈન્ધન સાથે દ્રવ્યઈન્ધનની ઉપમા કરાઈ છે.

'जम्' = 'यद्' = પ્રાસુક અને એષણીય એવું પણ જે અશનાદિ, મૂળગાથામાં 'जम्' પછી 'इह' શબ્દ છે. એ હાલ સ્થાપી રાખવો. અર્થાત્ હાલમાં એનો ઉપયોગ નથી. આગળ જ્યાં એનો ઉપયોગ જણાશે ત્યાં અન્વય કરીશું. 'रत्तो' = 'रक्तः' = 'આ મિષ્ટ છે.' એમ તેની પ્રશંસા દ્વારા રાગવાળો થઈને, 'दुट्ठो' = 'द्विष्टः' = 'આ લૂખો છે' એમ તેના દોષગ્રહણથી દ્વેષવાળો થઈને, 'भुंजइ' = 'भुङ्क्ते' = વાપરે છે 'तं' = 'तद्' તે અશનાદિ, યથાક્રમે આ પ્રમાણે થાય છે.

રાગનો પરિણામ અંગાર છે અને દ્વેષનો પરિણામ ધૂમાડો છે

હવે જે 'इह' પૂર્વે સ્થાપેલો તેનો અન્વય અહીં કરવો. 'इह' = આ કહેવાઈ ગયેલા ગ્રાસૈષણાદોષોની મધ્યમાં અથવા તીર્થંકર પ્રણીત આ જિનશાસનરૂપી પ્રવચનમાં તે અશનાદિ યથાક્રમે શું કહેવાય ? તે કહે છે, 'अंगारं च धूमं च' અંગાર અને ધૂમાડો કહેવાય છે. તેમાં અંગાર એટલે કે પૂર્વે કહેવાયેલ શબ્દાર્થવાળો અર્થાત્ ચારિત્રરૂપી ઈન્ધનને બાળી નાંખવા સમર્થ એવો રાગનો પરિણામ અને ધૂમ એટલે પણ પૂર્વે કહેવાયેલ શબ્દાર્થવાળો એટલે કે ચારિત્રરૂપી ઈન્ધનને ધૂમાડાવાળું = મલિન = શ્યામ કરનાર દ્વેષનો પરિણામ. તે પરિણામના યોગે અશનાદિ પણ અંગાર કે ધૂમ દોષવાળા થાય છે.

સાર આ થયો કે એષણીય પણ આહારાદિને જો રાગવાળો થઈને વાપરે તો તે આહારને અંગારદોષવાળો કરે છે અને જો દ્વેષવાળો થઈને વાપરે તો ધૂમદોષવાળો કરે છે. બન્ને 'च' શબ્દ એ પરસ્પરની અપેક્ષાએ સમુચ્ચયના અર્થમાં છે.

જો કે, અહીં બળતાં કાષ્ઠાદિ પહેલાં તો અર્ધ બળેલા ઉલ્મુકસ્વભાવવાળા ધૂમાડાસહિત હોય છે, પછી સર્વથા જ્વલનરૂપ અંગારપણાને પામે છે. આ રીતે પ્રથમ સધૂમ અને પછી અંગારો, એવો ઉત્પત્તિક્રમ છે. છતાં પણ ભાવસ્વરૂપ આ બન્નેનો વિચાર કરવાનો હોવાથી ગુરુ અને લઘુ દોષને આશ્રયીને એટલે કે પ્રથમ ગુરુ-મોટોદોષ, અને પછી લઘુ = નાનોદોષ આ ક્રમને આશ્રયીને આવો નિર્દેશ કરવામાં આવ્યો. તે આ પ્રમાણે - રાગ કરવા

દ્વારા સર્વથા બળી ગયેલ ઈન્ધન સમાન ચારિત્રને કરી દે છે, માટે તે ગુરુદોષ છે. અને દ્વેષ દ્વારા અર્ધ બળી ગયેલ ઈન્ધનસમાન કરે છે. તેથી તે લઘુદોષ છે.

તથા, શેષ ઉદ્ગમાદિદોષોમાં ત્રણે જગતની કદર્થના કરનાર રાગ-દ્વેષસ્વરૂપ આ બંને દોષો હોવાથી એ બન્ને ગુરુતમદોષો છે = અત્યંત મોટા ખતરનાક દોષો છે એ વાત પર ધ્યાન દોરવા માટે ધ્યાપના ક્રમને = કાષ્ઠાદિમાં પ્રથમ સધૂમ અને પછી અંગારો, એ ક્રમને છોડીને પ્રથમ રાગ અને પછી દ્વેષ એમ વિસદૃશ = વિપરિતક્રમ કહ્યો છે. (૯૭)

અવતરણિકા - આ પ્રમાણે અંગાર અને ધૂમ નામના બે દોષો કહેવાયા. હવે 'કારણ' નામના દોષને કહેવાની ઈચ્છાથી, જે નિમિત્તે ભોજન કરે અને જે નિમિત્તે ન કરે તે કહે છે.

શબ્દાર્થ - छुहवेयण ક્ષુધાવેદના શમાવવા, वेयावच्च વૈયાવચ્ચ માટે, संजम = ચારિત્રના પાલન માટે, सुज्झाण = સૂત્રાર્થના ચિંતવન માટે, पाणरक्खट्ठा = પોતાના પ્રાણના રક્ષણ માટે, इरियं = ઈર્યાસમિતિની, च = અને, विसोहेउं = વિશુદ્ધિ માટે, भुंजइ = વાપરે, न = નહિ, उ = પણ, रूवरसहेऊ = રૂપ અને સ્વાદને માટે. (૯૮)

ગાથાર્થ - સાધુને છ કારણથી આહાર વાપરવાનું તીર્થંકરોએ કહ્યું છે (૧) ક્ષુધાવેદના શમાવવા માટે. (૨) આચાર્યાદિની ભક્તિ-વૈયાવચ્ચ કરી શકાય તે માટે. (૩) પડિલેહણા વગેરે ચારિત્રની ક્રિયા સમ્યક્પ્રકારે કરી શકાય તે માટે. (૪) સૂત્રાર્થના અભ્યાસ અને ચિંતવન માટે. (૫) પોતાના પ્રાણ ટકાવવા માટે અને (૬) ઈર્યાસમિતિનું સારી રીતે પાલન થઈ શકે તે માટે. પરંતુ શરીરને બળવાન-રૂપવાન બનાવવા તથા સ્વાદ વગેરે માટે આહારાદિને ન વાપરે. (૯૮)

ટીકાર્થ - ભૂખની વેદના વગેરે ૬ કારણોસર સાધુ આહાર વાપરે -

અહીં દ્વન્દ્વસમાસ કરેલ ક્ષુધાવેદના વગેરે દરેક પદોનો 'रक्षार्थम्' પદ સાથે સંબંધ થાય છે. તે આ રીતે કે (૧) 'छुहवेयणरक्खट्ठा भुंजइ' = 'क्षुद्वेदनारक्षार्थं भुञ्जीत' = ક્ષુદ્વેદનાની રક્ષા માટે અર્થાત્ बुभुक्षा = ભૂખરૂપ પીડાને દૂર કરવા માટે વાપરે. કારણ કે કહેવાયું છે કે 'बुभुक्षा सदृशी हि नास्त्यन्या पीडा' = ભૂખ જેવી બીજી કોઈ પીડા નથી. માટે તેના નાશ માટે વાપરે. એમ બધે જોડવું, તથા, 'સાધુ આહારને' એ અધ્યાહારથી લેવું.

(૨) 'वेयावच्चरक्खट्ठा भुंजइ' = 'वैयावृत्त्यरक्षार्थम् भुञ्जीत' = આચાર્ય વગેરેની વૈયાવચ્ચ એટલે ભાત-પાણી આદિ દ્વારા આચાર્ય આદિની સેવા. ભૂખ્યો સેવા ન કરી શકે. માટે તેની રક્ષા માટે. અર્થાત્ વૈયાવચ્ચની હાનિના નિવારણ માટે = વૈયાવચ્ચમાં ઓછાશ ન આવે તે માટે સાધુ આહાર વાપરે.

(૩) 'संजम' = 'संयमः' = પડિલેહણ-પ્રમાર્જનાદિ સ્વરૂપ સાધુનો વ્યાપાર. તે વ્યાપાર ભૂખ્યો કરી ન શકે. માટે, તેનું પાલન કરવા માટે સાધુ આહાર વાપરે.

(૪) 'सुज्झाण' = 'शोभनं ध्यानं' = 'सुध्यानं', સૂત્રના અર્થોનું અનુચિન્તન = વારંવાર ઊંચા ચિંતન સ્વરૂપ ધર્મધ્યાન. તે પણ ભૂખ્યાનું ક્ષીણ થતું જાય છે. કારણ કે ભૂખ્યા થયેલા, પૂર્વે ભણેલ શ્રુતના પરાવર્તનમાં અને અર્થચિન્તનિકામાં અસમર્થ હોય છે. તેથી, તેની રક્ષા માટે અર્થાત્ સુધ્યાનની હાનિને નિવારવા માટે, સાધુ આહાર વાપરે.

(૫) 'पाणरक्खट्ठा' = 'प्राण-रक्षार्थम्' = પ્રાણો ઇન્દ્રિય વગેરે ૧૦ છે. તેઓની રક્ષા માટે = તેઓને ટકાવવા માટે સાધુ આહાર વાપરે. કારણ કે, ભૂખ્યાનું આયુષ્ય, બળ વગેરે ઘટે છે.

(૬) 'इरियं च विसोहेउं' = 'ईर्यां च विशोधयितुं' = ઈર્યાસમિતિની વિશોધિ = પાલન માટે સાધુ આહાર વાપરે. કારણ કે, ભૂખ્યા થયેલાને આંખે અંધારા આવવાથી ઈર્યાસમિતિ પાળી શકતો નથી. 'च' એ સમુચ્ચયાર્થમાં છે.

આ ૬ કારણોસર સાધુ આહારને 'भुंजइ' = 'भुञ्जीत' = વાપરે. પરન્તુ, 'न उ रूवरसहेऊ' = 'न तु रूपरसहेतुः' = રૂપ કે રસના હેતુથી વાપરે નહિ. રૂપ એટલે કે શરીરની વિશિષ્ટ વર્ણ વગેરે આકૃતિ. રસ એ શબ્દના અર્થમાં પણ આવે છે. કહેવાયું છે કે 'रस शब्दे' આ વચનથી રસ એટલે શબ્દ. તે બન્ને = રૂપ, રસના હેતુથી = નિમિત્તે. એટલે કે, સારા-સારા પૌષ્ટિકભોજનથી શરીરની પુષ્ટિ માટે અને કણ્ઠમાં મધુરતા લાવવા માટે ન વાપરે. અથવા રસ એટલે કે આહારસંબંધી રસ. અર્થાત્ મધુરાદિ રસ. તેને માટે ન વાપરે. 'આ સ્વાદુરસવાળું છે, સ્વાદિષ્ટ છે, માટે અવશ્ય ભક્ષ્ય છે' આ પ્રમાણે ગૃદ્ધિપૂર્વક ન વાપરે.

આમ કહેવા દ્વારા આ વાત છતી થાય છે કે રૂપાદિ માટે આહારને વાપરતા સાધુને ધર્મપ્રયોજનનો અભાવ હોય છે અને એ અભાવથી એ આહાર 'कारण' નામના દોષથી દુષ્ટ થાય છે એમ અત્રે જણાવાયું છે. કારણ કે કારણનો અભાવ એ કારણદોષ એ રીતે પ્રસ્તુતમાં વિવક્ષિત છે. (૯૮)

अवतरणिका - આમ, કયા કારણોસર સાધુ આહાર કરે તેની વાત કરી. હવે કયા કારણોસર સાધુ આહાર ન કરે. તે કહે છે.

शब्दार्थ - अहव = અથવા, न जिमेज्ज = ન વાપરે, रोगे = માંદગીમાં, मोहुदये = મોહના ઉદયમાં, सयणमाइ = સ્વજનાદિના, उवसग्गे = ઉપસર્ગમાં, पाणिदया = જીવદયા માટે, तवहेउं = તપને માટે, अन्ते = વૃદ્ધાવસ્થામાં, तणुमोयणत्थं = શરીરના ત્યાગ માટે, च

= સમુચ્ચય અર્થમાં છે. (૯૯)

ગાથાર્થ - ઉપર જેમ શરીરને બળવાન બનાવવા વગેરે માટે આહાર કરવાનો નિષેધ જણાવ્યો તેવી રીતે બીજા છ કારણોએ પણ સાધુને આહાર કરવાનો હોતો નથી. (૧) અજીર્ણ અથવા તાવ વગેરે રોગમાં. (૨) મોહનો અત્યંત ઉદય હોય ત્યારે. (૩) સ્વજનો ચારિત્ર છોડાવવા માટે પ્રયત્ન કરતાં હોય અથવા રાજાદિનો ઉપસર્ગ હોય ત્યારે. (૪) વરસાદ, ધુમ્મસ વગેરેમાં ગોચરી જવામાં જીવાકુલ ભૂમિના યોગે ઘણી વિરાધના દેખાતી હોય ત્યારે તે જીવોની રક્ષા માટે. (૫) ઉપવાસથી માંડીને છ મહિના સુધીની તપશ્ચર્યામાં અને (૬) વૃદ્ધાવસ્થામાં શરીરથી તેવી કોઈ ચારિત્રની વધુ આરાધનાનો સંભવ ન હોય ત્યારે શરીરના ત્યાગ માટે અનશનના સ્વીકારમાં. (૯૯)

ટીકાર્થ - રોગ અને મોહનાં ઉદય વગેરેમાં આહાર ન કરવો -

'अहव' = 'અથવા' = અથવા તો, અહીં 'અથવા' શબ્દ એ બળ વગેરેની અપેક્ષાએ = બળ વગેરે સિવાય પણ ભોજન નહિ કરવાના બીજા વિકલ્પને સૂચવનારના અર્થમાં છે. 'न' = નહિ, 'जिमेज्ज' = 'जिमेत्' = 'अद्यात्' જમે. અથવા હવે બતાવવામાં આવનાર કારણોસર સાધુ ભોજન ન કરે. એમ અર્થ કરવો.

કયા કારણોસર ન કરે ? તે કહે છે, 'रोग' = રોગમાં = આકસ્મિક તાવમાં કે આંખના રોગમાં અને અજીર્ણાદિમાં. કારણ કે આહાર ન કરીને ઉપવાસાદિ કરતાં પ્રાયઃ તાવ વગેરે ઊતરી જાય છે. કહેવાયું છે કે,

'વાયુવિકાર, શ્રમ = થાક, ક્રોધ, શોક, કામ અને ઘાના તાવ સિવાયના તાવ વગેરેમાં = 'बलाविरोधि' જો શક્તિ પહોંચતી હોય તો લાંઘણ = ઉપવાસાદિ હિતકારી છે. (૧)'

તથા, 'मोहुदये' = 'मोहोदये' અતિ ઉત્કટકામની પીડા ઉત્પન્ન થાય ત્યારે મૈથુનવિરતિ = વ્રતની રક્ષા માટે ભોજન ન કરે. કારણ કે ઉપવાસોને કરતાં કામ અત્યંત દૂર ચાલ્યો જાય છે. કહેવાયું છે કે,

'આહાર વગરના દેહધારિ માનવીના વિષયો ઉપશમી જાય છે. કારણ કે આ રસ વગરના શ્રેષ્ઠ = આત્મતત્ત્વને = આનંદને જોઈને = અનુલક્ષીને આ માનવીનો કામરસ પણ પાછો ફરી જાય છે. (૧)'

'सयणमाइ-उवसग्गे' = 'स्वजनाद्युपसर्गे' અહીં મૂળગાથામાં 'म' એ અલાક્ષણિક છે એટલે કે વ્યાકરણના નિયમથી થયેલો નથી. એટલે 'सयणाइ' એવો અર્થ જાણવો. સ્વજનાદિના ઉપસર્ગમાં ભોજન ન કરે. ઉપસર્ગ એટલે ઉપદ્રવ = બાધા કરવી. તે ઉપદ્રવ

(૧) અનુકૂળ અને (૨) પ્રતિકૂળ - આમ ૨ પ્રકારે છે.

(૧) માતા-પિતા-પત્ની વગેરે સ્વજનોનો ઉપસર્ગ એ અનુકૂળ કહેવાય છે. તેઓ ક્યારેક પ્રવ્રજ્યા છોડાવવા વગેરે કારણોસર આવી ચઢે ત્યારે 'આ ઉપસર્ગ છે' એમ સમજીને તે ઉપસર્ગમાં ભોજન ન કરે. કારણ કે તે સ્વજનાદિ ઉપવાસોને કરતાં જોઈને, મુનિનો સંયમ ન છોડવાનો નિશ્ચય ખ્યાલમાં આવવાથી અથવા તો 'ઉપવાસોમાં રખે ને મોત થઈ જશે' એવી મોત આદિની બીકથી પ્રાયઃ મુનિને છોડી દે.

(૨) મૂળગાથામાં જે 'आदि' શબ્દ છે એનાથી, રાજા ગુસ્સે ભરાય વગેરે પ્રતિકૂળ ઉપસર્ગમાં જમે નહિ એમ જાણી લેવું.

તથા, 'पाणिदया-तव-हेउं' = 'प्राणिदया-तपहेतोः' પ્રાણિદયા અને તપના હેતુથી જમે નહિ. વરસાદમાં પ્રાણિદયાના હેતુથી જીવજંતુઓની રક્ષા માટે, મહિકાપાતમાં = ધુમ્મસમાં, સચિત્તરજના પાતાદિમાં = એવા પ્રદેશમાં જ્યાં પ્રચંડ પવનથી ધૂળની સચિત્તરજની ડમરી ચઢે એમાં, નાની નાની ઘણી દેડકીઓ કે મસિકા = ઝીણી ઝીણી કાળી મસીઓ વગેરે જીવજંતુથી ભરેલ પૃથ્વી હોય તો, તેઓની રક્ષા માટે ભોજન ન કરે. પરંતુ તે વરસાદાદિમાં ઉપવાસ કરે જેથી ભિક્ષા માટે ફરવા વગેરેથી ઉત્પન્ન થતી અપ્કાયાદિની વિરાધના ન થાય.

તથા, તપના હેતુથી ભોજન ન કરે. એક-બે વગેરે ઉપવાસથી માંડીને છ મહિના સુધીનો તપ કરતાં ભોજનનો અસંભવ હોય છે. અહીં વીરપ્રભુના શાસનમાં ઉત્કૃષ્ટથી ૬ માસના ઉપવાસનો જ તપ કહેલો છે, એથી આગળ નહિ એ જાણવું.

તથા, 'अन्ते' = 'पर्यन्तसमये' એટલે વૃદ્ધપણે. અહીં વૃદ્ધપણાની વાત કરી, તેનું કારણ આ છે કે વૃદ્ધપણાના કાળ સિવાય એટલે કે તરુણાદિ અવસ્થામાં, પ્રાયઃ કરીને બુભુક્ષા વધારે હોવાથી એ વખતે આહારના ત્યાગમાં આર્તધ્યાનની આપત્તિ હોય છે. 'तनुमोयणत्थं' = 'तनुमोचनार्थं' = 'तनुः' એટલે કે શરીર, મોચન એટલે કે છોડવું, તે માટે = શરીરના ત્યાગ માટે, 'च' સમુચ્ચયાર્થમાં છે.

ભાવાર્થ આ છે કે ચારિત્રગ્રહણ બાદ પૂર્વાવસ્થામાં દીર્ઘસંયમ પર્યાયનું પરિપાલન, શિષ્યોને વાચનાદાન અને શિષ્યો તૈયાર કરવા એ શ્રેય છે. અને અન્તે વૃદ્ધાવસ્થામાં બધા જ અનુષ્ઠાનોનો સાર મરણની આરાધના છે. એટલે તેમાં મહાન પ્રયત્ન કરવો. આ મરણ આરાધના એટલે કે સંલેખના. ઉપશમવાળા થઈને ક્રમે કરીને આહારત્યાગ રૂપ સંલેખના કરવી. તે કારણે શરીરના ત્યાગ માટે સંલેખના કરવામાં ભોજનનો અભાવ સંભવે છે. (૯૯)'

(સટીક પિંડવિશુદ્ધિના મુનિશ્રી કુલભાનુવિજયજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

ગુરુ આ પાંચ પ્રકારના ગ્રાસૈષણાદોષોને ત્યજે છે.

મિથ્યાત્વ એટલે વિપરીત શ્રદ્ધા. તે એક પ્રકારે છે. તે આ પ્રમાણે - અદેવ, અગુરુ અને અધર્મની દેવ, ગુરુ અને ધર્મ તરીકે શ્રદ્ધા કરવી અને દેવ, ગુરુ અને ધર્મની અદેવ, અગુરુ અને અધર્મ તરીકે શ્રદ્ધા કરવી. **યોગશાસ્ત્ર**માં અને તેની **વૃત્તિ**માં કહ્યું છે -

'વિપક્ષનું જ્ઞાન હોય તો સમ્યક્ત્વનું સ્વરૂપ સારી રીતે સમજી શકાય છે, તેથી સમ્યક્ત્વના વિપક્ષ રૂપ મિથ્યાત્વનું સ્વરૂપ કહે છે -

અદેવમાં જે દેવપણાની બુદ્ધિ, અગુરુમાં જે ગુરુપણાની અને અધર્મમાં જે ધર્મપણાની બુદ્ધિ થાય, તે સમ્યક્ત્વથી વિપરીત હોવાથી મિથ્યાત્વ કહેવાય છે. (૩)

અદેવમાં જે દેવબુદ્ધિ, અગુરુમાં જે ગુરુબુદ્ધિ અને અધર્મમાં જે ધર્મબુદ્ધિ થાય, તે મિથ્યાત્વ. તે સમ્યક્ત્વથી વિપરીત સ્વરૂપવાળું હોવાથી, આગળ જેઓનું લક્ષણ કહેવાશે તેવા અદેવ, અગુરુ અને અધર્મ તેમની માન્યતા સ્વરૂપ મિથ્યાત્વ. તેનું લક્ષણ સમ્યક્ત્વથી વિપરીત છે. તથા આ પણ ગ્રહણ કરેલું છે કે દેવમાં અદેવત્વ, ગુરૂમાં અગુરુત્વ, ધર્મમાં અધર્મત્વની માન્યતા - એ પણ મિથ્યાત્વ છે.

વળી મિથ્યાત્વ પાંચ પ્રકારનું છે. ૧ આભિગ્રહિક, ૨ અનાભિગ્રહિક, ૩ આભિનિવેશિક, ૪ સાંશયિક અને ૫ અનાભોગિક.

૧. આભિગ્રહિક - પોતપોતાના શાસ્ત્રના જ્ઞાનથી જેમનો વિવેક નિયંત્રિત હોય અને પરપક્ષનો પ્રતિકાર કરવામાં જેઓ હોંશિયાર હોય, તેવા પાખંડીઓને આભિગ્રહિક મિથ્યાત્વ હોય.

૨. અનાભિગ્રહિક - સામાન્ય લોકોની 'સર્વ દેવો વંદનીય છે, તેમની નિંદા ન કરવી, એવી જ રીતે સર્વ ગુરુઓ અને સર્વ ધર્મો વંદનીય છે' એવી માન્યતા તે અનાભિગ્રહિક મિથ્યાત્વ.

૩. આભિનિવેશિક - યથાર્થ વસ્તુ અંદરથી સમજવા છતાં પણ ખોટા કદાગ્રહને આધીન બની જમાલિની માફક સાચાને ખોટું કહેવાનો કદાગ્રહ કરવો તે.

૪. સાંશયિક - દેવ, ગુરુ અને ધર્મના વિષયમાં આ સાચા હશે કે આ સાચા હશે = એવા સંશયવાળાને સાંશયિક મિથ્યાત્વ હોય.

૫. અનાભોગિક - એકેન્દ્રિયાદિક વિચાર-શૂન્ય અને વિશેષ જ્ઞાનથી રહિત હોય તેવાને

તે હોય છે.

કહ્યું છે કે :- 'આભિગ્રહિક, અનાભિગ્રહિક, આભિનિવેશિક, સાંશયિક અને અનાભોગ એમ મિથ્યાત્વ પાંચ પ્રકારનું છે.' **(પંચ-સં. ૧૮૬)**

આંતરશ્લોકો કહે છે -

"મિથ્યાત્વ એ મહારોગ છે, મિથ્યાત્વ મહાઅંધકાર છે, મિથ્યાત્વ મોટો શત્રુ છે, મિથ્યાત્વ મહાવિષ છે. રોગ, અંધકાર અને ઝેર જન્મની અંદર એક વખત દુઃખ આપનાર થાય, પરંતુ મિથ્યાત્વ રોગની ચિકિત્સા કરવામાં ન આવે તો હજારો ભવો સુધી તેની વેદના ભોગવવી પડે છે. ગાઢમિથ્યાત્વથી ઘેરાયેલ ચિત્તવાળા જીવો તત્ત્વ અને અતત્ત્વનો ભેદ જાણતા નથી. જે જન્મથી અંધ હોય, તે કોઈ પણ વસ્તુની મનોહરતા કે અમનોહરતા સ્પષ્ટ રીતે કેવી રીતે જાણી શકે ?" (૨/૩)'

જો કે મિથ્યાત્વ પાંચ પ્રકારનું છે, છતાં પણ અહીં સામાન્યથી તે એક પ્રકારનું કહ્યું છે.

ગુરુ આ મિથ્યાત્વને બધી રીતે ત્યજે છે.

આમ છત્રીસ ગુણોરૂપી અલંકારોથી અલંકૃત થયેલ ગુરુ વિરાજે. (૨૫)

આમ ચોવીસમી છત્રીસી સમાપ્ત થઈ.

●●●

+ **बाहुल्लेणं लोओ पेच्छइ नयणेहिं नेव हियएणं ।**
तेणं विसएहिंतो कहं विरत्तो कुणउ धम्मं ? ॥

ઘણું કરીને લોકો આંખથી જુવે છે, હૃદયથી નથી. તેથી વિષયોથી વિરક્ત થઈને શી રીતે ધર્મ કરે ?

+ **जं आसि धम्मबीयं पुव्वभवे वावियं तए जीव ! ।**
तं इह लुणासि संपइ वावियमिण्हि लुणसि अग्गे ॥

હે જીવ ! તેં પૂર્વભવમાં જે ધર્મબીજ વાવેલું તેને તું હાલ અહીં લણે છે, અહીં વાવેલું તું આગળ લણીશ.

+ **इंदियलोलो को वि हु वट्टइ सद्दाइएसु विसएसुं ।**
तह वि हु न होइ तित्ती तण्ह च्चिय वित्थरइ नवरं ॥

ઇન્દ્રિયોમાં લોલુપ કોઈ જીવ શબ્દ વગેરે વિષયોમાં વર્તે છે. છતાં પણ તેને તૃપ્તિ થતી નથી, પણ તેની તૃષ્ણા જ વધે છે.

पञ्चविंशतितमी षट्त्रिंशिका

अथ पञ्चविंशतितमीं षट्त्रिंशिकामाह–

मूलम् - इगवीससबलचाया, सिक्खासीलस्स पनरठाणाणं ।
अंगीकरणेण सया, छत्तीसगुणो गुरू जयउ ॥२६॥

छाया - एकविंशतिशबलत्यागात्, शिक्षाशीलस्य पञ्चदशस्थानानाम् ।
अङ्गीकरणेन सदा, षट्त्रिंशद्गुणो गुरुर्जयतु ॥२६॥

प्रेमीया वृत्तिः - एकविंशतिशबलत्यागात् - एकविंशतिसङ्ख्यानां शबलानां परिहारात्, तथा **शिक्षाशीलस्य** - सुविनीतस्य, **पञ्चदशस्थानानां** - पञ्चदश-सङ्ख्यानां स्थानानां, **सदा** - सर्वकालं, **अङ्गीकरणेन** - स्वीकरणेन, एवं **षट्त्रिंशद्गुणो गुरुर्जय**त्विति पदार्थः ।

रहस्यार्थस्त्वयम् - शबलाः - शबलचारित्रनिमित्तभूताः क्रियाविशेषाः उक्तञ्च **दशाश्रुतस्कन्धनिर्युक्तौ तच्चूर्णौ** च-

'अवराहंमि पयणुए जेण उ मूलं न वच्चई साहू ।
सबलिति तं चरित्तं तम्हा सबलेत्ति णं बिंति ॥१३॥

(**छाया**- अपराधे प्रतनुके येन तु मूलं न व्रजति साधुः ।
शबलयति स चारित्रं तस्मात् शबलमिति तं ब्रुवन्ति ॥१३॥)

चूर्णी - तणुओ अवराहो दुब्भासितादि । सुमहल्लावराधेसु मलिण एव । अहवा दसविहे पायच्छित्ते आलोयणादि जाव छेदो ताव सबलो, मूलादिसु मलिण एव चरित्रपटः, के के ते अवराहपदा जेहिं भावसबलो भवति, ते इमे आचारमधिकृत्योपदिश्यन्ते ॥१३॥'

(**छाया** - तनुको अपराधो दुर्भाषितादिः । सुमहापराधेषु मलिन एव । अथवा दशविधे

प्रायश्चित्ते आलोचनादि यावत् छेदस्तावत् शबलः । मूलादिषु मलिन एव चारित्रपटः । कानि कानि तानि अपराधपदानि यैर्भावशबलो भवति । ते इमे आचारमधिकृत्योपदिश्यन्ते ॥१३॥)

ते शबला एकविंशतिसङ्ख्याः । तद्यथा - १ हस्तकर्म, २ मैथुनं, ३ रात्रिभोजनं, ४ आधाकर्म, ५ शय्यातरपिण्डः, ६ औद्देशिकक्रीताभ्याहृतादि, ७ अभीक्ष्णं प्रत्याख्याय भोजनं, ८ षण्मासानामन्तर्गणाद्गणे सङ्क्रमणं, ९ अन्तर्मासस्य त्रय उदकलेपाः, १० अन्तर्मासस्य त्रीणि मायास्थानानि, ११ राजपिण्डः, १२ प्राणातिपातः, १३ मृषावादः, १४ अदत्तादानं, १५ अनन्तर्हितायां पृथिव्यां स्थानादि, १६ सस्निग्धसरजस्कपृथिव्यां सचित्तशिलालेष्ट्वोः कोलावासदारुणि वा स्थानादि, १७ सप्राणे सबीजादौ स्थानादि, १८ मूलकन्दादिभोजनं, १९ संवत्सरमध्ये दशोदकलेपाः, २० संवत्सरमध्ये दश मायास्थानानि, २१ शीतोदकव्याप्तहस्तेन भोजनञ्च । यदवाचि **समवायाङ्गसूत्रे तद्वृत्तौ** च -

'एक्कवीसं सबला पण्णत्ता, तंजहा-हत्थकम्मं करेमाणे सबले १ मेहुणं पडिसेवमाणे सबले २ राइभोअणं भुंजमाणे सबले ३ आहाकम्मं भुंजमाणे सबले ४ सागारियं पिंडं भुंजमाणे सबले ५ उद्देसियं कीयं आहट्टु दिज्जमाणं भुंजमाणे सबले ६ अभिक्खणं पडियाइक्खेत्ता णं भुंजमाणे सबले ६ अंतो छण्हं मासाणं गणाओ गणं संकममाणे सबले ८ अंतो मासस्स तओ दगलेवे करेमाणे सबले ९ अंतो मासस्स तओ माईठाणे सेवमाणे सबले १० रायपिंडं भुंजमाणे सबले ११ आउट्टिआए पाणाइवायं करेमाणे सबले १२ आउट्टिआए मुसावायं वदमाणे सबले १३ आउट्टिआए अदिण्णादाणं गिण्हमाणे सबले १४ आउट्टिआए अणंतरहिआए पुढवीए ठाणं वा निसीहियं वा चेतेमाणे सबले १५ एवं आउट्टिआ चित्तमंताए पुढवीए एवं आउट्टिआ चित्तमंताए सिलाए कोलावासंसि वा दारुए ठाणं वा सिज्जं वा निसीहियं वा चेतेमाणे सबले १६ जीवपइट्ठिए सपाणे सबीए सहरिए सउत्तिङ्गे पणगदगमट्टीमक्कडासंताणए तहप्पगारे ठाणं वा सिज्जं वा निसीहियं वा चेतेमाणे सबले १७ आउट्टिआए मूलभोअणं वा कंदभोअणं वा तयाभोयणं वा पवालभोयणं वा पुप्फभोयणं वा फलभोयणं वा हरियभोयणं वा भुंजमाणे सबले १८ अंतो संवच्छरस्स दस दगलेवे करेमाणे सबले १९ अंतो संवच्छरस्स दस माइठाणाइ सेवमाणे सबले २० अभिक्खणं २ सीतोदयवियडवग्घारियपाणिणा असणं वा पाणं वा खाइमं वा साइमं वा पडिगाहित्ता भुंजमाणे सबले २१ ।

(**छाया**- एकविंशतिः शबलाः प्रज्ञप्ताः, तद्यथा - हस्तकर्म कुर्वन् शबलः १ मैथुनं प्रतिसेवमानः शबलः २ रात्रिभोजनं भुञ्जानः शबलः ३ आधाकर्म भुञ्जानः शबलः ४ सागारिकं पिण्डं भुञ्जानः शबलः ५ औद्देशिकं क्रीतं आहृत्य दीयमानं भुञ्जानः शबलः ६ अभीक्ष्णं प्रत्याख्याय णं भुञ्जानः शबलः ७ अन्तः षण्णां मासानां गणात् गणं सङ्क्रामन् शबलः ८ अन्तर्मासस्य त्रीन् उदकलेपान् कुर्वन् शबलः ९ अन्तर्मासस्य त्रीणि मायास्थानानि सेवमानः शबलः १० राजपिण्डं भुञ्जानः शबलः ११ आकुट्ट्या प्राणातिपातं कुर्वन् शबलः १२ आकुट्ट्या मृषावादं वदन् शबलः १३ आकुट्ट्या अदत्तादानं गृह्णन् शबलः १४ आकुट्ट्या अनन्तर्हितायां पृथिव्यां स्थानं वा शय्यां वा नैषेधिकं वा चेतयन् शबलः १५ एवं आकुट्ट्या चित्तवत्यां पृथिव्यां एवं आकुट्ट्या चित्तवत्यां शिलायां कोलावासे वा दारुणि स्थानं वा शय्यां वा नैषेधिकं वा चेतयन् शबलः १६ जीवप्रतिष्ठिते सप्राणे सबीजे सहरिते सोत्तिङ्गे पनकोदकमृत्तिकामर्कटसन्तानके तथाप्रकारे स्थानं वा शय्यां वा नैषेधिकं वा चेतयन् शबलः १७ आकुट्ट्या मूलभोजनं वा कन्दभोजनं वा त्वग्भोजनं वा प्रवालभोजनं वा पुष्पभोजनं वा फलभोजनं वा हरितभोजनं वा भुञ्जानः शबलः १८ अन्तः संवत्सरस्य दश उदकलेपान् कुर्वन् शबलः १९ अन्तः संवत्सरस्य दश मायास्थानानि सेवमानः शबलः २० अभीक्ष्णं २ शीतोदकविकटप्रलम्बितपाणिना अशनं वा पानं वा खादिमं वा स्वादिमं वा प्रतिगृह्य भुञ्जानः शबलः ॥२१॥)

वृत्तिः - अथैकविंशतितमस्थानकं, तत्र चत्वारि सूत्राणि स्थितिसूत्रैर्विना सुगमानि, नवरं शबलं कुर्बरं चारित्रं यैः क्रियाविशेषैर्भवति ते शबलास्तद्योगात्साधवोऽपि, ते एवं-तत्र **हस्तकर्म**वेदविकारविशेषं **कुर्वन्नु**पलक्षणत्वात्कारयन् वा **शबलो** भवत्येकः १ एवं **मैथुनं प्रतिसेवमानो**ऽतिक्रमादिभिस्त्रिभिः प्रकारैः २ तथा **रात्रिभोजनं** दिवागृहीतं दिवाभुक्तमित्यादिभिश्चतुर्भिर्भङ्गकैरतिक्रमादिभिश्च **भुञ्जानः** ३ तथा **आधाकर्म** ४ सागारिकः-स्थानदाता तत्पिण्डं ५ **औद्देशिकं क्रीतमाहृत्य दीयमानं** (च) **भुञ्जानः** उपलक्षणत्वात्पामिच्चाच्छेद्यानिसृष्टग्रहणमपीह द्रष्टव्यमिति ६, यावत्करणोपात्तपदान्येवमर्थतोऽवगन्तव्यानि, **अभीक्ष्णं** २ **प्रत्याख्याया**शनादि **भुञ्जानः** ७ **अन्तः षण्णां मासानामे**कतो **गणाद्गण**मन्यं **सङ्क्रामन्** ८ **अन्तर्मासस्य त्रीनुदकलेपान् कुर्वन्,** उदकलेपश्च नाभिप्रमाणजलावगाहनमिति, ९ **अन्तर्मासस्य त्रीणि मायास्थानानि,** स्थानमिति भेदः, १० **राजपिण्डं भुञ्जानः**, ११, **आकुट्ट्या प्राणातिपातं कुर्वन्** उपेत्य पृथिव्यादिकं हिंसन्नित्यर्थः, १२ **आकुट्ट्या मृषावादं वदन्,** १३ **अदत्तादानं गृह्णन्,** १४ **आकुट्ट्यैवानन्तर्हितायां पृथिव्यां**

स्थानं वा नैषेधिकं वा चेतयन् कायोत्सर्गं स्वाध्यायभूमिं वा कुर्वन्नित्यर्थः, १५ **एवमाकुट्ट्या** सस्निग्धसरजस्कायां **पृथिव्यां सचित्तवत्यां शिलायां** लेष्टौ वा **कोलावासे दारुणि,** कोला-घुणाः तेषामावासः १६ अन्यस्मिंश्च तथाप्रकारे **सप्राणे** सबीजादौ स्थानादि कुर्वन् १७ **आकुट्ट्या** मूलकन्दादि **भुञ्जानः** १८ **अन्तः संवत्सरस्य दशोदकलेपान् कुर्वन्** १९ तथाऽन्तः **संवत्सरस्य दश मायास्थानानि** च २० तथा **अभीक्ष्णं**-पौनःपुन्येन शीतोदकलक्षणं यद्विकटं-जलं तेन व्यापारितो-व्याप्तो यः पाणिः हस्तः स तथा तेनाशनं **प्रगृह्य भुञ्जानः** शबलः इत्येकविंशतितमः २१ ।'

श्रमणप्रतिक्रमणसूत्रवृत्तौ त्वेते एव शबलाः प्रकारान्तरेण प्रतिपादिताः, तथाहि -

'एकविंशतिभिः शबलैः शबलं चित्रलं शबलचारित्रनिमित्तत्वात् करकर्म्मादयः क्रिया-विशेषाः शबला भण्यन्ते । तथाचोक्तं -

'अवराहंमि पयणुए जेण उ मूलं न वच्चई साहू ।
सबलित्ति तं चरित्तं तम्हा सबलेत्ति णं बिन्ति ॥१॥'

(**छाया**- अपराधे प्रतनुके येन तु मूलं न व्रजति साधुः ।
शबलयति स चारित्रं तस्मात् शबलमिति तं ब्रुवन्ति ॥१॥)

तानि च शबलस्थानानि हस्तकर्म्मादीनि -

'तं जह उ हत्थकम्मं कुव्वंते १ मेहुणं च सेवंते २ ।
राइं च भुंजमाणे ३ आहाकम्मं च भुंजन्ते ४ ॥१॥

तत्तो य रायपिण्डं ५ कीयं ६ पामिच्च ७ मभिहडं ८ छेज्जं ९ ।
भुंजंते सबले उ पच्चक्खियभिक्ख भुञ्जइ य १० ॥२॥

छम्मासब्भन्तरओ गणा गणं सङ्कमं करेंते य ११ ।
मासब्भन्तर तिन्नि य दगलेवाओ करेमाणे ॥३॥

मासब्भन्तरऊ वा माइट्ठाणाइ तिन्नि कुणमाणे १२ ।
पाणाइवायउट्ठिं कुव्वंते १३, मुसं वयंते य १४ ॥४॥

गिण्हंते य अदिन्नं आउट्टि १५ तहा अणन्तरहियाए ।
पुढवीए ठाणसेज्जं णिसीहियं वावि चेएइ १६ ॥५॥

एवं ससिणिद्धाए ससरक्खाचित्तमन्तसिललेलुं ।
कोलावासपइट्ठा कोलघुणा तेसि आवासो १७ ॥६॥

सण्डसपाणसबीए जाव उ सन्ताणए भवे तहियं ।
ठाणाइ चेयमाणे सबले १८ आउट्टिआए उ ॥७॥

आउट्टिमूलकन्दे पुप्फे य फले य बीयहरिए य ।
भुंजंते सबले उ १९ तहेव संवच्छरस्सन्ते ॥८॥

दस दगलेवे कुव्वं तह माइट्ठाण दस य वरिस्संते २० ।
आउट्टिय सीउदगे वग्घारियहत्थमत्तेणं ॥९॥

दव्वीए भायणेण य दिज्जन्तं भत्तपाण घेत्तूणं ।
भुंजइ सबलो एसो इगवीसो होइ नायव्वो ॥१०॥'

(**छाया**- तद्यथा तु हस्तकर्म कुर्वन् १ मैथुनं च सेवमानः २ ।
रात्रौ च भुञ्जानः ३ आधाकर्म च भुञ्जानः ४ ॥१॥

ततश्च राजपिण्डं ५ क्रीतं ६ प्रामित्य ७ मभिहृतं ८ आच्छेद्यम् ९ ।
भुञ्जानः शबलस्तु प्रत्याख्यायाऽभीक्ष्णं भुङ्क्ते च १० ॥२॥

षण्मासाभ्यन्तराद् गणाद् गणं सङ्क्रमं कुर्वन् च ११ ।
मासाभ्यन्तरे त्रीन् चोदकलेपान् कुर्वाणः ॥३॥

मासाभ्यन्तरतो वा मातृस्थानानि त्रीणि कुर्वाणः १२ ।
प्राणातिपातं आकुट्ट्या कुर्वन् १३, मृषां वदन् च १४ ॥४॥

गृह्णन् चादत्तं आकुट्ट्या १५ तथा अनन्तर्हितायाम् ।
पृथिव्यां स्थानं शय्यां नैषेधिकं वाऽपि चेतयन् १६ ॥५॥

एवं सस्निग्धायां सरजस्कचित्तवत्शिलालेष्टु ।
कोलावासप्रतिष्ठा कोला घुणा तेषामावासः १७ ॥६॥

साण्डसप्राणसबीजः यावत्तु सन्तानके भवेत्तत्र ।
स्थानादि चेतयन् शबलः १८ आकुट्ट्या तु ॥७॥

आकुट्ट्या मूलकन्दान् पुष्पाणि च फलानि च बीजहरितानि च ।
भुञ्जानः शबलस्तु १९ तथैव संवत्सरस्यान्तः ॥८॥

दश उदकलेपान् कुर्वन् तथा मातृस्थानानि दश च वर्षान्तः २० ।
आकुट्ट्या शीतोदके व्याघारितहस्तमात्रेण ॥९॥

दर्व्या भाजनेन च दीयमानं भक्तपानं गृहीत्वा ।
भुङ्क्ते शबल एष एकविंशो भवति ज्ञातव्यः ॥१०॥)

अत्र हस्तकर्म्म स्वयं कुर्व्वन् परेण वा कारयन् शबलो, मैथुनं च दिव्यादित्रिविधमति-क्रमव्यतिक्रमातिचारेषु सालम्बनं सेवमानः शबलोऽनाचारोऽनालम्बनो विराधक एव । अतिक्रमादयस्तु तदध्यवसायतदर्थप्रवृत्तितद्ग्रहणतत्परिभोगस्वरूपाः । रात्रिभोजनं तु दिया गिण्हइ दिया भुंजइ इत्यादिभङ्गेषु ४ अइक्कमाइ ४ भुञ्जते सबले, आलम्बणे पुण जयणाए सन्निहिमाईसु य पडिसेवए चेव ।

(**छाया**- दिवा गृह्णाति दिवा भुङ्क्ते इत्यादिभङ्गेषु ४ अतिक्रमादि ४ भुञ्जानः शबलः, आलम्बने पुनर्यतनया सन्निध्यादिषु च प्रतिसेवते एव ।)

एवमन्यत्रापि द्रष्टव्यम् । '**असइं पच्चक्खियत्ति**' असकृत्प्रत्याख्याय भुञ्जानः शबलो, गणात् गणसङ्क्रमे शबलोऽन्यत्र ज्ञानाद्यर्थात् । दगलेपो नाभिप्रमाणोदकोत्तरणं, यत उक्तं

'**जङ्घद्धा सङ्घट्टो नाभी लेवो परेण लेवुवरि**'

(**छाया**- जङ्घार्द्धा सङ्घट्टः नाभिः लेपः परेण लेपोपरि ।)

वीसं उक्कोसपए वट्टंति जहन्नओ हवइ एगो ।
सीउसिण चरियं निसीहिया य जुगवं न वट्टंति ॥८२॥

(**छाया**- विंशतिः उत्कृष्टपदे वर्त्तन्ते जघन्यतो भवति एकः ।
शीतोष्णे चर्या नैषेधिकी च युगपत् न वर्त्तेते ॥८२॥)

वृत्तिः - **विंशतिः उत्कृष्टपदे** चिन्त्यमाने परीषहाः **वर्त्तन्ते,** युगपदेकत्र प्राणिनीति गम्यते, **जघन्यतः** जघन्यपदमाश्रित्य भवेदेकः परीषहः, ननूत्कृष्टपदे द्वाविंशतिरपि किं नैकत्र वर्त्तन्त इत्याह - '**सीउसिण**'त्ति **शीतोष्णे** चर्यानैषेधिक्यौ च **युगपद्** एककालं **न वर्त्तेते** न भवतः, परस्परं परिहारस्थितिलक्षणत्वादमीषां, तथाहि - न शीतमुष्णे न चोष्णं शीते न चर्यायां नैषेधिकी नैषेधिक्यां वा चर्येत्यतो यौगपद्येनामीषामेकत्रासम्भवान्नोत्कृष्टतोऽपि द्वाविंशतिरिति, आह - नैषेधिकीवत्कथं शय्याऽपि न चर्यया विरुध्यते ?, उच्यते, निरोध-बाधादितस्त्वङ्गनिकादेरपि तत्र सम्भवान्नैषिधिकी तु स्वाध्यायादीनां भूमिः, ते च प्रायः स्थिरतायामेवानुज्ञाता इति तस्या एव चर्यया विरोध इति गाथार्थः ॥८२॥'

गुरुरेतान् द्वाविंशतिं परीषहान् सम्यगधिसहते ।

'ग्रथ्यते-बध्यते कषायवशगेनात्मनेति ग्रन्थः यद्वा ग्रथ्नाति बध्नात्यात्मानं कर्मणेति ग्रन्थः । स द्विभेदः - आभ्यन्तरो बाह्यश्च, तत्राऽऽभ्यन्तरो मिथ्यात्वादि-श्चतुर्दशविधः बाह्यश्च धनादिको दशविधो मतः-कथितः ।' (७२० वृत्तवृत्तिः) इति ग्रन्थस्य स्वरूपभेदाः प्रदर्शिताः **प्रवचनसारोद्धारवृत्तौ** ।

आभ्यन्तरग्रन्थश्चतुर्दशविधः । तद्यथा - मिथ्यात्वं, २ पुरुषवेदः, ३ स्त्रीवेदः, ४ नपुंसकवेदः, ५ हास्यं, ६ रतिः, ७ अरतिः, ८ भयं, ९ शोकः, १० जुगुप्सा, ११ क्रोधः, १२ मानः, १३ माया, १४ लोभश्च । उक्तञ्च **प्रवचनसारोद्धारे तद्वृत्तौ** च -

'मिच्छत्तं वेयतियं हासाईछक्कगं च नायव्वं ।
कोहाईण चउक्कं चउदस अब्भिंतरा गंथा ॥७२१॥

(**छाया**- मिथ्यात्वं वेदत्रिकं हास्यादिषट्कञ्च ज्ञातव्यम् ।
क्रोधादीनां चतुष्कं चतुर्दश आभ्यन्तरा ग्रन्थाः ॥७२१॥)

वृत्तिः - अथ चतुर्दशविधाभ्यन्तरग्रन्थप्रतिपादनायाह - '**मिच्छत्तं**' गाहा, **मिथ्यात्वं**-तत्त्वार्थाश्रद्धानं, **वेदत्रिकं**-पुंस्त्रीनपुंसकवेदलक्षणं, **हास्यादिषट्कं च** - हास्यरत्यरतिभय-शोकजुगुप्सालक्षणं **ज्ञातव्यं,** तत्र हास्यं - विस्मयादिषु वक्त्रविकाशात्मकं, रतिः-असंयमे

प्रीतिः, अरतिः - संयमेऽप्रीतिः, उक्तञ्च

'अरई य संजमम्मी होइ रईऽसंजमे यावि'

(**छाया**- अरतिश्च संयमे भवति रतिरसंयमे चापि ।)

त्ति भयं - इहलोकादिसप्तधा, शोकः-इष्टवियोगान्मानसं दुःखं, जुगुप्सा-अस्नानादि-मलिनतनुमुनिहीलना तथा चाह -

'अण्हाण-माइएहिं साहुं तु दुगुंछई दुगुंछ' त्ति,

(**छाया**- अस्नानादिभिः साधुं तु जुगुप्सति जुगुप्सा ।)

तथा **क्रोधादीनां चतुष्कं**-क्रोधमानमायालोभलक्षणं, एते **चतुर्दश आभ्यन्तरा ग्रन्थाः** ॥७२१॥'

गुरुरेतांश्चतुर्दशाभ्यन्तरग्रन्थांस्त्यजति ।

एवं षट्त्रिंशद्गुणगणकलितो गुरुर्जगद्दोषपङ्कादुद्धरतु ॥२७॥

इति षड्विंशतितमी षट्त्रिंशिका समाप्ता ।

● ● ●

+ **सव्वा कला धम्मकला जिणेइ, सव्वा कहा धम्मकहा जिणेइ ।**
सव्वं बलं धम्मबलं जिणेइ, सव्वं सुहं धम्मसुहं जिणेइ ॥

ધર્મકળા બધી કળાઓને જીતે છે, ધર્મકથા બધી કથાઓને જીતે છે, ધર્મબળ બધા બળને જીતે છે, ધર્મસુખ બધા સુખને જીતે છે.

+ **जूए पसत्तस्स धणस्स नासो, मंसं पसत्तस्स दयाइ नासो ।**
मज्जं पसत्तस्स जसस्स नासो, वेसापसत्तस्स कुलस्स नासो ॥

જુગારમાં આસક્તનું ધન નાશ પામે છે, માંસમાં આસક્તની દયા નાશ પામે છે, દારૂમાં આસક્તનો યશ નાશ પામે છે, વેશ્યામાં આસક્તનું કુળ નાશ પામે છે.

+ **हिंसापसत्तस्स सुधम्मनासो, चोरीपसत्तस्स सरीरनासो ।**
तहा परत्थिसु पसत्तयस्स, सव्वस्स नासो अहमा गई य ॥

હિંસામાં આસક્તનો ધર્મ નાશ પામે છે, ચોરીમાં આસક્તનું શરીર નાશ પામે છે તથા પરસ્ત્રીમાં આસક્તનું સર્વસ્વ નાશ પામે છે અને તેને અધમગતિ મળે છે.

છવ્વીસમી છત્રીસી

હવે છવ્વીસમી છત્રીસી કહે છે -

શબ્દાર્થ - બાવીસ પરીષહોને સહન કરવા વડે અને અંદરની ચૌદ ગાંઠોને છોડવા વડે - આમ છત્રીસ ગુણોવાળા ગુરુ જય પામો. (૨૭)

પ્રેમીયા વૃત્તિનો ભાવાનુવાદ - પ્રવચનસારોદ્ધારની **વૃત્તિ**માં પરીષહોની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે, 'માર્ગને નહીં છોડવા માટે અને નિર્જરા કરવા માટે સંપૂર્ણ રીતે સહન કરાય તે પરીષહ.' (૬૮૫ શ્લોકની વૃત્તિ)

પરીષહો બાવીસ છે. તે આ પ્રમાણે - ૧ ક્ષુધાપરીષહ, ૨ પિપાસાપરીષહ, ૩ શીત-પરીષહ, ૪ ઉષ્ણપરીષહ, ૫ દંશમશકપરીષહ, ૬ નાગ્ન્યપરીષહ, ૭ અરતિપરીષહ, ૮ સ્ત્રીપરીષહ, ૯ ચર્યાપરીષહ, ૧૦ નિષદ્યાપરીષહ, ૧૧ શય્યાપરીષહ, ૧૨ આક્રોશ-પરીષહ, ૧૩ વધપરીષહ, ૧૪ યાચનાપરીષહ, ૧૫ અલાભપરીષહ, ૧૬ રોગપરીષહ, ૧૭ તૃણસ્પર્શપરીષહ, ૧૮ મલપરીષહ, ૧૯ સત્કારપુરસ્કારપરીષહ, ૨૦ પ્રજ્ઞાપરીષહ, ૨૧ અજ્ઞાનપરીષહ અને ૨૨ દર્શનપરીષહ. **ઉત્તરાધ્યયનસૂત્ર**ના બીજા અધ્યયનમાં અને તેની **વૃત્તિ**માં કહ્યું છે -

'કાશ્યપ ગોત્રવાળા શ્રમણ ભગવાન મહાવીરે જે તારા વડે પૂછાયા હતા તે આ (હૃદયમાં પ્રત્યક્ષ રહેલા) બાવીસ પરીષહો કહ્યા છે જેમને સાંભળી, જાણી, પરિચિત કરી, સર્વથા તેમનું સામર્થ્ય હણીને ભિક્ષાચર્યા માટે જતો તે પરીષહોથી સ્પર્શાયેલો સાધુ પોતે હણાતો નથી. તે આ પ્રમાણે -

(૧) **બુભુક્ષાપરીષહ** - અસંયમના ડરને લીધે આહારને રાંધવા વગેરેની ઇચ્છાને અટકાવવા વડે અત્યંત આકુળપણાનું કારણ એવી ભૂખ બધી રીતે સહન કરાય તે બુભુક્ષાપરીષહ.

(૨) **પિપાસાપરીષહ** - પીવાની ઇચ્છા તે પીપાસા. તે જ પરીષહ તે પીપાસાપરીષહ.

(૩) **શીતપરીષહ** - 'श्यैङ् गतौ' ગતિ અર્થવાળા श्यै ધાતુને કર્તામાં क्त પ્રત્યય લાગે. પછી 'द्रवमूर्त्तिस्पर्शयोः श्यः'(પા૦ ૬।૧।૨૪) સૂત્રથી સંપ્રસારણ થાય અને સ્પર્શવાચી હોવાથી 'श्योऽस्पर्शे' (પા૦ ૮।૨।૭) સૂત્રથી त નો न ન થવાથી शीत શબ્દ બને. શીત એટલે ઠંડો સ્પર્શ. તે જ પરીષહ તે શીતપરીષહ.

(૪) **ઉષ્ણપરીષહ** - 'उष दाहे' બાળવું અર્થવાળા उष् ધાતુને ઉણાદિનો नक् પ્રત્યય લાગતા उष्ण શબ્દ બને. ઉષ્ણ એટલે ઉનાળા વગેરેનો તાપ. તે જ પરીષહ તે ઉષ્ણપરીષહ.

(૫) **દંશમશકપરીષહ** - જે ડંખે તે દંશો. पचादि ગણમાં આવતો હોવાથી दंश् ધાતુને अच् પ્રત્યય લાગી दंश શબ્દ બને. જે મારી શકે તે મશકો. દંશો અને મશકો તે દંશમશકો. ઉપલક્ષણથી જૂ વગેરે પણ લેવા. દંશમશકો એ જ પરીષહ તે દંશમશકપરીષહ.

(૬) **અચેલપરીષહ** - જિનકલ્પિક વગેરેને વસ્ત્રનો અભાવ હોય છે. બીજાઓ માટે ફાટેલુ અને ઓછી કિંમતવાળુ વસ્ત્ર પણ વસ્ત્રનો અભાવ જ છે. જેમ ઓછા વસ્ત્રોવાળો વસ્ત્રરહિત કહેવાય છે, ખરાબ શીલવાળી શીલરહિત કહેવાય છે તેમ. વસ્ત્રનો અભાવ એ જ પરીષહ તે અચેલપરીષહ.

(૭) **અરતિપરીષહ** - રતિ એટલે સંયમસંબંધી ધૃતિ. તેનાથી વિપરીત હોય તે અરતિ. અરતિ એ જ પરીષહ તે અરતિપરીષહ.

(૮) **સ્ત્રીપરીષહ** - स्त्यै કે स्तृ ધાતુને ત્રટ્ પ્રત્યય લગાડીને ટ્ ઈત્ વાળો પ્રત્યય હોવાથી સ્ત્રીલિંગમાં ङीप् પ્રત્યય લગતા स्त्री શબ્દ બને. રાગનું કારણ એવા સ્ત્રીના ગતિ, વિલાસ, ઇંગિત અને આકારને જોવા છતાં પણ 'ચામડી, લોહી, માંસ, મેદ, સ્નાયુ, હાડકા, નસો અને વ્રણો (ઘા) વડે અત્યંત દુર્ગંધી એવું સ્ત્રીનું રૂપ સ્તન, આંખ, જઘન (કેડની આગળનો ભાગ), મુખ, સાથળથી મૂર્ચ્છિત થયેલો જીવ સારું માને છે. (૧). થુંકની જુગુપ્સા કરે છે અને મોહવાળો જીવ હોઠ પર રહેલ થુંકને ખૂબ પીએ છે. સ્તન અને જઘનના ઝરણને ઇચ્છતો નથી અને તેનાથી મોહિત થયેલો તેમને ભજે છે. (૨)' વગેરે ભાવનાઓથી અને આગળ કહેવાશે તે નીતિથી સ્ત્રી એ જ સહન કરાતી હોવાથી પરીષહ છે તેથી સ્ત્રીપરીષહ છે.

(૯) **ચર્યાપરીષહ** - ચર્યા એટલે એક ગામમાંથી બીજા ગામમાં વિચરવું. ચર્યા એ જ પરીષહ તે ચર્યાપરીષહ.

(૧૦) **નૈષેધિકીપરીષહ** - જેનું પ્રયોજન પાપકર્મોનો અને ગમન વગેરે ક્રિયાનો નિષેધ છે તે નૈષેધિકી એટલે સ્મશાન વગેરે, સ્વાધ્યાય વગેરેની ભૂમિ એટલે રહેવાનું સ્થાન.

નૈષેધિકી એ જ પરીષહ તે નૈષેધિકીપરીષહ.

(૧૧) **શય્યાપરીષહ** - જેમાં સુવાય તે શય્યા એટલે ઉપાશ્રય. શય્યા એ જ પરીષહ તે શય્યાપરીષહ.

(૧૨) **આક્રોશપરીષહ** - આક્રોશ એટલે ખોટું બોલવું. આક્રોશ એ જ પરીષહ તે આક્રોશપરીષહ.

(૧૩) **વધપરીષહ** - વધ એટલે હણવું. વધ એ જ પરીષહ તે વધપરીષહ.

(૧૪) **યાંચાપરીષહ** - યાંચા એટલે પ્રાર્થના. યાંચા એ જ પરીષહ તે યાંચાપરીષહ.

(૧૫) **અલાભપરીષહ** - મળવું તે લાભ. લાભનો અભાવ તે અલાભ, એટલે ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ ન થવી. અલાભ એ જ પરીષહ તે આલાભપરીષહ.

(૧૬) **રોગપરીષહ** - કોઢ વગેરે રોગ રૂપ પરીષહ તે રોગપરીષહ.

(૧૭) **તૃણસ્પર્શપરીષહ** - તરે તે તૃણ. તૃ ધાતુને ઉણાદિનો નક્ પ્રત્યય લાગીને અને ઋ હ્રસ્વ થઈને તૃણ શબ્દ બન્યો. તૃણનો સ્પર્શ તે તૃણસ્પર્શ. તૃણસ્પર્શ એ જ પરીષહ તે તૃણસ્પર્શપરીષહ.

(૧૮) **મલપરીષહ**- મલ એ જ પરીષહ તે મલપરીષહ.

(૧૯) **સત્કારપુરસ્કારપરીષહ** - સત્કાર એટલે વસ્ત્ર વગેરેથી પૂજવું. પુરસ્કાર એટલે ઊભા થવું, આસન આપવું વગેરે. સત્કાર અને પુરસ્કાર તે સત્કારપુરસ્કાર. અથવા અહીં સત્કાર એટલે ઊભા થવું, વંદન કરવું, આસન આપવું વગેરે રૂપ બધી સેવા. તેનાથી આગળ કરવું તે સત્કારપુરસ્કાર. સત્કારપુરસ્કાર એ જ પરીષહ તે સત્કારપુરસ્કારપરીષહ.

(૨૦-૨૧) **પ્રજ્ઞાપરીષહ - અજ્ઞાનપરીષહ** - આ બન્નેનો અર્થ પૂર્વે કહ્યો છે. જેનાથી વસ્તુનું સ્વરૂપ જણાય છે તે પ્રજ્ઞા એટલે પોતે વિચારીને થયેલું વસ્તુનું જ્ઞાન. જેનાથી વસ્તુનું સ્વરૂપ જણાય તે જ્ઞાન એટલે સામાન્યથી મતિજ્ઞાન વગેરે. જ્ઞાનનો અભાવ તે અજ્ઞાન.

(૨૨) **દર્શનપરીષહ** - દર્શન એટલે સમ્યગ્દર્શન. દર્શનને જ ક્રિયાવાદી વગેરેના વિચિત્ર મત સાંભળવા છતાં પણ સારી રીતે સહન કરવું એટલે કે નિશ્ચલ રીતે ધારણ કરવું તે દર્શનપરીષહ. અથવા દર્શન શબ્દથી અહીં દર્શનની મૂંઝવણનું કારણ આલોક-પરલોક સંબંધી ફળ ન દેખાવા વગેરે લેવાય છે. તેથી તે જ પરીષહ તે દર્શનપરીષહ.

અહીં બધા પરીષહોમાં ક્ષુધાપરીષહ જ મુશ્કેલીથી સહન થાય એવો છે. એટલે પહેલા તેને જ કહે છે -

ભૂખથી થતા બધા શરીરના તાપને કારણે તપસ્વી અને બળવાળો સાધુ ફળ વગેરેને પોતે છેદે નહીં, બીજા પાસે છેદાવે નહીં, છેદનારા બીજાને સારો માને નહીં, પોતે રાંધે નહીં, બીજા પાસે રંધાવે નહીં, રાંધનારા બીજાને સારો માને નહીં, પોતે ખરીદે નહીં, બીજા પાસે ખરીદાવે નહીં, ખરીદનારા બીજાને સારો માને નહીં. दिगिंछापरिताप એ છેદવું વગેરે ક્રિયાનો હેતુ હોવાથી તેને હેતુ અર્થમાં ત્રીજી વિભક્તિ લાગી છે. 'दिगिंछापरिगते देहे' એ પાઠાંતર પ્રમાણે 'ભૂખથી શરીર વ્યાપે છતે' એવો અર્થ થાય. જેની પાસે અતિશય તપ હોય તે તપસ્વી. तपस् ને અતિશય અર્થમાં विन् પ્રત્યય લાગી तपस्विन् શબ્દ બન્યો. તપસ્વી એટલે વિકૃષ્ટ એવા અઠ્ઠમ વગેરે તપ કરનારો. તપસ્વી ગૃહસ્થ વગેરે પણ હોય છે. માટે ભિક્ષુ એટલે સાધુ કહ્યો. બળવાળો એટલે સંયમ સંબંધી બળવાળો. અહીં 'ઘણા' કે 'સારા' અર્થમાં मतुप् પ્રત્યય લાગ્યો છે. છેદવું એ હણવાનું ઉપલક્ષણ હોવાથી ભૂખથી પીડાયેલો હોવા છતાં પણ નવ કોટીની શુદ્ધિને બાધિત ન કરે. (૨)

ક્ષુધાપરીષહ કહ્યો. આ રીતે સહન કરનારાને કે ઓછો આહાર મળ્યો હોવાથી એષણીય આહાર માટે ફરનારાને શ્રમ વગેરેને લીધે અવશ્ય તરસ લાગે છે. તે તરસ બરાબર સહન કરવી. એટલે પિપાસાપરીષહને કહે છે -

ક્ષુધાપરીષહ પછી કે ઉપર કહેલા વિશેષણોવાળો તે, તરસથી પીડાયેલો અનાચારની જુગુપ્સાવાળો, જેણે પાંચ આશ્રવો વગેરેથી અટકવા રૂપ સંયમ મેળવ્યું છે એવો સાધુ ઠંડા એટલે કે સ્વરૂપમાં રહેલા એટલે કે પોતાના વગેરે શસ્ત્રોથી નહીં હણાયેલા એટલે કે અચિત્ત નહીં થયેલા પાણીને ન પીએ, પણ અગ્નિથી અચિત્ત કરાયેલા પાણીની ગવેષણા માટે તેવા કુળોમાં ફરે અથવા અગ્નિથી અચિત્ત કરાયેલા પાણીની એષણાસમિતિને વારંવાર સેવે એટલે કે એકવાર એષણાની અશુદ્ધિ થવા પર તરસ વધી જવાથી અનેષણીયને ગ્રહણ કરીને એષણાસમિતિનું ઉલ્લંઘન ન કરે. चर् ધાતુ 'વારંવાર સેવવું' એવા અર્થમાં પણ દેખાય છે. 'लज्जसंजमे' એવા પાઠાંતરે સારી રીતે અભ્યાસ કરાયા હોવાથી આત્મસાત્ થયેલા એવા લજ્જા અને સંયમથી અભિન્ન તે જ લજ્જાસંયમ, 'लज्जासंजए' એમ કહેવાય છે ત્યાં જે લજ્જાથી સારી રીતે યત્ન કરે છે એટલે કે કૃત્ય પ્રત્યે આદરવાળો થાય છે તે લજ્જાસંયત. બધા ધાતુ पच् વગેરે ધાતુના અર્થમાં દેખાય છે. (૪)

આમ પિપાસાપરીષહ જાણ્યો. ક્ષુધા અને પિપાસા પરીષહોથી કૃશ થયેલા શરીર-વાળાને ઠંડાકાળમાં અવશ્ય ઠંડી લાગે છે. માટે શીતપરીષહ કહે છે -

એક ગામથી બીજે ગામ કે મોક્ષમાર્ગે ચાલનારા કે ધર્મને સેવનારા, અગ્નિના સમારંભ વગેરથી અટકેલા કે કામક્રીડા વિનાના, સ્નાન-સ્નિગ્ધ ભોજન વગેરેના ત્યાગથી લુખા

સાધુને શિયાળામાં કે પ્રતિમા સ્વીકારી હોય ત્યારે ઠંડી પીડે, કેમકે ઉપરના ત્રણ વિશેષણવાળા સાધુને અવશ્ય ઠંડી પીડે છે, તેથી ચઢિયાતી મર્યાદાને હણે નહીં, એટલે કે દુર્ધ્યાન કરવું, બીજે જવું વગેરે વડે ઓળંગે નહીં, કેમકે પાપી બુદ્ધિવાળો જ તેને ઓળંગે છે. તેથી સદ્‌બુદ્ધિવાળાએ તેને ઓળંગવી નહીં. 'ચઢિયાતી' એટલે બીજા સિદ્ધાંતો કરતા, સ્થવિરકલ્પિકની અપેક્ષાએ, જિનકલ્પિકની અપેક્ષાએ અને સ્થવિરકલ્પથી ચઢિયાતી. 'મર્યાદા' એટલે શક્તિની અપેક્ષાએ અને સર્વથા શક્તિની અપેક્ષા વિના ઠંડીને સહન કરવારૂપ મર્યાદા. 'પાપી' એટલે સંસારના આવર્તમાં પાડનારી કે બાંધનારી. 'नाइवेलं मुणी गच्छे, सुच्चा णं जिणसासणं' આવો પાઠ કહેવાય છે. ત્યાં સ્વાધ્યાય વગેરેના સમયરૂપ વેળાને ઓળંગીને 'હું ઠંડીથી પીડાયેલો છું' એમ વિચારી તપસ્વી મુનિ 'જીવ જુદો છે, શરીર જુદું છે, નરક વગેરેમાં જીવોએ ઘણી તીવ્ર ઠંડી પૂર્વે અનુભવેલી છે.' વગેરે જિનાગમને સાંભળીને બીજા સ્થાનમાં ન જાય. (૬)

ઠંડીની વિરોધી ગરમી છે એટલે અથવા શિયાળામાં ઠંડી હોય છે ત્યાર પછી ઉનાળામાં ગરમી હોય છે. તેથી ઉષ્ણપરીષહને કહે છે -

ગરમ પૃથ્વી, શિલા વગેરેથી થયેલા પરિતાપ વડે, બહાર પસીના અને મેલ વડે કે અગ્નિ વડે અને અંદર તરસ વડે થયેલા દાહ વડે, ગ્રીષ્મમાં કે શરદઋતુમાં સૂર્યના કિરણોના તાપ વડે અત્યંત પીડાયેલો સાધુ સાતા માટે પ્રલાપ ન કરે એટલે કે 'ક્યાંક સ્ત્રીના સ્તન, સાથળ, હાથરૂપી પાંદડાના આલિંગનો વડે સુખ પામ્યા અને ક્યાંક નરકોમાં બળતા તીવ્ર અંગાર વડે પકાવાયા (૧)' વગેરે વિચારીને 'અરે ! મંદ ભાગ્યવાળા મને સુખ શી રીતે ?' એમ પ્રલાપ ન કરે, અથવા સાતાના હેતુસંબંધી 'અરે ! શી રીતે કે ક્યારે શિયાળો કે ચંદ્રના કિરણોનો સમૂહ વગેરે મને સુખ કરનારા થશે ?' એ પ્રમાણે પ્રલાપ ન કરે. (૮)

ગરમી ઉનાળામાં હોય છે. ત્યારપછી ચોમાસુ આવે છે. તેમાં ડાંસ-મચ્છરો થાય છે. માટે દંશમશકપરીષહને કહે છે -

ડાંસ-મચ્છર, જૂ વગેરેથી પીડાયેલો, તેમને નહીં ગણકારવાથી તેમનાથી સ્પર્શાયેલી અને નહીં સ્પર્શાયેલી બન્ને અવસ્થાઓમાં સમાન એવો જ અથવા જેમ પરાક્રમી હાથી કે યોદ્ધો બાણોથી પીડાતો હોવા છતાં તેમને ગણકાર્યા વિના યુદ્ધના મોરચે શત્રુઓને જીતે છે એમ મહામુનિ ક્રોધ વગેરે ભાવશત્રુઓને જીતે. 'વિસર્ગના ए, ओ, उ, र् અને લોપ થાય' એ વચનથી 'समः एव' નું 'समरेव' થયું. જેમાં ચારે બાજુથી દુશ્મનો આવે તે સમર એટલે યુદ્ધ. વા શબ્દ પાદપૂરણ માટે છે. ગાથામાં 'संगामसीसे' પછી આવેલો 'वा' શબ્દ 'इव' ના અર્થવાળો છે અને તેનો ક્રમ 'नागो' પછી આવે. ગાથામાં શૂર શબ્દમાં ઉપમા અર્થનો

અંતર્ભાવ થવાથી અને વા શબ્દનો અધ્યાહાર લેવાથી 'અથવા યોદ્ધાની જેમ' એવો અર્થ થયો. (૧૦)

ડાંસ, મચ્છરો વગેરેથી પીડાતો સાધુ વસ્ત્રરહિત હોવાથી વસ્ત્ર, કામળી વગેરે શોધવામાં તત્પર ન થાય એમ અચેલ પરીષહ કહે છે -

વસ્ત્રો ચારે બાજુથી જીર્ણ થઈ જાય ત્યારે સાધુ એમ ન વિચારે કે, 'આ વસ્ત્રો થોડા દિવસ ટકશે. પછી હું વસ્ત્રરહિત થઈ જઈશ.' અથવા 'જીર્ણવસ્ત્રવાળા મને જોઈને કોઈ શ્રાવક સારા વસ્ત્રો આપશે.' કહેવાનો ભાવ આવો છે - વસ્ત્રો જીર્ણ થઈ જાય ત્યારે 'મારી પાસે પહેલા વહોરેલું બીજું વસ્ત્ર નથી અને વસ્ત્ર વહોરાવનાર તેવા કોઈ દાતા નથી.' એમ વિચારી સાધુ દીનતા ન કરે અને બીજું વસ્ત્ર મળવાની સંભાવનાથી મનમાં આનંદ ન પામે. (૧૨)

કોઈ પણ પ્રતિબંધ વિના વિચરનારા જીર્ણ વસ્ત્રવાળા સાધુને ઠંડી વગેરેથી પીડા થવા પર અરતિ પણ થાય. માટે અરતિપરીષહને કહે છે -

બુદ્ધિ વગેરે ગુણોને ખાઈ જાય તે ગામ. જ્યાં જવાની ઇચ્છા હોય તે ગામ. અનુગામ એટલે રસ્તામાં આવતું ગામ, બીજા રસ્તે જવાનું કોઈ કારણ ન હોવાથી. અથવા મોટું હોય તે ગામ અને નાનું હોય તે અનુગામ. ગામ અને અનુગામ તે ગામાનુગામ. અથવા ગામાનુગામ એટલે એક ગામમાંથી બીજા ગામમાં ત્યાંથી અન્ય ગામમાં, ઉપલક્ષણથી નગર વગેરેમાં વિચરતા, જેની પાસે પ્રતિબંધના કારણભૂત ધન, સોનું વગેરે કંઈ પણ નથી તેવા નિષ્પરિગ્રહી સાધુને મનમાં અરતિ થાય તો તે અરતિપરીષહને સહન કરે. (૧૪)

જેને સંયમમાં અરતિ થઈ છે એવા સાધુને સ્ત્રીઓ નિમંત્રણ કરે એટલે તેમની ઇચ્છા થાય. એથી સ્ત્રીપરીષહને કહે છે -

રાગ વગેરેના વશમાં રહેલા જીવો જેમાં આસક્ત થાય તે સંગ. તિર્છાલોક વગેરે ત્રણે લોકમાં જે મનુષ્યસંબંધી, દેવસંબંધી કે તિર્યંચસંબંધી સ્ત્રીઓ છે તે સંગ છે, કેમકે તેણીઓ હાવભાવ વગેરેથી મનુષ્યોને અત્યંત આસક્ત કરે છે, બાકી મનુષ્યો ગીત વગેરેમાં પણ આસક્ત થાય જ છે. અહીં મનુષ્યો લીધા કેમકે પ્રજ્ઞાપના વગેરેમાં મનુષ્યોને જ અતિશય મૈથુનસંજ્ઞા કહી છે. એથી જે સાધુએ આ સ્ત્રીઓને બધી રીતે જાણી છે એટલે કે જ્ઞપરિજ્ઞાથી આલોક અને પરલોકમાં મોટા નુકસાનના કારણ તરીકે જાણી છે, આગમમાં કહ્યું છે કે, 'વિભૂષા, સ્ત્રીનો સંસર્ગ અને પ્રણીત (જેમાંથી વિગઈ ઝરતી હોય તેવા) રસવાળું ભોજન - આ ત્રણ વસ્તુઓ આત્માને (આત્મગુણોને) શોધનારા માટે તાલપુટ વિષ જેવી છે. (૧)' અને પ્રત્યાખ્યાનપરિજ્ઞાથી તેમનો ત્યાગ કર્યો છે તેનું ચારિત્ર સારી રીતે પળાયેલું છે અથવા

સુખેથી પાળી શકાય એવું છે. કહેવાનો ભાવ આવો છે - ચારિત્ર એટલે પાપના કારણોનો ત્યાગ. હકીકતમાં રાગ-દ્વેષ જ કારણો છે. ઉપર કહ્યા પ્રમાણે સ્ત્રી સિવાય બીજું કોઈ તે રાગ-દ્વેષનું મૂળ નથી. તેથી સ્ત્રીના ત્યાગથી જ ચારિત્ર સારી રીતે પળાય છે. કહેલી નીતિ પ્રમાણે સ્ત્રીઓને ત્યજવી મુશ્કેલ છે. તેથી તેમનો ત્યાગ કરવા પર બીજું ત્યજાયેલું જ છે. તેથી 'સ્ત્રીઓના ત્યાગથી ચારિત્ર સારી રીતે પળાયેલું છે.' એમ કહેવાય છે. આગળ કહેશે કે, 'આ સંગોને ઓળંગીને બાકીના સંગો સુખેથી ઊતરી શકાય એવા થાય છે. જેમ મોટા સમુદ્રને ઊતર્યા પછી ગંગા જેવી નદી સુખેથી ઊતરી શકાય છે. (૧૬)

આ સ્ત્રીપરીષહ એક સ્થાનમાં રહેનારા અને સ્ત્રીના સંસર્ગથી અલ્પસત્ત્વવાળા થયેલાને થાય છે. એથી એક સ્થાનમાં ન રહેવું પણ ચર્યાપરીષહને સહન કરવો. માટે તે ચર્યા-પરીષહને કહે છે -

રાગદ્વેષ વિનાનો, અચિત્ત અને નિર્દોષ આહાર વડે કે સાધુગુણો વડે પોતાનું ગુજરાન ચલાવનારો મુનિ ભૂખ વગેરે પરીષહોને જીતીને ગામ, નગર, વાણિયાઓના નિવાસ કે રાજધાનીમાં અપ્રતિબદ્ધ વિહારથી વિચરે. અથવા તેવા પ્રકારના ગીતાર્થ સહાયક સાધુ ન મળે તો એકલા વિચરે. કહ્યું છે કે, 'ગુણથી અધિક કે સમાન એક સારા સહાયક સાધુ ન મળે તો પાપોને વર્જતો અને કામોમાં આસક્ત ન થતો એકલો વિચરે.' અથવા 'लाढ' એ પ્રશંસાવાચી દેશ્ય શબ્દ છે. પાઠાંતરે-પ્રતિમા સ્વીકારેલ રાગદ્વેષ વિનાનો એકલો સાધુ અનાર્ય દેશમાં વિચરે. આનાથી આગ્રહ વિના વિચરે એમ બતાવ્યું. (૧૭)

જેમ ગામ વગેરેમાં અપ્રતિબદ્ધ સાધુ ચર્યા પરીષહને સહન કરે છે તેમ શરીર વગેરેને વિષે અપ્રતિબદ્ધ સાધુએ નૈષેધિકીપરીષહ પણ સહન કરવો. માટે તે નૈષેધિકીપરીષહને કહે છે -

રાગદ્વેષ વિનાનો અથવા પ્રતિમા સ્વીકારેલ હોવાથી એકલો અથવા કર્મની સહાય વિનાના મોક્ષમાં તેની પ્રાપ્તિને યોગ્ય અનુષ્ઠાનો આચરીને જનારો, અશિષ્ટ ચેષ્ટા વિનાનો સાધુ શ્મશાનમાં, શૂન્ય ઘરમાં કે વૃક્ષની નીચે રહે, બીજાને ત્રાસ ન પમાડે. કહેવાનો ભાવ આવો છે - 'શ્મશાનમાં પ્રતિમા સ્વીકારીને, હંમેશા વિવિધ ગુણો અને તપમાં રત એવો સાધુ ભયોને જોઈને ડરે નહીં અને શરીરને ઇચ્છે નહીં.' શાસ્ત્રવચન યાદ કરીને શ્મશાન વગેરેમાં એકલો પણ સાધુ અનેક ભયો આવવા છતાં પોતે ડરે નહીં અને વિકૃત અવાજ, મોઢાના વિકાર વગેરેથી બીજાને ડરાવે નહીં. અથવા આ રીતે અર્થ કરવો - કુંથવા વગેરેની વિરાધનાથી કર્મબંધ થતો હોવાથી તેના ડરથી હાથ-પગને ખરાબ રીતે નહીં હલાવતો સાધુ બેસે અને અસંયમ ન થાય એમ વિચારીને ઉંદર વગેરેને ત્રાસ ન પમાડે. મડદાઓ જ્યાં સૂવે

તે શ્મશાન. પાણિની વ્યાકરણના સૂત્ર પા૧૨ થી આ શબ્દ બન્યો. કૂતરાઓ માટે હિતકારી એ વાક્યમાં પાણિની વ્યાકરણના સૂત્ર પા૧૨ થી ય પ્રત્યય લાગે, સંપ્રસારણ થાય અને સ્વર દીર્ઘ થાય. તેથી શૂન્ય શબ્દ બને. જે કપાય તે વૃક્ષ. (૨૦)

નૈષેધિકીસ્થાનમાં સ્વાધ્યાય વગેરે કરીને શય્યા તરફ પાછો આવે માટે શય્યાપરીષહને કહે છે -

જે ઉપર લેપાયેલી હોય તે ઉચ્ચ. અથવા ઠંડી-ગરમીનું નિવારણ કરવું વગેરે ગુણો વડે જે બીજી વસતિઓ કરતા ઉપર રહેલી હોય તે ઉચ્ચ. તેનાથી વિપરીત હોય તે અવચ. ઉચ્ચ અને અવચ એટલે ઉચ્ચાવચ. અથવા ઉચ્ચાવચ એટલે ભિન્ન ભિન્ન પ્રકારની. એવી વસતિઓ વડે ઠંડી-ગરમી વગેરેને સહન કરવાના સામર્થ્યવાળો તપસ્વી સાધુ સ્વાધ્યાય વગેરેના સમયને ઓળંગીને 'અહીં હું ઠંડી વગેરેથી પીડાઉં છું' એમ વિચારી અન્ય સ્થાનમાં ન જાય, અથવા અન્ય સિદ્ધાંતો કરતા ચઢિયાતી સમતારૂપી મર્યાદાને હર્ષ-શોક વગેરે વડે ઓળંગે નહીં. ઉચ્ચ વસતિ મળે તો 'અરે ! હું ભાગ્યશાળી છું કે જે મને આવી બધી ઋતુઓમાં સુખ આપનારી શય્યા મળી.' એ પ્રમાણે હર્ષ ન કરે. ખરાબ વસતિ મળે તો 'અરે ! હું કમભાગી છું કે મને ઠંડી વગેરેનું નિવારણ કરી શકે એવી વસતિ મળતી નથી.' એમ શોક ન કરે. પાપદૃષ્ટિવાળો તે મર્યાદાને ઓળંગે છે. (૨૨)

વસતિમાં રહેલો સાધુ તેના ઉપદ્રવમાં પણ ઉદાસીન રહે તો તેવા પ્રકારનો શય્યાતર કે બીજો કોઈ આક્રોશ કરે. માટે આક્રોશપરીષહને કહે છે -

અધર્મી વ્યક્તિ કે અન્ય વ્યક્તિ સાધુનો 'હે મુંડિયા ! ધિક્કાર થાઓ તને. તું અહીં શા માટે આવ્યો છે ?' એમ તિરસ્કાર કરે તો બદલો લેવા માટે તિરસ્કાર કરીને બળે નહીં, એટલે કે બદલો લેવા માટે શરીરમાં દાહ થવો, શરીર લાલ થવું, સામો આક્રોશ કરવો, પ્રહાર કરવો વગેરે વડે અગ્નિની જેમ બળે નહીં, સંજ્વલન ક્રોધ પણ ન કરે. જો ગુસ્સાથી બળે તો અજ્ઞાનીઓની સમાન થાય છે, તેવા સાધુની જેમ - ગુણોથી આકર્ષિત કોઈ દેવી સાધુને હંમેશા વંદન કરતી હતી અને કહેતી હતી - 'મને કામ કહેજો.' એકવાર તે સાધુ એક બ્રાહ્મણ સાથે યુદ્ધ કરવા લાગ્યો. તે બળવાન બ્રાહ્મણે ભૂખથી કૃશ શરીરવાળા સાધુને જમીન પર પાડ્યો અને માર્યો. રાતે દેવી વંદન કરવા આવી. સાધુ મૌન છે. દેવીએ કહ્યું, 'શું મારાથી કોઈ અપરાધ થયો છે ?' તે બોલ્યો, 'મારા પર અપકાર કરનારા તે દુષ્ટ આત્માને તેં કંઈ ન કર્યું ?' દેવી બોલી - 'મને ખબર ન પડી કે આમાં સાધુ કોણ છે અને બ્રાહ્મણ કોણ છે ? કેમકે ગુસ્સામાં બન્ને સરખા લગતા હતા.' તેથી 'સારી પ્રેરણા છે.' એમ વિચારી સાધુએ સ્વીકાર્યું. કહેલી વાતનું નિગમન કરવા કહે છે - જે કારણથી ગુસ્સો કરનાર અજ્ઞાનીને સમાન થઈ

જાય છે તે કારણથી સાધુ ગુસ્સે ન થાય. (૨૪)

કોઈક અધમાધમને માત્ર આક્રોશથી સંતોષ ન થાય તો તે વધ પણ કરે. તેથી વધ-પરીષહને કહે છે -

લાકડી વગેરેથી મરાયેલો સાધુ કાયાથી કંપવું, સામું હણવું વગેરે વડે અને વચનથી સામો આક્રોશ કરવો વગેરે વડે પોતાને ખૂબ બળતાં જેવો ન બતાવે, મનને ગુસ્સાથી વિકૃત ન કરે, પણ 'ધર્મનું મૂળ દયા છે, ગુસ્સો કરનાર દયા કરતો નથી, તેથી જે ક્ષમામાં તત્પર છે તે ઉત્તમ ધર્મને સાધે છે' વગેરે વચનોથી ક્ષમાને ધર્મનું શ્રેષ્ઠ સાધન જાણીને યતિધર્મમાં કે ક્ષમા વગેરેરૂપ યતિધર્મને કે વસ્તુસ્વરૂપ યતિધર્મને વિચારે, જેમકે યતિધર્મનું મૂળ ક્ષમા છે. આ જીવ મારા નિમિત્તે કર્મ બાંધે છે. આ મારો જ દોષ છે. માટે આની ઉપર ગુસ્સો કરવો ઉચિત નથી. (૨૬)

બીજાથી હણાયેલા સાધુને તેવા પ્રકારના ઔષધ વગેરે અને હંમેશા ઉપયોગી ભોજન વગેરે યાચનાથી જ મળે છે, માટે યાચનાપરીષહને કહે છે -

અરે ! નિરુપકારી અને ઘર વિનાના સાધુ માટે યાવજ્જીવ આ દુઃખેથી થઈ શકે એવું છે કે આહાર, ઉપકરણ વગેરે બધું તેને યાચનાથી મળે છે, દાંત ખોતરવાની સળી વગેરે પણ તેને યાચના વિના મળતી નથી. તેથી બધી વસ્તુની યાચના દુષ્કર છે. ગાયની જેમ ચરવું તે ગોચર. જેમ ગાય પરિચિત અને અપરિચિત એ ભેદ કર્યા વિના જ પ્રવર્તે છે તેમ સાધુ પણ ભિક્ષા માટે જાય છે. પ્રધાન ગોચર તે ગોચરાગ્રં, કેમકે સાધુ એષણાસમિતિથી યુક્ત થઈને ગ્રહણ કરે છે, ગાયની જેમ જેમ-તેમ નહીં. ગોચરી માટે ગયેલ સાધુ આહાર વગેરે લેવા માટે સુખેથી હાથ પસારી શકતો નથી. તેથી 'દરરોજ ઉપકાર કર્યા વિના શી રીતે બીજાને ખુશ કરી શકાય. માટે ઘરવાસ સારો. ત્યાં કોઈ પાસે માંગવાનું નથી. પોતાના હાથે કમાયેલું દીન વગેરેને આપીને ભોગવાય છે.' એમ સાધુ ન વિચારે, કેમકે ઘરવાસ ઘણા સાવદ્યપાપોવાળો છે અને નિરવદ્ય આજીવિકા માટે તેનો ત્યાગ કર્યો છે. માટે પોતે રાંધવા વગેરેમાં પ્રવૃત્ત ગૃહસ્થો પાસેથી પિંડ વગેરે ગ્રહણ કરવું યોગ્ય છે. એવો કહેવાનો ભાવ છે. (૨૮, ૨૯)

યાચના કરનારા સાધુને ક્યારેક લાભાંતરાય કર્મના દોષથી આહાર વગેરે ન ય મળે. તેથી અલાભપરીષહને કહે છે -

ભોજન બની ગયે છતે ગૃહસ્થો પાસે ભોજનની ગવેષણા કરે. આનાથી ભમરા જેવી વૃત્તિ કહી. ભોજન બન્યા પહેલા વહોરવા જાય તો સાધુ માટે રાંધવા વગેરેની પ્રવૃત્તિ થાય. ગૃહસ્થ પાસેથી આહાર મળે કે ન મળે તો સાધુ 'અરે ! હું અધન્ય છું કે મને કંઈ મળતું

નથી.' એમ પસ્તાવો ન કરે અને મળી જાય તો 'હું લબ્ધિવાળો છું.' એમ ખુશ ન થાય. અથવા થોડું કે અનિષ્ટ મળે તો પણ પસ્તાવો સંભવે છે. માટે તેવું મળે તો પણ પસ્તાવો ન કરવો. (૩૦)

અલાભને લીધે વધેલું જેવું તેવું વાપરનારા સાધુઓને કદાચ રોગો ઉત્પન્ન થાય. તેથી રોગપરીષહને કહે છે -

તાવ વગેરે રોગને ઉત્પન્ન થયેલો જાણીને ફોડલો થવો, પીઠ પકડાવી વગેરેના અનુભવરૂપ વેદના વડે દુઃખથી પીડાયેલો સાધુ દુઃખથી પીડિત હોવાથી ચાલતી એવી 'આ મારા પોતાના કર્મોનું ફળ જ છે.' એવી તત્ત્વબુદ્ધિને સ્થિર કરે. બુદ્ધિને સ્થિર કરે છતે કે રોગ ઉત્પન્ન થયે છતે રાજમંદ વગેરે રોગોથી વ્યાપ્ત હોવા છતાં પણ કે પુષ્ટ હોવા છતાં પણ રોગ જનિત દુઃખને સહન કરે. (૩૨)

રોગથી પીડાયેલાને શયન વગેરેમાં ઘાસનો સ્પર્શ મુશ્કેલીથી સહન થાય તેવો હોય છે. તેથી તૃણસ્પર્શપરીષહને કહે છે -

અચેલક, લૂખા, સંયમી, તપસ્વી, દર્ભ વગેરે ઘાસમાં સૂતેલા કે બેઠેલા સાધુને શરીરની ખૂંચવારૂપ વિરાધના થાય. તરે તે તૃણ. સચેલકને ઘાસનો સ્પર્શ ન થવાથી, સ્નિગ્ધને ઘાસનો સ્પર્શ થવા છતાં સ્નિગ્ધ હોવાથી અને અસંયમીને પોલા અને લીલા ઘાસને લેવાથી તેવી શરીરની વિરાધના ન થાય, તેથી સાધુના અચેલક વગેરે વિશેષણો મૂક્યા. ગરમી પડવાથી મન-વચન-કાયાને સ્વરૂપથી ચલિત કરનારી કે વિપુલ વેદના થાય. આ કે આ પ્રમાણે જાણીને સાધુ ઘાસથી કંટાળીને વસ્ત્રને કે કામળીને ન વાપરે. કહેવાનો ભાવ આવો છે - જો કે ઘાસથી શરીરે ઉઝરડા પડ્યા હોય અને સૂર્યના કિરણના સ્પર્શથી થયેલો પરસેવો તેને અડવાથી ઘા પર મીઠું નાંખવા જેવી પીડા થાય છે છતાં પણ 'દેદીપ્યમાન અંગારા જેવા, સાંધા વિનાના વજ્રના કુંડોમાં કરુણ રીતે અવાજ કરતા કેટલાક નારકીઓ નરકના અગ્નિથી બળાય છે. અગ્નિથી ડરેલા દોડતા વૈતરણી નદી પાસે જઈને એને ઠંડા પાણીવાળી જાણીને ખારા પાણીમાં તેઓ પડે છે. ક્ષારથી પીડિત શરીરવાળા તેઓ હરણની ઝડપથી ઊભા થઈને છાંયો મળશે એમ વિચારી અસિપત્રવનમાં જાય છે. ત્યાં વાયુથી કંપેલા પડતાં શક્તિ, પરોણા, ભાલા, તલવાર, તોમર, પટ્ટિશ વડે તે બીચારાઓ છેદાય છે.' આવી અતિ ભયંકર વેદના નરકમાં મેં પરાધીનદશામાં અનુભવી છે, તો આ કેટલી વેદના છે ? અને સ્વાધીનપણે બરાબર સહન કરવામાં ઘણો લાભ છે એમ વિચારીને તેને દૂર કરવાની ઇચ્છાથી વસ્ત્ર કે ધાબળો ન લે. આ જિનકલ્પિકની અપેક્ષાએ કહ્યું. સ્થવિરકલ્પિકો સાપેક્ષસંયમવાળા હોવાથી વસ્ત્ર અને કામળીને સેવે પણ છે.

કેટલાક ઘાસ મેલા પણ હોય છે. તેથી તેના સંપર્કથી અને વિશેષથી પસીનાથી શરીરનો મેલ થાય છે. તેથી હવે મલપરીષહ કહે છે -

ગરમીમાં તાપને લીધે પસીનો થવાથી અને તે પસીનાથી ભીના થયેલા મલરૂપ કાદવથી કે તેના કઠણ થવાથી થયેલ રજ કે ધૂળ વડે જેનું શરીર પુષ્ટ કે બાધિત થયેલું છે એવો 'રોગી હોય કે અરોગી હોય જે સ્નાનની પ્રાર્થના કરે છે તેણે આચારને ઓળંગ્યો છે અને સંયમને છોડ્યું છે.' આ આગમને યાદ કરીને અસ્નાનની મર્યાદાને નહીં ઓળંગનાર મેધાવી સાધુ સુખને આશ્રયીને 'શી રીતે કે ક્યારે આ રીતે મેલથી લેપાયેલા શરીરવાળા મને સુખનો અનુભવ થશે ?' એમ ન બોલે. (૩૬)

મેલથી લેપાયેલ શરીરવાળો સાધુ મેલ વિનાના બીજાના સત્કાર-પુરસ્કાર થતાં જોઈને સત્કાર-પુરસ્કારની સ્પૃહા કરે. માટે સત્કાર-પુરસ્કારપરીષહને કહે છે -

માથુ નમાવવું, ચરણ સ્પર્શ કરવો વગેરે પૂર્વક 'હું અભિવાદન કરું છું.' એમ બોલવું તે અભિવાદન. સંભ્રમપૂર્વક આસન છોડવું તે અભ્યુત્થાન. 'આજે આપે મારા ઘરે ભિક્ષા લેવી.' વગેરે રૂપ નિમંત્રણ. રાજા વગેરે અભિવાદન, અભ્યુત્થાન અને નિમંત્રણ કરે. જે સાધુ કે પરદર્શનવાળા આગમમાં નિષિદ્ધ એવા પણ તે અભિવાદન વગેરેને સ્વીકારે છે તેમની સાધુ 'આમનો જન્મ સફળ છે કે આ લોકો આવા અભિવાદન વગેરે વડે સત્કારાય છે,' એમ સ્પૃહા ન કરે. (૩૮)

ઉપર કહેલા પરીષહોને જીતનારા પણ કોઈક સાધુને જ્ઞાનાવરણ કર્મ દૂર થવાથી બુદ્ધિનો ઉત્કર્ષ થાય અને બીજાને જ્ઞાનાવરણકર્મના ઉદયથી બુદ્ધિનો અપકાર થાય તેથી તેને અભિમાન અને દીનતા થાય. તેથી પ્રજ્ઞાપરીષહને કહે છે -

'સે' શબ્દ 'અથ' શબ્દના અર્થવાળો છે. તે વાતની શરૂઆત કરવા માટે છે. નક્કી મેં પૂર્વે જ્ઞાનની નિંદા વગેરેથી જ્ઞાનાવરણ કર્મો બાંધ્યા હશે, કેમકે નહીં જાણનારા કે જાણનારા કોઈ વડે કોઈક સારા સૂત્ર વગેરે વિષે કે વસ્તુ વિષે પૂછાયેલો હું જાણતો નથી. કહ્યું છે કે, 'જ્ઞાન અને જ્ઞાનીના નિંદા, દ્વેષ, ઈર્ષ્યા, ઉપઘાત (હણવું), વિઘ્નો વડે જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.' પોતે નહીં બાંધેલા કર્મો ભોગવવા પડતાં નથી. કહ્યું છે કે, 'જીવો પોતે શુભ-અશુભ કર્મો કરે છે અને પોતે જ સુખો અને દુઃખોને ભોગવે છે.' સ્વચ્છ સ્ફટિકની જેમ અતિનિર્મળ અને પ્રકાશરૂપ આત્મા પોતે અપ્રકાશક ન બને પણ જ્ઞાનાવરણકર્મને લીધે જ અપ્રકાશક બને. કહ્યું છે કે, 'તેમાં જ્ઞાનાવરણીય નામનું કર્મ છે જેનાથી જીવનું પાંચ પ્રકારનું જ્ઞાન આવરાય છે, જેમ વાદળો વડે સૂર્ય આવરાય છે તેમ.' અથવા 'સે' શબ્દ પ્રતિવચનવાચી 'અથ' શબ્દના અર્થવાળો છે. તે સાધુ કોઈએ કંઈક પૂછવા પર તેવા પ્રકારનો

વિચાર કરી શકતો ન હોવાથી પોતે નહીં જાણતો 'મારું આ અજ્ઞાન ક્યાંથી ?' એમ વિચારતો ગુરુવચનને અનુસરીને પોતે જ પોતાને કહે છે, 'નક્કી...' બાકીનું પૂર્વની જેમ. (૪૦)

પ્રજ્ઞા એ વિશેષ પ્રકારના જ્ઞાનરૂપ છે. તેથી વિરુદ્ધ અજ્ઞાન છે. તેથી હવે અજ્ઞાન-પરીષહને કહે છે. તે અજ્ઞાન પણ ભાવ અને અભાવ વડે બે પ્રકારે છે. તેમાં ભાવપક્ષને આશ્રયીને આ કહેવાય છે -

'અબ્રહ્મથી નિવૃત્ત થયો અને ઇન્દ્રિય-નોઇન્દ્રિયને સારી રીતે નિયંત્રિત કરી તે નકામુ થયું કેમકે હું વસ્તુના સારા કે ખરાબ સ્વભાવને સ્પષ્ટ રીતે જાણતો નથી, અથવા મોક્ષના કારણરૂપ ધર્મને અને નરકના કારણરૂપ પાપને સ્પષ્ટ રીતે જાણતો નથી. કહેવાનો આશય આવો છે - જો વિરતિ સાર્થક હોત તો મારું અજ્ઞાન ન હોત.' બીજા આશ્રવોની વિરતિ પણ હોવા છતાં અબ્રહ્મની જ વિરતિ લીધી તે અબ્રહ્મ જ અતિઆસક્તિનું કારણ હોવાથી મુશ્કેલીથી ત્યજાય એવું હોવાથી. કહ્યું છે કે, 'આ કામો દુઃખેથી ત્યજાય એવા છે.' (૪૨)

ક્યાંય સામાન્ય ચર્યાથી જ ફળ ન મળે, એટલે કહે છે -

સામાન્યચર્યાથી વિચરતા તો મારા જ્ઞાનાવરણ વગેરે કર્મો દૂર ન થયા પણ ભદ્રતપ, મહાભદ્રતપ વગેરે રૂપ તપ, આગમના ઉપચારરૂપ આયંબિલ વગેરે ઉપધાન અને માસિકી (૧ માસની) વગેરે સાધુની પ્રતિમાને સ્વીકારીને - આમ વિશેષ ચર્યા વડે પણ પ્રતિબંધ વિના અનિયત રીતે વિચરતા પણ મારા જ્ઞાનાવરણ વગેરે કર્મ દૂર નથી થતા - એમ ન વિચારવું. અજ્ઞાનના અભાવના પક્ષમાં તો પોતે બધા શાસ્ત્રોના અર્થરૂપી સુવર્ણ માટે કષપથ્થર સમાન હોવા છતાં પણ પોતે અભિમાનથી ભરપૂર મનવાળો ન થાય, પણ 'પૂર્વના પુરુષસિંહોના વિજ્ઞાનઅતિશયના અનંતસાગરને સાંભળીને હાલના મનુષ્યો શી રીતે પોતાની બુદ્ધિથી મદ કરે ? (૧)' આમ વિચારીને અભિમાન વિનાનો થઈને આ પ્રમાણે વિચારે - બન્ને ગાથાઓની અક્ષરગમનિકા એ જ પ્રમાણે છે પણ અર્થમાં ફરક છે - નિરર્થક એવા બુદ્ધિના અભિમાનમાં રત, મૈથુનથી સારી રીતે અટકેલ એવો હું ધર્મ અને પાપને સાક્ષાત્ જાણતો નથી, કહેવાનો અભિપ્રાય આવો છે - 'જે એકને જાણે છે તે બધાને જાણે છે. જે બધાને જાણે છે તે એકને જાણે છે.' આ શાસ્ત્રવચનથી છદ્મસ્થ એવો હું એક પણ વસ્તુના સ્વરૂપરૂપી ધર્મને વાસ્તવમાં જાણતો નથી. તેથી વસ્તુના સ્વભાવને જણાવનારું સાક્ષાત્ વિજ્ઞાન જો નથી તો બંધ વસ્તુના સ્વરૂપના આ જ્ઞાનથી શું અભિમાન કરવું ? તથા કર્મોને દૂર કરવાના તપ, ઉપધાન વગેરે હેતુઓ વડે દૂર કરવા અશક્ય એવા કર્મોરૂપી ભયંકર શત્રુઓનો પ્રભાવ હોતે છતે મારે અભિમાન કરવાનો ક્યો અવસર છે ? (૪૩)

કોઈકને અજ્ઞાનને લીધે સમ્યક્ત્વમાં પણ શંકા થાય. તેથી હવે સમ્યક્ત્વપરીષહ કહે છે.

શરીર ચાર ભૂતોથી બનેલું છે. તે અહીં જ પડી જાય છે. ભૂત સિવાય આત્મા પ્રત્યક્ષ દેખાતો ન હોવાથી ચૈતન્ય એ ભૂતનો ધર્મ છે. તેથી પરલોક નથી. આમર્શૌષધિ વગેરે ઋદ્ધિ પણ દેખાતી ન હોવાથી તપસ્વીની ઋદ્ધિઓ પણ નથી. ઋદ્ધિઓ - 'સાધુઓ પગની રજથી બધા રોગોને શાંત કરે. ઘાસના અગ્રભાગથી ત્રણ ભુવનને વિસ્મિત કરનાર કામો આપે. ધર્મથી રત્ન મિશ્રિત સોનાના વરસાદ વગેરેને સર્જવાનું સામર્થ્ય મળે છે અને ભયંકર, મોટી હજારો શિલાઓને પાડવાની અદ્‌ભુત શક્તિ મળે છે.' વગેરે છે. અથવા મુંડન - ઉપવાસ વગેરે યાતના સ્વરૂપ ધર્માનુષ્ઠાન વડે હું ભોગોથી વંચિત રહ્યો. કહ્યું છે કે, 'તપો એ વિચિત્ર યાતનાઓ છે, સંયમ એ ભોગોની વંચના છે.' આવું બધું નકામું હોવાથી સાધુ ન વિચારે. (૪૪)'

કર્મો અને ગુણસ્થાનોમાં પરીષહોનો સમવતાર **ઉત્તરાધ્યયનસૂત્રના બીજા અધ્યયનની નિર્યુક્તિ**માં અને **વૃત્તિ**માં આ પ્રમાણે કહ્યો છે -

'તેમાં પ્રકૃતિઓનું ભિન્નપણું કહે છે -

જ્ઞાનાવરણીય, વેદનીય, મોહનીય અને અંતરાય કર્મોમાં બાવીસ પરીષહો થાય છે. (૭૩)

આનાથી પ્રકૃતિનો ભેદ કહ્યો. હવે જેનો જેમાં અવતાર થાય છે તે કહે છે -

પ્રજ્ઞા અને અજ્ઞાન પરીષહો જ્ઞાનાવરણકર્મમાં થાય છે, કેમકે જ્ઞાનાવરણકર્મના ઉદય અને ક્ષયોપશમથી તે થાય છે. અલાભ પરીષહ અંતરાયકર્મમાં થાય છે, કેમકે અંતરકાય-કર્મના ઉદયથી અલાભ થાય છે. (૭૪)

મોહનીય કર્મના બે ભેદ છે. એટલે તેના જે ભેદમાં અને વેદનીયમાં જે પરીષહનો અવતાર થાય તે કહે છે -

અરતિ, અચેલ, સ્ત્રી, નૈષેધિકી, યાચના, આક્રોશ અને સત્કારપુરસ્કાર આ સાત પરીષહો ચારિત્રમોહનીયમાં થાય છે, કેમકે ચારિત્રમોહનીયના ઉદયથી તે થાય છે. (૭૫)

ચારિત્રમોહનીય પણ ઘણા ભેદવાળું હોવાથી તેના જે ભેદના ઉદયથી જે પરીષહ થાય છે તે કહે છે -

તે સાત પરીષહો ક્રમશઃ અરતિમોહનીય, જુગુપ્સામોહનીય, પુરુષવેદ, ભય, માન, ક્રોધ, લોભ ના ઉદયથી થાય છે. (૭૬)

દર્શનમોહનીયમાં નિયમથી એક દર્શન પરીષહ થાય છે. બાકીના અગ્યાર પરીષહો વેદનીયમાં થાય છે. (૭૭)

તે અગ્યાર પરીષહો ક્યા છે તે કહે છે -

ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશ, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ અને મલ - આ અગ્યાર પરીષહો વેદનીયકર્મના ઉદયથી થાય છે. (૭૮)

હવે પુરુષમાં સમવતાર કહે છે -

પહેલા ગુણઠાણાથી બાદર સંપરાય ગુણઠાણા સુધી બધા ય પરીષહો સંભવે છે. સૂક્ષ્મસંપરાય ગુણઠાણે ચૌદ પરીષહો સંભવે છે, કેમકે ચારિત્રમોહનીય સંબંધી સાત પરીષહો અને દર્શનમોહનીય સંબંધી એક પરીષહ ત્યાં સંભવતાં નથી. છદ્મસ્થ વીતરાગ ગુણઠાણે ચૌદ પરીષહો સંભવે છે. કેવળીને અગ્યાર પરીષહો સંભવે છે, કેમકે વેદનીય સંબંધી ક્ષુધા વગેરે પરીષહો જ ત્યાં સંભવે છે. (૭૯)

એક જીવમાં એકસાથે ઉત્કૃષ્ટથી વીસ પરીષહો હોય છે અને જઘન્યથી એક પરીષહ હોય. **પ્રશ્ન** - ઉત્કૃષ્ટથી એક જીવમાં બાવીસે પરીષહો કેમ ન હોય ? **જવાબ** - શીત-ઉષ્ણ પરીષહો એકસાથે ન હોય. ચર્યા-નૈષેધિકી પરીષહો એકસાથે ન હોય. કેમકે આ પરીષહો એક-બીજાનો પરિહાર કરીને પોતાની સ્થિતિ કરનારા છે. તે આ પ્રમાણે - ગરમીમાં ઠંડી ન હોય, ઠંડીમાં ગરમી ન હોય, ચર્યામાં નૈષેધિકી ન હોય, નૈષેધિકીમાં ચર્યા ન હોય. આમ આ પરીષહો એકસાથે સંભવતાં ન હોવાથી ઉત્કૃષ્ટથી પણ એકસાથે બાવીસ પરીષહો સંભવતાં નથી. **પ્રશ્ન** - નૈષેધિકીની જેમ શય્યા પણ ચર્યાની વિરોધી છે ને ? **જવાબ** - નિરોધની બાધા વગેરેને લીધે શય્યામાં આટા મારવા વગેરેનો પણ સંભવ છે. નૈષેધિકી એટલે તો સ્વાધ્યાય વગેરેની ભૂમિ. તે સ્વાધ્યાય વગેરે તો પ્રાયઃ સ્થિતરતામાં કરવાની અનુજ્ઞા છે. માટે નૈષેધિકીનો જ ચર્યાની સાથે વિરોધ છે. (૮૨)'

ગુરુ આ બાવીસ પરીષહોને સારી રીતે સહન કરે છે.

'કષાયને વશ રહેલા આત્મા વડે જે બંધાય છે તે ગ્રંથ, અથવા જે આત્માને કર્મ સાથે બાંધે છે તે ગ્રંથ. ગ્રંથ (ગાંઠ) બે પ્રકારનો છે - અંદરનો અને બહારનો. તેમાં અંદરનો ગ્રંથ મિથ્યાત્વ વગેરે ચૌદ પ્રકારનો છે અને બહારનો ગ્રંથ ધન વગેરે દસ પ્રકારનો કહેવાય છે.' (૭૨૦ મા શ્લોકની વૃત્તિ) - **પ્રવચનસારોદ્ધાર**ની **વૃત્તિ**માં ગ્રન્થના સ્વરૂપ અને ભેદો આ પ્રમાણે બતાવ્યા છે.

અંદરનો ગ્રન્થ ચૌદ પ્રકારનો છે. તે આ પ્રમાણે - ૧ મિથ્યાત્વ, ૨ પુરુષવેદ, ૩

સ્ત્રીવેદ, ૪ નપુંસકવેદ, ૫ હાસ્ય, ૬ રતિ, ૭ અરતિ, ૮ ભય, ૯ શોક, ૧૦ જુગુપ્સા, ૧૧ ક્રોધ, ૧૨ માન, ૧૩ માયા અને ૧૪ લોભ. **પ્રવચનસારોદ્ધાર**માં અને તેની **વૃત્તિ**માં કહ્યું છે.

'ગાથાર્થ - મિથ્યાત્વ, ત્રણ વેદ, હાસ્ય વગેરે છ, અને ક્રોધ વગેરે ચાર - આ ચૌદ અભ્યંતર ગ્રન્થ જાણવા. (૭૨૧)

ટીકાર્થ - હવે ચૌદ પ્રકારના અભ્યંતર ગ્રન્થને બતાવવા માટે કહે છે - મિથ્યાત્વ એટલે તત્ત્વભૂત (વાસ્તવિક) પદાર્થની અશ્રદ્ધા. ત્રણ વેદ એટલે પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ. હાસ્ય વગેરે છ એટલે હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સા જાણવા. હાસ્ય એટલે વિસ્મય વગેરેમાં મુખને વિકસાવવું. રતિ એટલે અસંયમમાં પ્રીતિ. અરતિ એટલે સંયમમાં અપ્રીતિ. કહ્યું છે કે, 'અરતિ સંયમમાં થાય છે અને રતિ સંયમમાં થાય છે.' ભય એટલે આલોકભય વગેરે સાત પ્રકારના ભયો. શોક એટલે ઇષ્ટના વિયોગથી થતું માનસિક દુઃખ. જુગુપ્સા એટલે અસ્નાન વગેરેથી મલિન શરીરવાળા મુનિની હીલના કરવી. કહ્યું છે કે, 'અસ્નાન વગેરે વડે સાધુની જુગુપ્સા કરે તે જુગુપ્સા.' ક્રોધ વગેરે ચાર એટલે ક્રોધ, માન, માયા અને લોભ. આ ચૌદ અંદરના ગ્રન્થો છે (૭૨૧)'

ગુરુ આ ચૌદ અંદરના ગ્રન્થોને ત્યજે છે.

આમ છત્રીસ ગુણોના સમૂહથી યુક્ત ગુરુ જગતનો દોષના કાદવમાંથી ઉદ્ધાર કરો. (૨૭)

આમ છવ્વીસમી છત્રીસી સમાપ્ત થઈ.

●●●

\+ **जे धम्मिया ते खलु सेवियव्वा, जे पंडिया ते खलु पुच्छियव्वा ।**
जे साहुणो ते अभिवंदियव्वा, जे निम्ममा ते पडिलाभियव्वा ॥

જે ધાર્મિકો હોય તેમની સેવા કરવી. જે પંડિતો હોય તેમને પૂછવું. જે સાધુઓ હોય તેમનું અભિવાદન કરવું (નમસ્કાર કરવો). જે નિર્મમ હોય તેમને વહોરાવવું.

\+ **दाणं दरिद्दस्स पहुस्स खंति, इच्छनिरोहो य सुहोइयस्स ।**
तारुन्नए इंदियनिग्गहो य, चत्तारि एआणि सुदुक्कराणि ॥

દરિદ્રનું દાન, સમર્થની ક્ષમા, સુખીનો ઇચ્છાનિરોધ અને યુવાનીમાં ઇન્દ્રિયોનો નિગ્રહ-આ ચાર બાબત ખૂબ દુષ્કર છે.

सप्तविंशतितमी षट्त्रिंशिका

अथ सप्तविंशतितमीं षट्त्रिंशिकामाह -

मूलम् - पणवेइयाविसुद्धं, छद्दोसविमुक्कं पंचविसविहं ।
पडिलेहणं कुणंतो, छत्तीसगुणो गुरू जयउ ॥२८॥

छाया - पञ्चवेदिकाविशुद्धं, षड्दोषविमुक्तं पञ्चविंशतिविधं ।
प्रतिलेखनं कुर्वन्, षट्त्रिंशद्गुणो गुरुर्जयतु ॥२८॥

प्रेमीया वृत्तिः - पञ्चवेदिकाविशुद्धं - पञ्चविधैर्वेदिकादोषैर्विशुद्धं, तथा **षड्दोषविमुक्तं** - षड्भिर्दोषैर्विमुक्तं, तथा **पञ्चविंशतिविधं** - पञ्चविंशतिप्रकारं, **प्रतिलेखनं** - प्रत्युपेक्षणं, **कुर्वन्** - समाचरन्, इति **षट्त्रिंशद्गुणो गुरुर्जयत्वि**ति सङ्क्षेपार्थः ।

विस्तरार्थस्त्वयम् - प्रतिलेखनं कुर्वता वेदिकादोषा वर्जनीयाः । ते पञ्चविधाः । तद्यथा - १ ऊर्द्ध्ववेदिका, २ अधोवेदिका, ३ तिर्यग्वेदिका, ४ उभयवेदिका ५ एकवेदिका च । यदुक्त**मुत्तराध्ययनसूत्रदीपिकायाम्** -

'वेदिकायाः पञ्चभेदाः - १ ऊर्द्ध्ववेदिका, २ अधोवेदिका, ३ तिर्यग्वेदिका, ४ उभय-वेदिका ५ एकवेदिका च । १ तत्रोर्द्ध्ववेदिका सा यस्यां उभयोर्जान्वोरुपरि हस्तयो रक्षणम् । २ अधोवेदिका सा यस्यां जान्वोरधः प्रचुरं हस्तयो रक्षणम् । ३ तिर्यग्वेदिका सा यस्यां तिर्यग् हस्तौ कृत्वा प्रतिलेखनम् । ४ उभयवेदिका सा यस्यां उभाभ्यां जानुभ्यां बाह्ये उभयोर्हस्तयो रक्षणम् । ५ एकवेदिका सा यस्यां एकं जानु हस्तमध्ये अपरं जानुबाह्ये रक्ष्यते । (२६/२६)'

गुरुरेतैः पञ्चभिर्वेदिकादोषैर्विशुद्धं प्रतिलेखनं करोति ।

प्रतिलेखनं कुर्वताऽऽरभटादिषड्दोषा अपि वर्जनीयाः । ते चैवं ज्ञेयाः - १

आरभट्यदोषः, २ सम्मर्द्यदोषः, ३ मोसलीदोषः, ४ प्रस्फोटनादोष ५ विक्षिप्तादोषः, ६ वेदिकादोषश्च । यदाह **ओघनिर्युक्तौ तद्वृत्तौ** च -

'आरभडा संमद्दा वज्जेयव्वा य मोसली तईया ।
पप्फोडणा चउत्थी विक्खित्ता वेइया छट्ठी ॥२६७॥

(**छाया**- आरभट्य सम्मर्द्या वर्जयितव्या च मोसली तृतीया ।
प्रस्फोटना चतुर्थी विक्षिप्ता वेदिका षष्ठी ॥२६७॥)

वृत्तिः - '**आरभड**'त्ति **आरभटा** प्रत्युपेक्षणा न कार्या, '**संमद्द**'त्ति **संमर्दा** न कार्या, **वर्जनीया च मोसली तृतीया, प्रस्फोटना चतुर्थी, विक्षिप्ता** पञ्चमी, **वेदिका षष्ठी** विवर्जनीयेति द्वारगाथेयम् ॥२६७॥

इदानीं प्रतिपदं भाष्यकारो व्याख्यानयति, तत्राद्यावयवव्याचिख्यासयाऽऽह -

वितहकरणं च तुरिअं अण्णं अण्णं च गिण्हणाऽऽरभडा ।
अंतो व होज्ज कोणा निसियण तत्थेव संमद्दा ॥१६२॥

(**छाया**- वितथकरणं च त्वरितं अन्यत् अन्यत् च ग्रहणं आरभट्या ।
अन्तः वा भवन्ति कोणा निषीदनं तत्रैव सम्मर्द्या ॥१६२॥)

वृत्तिः - वितथं-विपरीतं यत्करणं तदारभट्याशब्देनोच्यते, सा चारभट्या प्रत्युपेक्षणा न कार्या, विपरीता प्रत्युपेक्षणा न कर्त्तव्येत्यर्थः, वा-विकल्पे, इयं वाऽऽरभटोच्यते यदुत त्वरितमाकुलं यदन्यान्यवस्तुग्रहणं तदारभटाशब्देनोच्यते, सा च प्रत्युपेक्षणा न कर्त्तव्या, त्वरितमन्यान्यवस्त्रग्रहणं न कर्त्तव्यमित्यर्थः । '**आरभडे**'त्ति भणिअं, इदानीं संमर्दा व्याख्यायते, तत्राह - '**अंतो व होज्ज कोणा निसियण तत्थेव संमद्दा**' **अन्तः**-मध्यप्रदेशे वस्त्रस्य संवलिताः कोणा यत्र **भवन्ति** सा सम्मर्दोच्यते, सा प्रत्युपेक्षणा या तादृशी क्रिया न कार्या, '**निसीयण तत्थेव**'त्ति **तत्रैव**-उपधिकायां उपविश्य यत्प्रत्युपेक्षणं करोति सा वा सम्मर्दोच्यते, सा च न कर्त्तव्या । '**संमद्दे**'त्ति भणिअं ॥१६२॥

इदानीं मोसलीवर्जनं प्रतिपादनायाह -

मोसलि पुव्वुद्दिट्ठा पप्फोडण रेणुगुंडिए चेव ।
विक्खेवं तुक्खेवो वेइयपणगं च छद्दोसा ॥१६३॥

(**छाया**- मोसली पूर्वोद्दिष्टा प्रस्फोटनं रेणुगुण्डितस्येव ।
विक्षेपां तूत्क्षेपः वेदिकापञ्चकं च षड् दोषाः ॥१६३॥)

वृत्तिः - **मोसली पूर्वोद्दिष्टा**-पूर्वमेव भणितेत्यर्थः, [‘**अमोसलि**’ति न मोसली क्रिया यस्मिन् प्रत्युपेक्षणे तदमोसलि प्रत्युपेक्षणं, यथा मुशलं झटिति ऊर्ध्वं लगति अधस्तिर्यक् च, न एवं प्रत्युपेक्षणा कर्त्तव्या, किन्तु यथा प्रत्युपेक्षमाणस्य ऊर्ध्वं पीढिषु न लगति न च तिर्यक्कुड्ये न च भूमौ तथा कर्त्तव्यम् । - (२६६ तमनिर्युक्तिगाथावृत्तिः)] ‘**मोसलि**’त्ति गयं, इदानीं ‘**पप्फोडण**’त्ति व्याख्यायते तत्राह- ‘**पप्फोडण रेणुगुंडिए चेव**’ प्रकर्षेण धूननं-स्फोटनं **तद्रेणुगुण्डितस्येव** वस्त्रस्य करोति, यथाऽन्यः कश्चिद्गृहस्थः रेणुना गुण्डितं सद्वस्त्रं प्रस्फोटयति एवमसावपि, इयं च न कर्त्तव्या । ‘**पप्फोडण**’त्ति गयं, ‘**विक्खित्त**’त्ति भण्यते, तत्राह - ‘**विक्खेवं तुक्खेवो**’ **विक्षेपां तु** तां विद्धि यत्र वस्त्रस्यान्यत्र **क्षेपणं**, एतदुक्तं भवति प्रतिलेखयित्वा वस्त्रमन्यत्र जवनिकादौ क्षिपति, अथवा विक्षेपो-वस्त्राञ्चलानामूर्ध्वं यत्क्षेपणं स उच्यते, स च प्रत्युपेक्षणायां न कर्त्तव्यः । ‘**विक्खित्त**’त्ति गयं, ‘**वेदिय**’त्ति व्याख्यायते, तत्राह - ‘**वेदिअपणगं**’ च वेदिका पञ्चप्रकारा,

तंजहा - **उड्ढवेइया अहोवेइया तिरिअवेइया दुहओवेइया एगओवेइआ, तत्थ उड्ढवेइआ उवरि जण्णुयाणं हत्थे काऊण पडिलेहइ, अहोवेइया अहोजण्णुयाणं हत्थे काऊण पडिलेहेइ, तिरियवेइया संडासगाणं मज्झे हत्थे णेऊण पडिलेहेति, दुहतोवेदिया बाहाणं अंतरे दोवि जण्णुगा काऊण पडिलेहेति, एगतोवेदिया एगं जण्णुअं बाहाणं अंतरे काऊण पडिलेहेति ।**

(**छाया**- तद्यथा - ऊर्ध्ववेदिका अधोवेदिका तिर्यग्वेदिका उभयतोवेदिका एकतो-वेदिका । तत्र ऊर्ध्ववेदिका उपरि जानुकानां हस्तौ कृत्वा प्रतिलिखति । अधोवेदिका अधो जानुकानां हस्तौ कृत्वा प्रतिलिखति । तिर्यग्वेदिका सन्दन्शकानां मध्ये हस्तौ नीत्वा प्रतिलिखति । उभयतोवेदिका बाहयोरन्तरे द्वावपि जानुकौ कृत्वा प्रतिलिखति । एकतोवेदिका एकं जानुकं बाहयोरन्तरे कृत्वा प्रतिलिखति ।)

इदं **वेदिकापञ्चकं** प्रत्युपेक्षणां कुर्वता न कर्त्तव्यम् । ‘**छद्दोसा**’ इति एत आरभटादयः **षड् दोषाः** प्रत्युपेक्षणां कुर्वता न कर्त्तव्या इति ॥१६३॥’

इह वेदिकादोषः षड्दोषान्तर्गतोऽपि पृथगुक्तस्तत् तस्य पञ्चविधत्वज्ञापनार्थं तदपि

च गुरुगुणषट्त्रिंशत्सङ्ख्यापूरणार्थम् ।

गुरुगुणषट्त्रिंशत्षट्त्रिंशिकाकुलकस्वोपज्ञटीकायां तु पञ्चवेदिकादोषा आरभटादिषड्दोषाश्चेत्थं प्रतिपादिताः -

'पञ्चविधवेदिकादोषाः प्रसारितपादादयः । यदाह -

'पसरियपय १ जाणुबहिं २, अंतोलग्गंति ३ दुगेगभुअबाहिं ५ ।
इअ वेइयपणगेणं, सुद्धं पडिलेहणं कुज्जा ॥१॥'

(**छाया**- प्रसारितपादः १ जानुबहिः २, अन्तर्लग्नमिति ३ द्विकएकभुजबहिः ५ ।
इति वेदिकापञ्चकेन, शुद्धं प्रतिलेखनं कुर्यात् ॥१॥)

षड्दोषा आरभटादयः । यदाह -

'आरभडा १ संमद्दा २, मोसलि ३ पप्फोडणा ४ य वक्खित्ता ५ ।
नच्चाविय ६ त्ति पडिले-हणाए वज्जिज्ज छद्दोसे ॥१॥

वितहकरणेण तुरियं, अन्नन्नगिण्हे व आरभडा ।
अंतो व हुज्ज कोणा, निसियण तत्थेव संमद्दा ॥२॥

अहउड्ढतिरियभूमा-लभित्तिसंघट्टणा भवे मुसली ।
पप्फोडण वत्थस्स य, गाढं रयगुंडियस्सेव ॥३॥

वक्खित्ता सुत्ताइसु, विमग्गणेणं च जा कया होइ ।
वत्थे अप्पाणम्मि उ, चउहा नच्चाविआ होइ ॥४॥' ॥२८॥'

(**छाया**- आरभटा १ सम्मर्द्दा २ मोसली ३ प्रस्फोटना ४ च व्याक्षिप्ता ५ ।
नर्तापिता ६ इति प्रतिलेखनायां वर्जयेत् षड् दोषान् ॥१॥

वितथकरणेन त्वरितं, अन्यान्यग्रहणे वा आरभटा ।
अन्तो वा भवेयुः कोणा, निषीदनं तत्रैव सम्मर्द्दा ॥२॥

अधऊर्ध्वतिर्यग्भू-मालभित्तिसङ्घट्टना भवेत् मुसली ।
प्रस्फोटनं वस्त्रस्य च, गाढं रजोगुण्डितस्येव ॥३॥

व्याक्षिप्ता सूत्रादिषु, विमार्गणेन च या कृता भवति ।
वत्थे अप्पाणम्मि तु, चतुर्धा नर्तापिता भवति ॥४॥)

अत्राऽऽरभटादिषड्दोषमध्ये षष्ठः वेदिकादोषो नोक्तः किन्तु तत्स्थाने नर्त्तितदोष उक्तः । तत्प्रतिपक्षभूतस्याऽनर्त्तितविधेर्भावार्थ एवं प्रतिपादित **उत्तराध्ययनसूत्रवृत्तौ** - **'अनर्त्तितं, वस्त्रं वपुर्वा यथा नर्त्तितं न भवति । (२६/२५)'**

गुरुरेतदारभटादिषड्दोषविमुक्तं प्रतिलेखनं करोति ।

प्रतिलेखनं - वस्त्रादिषु प्राण्यादीनां प्रत्युपेक्षणम् । तत् पञ्चविंशतिविधम् । तद्यथा - १ एका दृष्टिप्रतिलेखना, २-७ षट् पुरिमाः, ८-१६ आस्फोटका नव, १७-२५ प्रस्फोटाश्च नव । यदुक्तं **प्रवचनसारोद्धारे तद्वृत्तौ** च -

'दिट्ठिपडिलेहणेगा नव अक्खोडा नवेव पक्खोडा ।
पुरिमिल्ला छच्च भवे मुहपुत्ती होइ पणवीसा ॥९६॥'

वृत्तिः - 'उत्कटिकासनः सन् मुखवस्त्रिकां प्रसार्य तदर्वाग्भागं चक्षुषा निरीक्षेत इदमेकमालोकनं, ततस्तां परावर्त्य निरूप्य च त्रयः पुरिमाः-प्रस्फोटनरूपाः कर्त्तव्याः, तदनु तां परावर्त्त्य निरीक्ष्य च पुनरपरे त्रयः पुरिमाः, एवमेते षट्, ततो दक्षिणकराङ्गुल्यन्तरे वधूटिकद्वयं त्रयं वा कृत्वा द्वयोर्जङ्घयोर्मध्ये प्रसारितवामकरतलोपरि त्रयस्त्रयः करप्रमार्जना-रूपप्रस्फोटकानां त्रयेण त्रयेणान्तरिता आस्फोटकाः कर्त्तव्याः, अत्र आस्फोट्य अखोडा इति प्रसिद्धा नव, प्रमार्जनारूपाश्च प्रस्फोटाः-पखोडा इति प्रसिद्धा नव, एवमेते मिलिता मुखानन्तकपञ्चविंशतिः ॥९६॥'

ओघनिर्युक्तिवृत्तावप्युक्तम् -

'वस्त्रं चक्षुषा निरूप्य-अर्वाग्भागं निरूप्य त्रयः पुरिमाः कर्त्तव्याः, तथा परावर्त्य-अपरभागं निरूप्य पुनरपरेऽपि त्रयः पुरिमाः कर्त्तव्याः, एवं एते षट् पुरिमाः, षड्वाराः प्रस्फोटनानीत्यर्थः, **'नव खोड'** त्ति नव वाराः खोटकाः कर्त्तव्याः पाणेरुपरि **'पाणी पाणिपमज्जणं'** त्ति प्राणिनां-कुन्थ्वादीनां पाणौ-हस्ते प्रमार्जनं नवैव वाराः कर्त्तव्याः ।'

गुरुरेतत्पञ्चविंशतिविधं प्रतिलेखनं सम्यक् करोति ।

इत्थं षट्त्रिंशद्गुणगणविभूषितो गुरुः प्रतिवादीन्जयतु ॥२८॥

इति सप्तविंशतितमी षट्त्रिंशिका समाप्तिमगमत् ।

સત્યાવીસમી છત્રીસી

હવે સત્યાવીસમી છત્રીસી કહે છે -

શબ્દાર્થ - પાંચ વેદિકાઓથી વિશુદ્ધ, છ દોષોથી રહિત, પચીસ પ્રકારનું પડિલેહણ કરનારા - આમ છત્રીસ ગુણોવાળા ગુરુ જય પામો. (૨૭)

પ્રેમીયા વૃત્તિનો ભાવાનુવાદ - પડિલેહણ કરનારે વેદિકાદોષો વર્જવા. તે પાંચ પ્રકારના છે. તે આ પ્રમાણે - ૧ ઊર્ધ્વવેદિકા, ૨ અધોવેદિકા, ૩ તિર્યગ્વેદિકા, ૪ ઉભયવેદિકા અને ૫ એકવેદિકા. **ઉત્તરાધ્યયનસૂત્ર**ની **દીપિકા**માં કહ્યું છે -

'વેદિકાના પાંચ ભેદો છે - ૧ ઊર્ધ્વવેદિકા, ૨ અધોવેદિકા, ૩ તિર્યગ્વેદિકા, ૪ ઉભયવેદિકા અને ૫ એકવેદિકા. ૧ ઊર્ધ્વવેદિકા તે છે જેમાં બન્ને ઢીંચણોની ઉપર બે હાથ રાખવા. ૨ અધોવેદિકા તે છે જેમાં બન્ને ઢીંચણોની નીચે બે હાથ રાખવા. ૩ તિર્યગ્વેદિકા તે છે જેમાં તીરછા હાથ રાખીને પડિલેહણ કરવું. ૪ ઉભયવેદિકા તે છે જેમાં બન્ને ઢીંચણોની બહાર બન્ને હાથોને રાખવા. ૫ એકવેદિકા તે છે જેમાં એક ઢીંચણ બે હાથની વચ્ચે રખાય અને બીજો ઢીંચણ બહાર રખાય. (૨૬/૨૬)'

ગુરુ આ પાંચ વેદિકાદોષોથી વિશુદ્ધ એવું પડિલેહણ કરે છે.

પડિલેહણ કરનારાએ આરભટા વગેરે છ દોષો પણ વર્જવા. તે આ પ્રમાણે જાણવા - ૧ આરભટાદોષ, ૨ સમ્માર્દાદોષ, ૩ મોસલીદોષ, ૪ પ્રસ્ફોટનાદોષ, ૫ વિક્ષિપ્તાદોષ અને ૬ વેદિકાદોષ. **ઓઘનિર્યુક્તિ**માં અને તેની **વૃત્તિ**માં કહ્યું છે -

'આરભટા પ્રત્યુપેક્ષણ (પડિલેહણ) ન કરવું, સંમર્દા પ્રત્યુપેક્ષણ (પડિલેહણ) ન કરવું, ત્રીજી મોસલી વર્જવી, ચોથી પ્રસ્ફોટના, પાંચમી વિક્ષિપ્તા, છઠ્ઠી વેદિકા વર્જવી. (૨૬૭) આ દ્વારગાથા છે.

હવે ભાષ્યકાર દરેક પદની વ્યાખ્યા કરે છે. તેમાં પહેલા અવયવની વ્યાખ્યા કરવાની ઇચ્છાથી કહે છે -

આરભટા એટલે વિપરીત કરવું. તે આરભટા પડિલેહણ ન કરવું, એટલે કે વિપરીત પડિલેહણ ન કરવું. અથવા આરભટા એટલે જલ્દીથી આકુળ થઈને અન્ય અન્ય વસ્તુઓ લેવી તે. તેવું પડિલેહણ ન કરવું, એટલે કે જલ્દીથી અન્ય અન્ય વસ્ત્રો ન લેવા. આરભટાની વ્યાખ્યા કરી. હવે સંમર્દાની વ્યાખ્યા કરે છે - જે પડિલેહણની ક્રિયામાં વસ્ત્રના છેડા વચ્ચમાં વળી ગયા હોય તે સંમર્દા પડિલેહણ છે. તેવું પડિલેહણ ન કરવું. અથવા ઉપધિ ઉપર બેસીને જે પડિલેહણ કરવું તે સંમર્દા પડિલેહણ. તે ન કરવું. 'સંમર્દા'ની વ્યાખ્યા કરી. (૧૬૨)

હવે મોસલીનું વર્જન બતાવતા કહે છે -

મોસલી પૂર્વે જ કહી છે. (જે પડિલેહણ ક્રિયામાં મોસલી ક્રિયા ન હોય તે અમોસલી પડિલેહણ. જેમ સાંબેલુ જલ્દીથી ઉપર લાગે છે, નીચે લાગે છે અને તીરછું (બાજુમાં) લાગે છે તેમ પહિલેહણ ન કરવું, પણ જેમ પડિલેહણ કરતા વસ્ત્ર ઉપર માળને ન લાગે, બાજુમાં દિવાલને ન લાગે અને ભૂમિને ન લાગે તેમ કરવું. (૨૬૬ મી નિર્યુક્તિગાથાની વૃત્તિ)) મોસલીની વ્યાખ્યા થઈ. હવે પ્રસ્ફોટનાની વ્યાખ્યા કરે છે. પ્રસ્ફોટના એટલે ધૂળથી રગદોડાયેલા વસ્ત્રની જેમ વસ્ત્રને ઝાટકવું. જેમ બીજો કોઈ ગૃહસ્થ ધૂળવાળા વસ્ત્રને ઝાટકે તેમ આ પણ ઝાટકે. પ્રસ્ફોટના ન કરવી. પ્રસ્ફોટનાની વ્યાખ્યા કરી. વિક્ષિપ્તાની વ્યાખ્યા કરાય છે. વિક્ષિપ્તા એટલે જેમાં વસ્ત્રને બીજે નાખવું. કહેવાનો ભાવ આવો છે - વસ્ત્રનું પડિલેહણ કરીને તેને પડદા વગેરે ઉપર નાંખે. અથવા વિક્ષિપ્તા એટલે જેમાં વસ્ત્રના છેડા ઊંચા નંખાય તે. તેવું પડિલેહણ ન કરવું. વિક્ષિપ્તાની વ્યાખ્યા કરી. વેદિકાની વ્યાખ્યા કરે છે - વેદિકા પાંચ પ્રકારની છે. તે આ પ્રમાણે - ઊર્ધ્વવેદિકા, અધોવેદિકા, તીરછી વેદિકા, બન્ને બાજુ વેદિકા, એક બાજુ વેદિકા. તેમાં ઊર્ધ્વવેદિકા એટલે બે ઘુંટણની ઉપર હાથ રાખીને પડિલેહણ કરે, અધોવેદિકા એટલે બે ઘુંટણની નીચે હાથ રાખીને પડિલેહણ કરે, તીરછી વેદિકા એટલે સંડાસા (વાળેલા બે પગ)ની વચ્ચે હાથ લઈ જઈને પડિલેહણ કરે, બન્ને બાજુ વેદિકા એટલે બે હાથની અંદર બન્ને ઘુંટણ રાખીને પડિલેહણ કરે, એક બાજુ વેદિકા એટલે બે હાથની અંદર એક ઘુંટણને રાખીને પડિલેહણ કરે. પડિલેહણ કરતાં આ પાંચ વેદિકાઓ ન કરવી. પડિલેહણ કરતાં આ આરભટા વગેરે છ દોષો ન કરવા. (૧૬૩)'

અહીં વેદિકાદોષનો છ દોષોની અંદર સમાવેશ થઈ જતો હોવા છતા પણ તે જુદો કહ્યો છે તે તેના પાંચ પ્રકાર બતાવવા માટે અને તે પણ ગુરુગુણોની છત્રીસની સંખ્યાને પૂરવા માટે.

ગુરુગુણષટ્ત્રિંત્રશત્ષટ્ત્રિંત્રશિકાની **સ્વોપજ્ઞટીકા**માં તો પાંચ વેદિકા દોષો અને આરભટા

વગેરે છ દોષો આ રીતે બતાવ્યા છે -

'પાંચ પ્રકારના વેદિકાદોષો પગ પસારવા વગેરે છે. કહ્યું છે કે, '(૧) પગ પસારવા, (૨) ઢીંચણની ઉપર બે હાથ રાખવા, (૩) ઢીંચણની નીચે પગની અંદર હાથ રાખવા, (૪) બે હાથ બે ઢીંચણની બહાર રાખવા અને (૫) એક હાથ બે ઢીંચણની બહાર રાખવો - આ પાંચ વેદિકાઓથી શુદ્ધ પડિલેહણ કરવું (૧)'

છ દોષો આરભટા વગેરે છે. કહ્યું છે કે, 'આરભટા, સંમર્દા, મોસલી, પ્રસ્ફોટના, વ્યાક્ષિપ્તા અને નર્તાપિતા - આ છ દોષો પડિલેહણમાં વર્જવા. (૧) વિપરીત રીતે પડિલેહણ કરવાથી કે જલ્દી જલ્દી અન્ય અન્ય વસ્ત્ર લેવામાં આરભટા દોષ છે. વસ્ત્રના ખૂણા અંદર હોય અને ત્યાં ઉપધિ ઉપર જ બેસીને પડિલેહણ કરવું તે સંમર્દા દોષ છે (૨) નીચે ભૂમિને, ઉપર માળીયાને અને તીરછુ દિવાલને વસ્ત્ર અડે તે મોસલી દોષ. ધૂળથી રગદોડાયેલા વસ્ત્રની જેમ વસ્ત્રને જોરથી ઝાટકવું તે પ્રસ્ફોટના દોષ છે. (૩) સૂત્ર વગેરેમાં વિચારવા વડે - શોધવા વડે જે પડિલેહણા કરી હોય તેમાં વ્યાક્ષિપ્ત દોષ છે. વસ્ત્ર અને પોતાને નચાવવાથી ચાર રીતે નર્તાપિતા દોષ થાય છે. (૪)'

અહીં આરભટા વગેરે છ દોષોમાં છઠ્ઠો વેદિકાદોષ કહ્યો નથી પણ તેના સ્થાને નર્તિતદોષ કહ્યો છે. તેના પ્રતિપક્ષરૂપ અનર્ત્તિતવિધિનો ભાવાર્થ **ઉત્તરાધ્યયનસૂત્ર**ની **ટીકા**માં આ રીતે બતાવ્યો છે - 'અનર્તિત એટલે વસ્ત્ર કે શરીર જે રીતે નચાવવાનું ન થાય તે. (૨૬/૨૫)'

ગુરુ આ આરભટા વગેરે છ દોષોથી રહિત પડિલેહણ કરે છે.

પડિલેહણ એટલે વસ્ત્ર વગેરેમાં જીવો વગેરેને જોવા. તે પચીસ પ્રકારનું છે. તે આ પ્રમાણે - ૧ એક દૃષ્ટિપડિલેહણ, ૨-૭ છ પુરિમ, ૮-૧૬ નવ અક્ખોડા અને ૧૭-૨૫ નવ પક્ખોડા. **પ્રવચનસારોદ્ધાર**માં અને તેની **વૃત્તિ**માં કહ્યું છે -

'ગાથાર્થ - એક દૃષ્ટિપડિલેહણ, નવ અક્ખોડા, નવ પક્ખોડા, છ પુરિમ - આમ મુહપત્તિપડિલેહણ પચીસ પ્રકારનું છે. (૯૬)

ટીકાર્થ - ઉભડકપગે બેસીને મુહપત્તિને પસારીને તેનો આગળનો ભાગ આંખથી જુવે. આ એક આલોકન થયું. પછી મુહપત્તિને ફેરવીને અને જોઈને ત્રણ પુરિમ એટલે કે પ્રસ્ફોટન (ખંખેરવું) કરવા. ત્યારપછી મુહપત્તિને ફેરવીને અને જોઈને ફરી બીજા ત્રણ પુરિમ કરવા. આમ આ છ પુરિમ થયા. પછી જમણા હાથની આંગળીઓના આંતરાઓમાં મુહપત્તિના બે

કે ત્રણ વધૂટક (પાટલી) કરીને બે જંઘાની વચ્ચે પસારેલ ડાબા હાથની હથેળી ઉપર ૩-૩ આસ્ફોટક અને તેમના આંતરામાં હાથ પ્રમાર્જવા રૂપ ૩-૩ પ્રસ્ફોટક કરવા. અહીં આસ્ફોટક એ 'અખોડા' શબ્દથી પ્રસિદ્ધ છે. તે નવ છે. પ્રમાર્જનારૂપ પ્રસ્ફોટક એ 'પખોડા' શબ્દથી પ્રસિદ્ધ છે. તે નવ છે. આમ આ બધા મળીને મુહપત્તિ પડિલેહણના ૨૫ પ્રકાર થયા. (૯૬)'

ઓઘનિર્યુક્તિમાં પણ કહ્યું છે -

'વસ્ત્રના આગળના ભાગને આંખથી જોઈને ત્રણ પુરિમ કરવા. પછી બીજી બાજુ જોઈને ફરી બીજા ત્રણ પુરિમ કરવા. આમ આ છ પુરિમ થયા, એટલે કે છ વાર પ્રસ્ફોટન (ખંખેરવું) થયા. પછી હાથ ઉપર કુંથવા વગેરે જીવોને નવ વાર ખંખેરવા રૂપ ખોટક કરવા અને હાથ ઉપર નવ વાર પ્રમાર્જના કરવી.'

ગુરુ આ પચીસ પ્રકારનું પડિલેહણ બરાબર કરે છે.

આમ છત્રીસ ગુણોના સમૂહથી વિભૂષિત ગુરુ પ્રતિવાદીઓને જીતો. (૨૮)

આમ સત્યાવીસમી છત્રીસી સમાપ્ત થઈ.

●●●

\+ **दारुणाओ सलागाओ, कन्नेसु वीरसामिणो ।**
पक्खिवंतो कहं गोवो, न हुंतं जइ कम्मयं ? ॥

જો કર્મ ન હોત તો વીરપ્રભુના કાનમાં ગોવાળ ભયંકર સળીયાઓ શી રીતે નાંખત ?

\+ **वीसं वीरस्स उवसग्गा जिणिंदस्सा वि दारुणा ।**
संगमाओ कहं हुंता, न हुंतं जइ कम्मयं ? ॥

જો કર્મ ન હોત તો વીર જિનેશ્વરને સંગમ થકી વીસ ભયંકર ઉપસર્ગો શી રીતે થાત ?

\+ **वीरस्स अट्ठियग्गामे, जक्खाओ सूलपाणिणो ।**
वेअणाओ कहं हुंता, न हुंतं जइ कम्मयं ? ॥

જો કર્મ ન હોત તો અસ્થિકગ્રામમાં વીરપ્રભુને શૂલપાણિ યક્ષ તરફથી વેદનાઓ શી રીતે થાત ?

अष्टाविंशतितमी षट्त्रिंशिका

साम्प्रतमष्टाविंशतितमीं षट्त्रिंशिकामाह -

मूलम् - सत्तावीसविहेहिं, अणगारगुणेहिं भूसियसरीरो ।
नवकोडिसुद्धगाही, छत्तीसगुणो गुरू जयउ ॥२९॥

छाया - सप्तविंशतिविधैः, अनगारगुणैः भूषितशरीरः ।
नवकोटिशुद्धग्राही, षट्त्रिंशद्गुणो गुरुर्जयतु ॥२९॥

प्रेमीया वृत्तिः - सप्तविंशतिविधैः - सप्तविंशतिप्रकारैः, **अनगारगुणैः** - साधुगुणैः, **भूषितशरीरः** - मण्डितदेहः, तथा **नवकोटिशुद्धग्राही** - नवभिः कोटिभिः शुद्धमाहारादि ग्रहीतुं शीलमस्येति, इति **षट्त्रिंशद्गुणो गुरुर्जयत्विति** समासार्थः ।

व्यासार्थस्त्वयम् - न विद्यते अगारं यस्य सोऽनगारः - मुनिः, तस्य गुणा इति अनगारगुणाः । ते सप्तविंशतिविधाः । तद्यथा - १-६ व्रतषट्कं, ७-११ पञ्चेन्द्रिय-निग्रहः, १२ भावसत्यं, १३ करणसत्यं, १४ क्षमा, १५ विरागता, १६-१८ अकुशल-मनोवाक्कायनिरोधः, १९-२४ षट्कायरक्षा, २५ संयमयोगयुक्तता, २६ वेदनाभि-सहनता, २७ मरणान्तोपसर्गसहनञ्च । यदवाचि **आवश्यकसूत्रवृत्तौ** -

'सप्तविंशतिप्रकारेऽनगारचारित्रे सति-साधुचारित्रे सति तद्विषयो वा प्रतिषिद्धादिना प्रकारेण योऽतिचारः कृत इति प्राग्वत्, सप्तविंशतिभेदान् प्रतिपादयन्नाह सङ्ग्रहणिकारः -

वयछक्ककमिंदियाणं च निग्गहो भावकरणसच्चं च ।
खमया विरागयावि य मणमाईणं निरोहो य ॥१॥

कायाण छक्क जोगाण जुत्तया वेयणाऽहियासणया ।
तह मारणंतियऽहियासणा य एएऽणगारगुणा ॥२॥

(**छाया**- व्रतषट्कमिन्द्रियाणां च निग्रहो भावकरणसत्यं च ।
क्षमा विरागतापि च मनआदिनां निरोधश्च ॥१॥

कायानां षट्कं योगानां युक्तता वेदनाऽभिसहनता ।
तथा मारणान्तिकाऽभिसहना च एतेऽनगारगुणाः ॥२॥)

वृत्तिः - गाथाद्वयम्, अस्य व्याख्या - **व्रतषट्कं**-प्राणातिपातादिविरतिलक्षणं रात्रिभोजनविरतिपर्यवसानम्, **इन्द्रियाणां** च श्रोत्रादीनां **निग्रहः**-इष्टेतरेषु शब्दादिषु राग-द्वेषाकरणमित्यर्थः, भावसत्यं-भावलिङ्गम् अन्तःशुद्धिः, करणसत्यं च बाह्यं प्रत्यु-पेक्षणादिकरणसत्यं भण्यते, **क्षमा** क्रोधनिग्रहः, **विरागता** लोभनिग्रहः, मनोवाक्कायानाम-कुशलानामकरणं कुशलानामनिरोधश्च, **कायानां**-पृथिव्यादीनां **षट्कं** सम्यगनुपालन-विषयतयाऽनगारगुणा इति, संयमयोगयुक्तता, वेदना-शीतादिलक्षणा तदभिसहना वा, तथा **मारणान्तिकाऽभिसहना च**-कल्याणमित्रबुद्ध्या मारणान्तिकोपसर्गसहनमित्यर्थः **एतेऽन-गारगुणा** इति गाथाद्वयार्थः ॥१॥ ॥२॥'

गुरोः शरीरमेतैः सप्तविंशतिगुणैरलङ्कृतमस्ति । गुरुणा बाह्यान्यलङ्काराणि त्यक्तानि । स नित्यमेतानि सप्तविंशतिविधान्याभ्यन्तरालङ्काराणि धारयति ।

कोटिः-पिण्डपानग्रहणप्रकारः । सा नवविधा । तद्यथा - १ न हन्ति, २ न घातयति, ३ घ्नन्तं न समनुजानाति, ४ न पचति, ५ न पाचयति, ६ पचन्तं न समनुजानाति, ७ न क्रीणाति, ८ न क्रापयति, ९ क्रीणन्तञ्च न समनुजानाति । उक्तञ्च **गाथासहस्र्याम्** -

'न हणइ न हणावेइ, हणंतं नाणुजाणइ ।
न पयइ न पयावेइ, पयंतं नाणुजाणइ ॥४००॥

न किणइ न किणावेइ, किणंतं नाणुजाणइ ।
जो भिक्खू तस्स तं होइ, नवकोडिविसुद्धयं ॥४०१॥'

(**छाया**- न हन्ति न घातयति, घ्नन्तं नानुजानाति ।
न पचति न पाचयति, पचन्तं नानुजानाति ॥४००॥

न क्रीणाति न क्रापयति, क्रीणन्तं नानुजानाति ।
यो भिक्षुः तस्य तद् भवति, नवकोटिविशुद्धकम् ॥४०१॥)

दशवैकालिकसूत्रनिर्युक्तौ तद्वृत्तावप्युक्तम् -

'पिंडेसणा य सव्वा संखेवेणोयरइ नवसु कोडीसु ।
न हणइ न पयइ न किणइ कारावणअणुमईहि नव ॥२४०॥

(**छाया**- पिण्डैषणा च सर्वा सङ्क्षेपेणावतरति नवसु कोटिषु ।
न हन्ति न पचति न क्रीणाति कारणानुमतिभ्यां नव ॥२४०॥)

વિપુલમતિલબ્ધિ :- ઘડા વગેરે વસ્તુઓના દેશ, ક્ષેત્ર, કાળ વગેરે વિશેષોના માન એટલે સંખ્યાને જાણી શકે, તે વિપુલને ગ્રહણ કરનારી જે બુદ્ધિ એટલે જ્ઞાન તે વિપુલમતિ-મનઃપર્યવજ્ઞાન કહેવાય. આ જ્ઞાન બીજાએ ચિંતવેલ ઘડાને પ્રસંગાનુસાર સેંકડો પર્યાય યુક્ત જાણી શકે છે. જેમકે આ ઘડો સોનાનો, પાટલિપુત્ર નગરનો, નવો અદ્યતન, મોટા ઓરડામાં રહેલો, વગેરે ઘણા વિશેષોથી વિશિષ્ટ ઘડાને બીજાએ વિચારેલ જાણી શકે છે. આનો ભાવ એ છે કે,

મનઃપર્યવજ્ઞાન બે પ્રકારે છે. ૧. ઋજુમતિ અને ૨. વિપુલમતિ. તેમાં જે સામાન્ય ઘડા વગેરે વસ્તુમાત્રને વિચારવામાં પ્રવૃત્ત થયેલ મનના પરિણામને ગ્રહણ કરનાર, કંઈક અવિશુદ્ધતર, મનુષ્યક્ષેત્ર એટલે અઢીદ્વીપમાં અઢી આંગળ ઓછું, એટલા ક્ષેત્રમાં રહેલા વિષયનું જે જ્ઞાન, તે ઋજુમતિલબ્ધિ છે. સેંકડો પર્યાયો સહિત ઘડા વગેરે વસ્તુઓના વિશેષ ચિંતનમાં પ્રવૃત્ત થયેલ મનોદ્રવ્યને ગ્રહણ કરનાર, સ્પષ્ટ અને સંપૂર્ણ મનુષ્યક્ષેત્ર વિષયક જે જ્ઞાન, તે વિપુલમતિલબ્ધિ છે. (૧૪૯૯-૧૫૦૦)

ગાથાર્થ - આશી એટલે દાઢા. તેમાં જે રહેલ મહાઝેર, તે આશીવિષ કહેવાય. તે ઝેર

કર્મ અને જાતિના ભેદે બે પ્રકારે છે. તે બંને પ્રકારો પણ અનેક ભેદે અને ચાર ભેદે છે. (૧૫૦૧)

ટીકાર્થ - આશીવિષલબ્ધિ :- આશી એટલે દાઢાઓ. તેમાં રહેલું જે મહાઝેર જેમને હોય, તે આશીવિષ કહેવાય છે. તે આશીવિષો બે પ્રકારે છે.

૧. કર્મભેદ ૨. જાતિભેદ. તેમાં કર્મભેદમાં પંચેંદ્રિય તિર્યંચ યોનિક જીવો, મનુષ્યો, સહસ્રાર સુધીના દેવો-એમ અનેક પ્રકારો છે. તપ, ચારિત્રના અનુષ્ઠાનો અથવા બીજા કોઈક ગુણનાં કારણે આશીવિષ સાપ, વીંછી, નાગ વગેરે વડે સાધ્ય ક્રિયા તેઓ કરી શકે છે. શ્રાપ વગેરે આપવા દ્વારા બીજાનો નાશ પણ કરી શકે છે. દેવોને આ લબ્ધિ અપર્યાપ્ત અવસ્થામાં હોય છે એમ જાણવું. કારણ કે, જેમને પૂર્વે મનુષ્યભવમાં આશીવિષલબ્ધિ હોય અને સહસ્રાર સુધીમાં નવીનદેવ તરીકે ઉત્પન્ન થયેલા હોય, તેમને અપર્યાપ્ત અવસ્થામાં પૂર્વભવની આશીવિષલબ્ધિના સંસ્કાર હોવાથી આશીવિષલબ્ધિવાનરૂપે વ્યવહારમાં કહેવાય છે. તે પછી પર્યાપ્ત અવસ્થામાં તે સંસ્કારો જતા રહેતા હોવાથી આશીવિષલબ્ધિમાન કહેવાતા નથી.

જો કે પર્યાપ્તા દેવો પણ શ્રાપ વગેરે દ્વારા બીજાનો નાશ કરી શકે છે. છતાં તેઓ તે લબ્ધિધારી કહેવાતા નથી. કારણકે, આ પ્રમાણે થવું તેમને ભવપ્રત્યય અને તેવા પ્રકારના સામર્થ્યના કારણે હોવાથી સર્વસાધારણ છે. ગુણપ્રત્યયિક જે સામર્થ્ય વિશેષ તે લબ્ધિ કહેવાય એવી પ્રસિદ્ધિ છે.

જાતિઆશીવિષ વીંછી, દેડકો, સાપ અને મનુષ્યના ભેદે ચારે પ્રકારે છે. તેઓ ક્રમસર બહુ, બહુતર, બહુતમ, અતિબહુતમ વિષવાળા છે. વીંછીનું ઝેર ઉત્કૃષ્ટથી અર્ધ ભરતક્ષેત્ર પ્રમાણ શરીરમાં ફેલાઈ શકે છે. દેડકાનું ઝેર ભરતક્ષેત્ર પ્રમાણ ક્ષેત્રમાં, સાપનું ઝેર જંબૂદ્વીપ પ્રમાણ ક્ષેત્રમાં અને મનુષ્યનું ઝેર સમયક્ષેત્ર પ્રમાણ એટલે અઢી દ્વીપ પ્રમાણ ક્ષેત્રમાં ફેલાઈ શકે છે. (૧૫૦૧)

હવે ક્ષીરમધુસર્પિરાશ્રવ અને કોષ્ઠકબુદ્ધિલબ્ધિ કહે છે -

ગાથાર્થ - ખીર, મધ, ઘીના જેવા સ્વાદની ઉપમાવાળા વચનો જેમના નીકળે, તે ક્ષીરમધુસર્પિરાશ્રવલબ્ધિ કહેવાય અને કોઠીમાં રાખેલા અનાજની જેમ જેના સૂત્ર અર્થ હોય, તે કોષ્ઠકબુદ્ધિ કહેવાય.

ટીકાર્થ - ક્ષીરમધુસર્પિરાશ્રવલબ્ધિ : ખીર, મધ, ઘી, ના સ્વાદની ઉપમાવાળું મીઠું જેમનું વચન હોય અર્થાત્ વજસ્વામિની જેમ જે બોલે, તેને ક્ષીરમધુસર્પિરાશ્રવલબ્ધિ કહેવાય. આનો ભાવ એ છે કે,

શેરડીને ચરનારી એક લાખ ગાયનું દૂધ પચાસ હજાર ગાયને પીવડાવે, તેનું દૂધ બીજી અડધી ગાયને, એમ અડધી અડધી ગાયોને પીવડાવતા છેલ્લે એક ગાયને પીવડાવી તેનું દૂધ કાઢી તેની ખીર બનાવે. તેને આગમમાં 'ચાતુરિક્ય' એ પ્રમાણે કહ્યું છે. તે ખીર ખાવાથી મન અને શરીર અતિ આનંદકારક થાય છે. તેમ જેમનું વચન સાંભળવાથી મન અને શરીરને સુખકારક થાય, તે ક્ષીરાશ્રવ કહેવાય છે. ખીરની જેમ જેના વચનો બધી રીતે શ્રવે એટલે ઝરે છે, તે ક્ષીરાશ્રવ કહેવાય છે.

એ પ્રમાણે મધમાં પણ જાણવું. અહીં મધ એટલે કોઈક અતિશય સાકર વગેરેવાળું મીઠું દ્રવ્ય તે જાણવું. ઘી પણ શેરડીનો ચારો ચરનારી ગાયના દૂધમાંથી ઉત્પન્ન થયેલ અને ધીમા તાપે તપાવેલ, વિશિષ્ટ વર્ણ એટલે રંગવાળું ઘી જાણવું. ઘીના સ્વાદ જેવા મીઠા વચન બોલનાર ઘૃતાશ્રવા કહેવાય. ઉપલક્ષણથી અમૃતાશ્રવી, ઇક્ષુરસાશ્રવી વગેરે પણ ઉપર પ્રમાણે જાણવા.

અથવા જેના પાત્રમાં પડેલ ખરાબ અન્ન પણ ખીર, મધ, ઘી વગેરે સમાન રસ, વીર્ય એટલે શક્તિ અને વિપાક એટલે ફળ આપનારુ થાય, તે અનુક્રમે ક્ષીરાશ્રવી, મધ્વાશ્રવી, સર્પિરાશ્રવી કહેવાય છે.

કોષ્ઠકબુદ્ધિલબ્ધિ :- કોઠીમાં રાખેલ અનાજની જેમ જેમના સૂત્રાર્થ ભૂલાતા ન હોવાથી અને લાંબો સમય રહેતા (ટકતા) હોવાથી, કોઠીમાં રહેલા અનાજની જેમ નાશ ન પામતા સૂત્રાર્થવાળા મુનિ કોષ્ઠકબુદ્ધિલબ્ધિવંત કહેવાય છે.

કોઠીમાં રહેલા અનાજ જેવી જેની બુદ્ધિ હોય, જે આચાર્યના મુખમાંથી નીકળેલ સૂત્રાર્થને તે જ રૂપે ધારણ કરે, તે સૂત્રાર્થમાં કોઈપણ કાળે જરાપણ ઓછું ન થાય, તે કોષ્ઠકબુદ્ધિલબ્ધિ કહેવાય. (૧૫૦૨)

હવે પદાનુસારીલબ્ધિ અને બીજબુદ્ધિલબ્ધિ કહે છે -

ગાથાર્થ - જે એક સૂત્રપદવડે ઘણાં સૂત્રપદોને ગ્રહણ કરી શકે તે પદાનુસારીલબ્ધિ. જે એક અર્થપદવડે (ઘણા) અર્થને પામે તે બીજબુદ્ધિ કહેવાય.

ટીકાર્થ- પદાનુસારીલબ્ધિ :- જે અધ્યાપક વગેરે દ્વારા કોઈપણ એક સૂત્રપદ ભણ્યો હોય, તે સૂત્રપદવડે ઘણા સૂત્રપદોને પોતાની બુદ્ધિવડે જાણી, તે પ્રમાણે જ ગ્રહણ કરે તે પદાનુસારીલબ્ધિમાન કહેવાય.

બીજબુદ્ધિલબ્ધિ :- 'ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય યુક્ત સત્' વગેરે જેવા અર્થપ્રધાનપદને મેળવી, તે એક બીજરૂપ પદવડે જે બીજા નહીં સાંભળેલ શ્રુતના પણ યથાવસ્થિત ઘણા

અર્થને જાણી શકે, તે બીજબુદ્ધિલબ્ધિવાન કહેવાય. અને સર્વોત્તમ પ્રકર્ષને પ્રાપ્ત થયેલી આ બીજબુદ્ધિલબ્ધિ તીર્થંકરોના ગણધરોને હોય છે. જેઓ ઉત્પાદ વગેરે ત્રણ પદોનું અવધારણ કરી સંપૂર્ણ દ્વાદશાંગીરૂપ પ્રવચનની ગુંથણી કરે છે. (૧૫૦૩)

ગાથાર્થ - ટીકાર્થ - અક્ષીણમહાનસીલબ્ધિ :- જેનાવડે લવાયેલ ભિક્ષામાંથી ઘણા એટલે લાખોની સંખ્યામાં લોકો ધરાઈને જમે અને જ્યાં સુધી પોતે ન જમે, ત્યાં સુધી આહાર પૂર્ણ ન થાય, તે અક્ષીણમહાનસીલબ્ધિ કહેવાય. (૧૫૦૪)

ગાથાર્થ - ભવસિદ્ધિક એટલે ભવ્ય પુરુષોને આ કહેલ લબ્ધિઓ હોય છે અને હવે ભવસિદ્ધિક સ્ત્રીઓને જેટલી લબ્ધિઓ હોય છે તે કહે છે. (૧૫૦૫)

ટીકાર્થ - અહીં અવધિ, ચારણ, કેવલિ, ગણધર, પૂર્વધર, અર્હત્, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, તેજોલેશ્યા, આહારક, શીતલેશ્યા, વૈક્રિય, પુલાક-આ લબ્ધિઓ પ્રાયઃ કરી આગળ મોટે ભાગે પ્રતિપાદન કરી હોવાથી અને પ્રસિદ્ધ હોવાથી સૂત્રકારે એની વ્યાખ્યા કરી નથી પરંતુ તેજોલેશ્યા અને શીતલેશ્યાલબ્ધિની વ્યાખ્યા સ્થાનશૂન્ય ન રહે તે માટે કરે છે.

તેજોલેશ્યાલબ્ધિ :- ક્રોધની અધિકતાથી શત્રુ તરફ મોઢામાંથી અનેક યોજન પ્રમાણ ક્ષેત્રમાં રહેલ વસ્તુઓને બાળવામાં સમર્થ એવો તીવ્રતર તેજ એટલે અગ્નિ કાઢવાની શક્તિ તે તેજોલેશ્યાલબ્ધિ.

શીતલેશ્યાલબ્ધિ :- અતિ કરુણાધીન થઈ જેના પર ઉપકાર કરવો હોય, તેના તરફ તેજોલેશ્યા બુઝાવવા સમર્થ એવો શીતલ તેજવિશેષ છોડવાની જે શક્તિ, તે શીતલેશ્યા.

કૂર્મગામમાં કરૂણારસવાળા, સ્નાનના અભાવના કારણે ઉત્પન્ન થયેલ ઘણી જૂને બચાવનાર, બાલતપસ્વી, વૈશિકાયિન તાપસને નિષ્કારણ કજિયા કરવાની ઈચ્છાથી ગોશાળો ''અરે યૂકાશય્યાતર'' એમ કહી તાપસના કોપાગ્નિને પ્રગટાવવા લાગ્યો. ત્યારે વૈશિકાયિન તાપસે તે દુરાત્માને બાળવા માટે વજ્રને બાળવાની શક્તિવાળી તેજોલેશ્યા છોડી. તે જ વખતે દયાળુ ભગવાન વર્ધમાનસ્વામીએ પણ તેના પ્રાણની રક્ષા માટે ઘણા તાપનો ઉચ્છેદ કરવામાં ચતુર એવી શીતલેશ્યા છોડી. જે સાધુ નિરંતર છઠ્ઠ તપ કરે અને પારણામાં એક મુઠ્ઠિ નખીયાવાળા અડદ વાપરે અને એક કોગળો પાણી પીએ-એ રીતે કરતા છ મહિને તેજોલેશ્યાલબ્ધિ ઉત્પન્ન થાય છે.

અહીં આદિ શબ્દથી બીજી પણ અણુત્વ, મહત્ત્વ, લઘુત્વ, ગુરુત્વ, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ, વશિત્વ, અપ્રતિઘાતિત્વ, અન્તર્ધાન, કામરૂપિત્વ વગેરે લબ્ધિઓ જાણવી.

અણુત્વ એટલે જે લબ્ધિના કારણે અણુ જેટલું શરીર કરી એક નાનાછિદ્રમાં પણ પ્રવેશ કરી શકે અને ત્યાં ચક્રવર્તિના ભોગોને પણ ભોગવે.

મહત્ત્વલબ્ધિ એટલે મેરૂ પર્વતથી પણ મોટુ શરીર કરવાનું જે સામર્થ્ય તે.

વાયુથી પણ હલકુ શરીર કરવાનું જે સામર્થ્ય તે લઘુત્વ.

વજ્રથી પણ ભારે શરીર કરવાનું જે સામર્થ્ય તે ગુરુત્વ. તે શરીર પ્રકૃષ્ટબળવાળા ઇન્દ્ર વગેરેથી પણ ઉંચકવું દુઃસહ થાય છે.

પ્રાપ્તિલબ્ધિ એટલે જમીન પર જ રહીને આંગળીના અગ્રભાગવડે મેરૂપર્વત આગળ રહેલા સૂર્ય વગેરેને અડવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય તે.

પ્રાકામ્યલબ્ધિ એટલે પાણીમાં પણ જમીનની જેમ પ્રવેશવા અને ચાલવાની શક્તિ-વિશેષ તે તથા પાણીની જેમ જમીનમાં પણ ડુબકી લગાવીને નીકળવાની જે શક્તિ તે.

ઇશિત્વ એટલે ત્રણ લોકની પ્રભુતા, તીર્થંકર, ઇન્દ્ર વગેરેની ઋદ્ધિ વિકુર્વવાની જે શક્તિ તે.

વશિત્વ એટલે સર્વ જીવને વશ કરવાની શક્તિ.

અપ્રતિઘાતિત્વલબ્ધિ એટલે પર્વતમાં પણ નિઃશંકપણે એટલે અટક્યા વગર ગતિ કરી શકે તે.

અન્તર્ધાનલબ્ધિ એટલે અદૃશ્ય થવાની જે શક્તિ તે.

કામરૂપિત્વલબ્ધિ એટલે એકી સાથે વિવિધ પ્રકારના રૂપો વિકુર્વી શકે તે.

હવે ભવ્ય-અભવ્ય પુરુષો અને સ્ત્રીઓને જેટલી લબ્ધિઓ હોય છે, તે કહે છે. ભવિષ્યમાં જેઓને મુક્તિપદ મળવાનું છે તે ભવસિદ્ધિક કહેવાય, એટલે ભવ્ય કહેવાય. તે ભવ્ય પુરુષોને ઉપરોક્ત બધીયે લબ્ધિઓ હોઈ શકે છે. તથા ભવ્ય સ્ત્રીઓને જે લબ્ધિઓ નથી થતી તે આગળની ગાથામાં કહે છે. (૧૫૦૫)

ગાથાર્થ - ટીકાર્થ - અર્હત્, ચક્રવર્તિ, વાસુદેવ, બળદેવ, સંભિન્નશ્રોતઃ, ચારણ, પૂર્વધર, ગણધર, પુલાક, આહારક લબ્ધિ. આ દસ લબ્ધિ ભવ્ય સ્ત્રીઓને હોતી નથી. બાકીની અઢાર લબ્ધિ ભવ્ય સ્ત્રીઓને હોય છે. એમ ઉપલક્ષણથી જણાય છે.

જેમ મલ્લિનાથસ્વામિને સ્ત્રીપણામાં જે તીર્થંકરપણું હતું, તે આશ્ચર્યરૂપ હોવાથી ન ગણાય.

આગળ કહેલ દશ લબ્ધિઓ તથા કેવલિ, ઋજુમતિ, વિપુલમતિરૂપ ત્રણ લબ્ધિ ઉમેરતા તેર લબ્ધિઓ અભવ્ય પુરુષોને ક્યારે પણ હોતી નથી. બાકીની પંદર લબ્ધિઓ અભવ્ય પુરુષોને હોય છે.

અભવ્ય સ્ત્રીઓને પણ ઉપરોક્ત તેર તેમજ ચૌદમી મધુક્ષીરાશ્રવલબ્ધિ પણ હોતી નથી. બાકીની આ ચૌદ સિવાયની લબ્ધિઓ હોય છે. (૧૫૦૬-૧૫૦૮)'

(સટીક પ્રવચનસારોદ્ધારના મુનિશ્રી અમિતયશવિજયજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

વિશેષાવશ્યકભાષ્યમાં અને તેની **વૃત્તિ**માં કહ્યું છે -

'હવે બાકીની ઋદ્ધિઓ કહે છે -

ગાથાર્થ - ૧. આમર્ષઔષધિ, ૨. વિપ્રુડૌષધિ, ૩. શ્લેષ્મૌષધિ, ૪. મલૌષધિ, ૫. સંભિન્નશ્રોતા, ૬. ઋજુમતિ, ૭. સર્વૌષધિ, ૮. ચારણવિદ્યા, ૯. આશીવિષ, ૧૦. કેવળી, ૧૧. મનઃપર્યવજ્ઞાની, ૧૨. પૂર્વધર, ૧૩. અર્હન્ત, ૧૪. ચક્રવર્તી, ૧૫. બળદેવ, અને ૧૬. વાસુદેવ, એ ઋદ્ધિઓ જાણવી. (૭૭૯-૭૮૦).

ટીકાર્થ - **૧. આમર્ષઔષધિ**-હાથ વગેરેના સ્પર્શમાત્રથી જ કોઈપણ રોગીના રોગને દૂર કરવાને સમર્થ જે લબ્ધિ થાય તે. અહીં લબ્ધિ અને લબ્ધિમાનનો અભેદ ઉપચાર કરવાથી એ લબ્ધિમાન સાધુ જ આમર્ષઔષધિ કહ્યા છે.

૨. વિપ્રુડૌષધિ, ૩. શ્લેષ્મૌષધિ, ૪. મલૌષધિ, આ લબ્ધિવાળાના ઝાડો, પેશાબ, શ્લેષ્મ (કફ) અને મેલ એ બધા સુવાસિત હોય છે, તેમજ પોતાના અથવા પરના રોગોને દૂર કરવાની બુદ્ધિથી તેનો સ્પર્શ કરતાં તે રોગો દૂર થાય છે.

૫. સંભિન્નશ્રોતલબ્ધિ - જે લબ્ધિથી શરીરના સર્વ ભાગો વડે સાંભળી શકે તે. અથવા પાંચમાંની કોઈપણ ઇન્દ્રિયવડે બાકીની સર્વ ઇન્દ્રિયવડે જાણી શકાય એવા વિષયોને જાણે તે સંભિન્નશ્રોતા કહેવાય. અથવા શ્રોત્રેન્દ્રિય ચક્ષુનું કાર્ય કરનાર થવાથી ચક્ષુપણાને પામેલ હોય, અને ચક્ષુ શ્રોત્રનું કાર્ય કરનાર થવાથી શ્રોત્રપણાને પામેલ હોય, એમ જેની સર્વઇન્દ્રિયો પરસ્પર એકરૂપતાને પામેલ હોય તે સંભિન્નશ્રોતા કહેવાય. તેમજ બાર યોજન પર્યંત વિસ્તારાયેલા અને એકીસાથે બોલનારા ચક્રવર્તીના લશ્કરના શબ્દોને, તથા એકીસાથે વગાડાતા તેમના વાજિંત્રોના પરસ્પર લક્ષણ અને ભેદથી જુદા જુદા એવા શબ્દો, અને ભિન્ન ભિન્ન મનુષ્યોથી થયેલા શંખ, ભેરી આદિના ઘણા શબ્દો જે એકીસાથે સાંભળે તે પણ સંભિન્નશ્રોતા કહેવાય છે. આ સંભિન્નશ્રોતાલબ્ધિ પણ ઋદ્ધિ જ છે.

૬. **ઋજુમતિ** - ઘટ, પટાદિના વિચારને સામાન્યમાત્ર ગ્રહણ કરનારી મતિ તે. આ લબ્ધિ વિપુલમતિની અપેક્ષાએ કંઈક ન્યૂન વિશુદ્ધિવાળી છે અને તે મનઃપર્યવજ્ઞાનનો એક ભેદ જ છે.

૭. **સર્વઔષધિ** - જેના ઝાડો-પેશાબ, કેશ, નખ વગેરે સર્વ અવયવો સુવાસિત અને રોગ દૂર કરવાને સમર્થ હોય તે. અથવા એક જ સાધુને આમર્ષઔષધિ વગેરે સર્વ લબ્ધિઓ હોય તે સર્વૌષધિલબ્ધિ કહેવાય છે.

૮. **ચારણલબ્ધિ** - અતિશયસહિત ગમનાગમનરૂપ લબ્ધિયુક્ત જે હોય તે ચારણલબ્ધિમાન કહેવાય, તે બે પ્રકારે છે - એક વિદ્યાચારણ અને બીજા જંઘાચારણ. તેમાં કોઈ વિવક્ષિત આગમરૂપ વિદ્યાની મુખ્યતાએ ગમનાગમન કરે તે વિદ્યાચારણ. આ લબ્ધિ યથાવિધિ અતિશયપૂર્વક નિરંતર છઠ્ઠનું તપ તપતાં ઉત્પન્ન થાય છે. આ લબ્ધિવડે લબ્ધિમાન થયેલ મુનિ એક પગલે માનુષોત્તર પર્વત ઉપર જઈને ત્યાંના ચૈત્યોને વાંદે, ત્યાંથી બીજા પગલે નંદીશ્વર નામના આઠમા દ્વીપે જઈ ત્યાંના ચૈત્યોને વાંદે, ત્યાંથી એક જ પગલે પાછા ફરીને જ્યાંથી ગયા હોય ત્યાં આવે અને અહિંના ચૈત્યોને વાંદે. આ પ્રમાણે તીરછી દિશામાં ગમનાગમન થાય. અને ઊર્ધ્વ દિશામાં અહીંથી એક પગલે નંદનવનમાં જઈ ત્યાંના ચૈત્યોને વાંદે, ત્યાંથી બીજા પગલે મેરૂપર્વત ઉપર પાંડુકવનમાં જઈ ત્યાંના ચૈત્યોને વાંદીને પછી ત્રીજા પગલે ત્યાંથી પાછા ફરીને જે સ્થળેથી ગયેલ હોય તે સ્થળે પાછા આવે અને ત્યાંના ચૈત્યોને વાંદે.

લુતાતન્તુ (કરોળીયાના જાળના તાંતણાથી બનાવેલ પુટક તંતુઓ) અથવા સૂર્ય-કિરણોની મદદ વડે બન્ને જંઘાએ આકાશમાર્ગે ચાલે તે જંઘાચારણ કહેવાય. આ લબ્ધિ યથાવિધિ અતિશયપૂર્વક નિરંતર વિકૃષ્ટ-અઠ્ઠમની તપસ્યા કરતાં ઉત્પન્ન થાય છે. આ લબ્ધિયુક્ત મુનિ એક પગલે અહીંથી તેરમા રૂચકવરદ્વીપે જઈને ત્યાં ચૈત્યોને વાંદી, ત્યાંથી પાછા ફરતા બીજા પગલે નંદીશ્વરદ્વીપે આવીને ત્યાંના ચૈત્યોને વંદના કરી, ત્યાંથી ત્રીજા પગલે જ્યાંથી ગયેલ હોય ત્યાં પાછા આવે. આ પ્રમાણે તીરછી દિશામાં ગમનાગમન કરે અને ઊર્ધ્વ દિશામાં અહિંથી એક પગલે પાંડુકવનમાં જઈ ત્યાંનાં ચૈત્યોને વાંદી ત્યાંથી પાછા ફરતાં બીજા પગલે નંદનવનમાં આવી ત્યાંનાં ચૈત્યોને વંદના કરી ત્રીજા પગલે જ્યાંથી ગયા હોય ત્યાં પાછા આવે.

વિદ્યાચારણ અને જંઘાચારણમાં આટલો ભેદ છે.

૯. **આશીવિષ** - જેની દાઢમાં વિષ હોય તે. તેના બે પ્રકાર છે. એક જાતિથી અને બીજા કર્મથી. તેમાં જાતિથી આશીવિષ વીંછી, સર્પ અને મનુષ્યની જાતિઓ છે અને તે અનુક્રમે

વધારે વધારે વિષવાળા હોય છે, કારણ કે વીંછીનું ઝેર વધારેમાં વધારે અર્ધભરતક્ષેત્રપ્રમાણ શરીરમાં વ્યાપી શકે એટલું હોય છે. સર્પનું વિષ જંબૂદ્વીપપ્રમાણ શરીરમાં વ્યાપી શકે એટલું હોય છે અને મનુષ્યનું વિષ અઢીદ્વીપપ્રમાણ શરીરમાં વ્યાપી શકે એટલું હોય છે. આ સર્વ ભેદો જાતિથી આશીવિષ કહેવાય છે. પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય અને સહસ્રાર સુધીના દેવો તે કર્મથી આશીવિષ છે. તપ અનુષ્ઠાનથી અથવા કોઈ બીજા ગુણથી, વીંછી-સર્પ આદિથી જે કાર્ય સાધ્ય હોય, તે તેઓ કરે છે, એટલે કે શાપ આપવાદિવડે બીજાને મારી નાંખી શકે છે. એમાં પણ દેવો અપર્યાપ્ત અવસ્થામાં એવી શક્તિવાળા હોય છે, કારણ કે તેઓ પૂર્વે મનુષ્યભવમાં ઉપાર્જિત આશીવિષલબ્ધિવાળા હોઈને સહસ્રાર દેવલોક પર્યંતના દેવોમાં ઉત્પન્ન થયા હોય, ત્યારે પર્યાપ્ત અવસ્થા ન થાય ત્યાં સુધી તેવી શક્તિવાળા હોય છે, તે પછી તે લબ્ધિ નથી હોતી. જો કે પર્યાપ્તા દેવો પણ શાપાદિવડે બીજાનો નાશ કરી શકે છે, તો પણ તે વખતે તેઓને લબ્ધિ છે એમ ન કહેવાય.

૧૦. કેવળીની ઋદ્ધિ એ સર્વપ્રસિદ્ધ છે.

૧૧. વિપુલમતિરૂપ મનઃપર્યવજ્ઞાની, એટલે ઘણા વિશેષોયુક્ત વસ્તુના વિચારોને ગ્રહણ કરે તે વિપુલમતિ અથવા સેંકડો પર્યાયો સહિત ચિન્તનીય ઘટાદિ વસ્તુવિશેષના વિચારને ગ્રહણ કરનારી મતિ તે વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન.

પ્રશ્ન :- સામાન્યથી એક મનઃપર્યવજ્ઞાન જ અહીં કહ્યું હોત તો ચાલત, કારણ કે એ એકથી જ ઋજુમતિ અને વિપુલમતિનો સંગ્રહ થઈ જાત. વળી ઋજુમતિ અને વિપુલમતિને એક જ સ્થળે ન કહેતા જુદા જુદા સ્થળે કેમ કહ્યા ?

ઉત્તર :- તારું કહેવું સત્ય છે, પરંતુ અતિશય જ્ઞાનીઓની વિવિધ રચના કોઈ વિશિષ્ટ કારણસર હોય છે. વળી તેમાં વિશેષતા પણ છે કે ઋજુમતિ આવેલું ચાલ્યું જાય છે, ને વિપુલમતિ તેમ નથી માટે ભેદ છે. કેવલજ્ઞાનની પછી વિપુલમતિ કહેવાનું કારણ પણ એવું સંભવે કે વિપુલમતિવાળાને જરૂર કેવલજ્ઞાન થાય છે.

૧૨. પૂર્વધરોની ઋદ્ધિ પ્રસિદ્ધ છે, કેમકે ઇન્દ્રોને પણ તેઓ પૂજ્ય છે.

૧૩ અરિહંત, ૧૪-ચક્રી, ૧૫-બળદેવ, અને ૧૬-વાસુદેવની ઋદ્ધિઓ પણ સર્વને પ્રસિદ્ધ છે. તેથી તેનું વિવેચન નથી કરતા. (૭૭૯-૭૮૦).

એજ અર્થ ભાષ્યકાર કહે છે.

સ્પર્શ કરવાથી રોગ દૂર થાય તે આમર્ષૌષધિ, ઝાડો-પેશાબ સુવાસિત હોઈને રોગ દૂર કરવાને સમર્થ હોય તે વિપ્રુડૌષધિ, બીજાઓ વિડ્ એટલે વિષ્ઠા અને પ્ર એટલે પેશાબ એ બે

ઔષધિપણાને પામેલ હોય તેને વિપ્રુડૌષધિ કહે છે. આ અને બીજા ઘણા અવયવો સુવાસિત હોઈને રોગ શમાવવાને સમર્થ હોવાથી, તે તે ઔષધિપણાને પામેલા હોવાથી, તે સર્વૌષધિ કહેવાય. જે સર્વ ઇન્દ્રિયોથી સાંભળે અને તે સર્વ વિષયો શ્રોત્રેન્દ્રિયથી જાણે, અથવા ભિન્ન ભિન્ન ઘણા શબ્દો સાંભળે છે તે સંભિન્નશ્રોતા કહેવાય. સામાન્યમાત્રગ્રાહિણી મતિ તે ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન છે, એ પ્રાયઃ વિશેષવિમુખ ઘટમાત્ર ચિંતવ્યો છે એમ જાણે. અને વિપુલમતિ તે ઋજુમતિએ જાણેલી વસ્તુને વિશેષપણે ગ્રહણ કરે એટલે સેંકડો પર્યાયે કરીને યુક્ત એવી ચિંતનીય વસ્તુને વિશેષપણે ગ્રહણ કરનારી હોય છે.

જંઘા અને વિદ્યાવડે અતિશય ગમનાગમન કરવાને સમર્થ હોય તે ચારણ મુનિઓ છે. તેમાં જંઘાચારણ મુનિ સૂર્યના કિરણોની મદદ વડે એક પગલે રૂચકવરદ્વીપે જાય, ત્યાંથી પાછા ફરતાં બીજા પગલે નંદીશ્વરદ્વીપે આવે અને ત્રીજા પગલે અહીં પાછા આવે. (ઊર્ધ્વદિશામાં) પહેલા પગલે પંડકવનમાં જાય, બીજા પગલે નંદનવનમાં આવે અને ત્રીજા પગલે ત્યાંથી અહીં પાછા આવે. વિદ્યાચારણ મુનિ પહેલા માનુષોત્તર પર્વતપર જાય, બીજા પગલે નંદિશ્વરદ્વીપે જાય અને ત્રીજા પગલે ત્યાંથી અહીં આવી ચૈત્યવંદન કરે. (ઊર્ધ્વદિશામાં) પહેલા પગલે નંદનવનમાં જાય, બીજા પગલે પંડકવનમાં જાય અને ત્રીજા પગલે ત્યાંથી અહીં આવે.

આશી એટલે દાઢા, તેમાં જેને મહાવિષ હોય તે આશીવિષ કહેવાય. તે આશીવિષ કર્મથી અને જાતિથી એમ બે પ્રકારે છે. કર્મથી આશીવિષ અનેક પ્રકારે છે અને જાતિ વડે આશીવિષ વીંછી વગેરે ચાર પ્રકારે છે. અહીં મનઃપર્યવજ્ઞાન ગ્રહણ કરવાથી વિપુલમતિ મનઃપર્યવ કહ્યું છે, અને સમ્યક્ત્વ-જ્ઞાન-દર્શન-તથા ચારિત્ર વડે કેવળી ચાર પ્રકારે છે. (૭૮૧-૭૯૨)

ઉપરોક્ત ઋદ્ધિઓ સિવાય બીજી પણ ક્ષીરાશ્રવાદિ લબ્ધિઓ છે, તે ભાષ્યકાર મહારાજ કહે છે.

ચક્રવર્તિની લાખ ગાયોનું દૂધ પચાશ હજાર ગાયોને પાય એમ અર્ધ અર્ધના અનુક્રમ વડે કરીને છેવટે એક ગાયનું જે દૂધ નીકળે તે દૂધ, શર્કરાદિ અત્યંત મધુર દ્રવ્યથી પણ અતિશય મીઠાશવાળું મધ, એ પ્રકારે ઘી પણ લેવું, તેના સ્વાદ જેવાં જેનાં વચનો હોય, તે (તીર્થંકર-ગણધરાદિ) ક્ષીરાશ્રવ, મધ્વાશ્રવ અને ઘૃતાશ્રવ લબ્ધિવાળા જાણવા. તેઓ સમસ્તજનને સુખ કરનાર હોય છે. કોષ્ઠક (કોઠારમાં રહેલા) ધાન્યની પેઠે જેને સૂત્ર અને અર્થ નિરંતર સ્મૃતિયુક્ત હોવાથી ચિરસ્થાયી હોય, તે કોષ્ઠકબુદ્ધિ લબ્ધિમાન કહેવાય, જે સૂત્રના એક જ પદથી સ્વબુદ્ધિવડે ઘણું શ્રુત જાણે છે, તે પદાનુસારી લબ્ધિમાન કહેવાય, અને

જે (ઉત્પાદ-વ્યય-ને ધ્રુવ ઇત્યાદિ) એક જ અર્થપ્રધાનપદવડે બીજા ઘણા અર્થને જાણે તે બીજબુદ્ધિ (ગણધરો) કહેવાય. (૭૯૯-૮૦૦)

ગાથાર્થ - એ પ્રમાણે પરિણામવશાત્ ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમથી થયેલી બહુ પ્રકારની લબ્ધિઓ જીવોને હોય છે. (૮૦૧)

ટીકાર્થ - ઉપર કહેલી અને એ સિવાય બીજી પણ લબ્ધિઓ જીવોને શુભ-શુભતરાદિ પરિણામવશાત્ અનેક પ્રકારની હોય છે. તેમાં વૈક્રિય અને આહારકાદિ નામકર્મના ઉદયથી વૈક્રિય અને આહારક લબ્ધિ પ્રાપ્ત થાય છે, દર્શનમોહનીયાદિકર્મના ક્ષયથી ક્ષાયિક સમકિત-ક્ષીણમોહપણું અને મોક્ષ વગેરે લબ્ધિઓ થાય છે, દાનાન્તરાય-લાભાન્તરાય આદિ કર્મના ક્ષયોપશમથી અક્ષીણમહાનસી વગેરે લબ્ધિ થાય છે. જે લબ્ધિવડે એક જણે લાવેલી ભિક્ષા ઘણા વાપરે તો પણ ખૂટે નહિ, અને જ્યારે પોતે વાપરે ત્યારે પૂર્ણ થાય, તે અક્ષીણમહાનસી લબ્ધિ કહેવાય, અને દર્શનમોહનીય આદિ કર્મના ઉપશમથી ઉપશમસમકિત અને ઉપશાન્ત-મોહપણું વગેરે લબ્ધિઓ થાય છે. (૮૦૧)

આ સંબંધમાં બીજો મત બતાવીને તેનું ખંડન કરે છે -

ગાથાર્થ - કેટલાક વીશ લબ્ધિઓ કહે છે, તે યોગ્ય નથી, કેમ કે ''લબ્ધિ'' એવો જે વિશેષ, તે જીવોને અસંખ્ય છે. ગણધરલબ્ધિ, તૈજસલબ્ધિ, આહારકલબ્ધિ, પુલાકલબ્ધિ, આકાશગમનલબ્ધિ વગેરે ઘણી લબ્ધિઓ સંભળાય છે, પણ તે અહીં કહી નથી. (૮૦૨-૮૦૩)

ટીકાર્થ - જેઓ વીશ લબ્ધિઓ જ છે એમ કહે છે, તે વીશ લબ્ધિઓ આ પ્રમાણે માને છે, જેવી કે - ૧. આમર્ષૌષધિ, ૨. શ્લેષ્મૌષધિ, ૩. મલૌષધિ, ૪. વિપ્રુડૌષધિ, ૫. સર્વૌષધિ, ૬. કોષ્ઠબુદ્ધિ, ૭. બીજબુદ્ધિ, ૮. પદાનુસારીબુદ્ધિ, ૯. સંભિન્નશ્રોતા, ૧૦. ઋજુમતિ, ૧૧. વિપુલમતિ, ૧૨. ક્ષીરમધુઘૃતાશ્રવાલબ્ધિ, ૧૩. અક્ષીણમહાનસીલબ્ધિ, ૧૪. વૈક્રિયલબ્ધિ, ૧૫. ચારણલબ્ધિ, ૧૬. વિદ્યાધર, ૧૭. અરિહંત, ૧૮. ચક્રી, ૧૯. બળદેવ અને ૨૦ વાસુદેવ એ વીશ લબ્ધિઓ છે.

આ વીશ લબ્ધિઓ ભવસિદ્ધિક જીવોને હોય છે. એમાંથી જિનલબ્ધિ-બળદેવ-ચક્રી વાસુદેવ-સંભિન્નશ્રોતા-જંઘાચારણ અને પૂર્વધર એ સાત લબ્ધિઓ ભવસિદ્ધિક સ્ત્રીઓને નથી હોતી. તેમજ એ સાત અને ઋજુમતિ તથા વિપુલમતિ મળીને નવ લબ્ધિઓ અભવ્ય પુરુષોને પણ કદી નથી હોતી. વળી અભવ્ય સ્ત્રીઓને એ કહેલી નવ અને ક્ષીરમધ્વાશ્રવ મળીને દશ લબ્ધિઓ નથી હોતી પણ બાકીની જ હોય છે. (૮૦૨-૮૦૩)'

(સટીક વિશેષાવશ્યકભાષ્યના શાહ ચુનીલાલ હકમચંદ કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

સંબોધપ્રકરણમાં કહ્યું છે,

'સંઘ વગેરેનું કાર્ય આવી પડે ત્યારે જેના વડે ચક્રવર્ત્તિને પણ ચૂરી નાંખે તે લબ્ધિથી યુક્ત તે લબ્ધિપુલાક જાણવો. (૭૪૯)'

ગુરુ લોકમાં આ લબ્ધિઓને બતાવવામાં હોંશિયાર હોય છે.

જૈનશાસનની પ્રભાવના કરે એટલે કે તેને પ્રકાશમાં લાવે તે પ્રભાવક. તે આઠ પ્રકારના છે. તે આ પ્રમાણે - ૧ પ્રવચની, ૨ ધર્મકથી, ૩ વાદી, ૪ નૈમિત્તિક, ૫ તપસ્વી, ૬ વિદ્યાવાન, ૭ સિદ્ધ અને ૮ કવિ.

ચૈત્યવંદનમહાભાષ્યમાં કહ્યું છે,

'પ્રવચની, ધર્મકથી, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યાવાન, સિદ્ધ અને કવિ - આ આઠ પ્રભાવક કહ્યા છે. (૧૨૮)'

આ આઠ પ્રભાવકોનું સ્વરૂપ **યોગશાસ્ત્ર**ની **વૃત્તિ**માં આ પ્રમાણે બતાવ્યું છે -

'૧ પ્રવચની, ૨ ધર્મકથી, ૩ વાદી, ૪ નૈમિત્તિક, ૫ તપસ્વી, ૬ વિદ્યાવાળા, ૭ સિદ્ધ, અને ૮ કવિ એ આઠ પ્રભાવકો છે. (વ્ય.ભા.) તેમાં જે દ્વાદશાંગી રૂપ પ્રવચન અથવા ગણિપિટકના અતિશયવાળા જ્ઞાનને ધારણ કરનાર, તેને યુગપ્રધાનાગમ પણ કહી શકાય તે પ્રથમ **પ્રવચની.** જેને ધર્મોપદેશ આપવાની સુંદર શક્તિ હોય, જેની મધુર વાણીથી અનેકને ધર્મનો પ્રતિબોધ થાય તે, બીજો **ધર્મકથી.** વાદી, પ્રતિવાદી, સભ્ય અને સભાપતિ લક્ષણવાળી ચતુરંગી સભામાં પ્રતિપક્ષનું ખંડન કરી પોતાના પક્ષનું સ્થાપન કરવાના સામર્થ્યવાળો ત્રીજો **વાદી.** ત્રણે કાળ સંબંધી લાભાલાભને જણાવનાર નિમિત્તશાસ્ત્ર ભણેલો હોય, તે ચોથો **નૈમિત્તિક,** અઠ્ઠમ આદિ વિકૃષ્ટ-કઠોર તપ કરનાર પાંચમો **તપસ્વી.** પ્રજ્ઞપ્તિ, રોહિણી આદિ વિદ્યાદેવીઓ જેમાં સહાય કરનાર હોય તેવી પ્રજ્ઞપ્તિ, રોહિણી વગેરે **વિદ્યાવાળો** તે છઠ્ઠો. અંજન, પાદલેપ, તિલક, ગુટિકા, સમગ્ર લોકોને આકર્ષણ કરવાની, ખેંચવાની તથા વૈક્રિય લબ્ધિ વગેરે સિદ્ધિઓ પ્રાપ્ત કરી હોય, તે સાતમો **સિદ્ધ.** ગદ્ય-પદ્યાદિ વર્ણનાત્મક પ્રબંધો કે કાવ્યોની રચના કરનાર આઠમો **કવિ.** આ પ્રવચની આદિ આઠ પ્રકારે ભગવંતના શાસનની પોતાની શક્તિ અનુસાર, દેશ-કાળાદિકને અનુરૂપ સહાય કરનાર પ્રભાવક, તેઓનું કર્મ તે પ્રભાવના, બીજું ભૂષણ છે....(૨/૧૬)'

સમ્યક્ત્વસપ્તતિકામાં અને તેની **વૃત્તિ**માં પણ કહ્યું છે -

'પાંચમો શંકા વગેરે દૂષણોનો અધિકાર કહીને છઠ્ઠો પ્રભાવકનો અધિકાર કહે છે -

નિરતિચાર સમ્યક્ત્વવાળો સાધુ વિશેષ પ્રકારની તે તે લબ્ધિઓનું સામર્થ્ય હોતે છતે શ્રીજિનશાસનની પ્રભાવના કરવામાં કુશળ બુદ્ધિવાળો થાય. અહીં શ્રીજિનેશ્વર ભગવાને કહેલા સિદ્ધાંતમાં ઉલ્લાસ પામતા સમ્યગ્ જ્ઞાન વગેરે ગુણોથી વિશિષ્ટ તે પ્રભાવક આઠ પ્રકારના કહ્યા છે. (૩૧)

તે આઠ ભેદોને સ્પષ્ટ કરતા કહે છે - પ્રાવચનિક, ધર્મકથિક, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યાવાન્, સિદ્ધ અને કવિ એમ આઠ પ્રભાવક કહ્યા છે. (૩૨)

પ્રવચની પ્રભાવકનું સ્વરૂપ ગાથાના પૂર્વાર્ધથી કહે છે -

શ્રીપુંડરીકસ્વામી, શ્રીગૌતમસ્વામી વગેરેની જેમ કાળને ઉચિત શાસ્ત્રોને ધારણ કરનારા અને ચતુર્વિધ શ્રીસંઘને સારા માર્ગમાં પ્રવર્તાવનારા આચાર્ય તે પ્રવચની છે. દ્વાદશાંગી રૂપ પ્રવચન જેની પાસે હોય તે પ્રવચની એટલે યુગમાં શ્રેષ્ઠ એવા આગમને ધારણ કરનારા. મોક્ષમાર્ગને ઇચ્છનારાઓએ તેમની પાસેથી પ્રવચનમાં સાંભળેલા પદાર્થોના પરિશીલનમાં યત્ન કરવો. શાસ્ત્રમાં કહ્યું છે - 'જે કારણથી મોક્ષમાર્ગમાં આગમને છોડીને અહીં પ્રમાણ નથી તે કારણથી છદ્મસ્થોએ તેમાં જ યત્ન કરવો જોઈએ. (૧)'

પહેલા પ્રાવચનિકનું સ્વરૂપ કહીને બીજા ધર્મકથિકનું સ્વરૂપ ગાથાના ઉત્તરાર્ધથી કહે છે-

જે મિથ્યાત્વની નિદ્રામાં સૂતેલા ભવ્ય જીવોને સમ્યગ્જ્ઞાન રૂપી સૂર્યના પ્રકાશથી પ્રતિબોધ કરે છે અને જે વ્યાખ્યાનની લબ્ધિવાળો હોય છે તે ધર્મકથી ઘડામાં રહેલા દીવાની જેમ કોઈક પોતે જાણવા છતાં પણ બીજાને સમજાવી શકતો નથી, માટે પ્રવચનના વ્યાખ્યાનને યોગ્ય કહ્યો. જે ક્ષીરમધ્વાશ્રવ વગેરે લબ્ધિવાળો હોય અને હેતુ-યુક્તિ-દૃષ્ટાંતોથી બીજાને પ્રતિબોધ કરે છે તે જ ધર્મકથા કહેવા માટે યોગ્ય છે. શાસ્ત્રમાં કહ્યું છે - 'જે હેતુવાદના પક્ષમાં હેતુથી સમજાવે અને આગમના પક્ષમાં આગમથી સમજાવે તે શાસ્ત્રોનું વ્યાખ્યાન કરનાર છે. બીજો સિદ્ધાંતનો વિરાધક છે. (૧)' માટે કથનલબ્ધિવાળો એ વિશેષણ બરાબર છે. **પ્રશ્ન** - જો ભવ્યો મોક્ષે જવાના છે તો એકસાથે કેમ મોક્ષે જતાં નથી ? **જવાબ** - તમારી વાત સારી છે. સામગ્રી ન હોવાથી તેઓ એકસાથે મોક્ષે જતાં નથી. કહ્યું છે - 'સામગ્રી ન મળવાથી અને વ્યવહારરાશીમાં ન પ્રવેશવાથી તેવા અનંતા ભવ્યજીવો છે જેઓ મોક્ષસુખને પામતાં નથી. (૧)' આ ગાથાના ઉત્તરાર્ધનો અર્થ છે. (૩૩)

પ્રાવચનિક અને ધર્મકથિક એ બે પ્રભાવકોનું લક્ષણ કહીને ત્રીજા વાદી પ્રભાવકનું સ્વરૂપ ગાથાના પૂર્વાર્ધથી કહે છે -

જે બૌદ્ધ વગેરે મતોમાં પ્રતીત પ્રત્યક્ષ વગેરે પ્રમાણોમાં કુશળ હોય અને જેને માત્ર લોકમાં નહીં પણ પંડિતોવાળી રાજાની સભામાં પણ પ્રતિષ્ઠા મળી હોય તે વાદી કહેવાય છે. કહ્યું છે કે, 'ચાર્વાક (નાસ્તિક) એક પ્રત્યક્ષ પ્રમાણને માને છે. બૌદ્ધો અને વૈશેષિકો પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણોને માને છે. સાંખ્યો પ્રત્યક્ષ, અનુમાન અને શાબ્દ પ્રમાણોને માને છે. નૈયાયિકો પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શાબ્દ પ્રમાણોને માને છે. પ્રભાકર (મીમાંસક) પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શાબ્દ, અર્થાપત્તિ અને અભાવ પ્રમાણોને માને છે. જિનેશ્વર ભગવાનના સિદ્ધાંતમાં પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રમાણ છે. (૧)' જેને પ્રમાણોનું જ્ઞાન ન હોય તે વાદ માટે પ્રવૃત્તિ કરે તો તેનો ઉપહાસ થાય. માટે વાદી પ્રમાણમાં કુશળ હોવો જોઈએ. જેને પ્રતિષ્ઠા ન મળી હોય તે લોકોમાં મૂર્ખની જેમ ગમે તે બોલતો હોવાથી ગૌરવપાત્ર બનતો નથી. વાદી, પ્રતિવાદી, સભ્ય અને સભાપતિવાળી સભામાં સામા પક્ષનું ખંડન કરવા પૂર્વક પોતાના પક્ષની સ્થાપનાને અવશ્ય કહે તે વાદી. આ ગાથાના પૂર્વાર્ધનો અર્થ થયો. વાદીપ્રભાવકના વિષયમાં શ્રીમલ્લવાદીની કથા છે.

ત્રીજું વાદી પ્રભાવકનું સ્વરૂપ કહીને ચોથું નૈમિત્તિકનું સ્વરૂપ ગાથાના ઉત્તરાર્ધથી કહે છે-

દિવ્ય (સ્વપ્નસંબંધી), ઔત્પાતિક - ઉત્પાતસંબંધી, અંતરીક્ષ - આકાશસંબંધી, ભૌમ-ભૂમિસંબંધી, અંગ-અંગસંબંધી, સ્વર-સ્વરસંબંધી, લક્ષણ-હાથ-પગની રેખા વગેરે, વ્યંજન-મસા-તલ વગેરેને જાણવા રૂપ આઠ પ્રકારના નિમિત્તને જાણે તે નૈમિત્તિક. તે શાસનની ઉન્નતિ માટે ભૂત, ભવિષ્ય અને વર્તમાન આ ત્રણે કાળોને જણાવનારું નિમિત્ત નિશ્ચયપૂર્વક કહે. મહાત્મા જો અકાર્યમાં નિમિત્તનો પ્રયોગ કરે તો મોટું નુકસાન થાય છે અને તેમના તપનો ક્ષય થાય છે. ધર્મદાસગણિએ કહ્યું છે - 'જ્યોતિષ, નિમિત્ત, અક્ષર, કૌતુક, આદેશ, ભૂતિકર્મ કરવા, કરાવવા કે અનુમોદવાથી સાધુના તપનો ક્ષય થાય છે.(૧૧૫)' (ઉપદેશમાળા) મન ફાવે તેમ બોલવાથી તો ઊલટી હીલના જ થાય છે. (૩૪)

ચોથું નૈમિત્તિકનું લક્ષણ કહીને પાંચમુ તપસ્વીનું સ્વરૂપ ગાથાના પૂર્વાર્ધથી કહે છે -

અટ્ઠમથી માંડીને એક વરસના ઉપવાસ સુધીના વિશિષ્ટ તપો અથવા અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા, પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, કાઉસ્સગ્ગ - એમ બાર પ્રકારના બાહ્ય-અભ્યંતર તપ વડે જિનશાસનની પ્રભાવના કરનારો તપસ્વી કહેવાય છે. આ ગાથાના પૂર્વાર્ધનો અર્થ છે.

પાંચમું તપસ્વી પ્રભાવકનું સ્વરૂપ કહીને છઠ્ઠુ વિદ્યાવાન પ્રભાવકનું લક્ષણ ગાથાના ઉત્તરાર્ધથી કહે છે -

જાપ, હોમ, વિધિપૂર્વક પૂર્વસેવા-ઉત્તરસેવા વડે જેને ઘણા વિદ્યાઓ અને મન્ત્રો સિદ્ધ થયા છે અને જે સંઘ વગેરેના કાર્યમાં કુશળ છે તે વિદ્યાવાન. વિદ્યાઓ રોહિણી વગેરે સોળ વિદ્યાદેવીઓથી અધિષ્ઠિત ૪૮,૦૦૦ જેટલી છે. મન્ત્રો સિદ્ધ, શાબર વગેરે પુરુષદેવતાથી અધિષ્ઠિત હોય છે. આ ગાથાના ઉત્તરાર્ધનો અર્થ છે. (૩૫)

સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ સંઘ, જિનાલય, જિનપ્રતિમા અને જિનાગમના કાર્ય કરનારા ચૂર્ણ, અંજન અને યોગથી જગતમાં જેને પ્રતિષ્ઠા મળી હોય તે સિદ્ધ. ચૂર્ણ સુવર્ણસિદ્ધિ વગેરેની ઉત્પત્તિને કરનારી ઔષધીઓના સમૂહથી થયેલ હોય છે. અંજન એ નિધિ બતાવવો, અદૃશ્ય કરવા વગેરેના કારણરૂપ આંખના આંજણ છે. યોગ સૌભાગ્ય-દૌર્ભાગ્યને કરનારા આકાશગમન વગેરેને સાધી આપનારા પગના લેપ વગેરે છે. આ ગાથાના પૂર્વાર્ધનો અર્થ છે.

સાતમુ સિદ્ધપ્રભાવકનું લક્ષણ કહીને આઠમું કવિનું સ્વરૂપ ગાથાના ઉત્તરાર્ધથી કહે છે -

જે સિદ્ધાંતમાં વાસ્તવિક રીતે કહેલા ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ, જીવ રૂપ પદાર્થોથી બનેલ શાસ્ત્રને ગદ્ય-પદ્ય રૂપે રચે છે, જેમાં સત્-અસત્, નિત્ય-અનિત્ય, અભિલાપ્ય-અનભિલાપ્ય, અભિન્ન સામાન્ય-વિશેષ વાળી અનંત ધર્મવાળી વસ્તુનો નિશ્ચય છે એવા, કુનયો વિનાના, બધા નયોથી બનેલા અને પ્રત્યક્ષ-પરોક્ષ પ્રમાણથી યુક્ત એવા જિનશાસનને જે જાણે છે અને જે ચાર અનુયોગવાળા શાસ્ત્રની રચના કરે છે તે સુકવિ છે. રાજા વગેરેની ખુશામત કરનારા હંમેશા ખોટા ગુણોની પ્રશંસા કરનારા કુકવિઓ નરકમાં જ જાય છે. માટે સુકવિ કહ્યા. આ ગાથાના ઉત્તરાર્ધનો અર્થ છે. કવિપ્રભાવકના વિષયમાં શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિની કથા છે. (૩૬)

પ્રભાવકોનું વિશેષ સ્વરૂપ કહીને સામાન્ય લક્ષણ કહે છે -

આ બધા પ્રભાવકો છે. જેઓ જિનશાસનની પ્રશંસા કરાવનારા છે તે પણ પ્રભાવકો છે, કેમકે જૈનસિદ્ધાંતમાં આ પ્રભાવકો બીજી રીતે પણ કહ્યા છે. (૩૭)

તે પ્રભાવકોને જ વિશેષથી કહે છે -

જેની પાસે બીજા કરતા ચઢિયાતી એવી જંઘાચારણ, વિદ્યાચારણ, આશીવિષ, જલ્લૌષધિ, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન વગેરે લબ્ધિઓ હોય તે અતિશેષિતઋદ્ધિ, ધર્મકથી એટલે વ્યાખ્યાનની લબ્ધિવાળો, વાદી એટલે પરવાદીઓને જીતનારો, બારસો છન્નુ ગુણોથી અલંકૃત એવા આચાર્ય, ક્ષપક એટલે વિકૃષ્ટ તપ કરનારા, નૈમિત્તિક એટલે ત્રણ કાળને જ્ઞાનથી જાણનારો, વિદ્યાવાન એટલે જેને વિદ્યા અને મંત્ર સિદ્ધ થયા છે તે,

રાજગણસમ્મત એટલે જે રાજા વગેરે લોકોને માન્ય હોય તે - આમ બીજી રીતે આઠ પ્રભાવકો જિનશાસનની પ્રભાવના કરે છે. (૩૮)

જો કાળ વગેરેની વિષમતાને લીધે આ સિદ્ધિઓ ન હોય તો શાસનની પ્રભાવના શી રીતે થાય છે ? તે કહે છે.

બધા પાસે આ પૂર્વે કહેલી લબ્ધિઓ હોતી નથી. અતિશય વિનાના આ કાળમાં વિશેષ કરીને આ લબ્ધિઓ હોતી નથી. ત્યારે યાત્રા, પૂજા, અભયદાનની ઘોષણા, દાનશાળાના પડહની ઘોષણા વગેરે લોકોના મનને આનંદ પમાડનારા, જિનેશ્વર ભગવાન અને સાધુ-ભગવાનના નિમિત્તે થનારા, મન-વચન-કાયાની વિશુદ્ધિથી કરાયેલા બધા અનુષ્ઠાનો પ્રભાવના છે. યાત્રા એટલે શ્રીશત્રુંજય વગેરે મહાતીર્થોમાં ચતુર્વિધસંઘ સાથે ઉત્સવપૂર્વક જવું. અથવા યાત્રા એટલે યુગપ્રધાન વગેરેને વંદન કરવા માટે ઋદ્ધિપૂર્વક સામે જવું. પૂજા એટલે પુષ્પો વગેરે વડે અરિહંતની પૂજા અથવા ગુરુદેવોને વંદન કરવા, તેમની સેવા કરવી તે. (૩૯)'

હરિભદ્રસૂરિજીએ રચેલ **સંબોધપ્રકરણ**માં પણ બીજી રીતે આઠ પ્રભાવકો આ રીતે બતાવ્યા છે -

'૧ અતિશેષઋદ્ધિ, ૨ ધર્મકથી, ૩ વાદી, ૪ આચાર્ય, ૫ ક્ષપક, ૬ નૈમિત્તિક, ૭ વિદ્યાવાન, અને ૮ રાજા અને ગણને સંમત - આ આઠ તીર્થની પ્રભાવના કરે છે. (૯૨૯)'

અહીં અતિશેષ એટલે અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, આમર્ષૌષધિ વગેરે અતિશયો. તે અથવા તેના વડે ઋદ્ધિ છે જેની તે અતિશેષઋદ્ધિ, એટલે કે અતિશયોરૂપી ઋદ્ધિવાળા અથવા અતિશયો વડે ઋદ્ધિવાળા. રાજસમ્મત એટલે રાજાને વહાલા. ગણસમ્મત એટલે મહાજન વગેરેને માન્ય. શેષ ગાથાનો અર્થ સ્પષ્ટ છે.

પ્રભાવકો આઠ પ્રકારના હોવાથી પ્રભાવકપણું પણ આઠ પ્રકારનું છે. ગુરુ આ આઠ પ્રકારનું પ્રભાવકપણું બતાવીને જિનશાસનની પ્રભાવના કરે છે. અથવા ગુરુ આ આઠ પ્રકારનું પ્રભાવકપણું લોકોને સારી રીતે સમજાવે છે.

આમ છત્રીસ ગુણોથી વિભૂષિત ગુરુ જિનશાસનની પ્રભાવના કરો. (૩૦)

આમ ઓગણત્રીસમી છત્રીસી સંપૂર્ણ થઈ.

●●●

त्रिंशत्तमी षट्त्रिंशिका

अधुना त्रिंशत्तमीं षट्त्रिंशिकामाह–

मूलम् - एगूणतीसभेए, पावसुए दूरओ विवज्जंतो ।
सगविहसोहिगुणण्णू, छत्तीसगुणो गुरू जयउ ॥३१॥

छाया - एकोनत्रिंशद्भेदानि, पापश्रुतानि दूरतो विवर्जयन् ।
सप्तविधशोधिगुणज्ञः, षट्त्रिंशद्गुणो गुरुर्जयतु ॥३१॥

प्रेमीया वृत्तिः - एकोनत्रिंशद्भेदानि - एकोनत्रिंशत्प्रकाराणि, **पापश्रुतानि** - पापकारणभूतानि श्रुतानि, **दूरतः**-दूरेण, **विवर्जयन्** - परित्यजन्, तथा **सप्तविध-शोधिगुणज्ञः**- सप्तविधान् शोधिगुणाञ्जानाति, इति **षट्त्रिंशद्गुणो गुरुर्जयत्वि**ति समुदायार्थः ।

अवयवार्थस्त्वयम् - पापस्य - अशुभकर्मणः कारणभूतानि श्रुतानि-शास्त्राणीति पापश्रुतानि । तान्येकोनत्रिंशद्विधानि । तद्यथा -१-२४ प्रत्येकं सूत्रवृत्तिवार्त्तिकभेदात्त्रि-विधानि दिव्य-उत्पात-अन्तरिक्ष-भौम-अङ्ग-स्वर-लक्षण-व्यञ्जनात्मकान्यष्टौ निमित्ताङ्गानि, २५ गन्धर्व्वं, २६ नाट्यं, २७ वास्तु २८ वैद्यकं २९ धनुर्वेदश्च । यदुक्तं - **श्रमणप्रतिक्रमणसूत्रे तद्वृत्तौ च** -

'एगूणतीसाए पावसुयप्पसंगेहिं ।'

(छाया- एकोनत्रिंशद्भिः पापश्रुतप्रसङ्गैः ।)

वृत्तिः - एकोनत्रिंशद्भिः पापश्रुतप्रसङ्गैः पापोपादानानि पापश्रुतानि तेषां प्रसङ्गाः-तथा-सेवनारूपास्ते चामी -

'अट्ठनिमित्तङ्गाइ दिव्वुप्पायन्तरिक्खभोमं च ।
अंगं सरवंजणलक्खणं च तिविहं पुणेक्केक्कं ॥१॥

सुत्तं वित्ती तह वत्तियं च पावसुय अउणतीसविहं ।
गन्धव्वनट्टवत्थुं आउं धणुवेयसंजुत्तं ॥२॥'

(**छाया**- अष्टौ निमित्ताङ्गानि दिव्योत्पातान्तरिक्षभौमं च ।
अङ्गं स्वरव्यञ्जनलक्षणं च त्रिविधं पुनरेकैकम् ॥१॥

सूत्रं वृत्तिः तथा वार्त्तिकं च पापश्रुतं एकोनत्रिंशद्विधम् ।
गान्धर्वनाट्यवास्तुआयुर्धनुर्वेदसंयुक्तम् ॥२॥)

अष्टनिमित्ताङ्गानि-दिव्यं व्यन्तराट्टहासादिविषयं १। उत्पातं रुधिरवृष्ट्यादिविषयं २। अन्तरिक्षं ग्रहभेदादिविषयं ३। भौमं भूमिविकारदर्शनादेवास्य इदं भविष्यतीत्यादिविषयं ४। अङ्गमङ्गविषयं ५। स्वरं स्वरविषयं ६। व्यञ्जनं मषादि तद्विषयं ७ लक्षणं लाञ्छनं रेखादिविषयं ८। **पुनर्द्दिव्याद्येकैकं त्रिविधं सूत्रं वृत्तिर्वार्त्तिकं चे**त्येवमष्टौ त्रिगुणाश्चतुर्विंशति-र्भेदास्तथा गन्धर्व्वं नाट्यं वास्तु आयुर्विद्या वैद्यकं धनुर्वेदश्चेत्येकोनत्रिंशत् ।'

आवश्यकसूत्रवृत्तावप्युक्तम् -

'एकोनत्रिंशद्भिः पापश्रुतप्रसङ्गैः, क्रिया पूर्ववत्, पापोपादानानि श्रुतानि पापश्रुतानि तेषां प्रसङ्गाः-तथाऽऽसेवनारूपा इति, पापश्रुतानि दर्शयन्नाह सङ्ग्रहणिकारः -

'अट्ठनिमित्तंगाइं दिव्वुप्पायंतलिक्खभोमं च ।
अंगसरलक्खणवंजणं च तिविहं पुणोक्केक्कं ॥१॥

सुत्तं वित्ती तह वत्तियं च पावसुय अउणतीसविहं ।
गंधव्वनट्टवत्थुं आउं धणुवेयसंजुत्तं ॥२॥

(**छाया**- अष्टौ निमित्ताङ्गानि दिव्योत्पातान्तरिक्षभौमं च ।
अङ्गस्वरलक्षणव्यञ्जनं च त्रिविधं पुनरेकैकम् ॥१॥

सूत्रं वृत्तिस्तथा वार्त्तिकं च पापश्रुतं एकोनत्रिंशद्विधम् ।
गन्धर्वनाट्यवास्तुआयुर्धनुर्वेदसंयुक्तम् ॥२॥)

वृत्तिः - अष्ट निमित्ताङ्गानि दिव्यं-व्यन्तराद्यट्टट्टहासादिविषयम्, उत्पातं सहज-रुधिरवृष्ट्यादिविषयम्, अन्तरिक्षं-ग्रहभेदादिविषयं, भौमं-भूमिविकारदर्शनादेवास्मादिदं भवतीत्यादिविषयम्, अङ्गम्-अङ्गविषयं, स्वरं-स्वरविषयं, व्यञ्जनं-मषादि तद्विषयं, तथा च - अङ्गादिदर्शनतस्तद्विदो भाविनं सुखादि जानन्त्येव, **त्रिविधं पुनरेकैकं** दिव्यादि सूत्रं वृत्तिः

तथा वार्तिकं च, इत्यनेन भेदेन -

'दिव्वाईण सरूवं अंगविवज्जाण होंति सत्तण्हं ।
सुत्तं सहस्स लक्खो य वित्ती तह कोडि वक्खाणं ॥१॥

अंगस्स सयसहस्सं सुत्तं वित्ती य कोडि विन्नेया ।
वक्खाणं अपरिमियं इयमेव य वत्तियं जाण ॥२॥'

(**छाया**- दिव्यादीनां स्वरूपमङ्गविवर्जितानां भवति सप्तानाम् ।
सूत्रं सहस्रं लक्षं च वृत्तिस्तथा कोटी व्याख्यानम् ॥१॥

अङ्गस्य शतसहस्रं सूत्रं वृत्तिश्च कोटी विज्ञेया ।
व्याख्यानमपरिमितं इदमेव च वार्त्तिकं जानीहि ॥२॥)

पापश्रुतमेकोनत्रिंशद्विधं, कथम् ?, अष्टौ मूलभेदाः सूत्रादिभेदेन त्रिगुणिताश्चतुर्विंशतिः गन्धर्वादिसंयुक्ता एकोनत्रिंशद्भवन्ति, '**वत्थुं**'ति वास्तुविद्या '**आउं**'ति वैद्यकं, शेषं प्रकट्यर्थम् ॥'

गुरुरेतान्येकोनत्रिंशद्विधानि पापश्रुतानि सर्वथा वर्जयति ।

शोधेः-प्रायश्चित्तस्य गुणा इति शोधिगुणाः । ते सप्तविधाः । तद्यथा - १ लघुता, २ आह्लादजननं, ३ आत्मपरनिवृत्तिः, ४ आर्जवशुद्धी, ५ दुष्करकरणं, ६ विनयः, ७ निःशल्यत्वञ्च । यदवाचि **संवेगरङ्गशालायाम्** -

'आलोयणाअदाणे, दोसा इइ वन्निया समासेणं ।
वोच्छामि अओ उड्ढं, जे उ गुणा होंति दाणम्मि ॥४९९०॥

लहुया ल्हाईजणणं, अप्पपरनियत्ति अज्जवं सोही ।
दुक्करकरणं विणयो, निस्सल्लत्तं ८ च सोहिगुणा ॥४९९१॥

इह कम्मचओ भारो, भंजइ जीवे स जेण अच्चत्थं ।
भग्गा य तेण सिवगइ-गमणम्मि ण पच्चला होंति ॥४९९२॥

वियडंतस्स उ दोसे, असंकिलिट्ठस्स सुद्धभावस्स ।
सो परिहायइ बहुसो, पुव्वचिओ कम्मगुरुभारो ॥४९९३॥

तह भावओ य गुरुई, चारित्तगुणे पडुच्च जीवाणं ।
सिवगतिकारणभूआ, जायइ परमत्थओ लहुया ॥४९९४॥

जह जह सुद्धसहावो, दोसे वियडेइ सम्ममुवउत्तो ।
तह तह पल्हाइ मुणी, नवनवसंवेगसद्धाओ ॥४९९५॥

पत्तो मया सुवेज्जो, दुलहो एसो य भाववाहिम्मि ।
लज्जाऽऽइया य तुच्छा, वाहिस्स विवड्ढया घोरा ॥४९९६॥

ता वियडिऊण सम्मं, इमस्स चलणंतियम्मि धन्नस्स ।
काहामि अप्पमत्तो, भवदुक्खनिवारणिं किरियं ॥४९९७॥

तह वियडिए य ल्हाई, उप्पज्जइ एव सुद्धभावस्स ।
धन्नो हं भवगहणे, जेण मए साहिओ अप्पा ॥४९९८॥

न कुणइ अओऽवराहे, चरणाउ लज्जओ अकिच्चाणं ।
पायच्छित्तभएण य, नियत्तिओ एवमऽप्पा उ ॥४९९९॥

दट्ठूण तं सुसाहुं, एव जयंतं परे वि भयभीया ।
न कुणंति अकिच्चाइं, सेवंति य नवरं किच्चाइं ॥५०००॥

अप्पपरनियत्तीए, एवं सपरोवयारभावो उ ।
न य सपरुवगाराउ, महल्लतरयं गुणट्ठाणं ॥५००१॥

आलोयणाए अज्जव-सोहीओ परमनेव्वुइकरीओ ।
भवभयनिवारणीओ, पन्नत्ता वीयरागेहिं ॥५००२॥

सोही उज्जुयभूयस्स, धम्मो सुद्धस्स चिट्ठइ ।
निव्वाणं परमं जाइ, घयसित्ते व्व पावए ॥५००३॥

णियडीकिलिट्ठचित्तो, बंधइ कम्मं किलिट्ठमेव बहुं ।
जीवो पमायबहुलो, किलिट्ठकम्मस्स य नियाणं ॥५००४॥

अइसंकिलिट्ठकम्माऽणु-वेयणे जो उ होइ परिणामो ।
सो संकिलिट्ठकम्मस्स, कारणं जमिह पाएणं ॥५००५॥

तत्तो य भवविवड्ढी, तओ य दुक्खाइं णेगभेयाइं ।
इइ संकिलेसमूलं, नियडि च्चिय होइ नायव्वा ॥५००६॥

उम्मूलणेण तीसे, संजायइ अज्जवं जओ तेण ।
आलोयण दायव्वा, सोहिनिमित्तं च जीवस्स ॥५००७॥

दुक्करकरणं च इमं, जं सेविज्जइ सुहं पमाएण ।
दुक्खं आलोइज्जइ, जहट्ठियं कम्मदोसाओ ॥५००८॥

लज्जाअभिमाणाऽऽइ-महाबले णेगभवसयऽब्भत्थे ।
वियडंति जे अगणिउं, ते दुक्करकारया लोए ॥५००९॥

पार्विति वि ते चेव य, अकलंकाऽऽराहणं महासत्ता ।
भवसयविवागमहर्णि, जे आलोयंति इय सम्मं ॥५०१०॥

तित्थयराऽऽणापालण-गुरुजणविणओ य सेविओ होइ ।
आलोयणापयाणे, सम्मं नाणाऽऽइविणओ य ॥५०११॥

विणओ सासणे मूलं, विणीओ संजओ भवे ।
विणयाओ विप्पमुक्कस्स, कओ धम्मो कओ तवो ॥५०१२॥

जम्हा विणयइ कम्मं, अट्ठविहं चाउरंतमोक्खाए ।
तम्हा उ वयंति विऊ, विणयो त्ति विलीणसंसारा ॥५०१३॥

जं जायइ निस्सल्ले, नियमा आलोइऊण जइसत्थो ।
नो अन्नह त्ति तम्हा, निस्सल्लत्तं गुणो तीए ॥५०१४॥

न हु सुज्झइ ससल्ले, जह भणियं सासणे धूयरयाणं ।
उद्धरियसव्वसल्ले, सुज्झइ जीवो धुयकिलेसो ॥५०१५॥

तो उद्धरंति गारव-रहिया मूलं पुणब्भवलयाणं ।
मिच्छादंसणसल्लं, मायासल्लं नियाणं च ॥५०१६॥

उद्धरियसव्वसल्ले, आलोइयनिंदिओ गुरुसयासे ।
होइ अइरेगलहूओ, ओहरियभरो व्व भारवहो ॥५०१७॥

आलोयणागुणा खलु, इइ एवं वन्निया समासेणं ।
एत्तो जह दायव्वा, तह वोच्छं तत्थिमा मेरा ॥५०१८॥'

(**छाया**- आलोचनाअदाने, दोषा इति वर्णिताः समासेन ।
वक्ष्यामि अत ऊर्ध्वं, ये तु गुणा भवन्ति दाने ॥४९९०॥

लघुता ह्लादिजननं, आत्मपरनिवृत्तिः आर्जवं शोधिः ।
दुष्करकरणं विनयः, निःशल्यत्वं च शोधिगुणाः ॥४९९१॥

इह कर्मचयो भारो, भनक्ति जीवः स येन अत्यन्तम् ।
भग्ना च तेन शिवगति-गमने न प्रत्यला भवन्ति ॥४९९२॥

विकटयतस्तु दोषान्, असङ्क्लिष्टस्य शुद्धभावस्य ।
स परिहीयते बहुशः, पूर्वचितः कर्मगुरुभारः ॥४९९३॥

तथा भावतश्च गुरुकी, चारित्रगुणानाश्रित्य जीवानाम् ।
शिवगतिकारणभूता, जायते परमार्थतो लघुता ॥४९९४॥

यथा यथा शुद्धस्वभावः, दोषान् विकटयति सम्यगुपयुक्तः ।
तथा तथा प्रह्लादयति मुनिः, नवनवसंवेगश्रद्धातः ॥४९९५॥

प्राप्तो मया सुवैद्यो, दुर्लभ एष यः भावव्याधौ ।
लज्जादिका च तुच्छा, व्याधेः विवर्धका घोराः ॥४९९६॥

ततः विकटयित्वा सम्यग्, अस्य चरणान्तिके धन्यस्य ।
करिष्यामि अप्रमत्तः, भवदुःखनिवारणिं क्रियाम् ॥४९९७॥

तथा विकटिते च ह्लादिः, उत्पद्यते एव शुद्धभावस्य ।
धन्योऽहं भवगहने, येन मया शोधितः आत्मा ॥४९९८॥

न करोति अतोऽपराधान्, लज्जातः अकृत्यानाम् ।
प्रायश्चित्तभयेन च, निवर्त्तित एवमात्मा तु ॥४९९९॥

दृष्ट्वा तं सुसाधुं, एव यतन्तं परेऽपि भयभीताः ।
न कुर्वन्ति अकृत्यानि सेवन्ते च नवरं कृत्यानि ॥५०००॥

आत्मपरनिवृत्त्या, एवं स्वपरोपकारभावस्तु ।
न च स्वपरोपकारात्, महत्तरत् गुणस्थानम् ॥५००१॥

आलोचनया आर्जव-शोधी परमनिवृत्तिकारिण्यौ ।
भवभयनिवारिण्यौ, प्रज्ञप्ते वीतरागैः ॥५००२॥

शोधिः ऋजुभूतस्य, धर्मः शुद्धस्य तिष्ठति ।
निर्वाणं परमं याति, घृतसिक्त इव पावकः ॥५००३॥

निकृतिक्लिष्टचित्तो, बध्नाति कर्म क्लिष्टमेव बहु ।
जीवः प्रमादबहुलः, क्लिष्टकर्मणः स निदानम् ॥५००४॥

अतिसङ्क्लिष्टकर्माणु-वेदने यस्तु भवति परिणामः ।
स सङ्क्लिष्टकर्मणः, कारणं यदिह प्रायेण ॥५००५॥

ततश्च भवविवृद्धिः, ततश्च दुःखानि अनेकभेदानि ।
इति सङ्क्लेशमूलं, निकृतिरेव भवति ज्ञातव्या ॥५००६॥

उन्मूलनेन तस्याः, सञ्जायते आर्जवं यतस्तेन ।
आलोचना दातव्या, शोधिनिमित्तं च जीवस्य ॥५००७॥

दुष्करकरणं च इदं, यत् सेव्यते सुखं प्रमादेन ।
दुःखं आलोच्यते, यथास्थितं कर्मदोषतः ॥५००८॥

लज्जाअभिमानादि-महाबलान् अनेकभवशताभ्यस्तान् ।
विकटयन्ति ये अगणयित्वा, ते दुष्करकारकाः लोके ॥५००९॥

प्राप्नुवन्ति अपि ते एव च, अकलङ्काराधनां महासत्त्वाः ।
भवशतविपाकमथनीं, ये आलोचयन्ति इति सम्यक् ॥५०१०॥

तीर्थकराऽऽज्ञापालन-गुरुजनविनयश्च सेवितो भवति ।
आलोचनाप्रदाने, सम्यक् ज्ञानादिविनयश्च ॥५०११॥

विनयः शासने मूलं, विनीतः संयतः भवेत् ।
विनयात् विप्रमुक्तस्य, कुतो धर्मः कुतस्तपः ॥५०१२॥

यस्मात् विनयति कर्म, अष्टविधं चतुरन्तमोक्षाय ।
तस्मात्तु वदन्ति विदः, विनय इति विलीनसंसाराः ॥५०१३॥

यत् जायते निःशल्यः, नियमात् आलोचयित्वा यतिसार्थः ।
न अन्यथा इति तस्मात्, निःशल्यत्वं गुणस्तस्याः ॥५०१४॥

न खलु शुध्यति सशल्यः, यथा भणितं शासने धुतरजसाम् ।
उद्धृतसर्वशल्यः, शुध्यति जीवो धुतक्लेशः ॥५०१५॥

तत उद्धरन्ति गौरव-रहिता मूलं पुनर्भवलतानाम् ।
मिथ्यादर्शनशल्यं, मायाशल्यं निदानञ्च ॥५०१६॥

उद्धृतसर्वशल्यः, अलोचितनिन्दितो गुरुसकाशे ।
भवति अतिरेकलघुकः, अपहृतभरः इव भारवाहः ॥५०१७॥

आलोचनागुणाः खलु, इति एवं वर्णिताः समासेन ।
अतः यथा दातव्या, तथा वक्ष्यामि तत्रेयं मर्यादा ॥५०१८॥)

अत्र यद्यप्यार्जवशोधीति द्वौ गुणौ विवक्ष्य शोधिगुणा अष्टौ प्रतिपादिताः, तथापि गुरुगुणषट्त्रिंशत्षट्त्रिंशिकाकुलकस्यैकत्रिंशत्तमवृत्ते शोधिगुणाः सप्त प्रतिपादिता अतोऽस्माभिरार्जवशोधीति सम्मिल्यैक एव गुणो विवक्षितः । स्वोपज्ञटीकायां तु **'अज्जवं सोही'** (आर्जवशोधी) इत्यस्य स्थाने **'अज्झवसोही'** (अध्यात्मशुद्धिः) इत्युक्त्वा सप्त शोधिगुणाः प्रतिपादिताः । सर्वत्र भावार्थस्त्वेक एव ।

गुरुरेतान्सप्तविधान् शोधिगुणान् सम्यग् जानाति ।

इत्थं षट्त्रिंशद्गुणसमन्वितो गुरुर्जीवानां प्रायश्चित्तदानेन विशुद्धिं तनोतु ॥३१॥

इति त्रिंशत्तमी षट्त्रिंशिका समाप्ता ।

● ● ●

+ **किं सुरगिरिणो गरुयं, जलनिहिणो किं व हुज्ज गंभीरं ।**
किं गयणाओ विसालं, को य अहिंसा समो धम्मो ॥

મેરુપર્વત કરતા વધુ ઊંચું શું છે ? સમુદ્ર કરવા વધુ ગંભીર શું છે ? આકાશ કરતા વિશાળ શું છે ? અહિંસાની સમાન કયો ધર્મ છે ?

ત્રીસમી છત્રીસી

હવે ત્રીસમી છત્રીસી કહે છે -

શબ્દાર્થ - ઓગણત્રીસ ભેદવાળા પાપશ્રુતોને દૂરથી વર્જનારા અને સાત પ્રકારના શોધિના ગુણોને જાણનારા - આમ છત્રીસ ગુણોવાળા ગુરુ જય પામો. (૩૧)

પ્રેમીયા વૃત્તિનો ભાવાનુવાદ - પાપ એટલે અશુભ કર્મો. શ્રુત એટલે શાસ્ત્ર. પાપના કારણરૂપ શ્રુત તે પાપશ્રુત. તે ઓગણત્રીસ પ્રકારનું છે. તે આ પ્રમાણે - ૧-૨૪ આઠ નિમિત્તો - દિવ્ય, ઉત્પાત, અંતરિક્ષ, ભૌમ, અંગ, સ્વર, લક્ષણ અને વ્યંજન, દરેકના સૂત્ર, વૃત્તિ અને વાર્તિક એમ ત્રણ ભેદ, ૨૫ ગંધર્વ, ૨૬ નાટ્ય, ૨૭ વાસ્તુ, ૨૮ વૈદ્યક અને ૨૯ ધનુર્વેદ. **શ્રમણપ્રતિક્રમણસૂત્ર**માં અને તેની **વૃત્તિ**માં કહ્યું છે -

'મૂલાર્થ - ઓગણત્રીસ પાપશ્રુતપ્રસંગો વડે.

ટીકાર્થ - ઓગણત્રીસ પાપશ્રુતપ્રસંગો વડે. પાપના કારણભૂત શ્રુતો તે પાપશ્રુતો. તેમના પ્રસંગો એટલે કે તેવા પ્રકારના સેવનો તે પાપશ્રુતપ્રસંગો. તે આ પ્રમાણે - નિમિત્તના આઠ અંગો - (૧) દિવ્ય - વ્યંતરોના અટ્ટહાસ વગેરેના વિષયવાળું. (૨) ઉત્પાત-લોહીની વૃષ્ટિ વગેરેના વિષયવાળું. (૩) અંતરિક્ષ - ગ્રહનો ભેદ થવો વગેરેના વિષયવાળું (૪) ભૌમ-ભૂમિનો વિકાર જોવાથી જ 'આનું આ થશે.' વગેરેના વિષયવાળું (૫) અંગ-અંગના વિષયવાળું (૬) સ્વર-સ્વરના વિષયવાળું. (૭) વ્યંજન - મસા વગેરેના વિષયવાળું. (૮) લક્ષણ-લાંછન, રેખા વગેરેના વિષયવાળું. આ આઠના દરેકના સૂત્ર, વૃત્તિ અને વાર્ત્તિક ત્રણ પ્રકાર છે. એટલે ૨૪ ભેદ થાય છે તથા ગંધર્વ, નાટ્ય, વાસ્તુ, આયુર્વિદ્યા એટલે ધનુર્વિદ્યા. એમ ઓગણત્રીસ પાપશ્રુતપ્રસંગો થયા.'

આવશ્યકસૂત્રની વૃત્તિમાં પણ કહ્યું છે -

'ઓગણત્રીસ પાપશ્રુતપ્રસંગો વડે જે અતિચાર લાગ્યા હોય તેનાથી હું પાછો ફરું છું. પાપના કારણભૂત શ્રુતો તે પાપશ્રુતો. તેમના પ્રસંગો એટલે તેવા પ્રકારની આસેવના તે પાપશ્રુતપ્રસંગો. સંગ્રહણિકાર પાપશ્રુતો બતાવતાં કહે છે - નિમિત્તના આઠ અંગો - (૧)

દિવ્ય-વ્યંતર વગેરેના અટ્ટટ્ટહાસ વગેરેના વિષયવાળું. (૨) ઉત્પાત-સ્વાભાવિક લોહીની વૃષ્ટિ વગેરેના વિષયવાળું. (૩) અંતરિક્ષ-ગ્રહના ભેદ વગેરેના વિષયવાળું. (૪) ભૌમ - ભૂમિનો વિકાર જોવાથી જ 'આનાથી આ થશે' વગેરેના વિષયવાળું. (૫) અંગ-અંગના વિષયવાળું. (૬) સ્વર-સ્વરના વિષયવાળું. (૭) લક્ષણ-રેખા વગેરેના વિષયવાળું. (૮) વ્યંજન-મસા વગેરેના વિષયવાળું. આ દરેકના સૂત્ર, વૃત્તિ અને વાર્તિક એમ ત્રણ ભેદ છે. અંગ સિવાયના દિવ્ય વગેરેનું સૂત્ર ૭,૦૦૦ શ્લોકપ્રમાણ છે, વૃત્તિ એક લાખ શ્લોક પ્રમાણ છે અને વ્યાખ્યાન એક ક્રોડ શ્લોક પ્રમાણ છે. અંગનું સૂત્ર એક લાખ શ્લોક પ્રમાણ છે, વૃત્તિ એક ક્રોડ શ્લોક પ્રમાણ છે અને વ્યાખ્યાન અપરિમિત છે. આ વ્યાખ્યાન એ જ વાર્તિક છે. આમ ૮ x ૩ = ૨૪ ભેદ અને ગંધર્વ, નાટ્ય, વાસ્તુવિદ્યા, વૈદ્યક અને ધનુર્વિદ્યા - આમ ઓગણત્રીસ પાપશ્રુતો થયા.'

ગુરુ આ ઓગણત્રીસ પ્રકારના પાપશ્રુતોને સર્વથા વર્જે છે.

શોધિ એટલે પ્રાયશ્ચિત્ત. તેના ગુણો તે શોધિગુણો. તે સાત પ્રકારના છે. તે આ પ્રમાણે - ૧ લઘુતા, ૨ આહ્લાદજનન, ૩ આત્મપરનિવૃત્તિ, ૪ સરળતા અને શુદ્ધિ, ૫ દુષ્કરકરણ, ૬ વિનય અને ૭ નિઃશલ્યપણું. **સંવેગરંગશાળા**માં કહ્યું છે -

'એમ આલોચના નહિ આપવાથી થતા દોષોને સંક્ષેપમાં કહ્યા હવે તે આપવાથી જે ગુણો થાય છે તેને કહું છું. (૪૯૯૦)

પાંચમું પેટાદ્વાર-આલોચના દેવાથી થતા ગુણો - ૧ લઘુતા, ૨ પ્રસન્નતા, ૩ સ્વ-પર નિવૃત્તિ, ૪ માયાનો ત્યાગ, ૫ આત્માની શુદ્ધિ, ૬ દુષ્કર ક્રિયા, ૭ વિનય અને ૮ નિઃશલ્યતા, એ આઠ ગુણો આલોચના દેવાથી થાય છે. (૪૯૯૧) તેમાં -

૧. લઘુતા - અહીં કર્મનો સંચય (સમૂહ) તે ભાર જાણવો, કારણ કે-તે જીવોને ભાંગે છે (થકાવે છે, પરાજિત કરે છે), તે ભારથી (ભગ્ગા=) થાકેલા જીવો શિવગતિમાં જવા માટે સમર્થ થતા નથી. (૪૯૯૨) સંક્લેશ તજીને શુદ્ધ ભાવથી દોષોની આલોચના આપનારનો વારંવાર પૂર્વે એકઠો કરેલો (બાંધેલો) કર્મનો તે મોટો ભાર (પણ) નાશ પામે છે. (૪૯૯૩) અને તેમ થવાથી જીવોને ભાવથી શિવગતિના કારણભૂત એવી ચારિત્રગુણની અપેક્ષાએ પરમાર્થથી મોટી (કર્મોની) લઘુતા થાય છે. (૪૯૯૪)

૨. પ્રસન્નતા - શુદ્ધ સ્વભાવવાળો મુનિ જેમ જેમ દોષોને સમ્યગ્ ઉપયોગપૂર્વક (ગુરુને) જણાવે છે, તેમ તેમ નવા નવા સંવેગરૂપ શ્રદ્ધાથી (અથવા સંવેગ અને શ્રદ્ધાથી) પ્રસન્ન થાય છે. (૪૯૯૫) 'મને આ દુર્લભ ઉત્તમ વૈદ્ય મળ્યો, ભાવરોગમાં આવો વૈદ્ય મળવો દુર્લભ

છે, વ્યાધિને વધારનારા લજ્જા વગેરે (તુચ્છ =) અધમ દોષો ભયંકર છે, (૪૯૯૬) તેથી ધન્ય એવા આ ગુરુના ચરણ પાસે (સમક્ષ) (લજ્જાદિને છોડીને) સમ્યગ્ આલોચના આપીને, અપ્રમત્ત એવો હું સંસારનાં દુઃખોની નાશક ક્રિયાને (અનશનને) કરીશ.' (૪૯૯૭) તે રીતે (શુભ ભાવે) આલોચના કરે છતે શુદ્ધ ભાવવાળાને 'હું ધન્ય છું, કે જે મેં આ સંસારરૂપ અટવીમાં આત્માને શુદ્ધ કર્યો.' એવી પ્રસન્નતા પ્રગટે જ છે. (૪૯૯૮)

૩. **સ્વ-પર દોષનિવૃત્તિ** - વળી (શુદ્ધ થયેલો) (કિચ્ચાણં=) પૂજ્યોના ચરણથી (પ્રભાવથી), લજ્જાથી અને પ્રાયશ્ચિત્તના ભયથી પુનઃ અપરાધોને ન કરે, એમ આત્મા (પોતે) (દોષોથી) અટકે. (૪૯૯૯) અને એ રીતે ઉદ્યમ કરતા તે ઉત્તમ સાધુને જોઈને (પાપના) ભયથી ડરતા બીજા પણ અકાર્યોને ન કરે, માત્ર (સંયમનાં) કાર્યોને જ કરે. (૫૦૦૦) એમ સ્વ-પર નિવૃત્તિથી સ્વ-પર ઉપકાર થાય અને સ્વ-પર ઉપકારથી અતિ મોટું બીજું કોઈ ગુણસ્થાનક (ગુણ) નથી. (૫૦૦૧)

૪-૫. **માયાત્યાગ અને શુદ્ધિ** - શ્રીવીતરાગ ભગવંતોએ આલોચના કરવાથી ભવભયના નાશક અને પરમ નિવૃત્તિકારક, એવા (અજ્જવ =) માયાત્યાગ અને શુદ્ધિ કહી છે. (૫૦૦૨) સરળ (માયારહિત) જીવની શુદ્ધિ થાય છે, શુદ્ધ આત્માનો ધર્મ સ્થિર થાય છે અને તેથી ઘીથી સિંચેલા અગ્નિની જેમ પરમ નિર્વાણને (તેજને અથવા પવિત્રતાને) પામે છે. (૫૦૦૩) માયાથી ક્લિષ્ટ ચિત્તવાળો બહુ પ્રમાદી જીવ પાપકર્મોના (કાર્યોના) કારણભૂત, એવાં ઘણાં ક્લિષ્ટ કર્મોને જ બાંધે છે. (૫૦૦૪) અને અહીં (તે) અતિ ક્રુર કર્મોને ભોગવતાં જે પરિણામ (અધ્યવસાયો થાય,) તે પ્રાયઃ સંક્લેશકારક પાપકર્મનું કારણ બને છે. એમ (ક્લિષ્ટ ચિત્તથી પાપકર્મોનો બંધ અને તેને ભોગવતાં ક્લિષ્ટ ચિત્ત, તેમાંથી પુનઃ પાપકર્મનો બંધ, એ રીતે પરસ્પર કાર્ય-કારણરૂપે) સંસારની વૃદ્ધિ અને તે વધવાથી અનેક પ્રકારનાં દુઃખો પ્રગટે છે. એમ માયા જ સર્વ સંક્લેશોનું (દુઃખોનું) મૂળ માનવું તે યોગ્ય છે. (૫૦૦૫-૫૦૦૬) તે માયાના ઉન્મૂલનથી આર્જવ પ્રગટે તે કારણે અને જીવની શુદ્ધિ માટે, એમ (બે કારણે) આલોચના આપવી જોઈએ. (૫૦૦૭)

૬. **દુષ્કરક્રિયા** - આ (આલોચના આપવી તે) દુષ્કર છે, કારણ કે-કર્મના દોષથી જીવ પ્રમાદથી દોષોનું સેવન સુખપૂર્વક કરે છે અને યથાસ્થિત આલોચના આપતા (તેને) દુઃખ થાય છે. (માટે) કર્મના દોષથી અનેક સેંકડો (હજારો) ભવથી વારંવાર સેવેલા મહા બલવાન્ એવા લજ્જા, અભિમાન વગેરેને અવગણીને (પણ) જેઓ આલોચના કરે છે, તેઓ લોકમાં દુષ્કરકારક છે. (૫૦૦૮-૫૦૦૯) જેઓ એ રીતે સમ્યક્ આલોચના કરે છે, તે મહાત્માઓ જ સેંકડો ભવોના દુઃખોનો નાશ કરનારી નિષ્કલંક (શુદ્ધ) આરાધનાને પણ પામે છે. (૫૦૧૦)

૭. **વિનય** - સમ્યગ્ આલોચના આપવાથી શ્રીતીર્થંકરોની આજ્ઞાનું પાલન (આજ્ઞાનો વિનય) થાય છે, ગુરુઓનો વિનય થાય છે અને જ્ઞાનાદિ (સફળ થવાથી તે) ગુણોનો (પણ) વિનય થાય છે. (૫૦૧૧) કહ્યું છે કે-'વિનય એ શાસનનું મૂળ છે, માટે (સંયત) વિનીત હોય. વિનયરહિતને ધર્મ ક્યાંથી અને તપ પણ ક્યાંથી ? (૫૦૧૨)' કારણ (કહ્યું છે) કે ચાતુરંત સંસારથી મુક્તિ માટે આઠ પ્રકારના કર્મને (વિનયતિ) દૂર કરે છે, તેથી સંસારમુક્ત શ્રીઅરિહંતો તેને વિનય કહે છે. (૫૦૧૩)

૮. **નિઃશલ્યતા** - આલોચના આપીને જ (જઈસત્થો =) સાધુઓ નિયમા શલ્યરહિત થાય, અન્યથા ન જ થાય, તે કારણે તેનો (આલોચનાનો) ગુણ નિઃશલ્યતા છે. (૫૦૧૪) શલ્યવાળો નિશ્ચે શુદ્ધ થતો નથી, કારણ કે ધૂતરજવાળાના (વીતરાગના) શાસનમાં કહ્યું છે કે સર્વ શલ્યોનો ઉદ્ધાર કરનારો જ જીવ ક્લેશોનો નાશ કરીને શુદ્ધ થાય છે. (૫૦૧૫) તેથી ગારવરહિત આત્માઓ નવા નવા જન્મોરૂપ વેલડીના મૂળભૂત મિથ્યાદર્શનશલ્યને, માયાશલ્યને અને નિયાણશલ્યને મૂળમાંથી ઉખેડે છે. (૫૦૧૬) જેમ ભારવાહક (મજુર) ભારને ઉતારીને (અતિ હલકો થાય), તેમ ગુરુ પાસે (દુષ્કૃત્યોની) આલોચના અને નિંદા કરીને સર્વ શલ્યોનો નાશ કરનાર સાધુ (કર્મનો ભાર ઉતારીને) અતિ હલકો થાય છે. (૫૦૧૭) (એમ આલોચનાના આઠ ગુણોનું પાંચમું દ્વાર જાણવું.) એ આલોચનાના ગુણો મેં આ પ્રમાણે (સંક્ષેપથી) કહ્યા. હવે તે આલોચના જેવી રીતે આપવી તે રીતને કહું છું. તેમાં આ મર્યાદા છે. (૫૦૧૮)'

(સંવેગરંગશાળાના આ. શ્રીભદ્રંકરસૂરિજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

અહીં જો કે સરળતા અને શુદ્ધિ એમ બે ગુણોની વિવક્ષા કરીને શોધિના ગુણો આઠ કહ્યા છે, છતાં પણ ગુરુગુણષટ્ત્રિંત્રશત્ષટ્ત્રિંત્રશિકાકુલકના એકત્રીસમા શ્લોકમાં શોધિના ગુણો સાત કહ્યા છે, તેથી અમે સરળતા અને શુદ્ધિ એ બન્નેને ભેગા કરીને એક જ ગુણની વિવક્ષા કરી છે. સ્વોપજ્ઞટીકામાં તો સરળતા અને શુદ્ધિના સ્થાને અધ્યાત્મની શુદ્ધિ એમ કહીને શોધિના સાત ગુણો કહ્યા છે. બધે ભાવાર્થ તો એક જ છે.

ગુરુ આ સાત પ્રકારના શોધિના ગુણોને સારી રીતે જાણે છે.

આમ છત્રીસ ગુણોથી યુક્ત ગુરુ જીવોને પ્રાયશ્ચિત્ત આપવા વડે વિશુદ્ધ કરો. (૩૧)

આમ ત્રીસમી છત્રીસી સમાપ્ત થઈ.

●●●

एकत्रिंशत्तमी षट्त्रिंशिका

अथैकत्रिंशत्तमीं षट्त्रिंशिकामाह–

मूलम् - महमोहबंधठाणे, तीसं तह अंतरारिछक्कं च ।
लोए निवारयंतो, छत्तीसगुणो गुरू जयउ ॥३२॥

छाया - महामोहबन्धस्थानानि त्रिंशत् तथा आन्तरारिषट्कञ्च ।
लोके निवारयन्, षट्त्रिंशद्गुणो गुरुर्जयतु ॥३२॥

प्रेमीया वृत्तिः - तथा - पूर्वश्लोकापेक्षयाऽस्य श्लोकस्य समुच्चयार्थं, **लोके** - जने, **त्रिंशत्** - त्रिंशत्सङ्ख्यानि, **महामोहबन्धस्थानानि** - महान्ति मोहनीय-कर्म्मबन्धस्थानानि, **आन्तरारिषट्कं** - अन्तरङ्गानां शत्रूणां षट्कं, **चः** समुच्चये, **निवारयन्** - निषेधयन्, इति **षट्त्रिंशद्गुणो गुरुर्जयत्वित्यक्षरगमनिका** ।

उपनिषदर्थस्त्वयम् - येन जीवाः सदसद्विवेकविकला भवन्ति स मोहः- मोहनीयकर्म इत्यर्थः । अतिसङ्क्लिष्टपरिणामहेतुत्वात् महांश्चासौ मोह इति महा-मोहः । तस्य बन्धः - आत्मना सह क्षीरनीरवद् परस्परं सम्बन्ध इति महामोहबन्धः । तस्य स्थानानि निमित्तानीति महामोहबन्धस्थानानि । तानि त्रिंशत्सङ्ख्यानि । यदुक्तं **श्रमणप्रतिक्रमणसूत्रे** -

'तीसाए मोहणियठाणेहिं ।'

आवश्यकसूत्रवृत्तावस्य व्याख्यैवं कृता -

'त्रिंशद्भिर्मोहनीयस्थानैः, क्रिया पूर्ववत्, सामान्येनैकप्रकृतिकर्म मोहनीयमुच्यते, उक्तं च - '**अट्ठविहंपि य कम्मं भणियं मोहोत्ति जं समासेण**'मित्यादि,

(**छाया**- अष्टविधमपि च कर्म भणितं मोह इति यत् समासेन ।)

विशेषेण चतुर्थी प्रकृतिर्मोहनीयं तस्य स्थानानि-निमित्तानि भेदाः पर्याया मोहनीयस्थानानि, तान्यभिधित्सुराह सङ्ग्रहणिकारः -

'वारिमज्झेवगाहित्ता, तसे पाणे विहिंसइ ।
छाएउ मुहं हत्थेणं, अंतोनायं गलेरवं ॥१॥

सीसावेढेण वेढित्ता, संकिलेसेण मारए ।
सीसंमि जे य आहंतुं, दुहमारेण हिंसइ ॥२॥

बहुजणस्स नेयारं, दीवं ताणं च पाणिणं ।
साहारणे गिलाणंमि, पहू किच्चं न कुव्वइ ॥३॥

साहू अकम्म धम्माउ, जे भंसेइ उवट्ठिए ।
णेयाउयस्स मग्गस्स, अवगारंमि वट्टई ॥४॥

जिणाणं णंतणाणीणं, अवण्णं जो उ भासई ।
आयरियउवज्झाए, खिंसई मंदबुद्धीए ॥५॥

तेसिमेव य णाणीणं, संमं नो पडितप्पइ ।
पुणो पुणो अगिहरणं, उप्पाए तित्थभेयए ॥६॥

जाणं आहंमिए जोए, पउंजइ पुणो पुणो ।
कामे वमित्ता पत्थेइ, इहऽन्नभविए इय ॥७॥

अभिक्खणं बहुसुएऽहंति, जो भासइऽबहुस्सुए ।
तहा य अतवस्सी उ, जो तवस्सित्तिऽहं वए ॥८॥

जायतेएण बहुजणं, अंतोधूमेण हिंसइ ।
अकिच्चमप्पणा काउं, कयमेएण भासइ ॥९॥

निवडुवहिपणिहिए, पलिउंचे साइजोगजुत्ते य ।
बेइ सव्वं मुसं वयसि, अक्खीणझंझए सया ॥१०॥

अद्धाणंमि पवेसित्ता जो, धणं हरइ पाणिणं ।
वीसंभित्ता उवाएणं, दारे तस्सेव लुब्भई ॥११॥

अभिक्खमकुमारेहिं, कुमारेऽहंति भासइ ।
एवं अबंभयारीवि, बंभयारित्तिऽहं वए ॥१२॥

जेणेविस्सरियं णीए, वित्ते तस्सेव लुब्भई ।
तप्पभावुट्ठिए वावि, अंतरायं करेइ से ॥१३॥

सेणावइं पसत्थारं, भत्तारं वावि हिंसई ।
रट्ठस्स वावि निगमस्स, नायगं सेट्ठिमेव वा ॥१४॥

अपस्समाणो पस्सामि, अहं देवेत्ति वा वए ।
अवण्णेणं च देवाणं, महामोहं पकुव्वइ ॥१५॥

(**छाया**- वारिमध्येऽवगाह्य, त्रसान् प्राणान् विहिनस्ति ।
छादयित्वा मुखं हस्तेन, अन्तोनदं गलेरवम् ॥१॥

शीर्षवेष्टनेन वेष्टयित्वा, सङ्क्लेशेन मारयति ।
शीर्षे यश्च आहत्य, दुःखमारेण हिनस्ति ॥२॥

बहुजनस्य नेतारं, द्वीपं त्राणं च प्राणिनाम् ।
साधारणे ग्लाने, प्रभुः कृत्यं न करोति ॥३॥

साधुमाक्रम्य धर्मात्, यो भ्रंशयति उपस्थितम् ।
नयनशीलस्य मार्गस्य, अपकारे वर्त्तते ॥४॥

जिनानां अनन्तज्ञानिनां, अवर्णं यस्तु भाषते ।
आचार्योपाध्यायान्, निन्दति मन्दबुद्ध्या ॥५॥

तेषामेव च ज्ञानिनां, सम्यग् न प्रतितप्यते ।
पुनः पुनः अधिकरणं, उत्पादयति तीर्थभेदार्थम् ॥६॥

जानन् अधार्मिकान् योगान्, प्रयुनक्ति पुनः पुनः ।
कामान् वान्त्वा प्रार्थयति, इहान्यभविकान् इति ॥७॥

भिक्षूणां बहुश्रुतोऽहमिति, यो भाषतेऽबहुश्रुतः ।
तथा च अतपस्वी तु, यस्तपस्वीति अहं वदेत् ॥८॥

जाततेजसा बहुजनं, अन्तर्धूमेन हिनस्ति ।
अकृत्यमात्मना कृत्वा, कृतमेतेन भाषते ॥९॥

निकृतिउपधिप्रणिधिना, वञ्चयति सातियोगयुक्तश्च ।
ब्रूते सर्वां मृषां वदसि, अक्षीणकलहः सदा ॥१०॥

अध्वनि प्रविश्य यो, धनं हरति प्राणिनाम् ।
विश्रभ्य उपायेन, दारेषु तस्यैव लुभ्यति ॥११॥

अभीक्ष्णमकुमारे, कुमारेऽहमिति भाषते ।
एवं अब्रह्मचार्यपि, ब्रह्मचारीति अहं वदेत् ॥१२॥

येनैवैश्वर्यं नीतः, वित्ते तस्यैव लुभ्यति ।
तत्प्रभावोत्थिते वापि, अन्तरायं करोति तस्य ॥१३॥

सेनापतिं प्रशास्तारं, भर्त्तारं वापि हिनस्ति ।
राष्ट्रस्य वापि निगमस्य, नायकं श्रेष्ठिनमेव वा ॥१४॥

अपश्यन् पश्यामि, अहं देवानिति वा वदेत् ।
अवर्णेन च देवानां, महामोहं प्रकुरुते ॥१५॥)

(૨૯) નયો : નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર-શબ્દ-સમભિરૂઢ-એવંભૂત નામના સાત નયો છે. તેમાં નિપુણ. જે આવા પ્રકારના ન હોય તે ખરેખર વચન-માત્રથી બોધ કરવા માટે સમર્થ નથી. (૩૦) આથી જ ગ્રાહણાકુશલ = બીજાને વિશ્વાસ ઉપજાવવામાં સમર્થ, (૩૧) સ્વશાસ્ત્ર અને પરશાસ્ત્રને જાણનાર. (૩૨) ગંભીર = અતુચ્છ. (૩૩) દીપ્તિમાન : પ્રતાપી. (૩૪) શિવ = વિશિષ્ટ તપાદિ લબ્ધિ વડે ક્ષેમ કરનાર. (૩૫) સૌમ્ય - ક્રોધ રહિત. (૩૬) 'ગુણ'થી મૂલગુણો લેવા અને 'શતાનિ'થી સો નહિ પણ સેંકડો એમ સમજવું અને તેઓ વડે યુક્ત સિદ્ધાંતના અર્થને કહેવા માટે સમર્થ છે. આ પ્રમાણે ચાર ગાથાનો અર્થ થયો. આવા ગુણોથી યુક્ત અને આવા પ્રકારના ગુણના સમૂહથી યુક્ત આચાર્ય દર્શન પ્રભાવક થાય છે. (૩૪, ૩૫, ૩૬, ૩૭) (૧૪૮, ૧૪૯, ૧૫૦, ૧૫૧)'

(સટીક સમ્યક્ત્વપ્રકરણના મુનિશ્રી પુણ્યકીર્તિવિજયજી મ. સંપાદિત ભાવાનુવાદમાંથી સાભાર)

સંબોધપ્રકરણમાં ગુરુના ગુણોની ૪૮ છત્રીસીઓ બતાવી છે. તે આ પ્રમાણે -

આ ગાથાઓનું સંક્ષેપમાં વિવરણ આ પ્રમાણે જાણવું -

ગુરુ પ્રતિરૂપ વગેરે ચૌદ ગુણોવાળા હોય છે. તે ચૌદ ગુણો સત્તરમી છત્રીસીની વૃત્તિમાં બતાવ્યા છે. ગુરુ ક્ષમા વગેરે દશ પ્રકારના યતિધર્મનું પાલન કરે છે. દશ પ્રકારના યતિધર્મનું સ્વરૂપ બારમી છત્રીસીની વૃત્તિમાં વર્ણવ્યું છે. ગુરુ અનિત્યપણું વગેરે બાર ભાવનાઓને ભાવે છે. બાર ભાવનાઓ સોળમી છત્રીસીની વૃત્તિમાં સમજાવી છે. આમ સૂરિના એટલે કે ગુરુના છત્રીસ ગુણો થાય છે. (૫૯૬)

આ બે ગાથાઓનો ભાવાર્થ પૂર્વે સાડત્રીસમી ગાથાની વૃત્તિ પછીની વૃત્તિમાં બતાવ્યો છે. (૫૯૭, ૫૯૮)

ગુરુએ વિધિપૂર્વક ચારિત્ર લીધુ હોય. ગુરુ ગીતાર્થ હોય એટલે કે તેમણે છેદગ્રન્થોનો સારી રીતે અભ્યાસ કર્યો હોય એટલે કે તેઓ ઉત્સર્ગ અને અપવાદમાં હોંશિયાર હોય. ગુરુ વાત્સલ્યવાળા હોય. ગુરુ નિર્મળ બ્રહ્મચર્યને ધારણ કરનારા હોય. તેમણે ગુરુકુળવાસની આરાધના કરી હોય. તેઓ શિષ્યોનું અનુવર્તન કરવામાં તત્પર હોય એટલે કે શિષ્યોના મનને અનુકૂળ રીતે વર્તવા તૈયાર હોય. આવા ગુણોના સમૂહથી શોભિત ગુરુ હોય છે એમ તીર્થંકરોએ અને ગણધરોએ કહ્યું છે. **પંચવસ્તુક**માં અને તેની **વૃત્તિ**માં કહ્યું છે -

'(૧) પ્રવ્રજ્યાને યોગ્ય જીવના હવે કહેવાશે તે ગુણોથી જે યુક્ત હોય, બીજે પણ કહ્યું છે કે - (૧) આર્યદેશમાં ઉત્પન્ન થયેલા (૨) વિશિષ્ટ જાતિ અને કુળવાળા (૩) જેનો કર્મમલ લગભગ ક્ષય પામ્યો હોય તેવા. (૪) તેથી જ નિર્મળબુદ્ધિવાળા. (૫) 'મનુષ્યપણું દુર્લભ છે, જન્મ મરણનું કારણ છે, સંપત્તિઓ ચંચળ છે, વિષયો દુઃખનું કારણ છે, સંયોગ, વિયોગ, દરેક ક્ષણે મરણ, ભયંકર પરિણામ' આ પ્રમાણે સંસારની નિર્ગુણતા જેણે જાણી હોય તેવા, (૬) તેથી જ સંસારથી વૈરાગ્ય પામેલા (૭) જેના કષાયો અલ્પ હોય તેવા. (૮) જેના હાસ્ય વગેરે અલ્પ હોય તેવા. (૯) કૃતજ્ઞ-ઉપકારને જાણનારા. (૧૦) વિનયવાળા. (૧૧) પૂર્વે પણ રાજા, મંત્રી, પ્રજાજનોને માન્ય હોય તેવા. (૧૨) દ્રોહ નહીં કરનારા (૧૩) સંપૂર્ણ અંગવાળા (૧૪) શ્રદ્ધાવાળા (૧૫) સ્થિર (૧૬) દીક્ષા લેવા આવેલા - આ ૧૬ ગુણોથી યુક્ત હોય. (૨) હવે કહેવાશે તે વિધિથી જેણે દીક્ષા સ્વીકારી હોય, (૩) જેણે ગુરુકુલવાસનું સેવન કર્યું હોય, (૪) જેણે ગુરુકુલની (= ગુરુ વગેરે સાધુઓની) સુંદર ઉપાસના કરી હોય, (૫) જેણે પ્રવ્રજ્યાના પ્રારંભથી સદા ચારિત્રનું ખંડન (= વિરાધના) ન કર્યું હોય, (૬) જે પરદ્રોહની ભાવનાથી રહિત હોય. (૧૦)

(૭) શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે યોગ કરવા પૂર્વક જેણે સૂત્રોનો અભ્યાસ કર્યો હોય, (૮) તેથી જ (= શાસ્ત્રોક્ત યોગપૂર્વક કરેલા સૂત્રાભ્યાસથી થયેલા અત્યંત શુદ્ધબોધથી) જે અતિશય નિર્મલ (સ્પષ્ટ) બોધવાળો હોય, (૯) જે તત્ત્વજ્ઞ હોય, અર્થાત્ પરમાર્થનો જાણકાર હોય, (૧૦) ક્રોધના વિપાકોને જાણવાથી જે ઉપશાંત હોય, (૧૧) જે સૂત્રરૂપ કે સંઘરૂપ પ્રવચન પ્રત્યે વાત્સલ્યભાવવાળો હોય, (૧૧)

(૧૨) જે સામાન્યથી જ (એટલે કે કોઈ જાતના ભેદભાવ વિના) સર્વ જીવોના હિતમાં ઉદ્યમી હોય, (૧૩) બીજાઓ સ્વીકારી લે તેવું (= માનનીય) વચન જેનું હોય, (૧૪) જે શિષ્યના સ્વભાવને અનુકૂળ બનીને (શિષ્યના આત્માનું) સારી રીતે રક્ષણ કરનાર હોય, (૧૫) જે ગંભીર એટલે કે વિશાળ ચિત્તવાળો હોય, (અર્થાત્ રાગ-દ્વેષ આદિના પ્રસંગે પણ

જેના રાગ-દ્વેષ બહાર દેખાય નહિ, તથા કોઈના દોષો બીજાને કહે નહિ,) (૧૬) પરીષહ આદિથી પરાભવ પામવા છતાં શરીર-રક્ષણ આદિ માટે જે દીનતા ન કરે, (૧૭) ઉપશમ-લબ્ધિ, ઉપકરણલબ્ધિ અને સ્થિરહસ્તલબ્ધિ એ ત્રણ લબ્ધિથી યુક્ત હોય, ઉપશમલબ્ધિ એટલે બીજાને શાંત કરવાનું સામર્થ્ય. ઉપકરણલબ્ધિ એટલે સંયમમાં ઉપકારક વસ્ત્ર-પાત્ર આદિ વસ્તુને મેળવવાની શક્તિ. સ્થિરહસ્તલબ્ધિ એટલે બીજાઓને વ્રતપાલનાદિમાં સ્થિર કરવાની શક્તિ. (૧૨)

(૧૮) સૂત્રાર્થનો વ્યાખ્યાતા હોય, અર્થાત્ શિષ્યાદિને સૂત્ર અને અર્થની વાચના વગેરે આપતા હોય, (૧૯) જેને પોતાના ગુરુએ (= ગચ્છનાયકે) ગુરુપદે સ્થાપિત કર્યા હોય, સ્વગુરુના અભાવે દિગાચાર્યે (= ગચ્છાચાર્યે) જેને ગુરુપદે સ્થાપ્યા હોય, આવા જ ગુરુને વીતરાગ ભગવંતોએ દીક્ષા આપવા માટે લાયક કહ્યા છે. કાલદોષથી સર્વગુણસંપન્ન ન હોય, કેટલાક ગુણોથી રહિત હોય, પણ ઘણા (મુખ્ય) ગુણોથી યુક્ત હોય તો તે પણ દીક્ષા આપવાને લાયક છે. (૧૩)' (૫૯૯)

(સટીક પંચવસ્તુકના આ.શ્રીરાજશેખરસૂરિજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

આ ચાર શ્લોકોનો ભાવાર્થ પહેલા **પ્રવચનસારોદ્ધારની વૃત્તિ**ના પાઠમાં કહ્યો છે. (૬૦૦-૬૦૩)

આ શ્લોકનું વર્ણન છત્રીસમી છત્રીસીની વૃત્તિમાં કર્યું છે. (૬૦૪)

ગુરુ આઠ પ્રકારના દર્શનાચારને, આઠ પ્રકારના જ્ઞાનાચારને, આઠ પ્રકારના ચારિત્રાચારને અને બાર પ્રકારના તપાચારને જાણે છે અને પાળે છે. આઠ પ્રકારના દર્શનાચારો, આઠ પ્રકારના જ્ઞાનાચારો અને આઠ પ્રકારના ચારિત્રાચારો છઠ્ઠી છત્રીસીની વૃત્તિમાં કહ્યા છે. બાર પ્રકારના તપાચારો સોળમી છત્રીસીની વૃત્તિમાં કહ્યા છે. આમ ગુરુના છત્રીસ ગુણો થાય છે. આ શ્લોકનો ભાવાર્થ પૂર્વે **પ્રવચનસારોદ્ધાર**ની ગુરુગુણછત્રીસીઓ બતાવતી વખતે **૫૪૮ મા શ્લોક**માં અને તેની **વૃત્તિ**માં કહ્યો છે. (૬૦૫)

ગુરુ આચારવાનપણું વગેરે આઠ ગુણોવાળા હોય છે. તે આઠ ગુણો છઠ્ઠી છત્રીસીની વૃત્તિમાં બતાવ્યા છે. ગુરુ દશ પ્રકારના સ્થિતકલ્પને જાણે છે અને પ્રરૂપે છે. દસ પ્રકારના સ્થિતકલ્પનું સ્વરૂપ **પંચાશક પ્રકરણ**માં અને તેની **વૃત્તિ**માં આ પ્રમાણે કહ્યું છે -

'કલ્પના સામાન્યથી આચેલક્ય વગેરે દશ પ્રકાર છે. દશ પ્રકારનો આ કલ્પ પહેલા અને છેલ્લા જિનના સાધુઓને આશ્રયીને સ્થિત (= નિયત) કહેવાય છે. કારણ કે તેમણે એનું આચરણ સદા કરવાનું હોય છે. સ્થિતકલ્પ એટલે નિત્ય મર્યાદા. આચાર, વ્યવહાર, વ્યવસ્થા, મર્યાદા, કલ્પ, સામાચારી આ બધા શબ્દોનો લગભગ સમાન અર્થ છે. (૨) (૧૭/૨)

સ્થિતકલ્પના દશ પ્રકાર -

કલ્પના આચેલક્ય, ઔદ્દેશિક, શય્યાતરપિંડ, રાજપિંડ, કૃતિકર્મ, વ્રત, જ્યેષ્ઠ, પ્રતિક્રમણ, માસ અને પર્યુષણ એમ દશ પ્રકાર છે.

આચેલક્ય=વસ્ત્રનો અભાવ, ઔદ્દેશિક=ઉદ્દેશથી (=સાધુના સંકલ્પથી) તૈયાર થયેલ, અર્થાત્ આધાકર્મ, શય્યાતર=વસતિથી સંસારસાગરને તરે તે શય્યાતર, અર્થાત્ સાધુને મકાન આપનાર. શય્યાતરનો પિંડ=ભિક્ષા તે શય્યાતરપિંડ. રાજપિંડ=રાજાની ભિક્ષા. કૃતિકર્મ=વંદન. વ્રત=મહાવ્રતો. જ્યેષ્ઠ=રત્નાધિક. પ્રતિક્રમણ=આવશ્યક કરવું. (માસ=એક સ્થાને એક માસ સુધી રહેવું.) પર્યુષણ=સર્વથા એક સ્થાને રહેવું.

સામાન્યથી આ દશ કલ્પ સાધુઓની યોગ્યતા મુજબ વિધિ-નિષેધથી સ્થિત (-નિયત) અને અસ્થિત (-અનિયત) હોવાથી ઓઘકલ્પ કહેવાય છે. વિશેષથી આ દશ કલ્પ પહેલા અને છેલ્લા જિનના સાધુઓને સ્થિત છે (બાવીસ જિનના સાધુઓને છ કલ્પ અસ્થિત અને ચાર કલ્પ સ્થિત છે.) (૧૭/૬)'

(સટીક પંચાશકપ્રકરણના આ.શ્રીરાજશેખરસૂરિજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

ગુરુ બાર પ્રકારના તપને આચરે છે. તેમનું સ્વરૂપ પહેલી છત્રીસીની વૃત્તિમાં કહ્યું છે. ગુરુ છ આવશ્યકોને બરાબર જાણે છે, પ્રરૂપે છે અને કરે છે. તેમનું સ્વરૂપ ચોથી છત્રીસીની વૃત્તિમાં વર્ણવ્યું છે. આમ ગુરુના છત્રીસ ગુણો થાય છે. આ શ્લોકનો ભાવાર્થ પૂર્વે **પ્રવચનસારોદ્ધાર**ની ગુરુગુણછત્રીસીઓ બતાવતી વખતે **૫૪૯ મા શ્લોક**માં અને તેની વૃત્તિમાં કહ્યો છે. (૬૦૬)

ગુરુ અઢાર પાપસ્થાનકોને ત્યજે છે. અઢાર પાપસ્થાનકોનું સ્વરૂપ ઓગણીસમી છત્રીસીની વૃત્તિમાં બતાવ્યું છે. ગુરુ સાધુની બાર પ્રતિમાઓને ધારણ કરે છે. તેમનું સ્વરૂપ સોળમી છત્રીસીની વૃત્તિમાં વર્ણવ્યું છે. ગુરુ છ વ્રતોનું રક્ષણ કરવામાં ધીર હોય છે. છ વ્રતોનું સ્વરૂપ **પાક્ષિકસૂત્ર**માં અને તેની **વૃત્તિ**માં આ પ્રમાણે કહ્યું છે -

'તે આ પ્રમાણે - સર્વ હિંસાથી અટકવું, સર્વ જૂઠથી અટકવું, સર્વ ચોરીથી અટકવું, સર્વ મૈથુનથી અટકવું, સર્વ પરિગ્રહથી અટકવું, સર્વ રાત્રીભોજનથી અટકવું.

સર્વ હિંસા એટલે ત્રસ, સ્થાવર, સૂક્ષ્મ, બાદર બધા જીવોની હિંસા અને કરણ, કરાવણ તથા અનુમોદનથી થતી હિંસા. અથવા દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી હિંસા. દ્રવ્યથી હિંસા એટલે છ જીવનિકાયની હિંસા, ક્ષેત્રથી હિંસા એટલે ત્રણે લોકમાં થતી હિંસા, કાળથી હિંસા એટલે ત્રણે કાળમાં થતી હિંસા, ભાવથી હિંસા એટલે રાગ-દ્વેષથી થતી હિંસા. હિંસા એટલે જીવના પાંચ ઇન્દ્રિય, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્યરૂપ પ્રાણોને જીવથી જુદા કરવા તે. અટકવું એટલે સમ્યગ્જ્ઞાન અને શ્રદ્ધાપૂર્વક પાછું ફરવું. (૧)

સર્વ જૂઠ એટલે વિદ્યમાનનો નિષેધ કરવો, અવિદ્યમાનની સ્થાપના કરવી, એક વસ્તુને બીજારૂપે કહેવી અને નિંદા કરવી તે અથવા દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી જૂઠ. દ્રવ્યથી જૂઠ એટલે ધર્માસ્તિકાય વગેરે બધા દ્રવ્યો સંબંધી જૂઠ, ક્ષેત્રથી જૂઠ એટલે લોક અને અલોક સંબંધી જૂઠ, કાળથી જૂઠ એટલે ત્રણે કાળ સંબંધી કે દિવસ-રાત સંબંધી જૂઠ, ભાવથી જૂઠ એટલે કષાયનોકષાયને લીધે જૂઠ બોલવું. જૂઠ એટલે અસત્ય બોલવું. વિરમણ એટલે તેનાથી અટકવું. (૨)

સર્વ ચોરી એટલે કરણ, કરાવણ, અનુમોદનરૂપ ચોરી અથવા દ્રવ્યથી,ક્ષેત્રથી, કાળથી, ભાવથી ચોરી. દ્રવ્યથી ચોરી એટલે સચિત્ત કે અચિત્ત દ્રવ્યની ચોરી. ક્ષેત્રથી ચોરી એટલે ગામ, નગર, જંગલ વગેરેમાં થતી ચોરી, કાળથી ચોરી એટલે ત્રણ કાળમાં થતી ચોરી કે દિવસ-રાતમાં થતી ચોરી, ભાવથી ચોરી એટલે રાગ, દ્વેષ, મોહથી થતી ચોરી. ચોરી એટલે માલિકે નહીં આપેલું લેવું તે. તેનાથી અટકવું. (૩)

સર્વ મૈથુન એટલે કરણ, કરાવણ, અનુમોદન રૂપ મૈથુન. અથવા દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી મૈથુન. દ્રવ્યથી મૈથુન એટલે દેવસંબંધી અને મનુષ્યસંબંધી મૈથુન, અથવા નિર્જીવ-સજીવ સંબંધી મૈથુન, અથવા આભૂષણ વગેરેના શણગારવાળા અને શણગાર વિનાના ચિત્રો સંબંધી મૈથુન. ક્ષેત્રથી મૈથુન એટલે ત્રણ લોકમાં થતું મૈથુન. કાળથી મૈથુન એટલે ત્રણ કાળમાં કે દિવસ-રાતમાં થતું મૈથુન. ભાવથી મૈથુન એટલે રાગ-દ્વેષથી થતું મૈથુન. મિથુન એટલે સ્ત્રી-પુરુષનું જોડકું. તેનું કર્મ તે મૈથુન. તેનાથી અટકવું. (૪)

સર્વ પરિગ્રહ એટલે કરણ, કરાવણ, અનુમોદન રૂપ પરિગ્રહ, અથવા દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી પરિગ્રહ. દ્રવ્યથી પરિગ્રહ એટલે બધા દ્રવ્યોનો પરિગ્રહ, ક્ષેત્રથી પરિગ્રહ એટલે લોકમાં થતો પરિગ્રહ, કાળથી પરિગ્રહ એટલે ત્રણ કાળમાં કે દિવસ-રાતમાં થતો પરિગ્રહ, ભાવથી પરિગ્રહ એટલે રાગદ્વેષથી થતો પરિગ્રહ. પરિગ્રહ એટલે લેવું કે ભેગું કરવું. તેનાથી અટકવું. (૫)

સર્વ રાત્રિભોજન એટલે કરણ, કરાવણ, અનુમોદન રૂપ રાત્રિભોજન, અથવા (૧) દિવસે વહોરેલું દિવસે વાપરવું, (૨) દિવસે વહોરેલું રાત્રે વાપરવું, (૩) રાત્રે વહોરેલું દિવસે વાપરવું, (૪) રાત્રે વહોરેલું રાત્રે વાપરવું એમ ચાર ભાંગા રૂપ રાત્રિભોજન, અથવા દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી રાત્રિભોજન. દ્રવ્યથી રાત્રિભોજન એટલે ચાર પ્રકારના આહાર સંબંધી રાત્રિભોજન. ક્ષેત્રથી રાત્રિભોજન એટલે મનુષ્યક્ષેત્રમાં થતું રાત્રિભોજન. કાળથી રાત્રિભોજન એટલે દિવસ-રાતમાં થતું રાત્રિભોજન. ભાવથી રાત્રિભોજન એટલે રાગ-દ્વેષથી થતું રાત્રિભોજન. રાત્રિભોજન એટલે રાતે વાપરવું. તેનાથી અટકવું.'

આમ ગુરુના છત્રીસ ગુણો થાય છે. (૬૦૭)

ગુરુ બાવીસ પરીષહોને સહન કરે છે. તેમનું સ્વરૂપ છવ્વીસમી છત્રીસીની વૃત્તિમાં બતાવ્યું છે. ગુરુ ચૌદ ભૂતગ્રામો એટલે જીવોના સમૂહોનું રક્ષણ કરવામાં તત્પર હોય છે. ચૌદ ભૂતગ્રામોનું સ્વરૂપ **શ્રમણપ્રતિક્રમણસૂત્ર**માં અને **આવશ્યકસૂત્રનિર્યુક્તિ**ની **વૃત્તિ**માં આ પ્રમાણે કહ્યું છે -

'ચૌદ ભૂતગ્રામોને કારણે...હું પ્રતિક્રમણ કરું છું વગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. તેમાં ભૂત એટલે જીવો. તેઓનો સમૂહ તે ભૂતગ્રામ. તે ચૌદ ભૂતગ્રામો આ પ્રમાણે છે -

પૃથ્વી વગેરે એકેન્દ્રિયના સૂક્ષ્મ અને બાદર એમ બે ભેદો. પંચેન્દ્રિયના સંજ્ઞી અને અસંજ્ઞી એમ બે ભેદો (કુલ ચાર ભેદ.) તથા બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય આ ત્રણ ભેદોની સાથે પૂર્વના ચાર ભેદો મળીને સાત ભેદો થાય. આ સાત ભેદોના પર્યાપ્ત અને અપર્યાપ્તક ભેદ પડતા ચૌદ ભૂતગ્રામો થાય છે. સ્થાપના આ પ્રમાણે જાણવી. (૧) એકેન્દ્રિય સૂ. અપર્યાપ્તક, (૨) એ.સૂ. પર્યાપ્તક, (૩) એ. બાદર અપર્યાપ્ત, (૪) એ. બાદર પર્યા., (૫) બેઇન્દ્રિય અપર્યાપ્તક, (૬) બેઇ.પર્યા. (૭) તેઇ. અપર્યા., (૮) તેઇ. પર્યા. (૯) ચઉ. અપર્યા., (૧૦) ચઉ. પર્યા., (૧૧) પંચે. અસંજ્ઞી અપર્યા., (૧૨) પંચે. અસંજ્ઞી પર્યા., (૧૩) પંચે. સં. અપ., (૧૪) પંચે. સં. પર્યાપ્તક.

આ પ્રમાણે ચૌદ પ્રકારનો જીવોનો સમૂહ જણાવ્યો. હવે ગુણસ્થાનને આશ્રયીને ચૌદ પ્રકારને જણાવતા સંગ્રહણિકાર કહે છે.

મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન, મિશ્રદૃષ્ટિ, અવિરતસમ્યગ્દૃષ્ટિ, વિરતાવિરત, પ્રમત્ત, અપ્રમત્ત, નિવૃત્તિબાદર, અનિવૃત્તિબાદર, સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સયોગી અને અયોગી.

કોઈક ભૂતગ્રામ = જીવ મિથ્યાદૃષ્ટિ હોય, અને કોઈક સાસ્વાદન હોય. અહીં જે જીવ તત્ત્વો ઉપરની શ્રદ્ધાના રસના આસ્વાદ સાથે વર્તતો હોય અર્થાત્ જે જીવમાં તેવા પ્રકારનો આસ્વાદ હોય તે જીવ સાસ્વાદન કહેવાય છે. વાગતા એવા ઘંટના લોલકન્યાયે પ્રાયઃ પરિત્યક્તસમ્યક્ત્વવાળો આ જીવ હોય છે, અર્થાત્ ઘંટ વાગ્યા પછી જેમ તેનો અવાજ થોડીવાર સુધી ચાલ્યા કરે છે, તેમ સમ્યક્ત્વનો ત્યાગ કર્યા પછી મિથ્યાત્વ પામતા પહેલાં સમ્યક્ત્વનો કંઈક સ્વાદ આ જીવને રહે છે. સમ્યક્ત્વને વમ્યા પછી ઉત્કૃષ્ટથી છ આવલિકા સુધી આ સાસ્વાદનસમ્યક્ત્વ રહે છે. કહ્યું છે - ''ઉપશમસમ્યક્ત્વથી પડ્યા બાદ મિથ્યાત્વને નહીં પામેલા જીવને વચમાં છ આવલિકા સુધી સાસ્વાદનસમ્યક્ત્વ હોય છે.'' તથા કોઈક જીવ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ એટલે કે મિશ્રદૃષ્ટિ હોય છે, અર્થાત્ સમ્યક્ત્વને સ્વીકારતો હોય ત્યારે (સમ્યગ્મિથ્યાત્વ=મિશ્રમોહનીયના ઉદયથી મિશ્રદૃષ્ટિવાળા આ જીવને) પ્રાયઃ કરીને તત્ત્વો ઉપરની રુચિ જાગી હોય છે. તથા કોઈક જીવ અવિરતસમ્યગ્દૃષ્ટિ એટલે કે દેશવિરતિરહિતનો સમ્યગ્દૃષ્ટિ હોય છે. શ્રાવકોનો સમૂહ વિરતાવિરત જાણવો. પ્રમત્ત એવા સાધુઓનો સમૂહ

પ્રમત્ત તરીકે ગ્રહણ કરવો, કારણ કે અહીં ચૌદ ભૂતગ્રામોને જણાવવાનું પ્રકરણ ચાલે છે. (આશય એવો લાગે છે કે પ્રમત્ત તરીકે જો કે ૧ થી ૫ ગુણસ્થાનવર્તી જીવો પણ આવે, પરંતુ અહીં ચૌદ પ્રકારના જુદા જુદા જીવો બતાવવાના હોવાથી મિથ્યાત્વી વગેરે જીવોનું ગ્રહણ ૧ થી ૫ ગુણસ્થાનમાં થઈ ગયા બાદ પ્રમત્ત તરીકે હવે માત્ર પ્રમત્ત સાધુઓ જ ગ્રહણ કરવાના બાકી હોવાથી પ્રમત્ત તરીકે માત્ર પ્રમત્ત એવા સાધુઓનું જ ગ્રહણ કરવા 'પ્રકરણાત્' શબ્દ મૂક્યો છે.)

ત્યાર પછી અપ્રમત્ત એવો સાધુસમુદાય જ અપ્રમત્ત તરીકે જાણવો. ક્ષપકશ્રેણિમાં દર્શનસપ્તકનો (= અનંતાનુબંધી ૪ + સમ્યક્ત્વમોહનીયાદિ ૩નો) જેણે ક્ષય કર્યો છે એવો (અને ઉપલક્ષણથી ઉપશમશ્રેણિમાં દર્શનસપ્તકનો જેણે ઉપશમ કર્યો છે એવો) જીવસમૂહ નિવૃત્તિબાદર તરીકે જાણવો. ત્યાર પછીથી લઈને લોભના અનુભવન સુધી (=દર્શનસપ્તક ક્ષય કર્યા બાદ કષાયઅષ્ટકનો ક્ષય આરંભે. ત્યારથી લઈને છેલ્લે સંજ્વલનલોભના ક્ષય સમયે લોભના ત્રણ ટુકડા કરે. તેમાં છેલ્લા ટુકડાના સંખ્યાતા ટુકડા કરે. તેમાં તે સંખ્યાતા ટુકડામાં છેલ્લો ટુકડો ખપાવવાનો બાકી રહે ત્યાં સુધી)ની અવસ્થામાં વર્તતો જીવસમૂહ અનિવૃત્તિબાદર જાણવો. લોભના અણુઓને (=લોભના છેલ્લા ટુકડાના કરેલા અસંખ્યેય ટુકડાઓને) ખપાવતો જીવ સૂક્ષ્મ કહેવાય છે, અર્થાત્ સૂક્ષ્મસંપરાયવાળો કહેવાય છે. ઉપશમશ્રેણિ પૂર્ણ થયા બાદના અંતર્મુહૂર્ત કાલ સુધી જીવ ઉપશાંતવીતરાગ થાય છે. ક્ષપકશ્રેણિ પૂર્ણ થયા બાદના અંતર્મુહૂર્તકાલ સુધી જીવ ક્ષીણવીતરાગ થાય છે. ભવસ્થકેવલિસમૂહ સયોગી જાણવા અને યોગનિરોધ કર્યા બાદ શૈલેશી - અવસ્થાને પામેલો જીવ પાંચ હ્રસ્વસ્વરોને બોલવા જેટલા કાળ સુધી અયોગી જાણવો. આ પ્રમાણે બંને ગાથાઓનો સંક્ષેપથી અર્થ કહ્યો. વિસ્તારથી પ્રજ્ઞાપના વગેરે ગ્રંથોમાંથી જાણી લેવો.'

(સટીક આવશ્યકસૂત્રનિર્યુક્તિના મુનિશ્રી આર્યરક્ષિતવિજયજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

આમ ગુરુના છત્રીસ ગુણો જિનેશ્વરોએ કહ્યા છે. (૬૦૮)

ગુરુ ચાર પ્રકારના સ્મારણા વગેરે કરે છે. તેમનું સ્વરૂપ પહેલી છત્રીસીની વૃત્તિમાં કહ્યું છે. ગુરુ ચાર પ્રકારના ધર્મનો ઉપદેશ આપે છે. તેમનું સ્વરૂપ પહેલી છત્રીસીની વૃત્તિમાં કહ્યું છે. જેના દરેકના ચાર ભેદ છે એવા ચાર પ્રકારના ધ્યાનના સ્વરૂપને ગુરુ જાણે છે અને પ્રરૂપે છે. તે પહેલી છત્રીસીની વૃત્તિમાં કહ્યું છે. ગુરુ બાર ભાવના ભાવે છે અને તેમનો ઉપદેશ આપે છે. તેમનું સ્વરૂપ સોળમી છત્રીસીમાં કહ્યું છે. આમ ગુરુના છત્રીસ ગુણો થાય છે. (૬૦૯)

આ શ્લોકનો ભાવાર્થ બીજી છત્રીસીની વૃત્તિમાં વર્ણવ્યો છે. (૬૧૦)

આ શ્લોકનો ભાવાર્થ ત્રીજી છત્રીસીની વૃત્તિમાં કહ્યો છે. (૬૧૧)

આ શ્લોકનો ભાવાર્થ ચોથી છત્રીસીની વૃત્તિમાં કહ્યો છે. તેમાં વચન એટલે બીજા દર્શનો (ધર્મો)ના મતો અને દોષો એટલે વચનના દોષો. (૬૧૨)

આ શ્લોકનો ભાવાર્થ પાંચમી છત્રીસીની વૃત્તિમાં કહ્યો છે. (૬૧૩)

આ શ્લોકનો ભાવાર્થ છઠ્ઠી છત્રીસીની વૃત્તિમાં બતાવ્યો છે. તેમાં અતિચારો એટલે આચારો ન પાળવા તે અને આઠ ગુરુગુણોથી યુક્ત એટલે આઠ પ્રકારના વાદીગુણો (આચારવાન વગેરે)થી યુક્ત. (૬૧૪)

આ શ્લોકનો ભાવાર્થ સાતમી છત્રીસીની વૃત્તિમાં વર્ણવ્યો છે. (૬૧૫)

આ શ્લોકનો ભાવાર્થ આઠમી છત્રીસીની વૃત્તિમાં કર્યો છે. (૬૧૬)

આ શ્લોકનો વિશેષ અર્થ નવમી છત્રીસીની વૃત્તિમાં કહ્યો છે. (૬૧૭)

આ શ્લોકનો વિશેષ અર્થ દસમી છત્રીસીની વૃત્તિમાં કહ્યો છે. (૬૧૮)

આ શ્લોકનો ભાવાર્થ અગિયારમી છત્રીસીની વૃત્તિમાં કહ્યો છે. (૬૧૯)

આ શ્લોકનો ભાવાર્થ બારમી છત્રીસીની વૃત્તિમાં સમજાવ્યો છે. (૬૨૦)

આ શ્લોકનો ભાવાર્થ તેરમી છત્રીસીની વૃત્તિમાં કહ્યો છે. (૬૨૧)

આ શ્લોકનો ભાવાર્થ ચૌદમી છત્રીસીની વૃત્તિમાં કહ્યો છે. (૬૨૨)

આ શ્લોકનો ભાવાર્થ પંદરમી છત્રીસીની વૃત્તિમાં કહ્યો છે. (૬૨૩)

આ શ્લોકનો ભાવાર્થ સોળમી છત્રીસીની વૃત્તિમાં વર્ણવ્યો છે. (૬૨૪)

આ શ્લોકનો ભાવાર્થ સત્તરમી છત્રીસીની વૃત્તિમાં બતાવ્યો છે. (૬૨૫)

આ શ્લોકનો ભાવાર્થ અઢારમી છત્રીસીની વૃત્તિમાં કહ્યો છે. (૬૨૬)

આ શ્લોકનો ભાવાર્થ ઓગણીસમી છત્રીસીની વૃત્તિમાં કહ્યો છે. (૬૨૭)

આ શ્લોકનો ભાવાર્થ વીસમી છત્રીસીની વૃત્તિમાં કહ્યો છે. (૬૨૮)

આ શ્લોકનો વિશેષ અર્થ એકવીસમી છત્રીસીની વૃત્તિમાં વર્ણવ્યો છે. (૬૨૯)

આ શ્લોકનો વિશેષ અર્થ બાવીસમી છત્રીસીની વૃત્તિમાં બતાવ્યો છે. (૬૩૦)

આ શ્લોકનો ભાવાર્થ ત્રેવીસમી છત્રીસીની વૃત્તિમાં સમજાવ્યો છે. (૬૩૧)

આ શ્લોકનો ભાવાર્થ ચોવીસમી છત્રીસીની વૃત્તિમાં બતાવ્યો છે. તેમાં માંડલીના પાંચ દોષો એટલે પાંચ પ્રકારના ગ્રાસૈષણાના દોષો. (૬૩૨)

આ શ્લોકનો ભાવાર્થ પચીસમી છત્રીસીની વૃત્તિમાં બતાવ્યો છે. (૬૩૩)

આ શ્લોકનો ભાવાર્થ છવ્વીસમી છત્રીસીની વૃત્તિમાં કહ્યો છે. (૬૩૪)

આ શ્લોકનો ભાવાર્થ અઠ્ઠાવીસમી છત્રીસીની વૃત્તિમાં કહ્યો છે. (૬૩૫)

ગુરુ પચીસ પ્રકારનું પડિલેહણ બરાબર કરે છે. તેનું સ્વરૂપ સત્તાવીસમી છત્રીસીની વૃત્તિમાં કહ્યું છે. ગુરુ છ કાયની વિરાધનાને ત્યજે છે. છ કાયોનું સ્વરૂપ ત્રીજી છત્રીસીની વૃત્તિમાં કહ્યું છે. ગુરુ પાંચ પ્રકારના વેદિકાદોષોરહિત વિશુદ્ધ વંદન કરે છે. પાંચ પ્રકારના વેદિકાદોષોનું સ્વરૂપ સત્તાવીસમી છત્રીસીની વૃત્તિમાં કહ્યું છે. આમ ગુરુના છત્રીસ ગુણો થાય છે. (૬૩૬)

ગુરુ બત્રીસ પ્રકારના યોગસંગ્રહોરૂપી ગુણોથી યુક્ત હોય છે. બત્રીસ પ્રકારના યોગસંગ્રહોનું સ્વરૂપ **શ્રમણપ્રતિક્રમણસૂત્ર**માં અને **આવશ્યકસૂત્રનિર્યુક્તિ**ની **વૃત્તિ**માં આ પ્રમાણે સમજાવ્યું છે -

'બત્રીસ યોગસંગ્રહોની (અશ્રદ્ધા વગેરેને કારણે) જે અતિચાર...વગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. અહીં (જેના કારણે આત્મા સદ્ગતિમાં કે દુર્ગતિમાં) જોડાય છે તે યોગ, અર્થાત્ મન-વચન-કાયાના વ્યાપારો. અહીં અશુભ યોગોના પ્રતિક્રમણનો અધિકાર ચાલતો હોવાથી પ્રશસ્ત એવા વ્યાપારો જ ગ્રહણ કરવાના છે. શિષ્ય અને આચાર્યમાં રહેલા તે પ્રશસ્ત યોગોનો આલોચના, નિરપલાપ વગેરે (આગળ કહેવાતા) પ્રકારોવડે જે સંગ્રહ તે યોગસંગ્રહ. (આશય એ છે કે પ્રશસ્ત એવા મોક્ષસાધક યોગોનો સંગ્રહ કરવા શિષ્યે આચાર્ય પાસે આલોચના કરવી જોઈએ. આલોચના કરવાથી શિષ્યમાં પ્રશસ્તયોગોનો સંગ્રહ થાય છે. આલોચના કર્યા બાદ આચાર્યે પણ બીજાને આલોચનાની વાતો ન કરવી. આ રીતે આચાર્યનો નિરપલાપ થતાં આચાર્યમાં પ્રશસ્ત યોગોનો સંગ્રહ થાય છે.) પ્રશસ્તયોગસંગ્રહનું કારણ હોવાથી આલોચના વગેરે જ યોગસંગ્રહ તરીકે કહેવાય છે અને તે આલોચના વગેરેરૂપ યોગસંગ્રહ બત્રીસ છે. તેને જણાવવા માટે નિર્યુક્તિકાર કહે છે.

(૧) આલોચના : મોક્ષસાધકપ્રશસ્તયોગનો સંગ્રહ કરવા માટે શિષ્યે આચાર્ય પાસે સમ્યગ્ રીતે આલોચના (=સ્વદોષોનું કથન) કરવી જોઈએ.

(૨) નિરપલાપ : આચાર્યે પણ મોક્ષસાધક પ્રશસ્તયોગનો સંગ્રહ કરવા માટે જ કરાયેલ આલોચનાને વિષે (=આલોચના કર્યા બાદ) અપલાપ વિનાના થવું જોઈએ એટલે કે બીજાને કહેવું જોઈએ નહીં. મૂળમાં 'निरवलापे' શબ્દમાં અંતમાં જે 'ए' કાર છે તે પ્રાકૃતમાં

પ્રથમાવિભક્તિમાં થાય છે એવું અમે (=ટીકાકારે) વારંવાર જણાવ્યું છે. જેમકે - 'कयरे आगच्छइ दित्तरुवे...' અર્થાત્ 'આ તેજસ્વીરૂપવાન કોણ આવે છે ?' (અહીં 'कयरे' 'दित्तरुवे' શબ્દો પ્રથમાવિભક્તિમાં છે.)

(૩) **આપત્તિમાં દૃઢધર્મતા :** તથા યોગસંગ્રહ માટે જ (= પ્રશસ્ત એવા મન-વચન-કાયાના વ્યાપારોની પ્રાપ્તિ માટે જ) સર્વસાધુઓએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની આપત્તિમાં દૃઢધર્મતા કરવી જોઈએ અર્થાત્ (આપત્તિ આવે તે સિવાયના કાળમાં તો દૃઢધર્મી થવું જ પણ જ્યારે) આપત્તિ આવી પડે ત્યારે સુતરાં દૃઢધર્મી થવું. (અહીં દ્રવ્યાદિની આપત્તિઓ ઉદાહરણ સહિત આગળની ગાથાઓમાં જણાવશે.)

(૪) **અનિશ્રિતોપધાન :** પ્રશસ્તયોગસંગ્રહ માટે જ અનિશ્રિત=આશંસા વિનાનો તપ કરવો જોઈએ. અથવા અનિશ્રિત એવા ઉપધાનમાં યત્ન કરવો જોઈએ. જે આત્માને મોક્ષમાં સ્થાપે છે તે ઉપધાન એટલે કે તપ. જે નિશ્રા=આશંસા વિનાનું છે તે અનિશ્રિત એટલે કે ઐહિક-આમુષ્મિક અપેક્ષાથી રહિત. અનિશ્રિત એવું તે ઉપધાન તે અનિશ્રિતોપધાન એ પ્રમાણે સમાસ કરવો.

(૫) **શિક્ષા :** પ્રશસ્તયોગસંગ્રહ માટે જ શિક્ષાનું સેવન કરવું જોઈએ. તે બે પ્રકારે છે - ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા. (તેમાં ગ્રહણશિક્ષા એટલે શ્રુતપાઠ અર્થાત્ ભણવું અને આસેવનશિક્ષા એટલે સામાચારીશિક્ષણ અર્થાત્ પોત-પોતાના ગચ્છની સામાચારીનું જ્ઞાન મેળવવું. इति दीपिकायाम्)

(૬) **નિષ્પ્રતિકર્મતા :** પ્રશસ્તયોગસંગ્રહ માટે જ શરીરની પ્રતિકર્મતા કરવી નહીં, અર્થાત્ શરીર પરથી મેલ ન ઉતારવો, રોગ વગેરે થાય ત્યારે ઔષધાદિ ન કરાવવા વગેરે. પરંતુ નાગદત્તની જેમ અન્યથા = પ્રતિકર્મતા કરવી નહીં. (દૃષ્ટાન્ત આગળ આવશે.) આ પ્રમાણે પ્રથમ ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો. (૧૨૭૫)

(૭) **અજ્ઞાતતા :** તપમાં અજ્ઞાતતા કરવી, અર્થાત્ બીજો જાણી ન શકે એ રીતે તપ કરવો. જેથી 'પ્રશસ્તયોગનો સંગ્રહ થાય છે' એ પ્રમાણે વાક્યશેષ હવે પછી બધે સ્વયં જોડી દેવો.

(૮) **અલોભ :** લોભ કરવો નહીં. અથવા અલોભમાં યત્ન કરવો.

(૯) **તિતિક્ષા :** પરિષહાદિનો જય કરવો.

(૧૦) **આર્જવ :** ઋજુભાવ અર્થાત્ સરળતા કેળવવી.

(૧૧) **શુચિ :** સંયમી બનવું.

(૧૨) **સમ્યગ્દૃષ્ટિ :** અવિપરીત દૃષ્ટિ કરવી અર્થાત્ સમ્યગ્દર્શનની શુદ્ધિ કરવી.

(૧૩) **સમાધિ :** સમાધિ રાખવી. સમાધિ એટલે ચિત્તનું સ્વાસ્થ્ય.

(૧૪) **આચારોપગ :** માયા કરવી નહીં. (પૂર્વે આર્જવદ્વાર પરિણામરૂપ હતું, અહીં આ દ્વાર આચરણરૂપ છે એટલો તફાવત જાણવો.)

(૧૫) **વિનયોપગ :** અહંકાર કરવો નહીં. (૧૨૭૬)

(૧૬) **ધૃતિમતિ :** ધૃતિ (=અવિચલિતતા) પ્રધાન મતિ કરવી. (અર્થાત્ દીનતા ન કરવી.)

(૧૭) **સંવેગ :** સંવેગ = મોક્ષાભિલાષ ધારણ કરવો.

(૧૮) **પ્રણિધિ :** માયા કરવી નહીં.

(૧૯) **સુવિધિ :** સારી રીતે વિધિનું પાલન કરવું.

(૨૦) **સંવર :** સંવર કરવો અર્થાત્ કર્મોને આવતા અટકાવવા, પરંતુ સંવર ન કરવો એવું નહીં. અહીં વ્યતિરેક ઉદાહરણ જણાવશે.

(૨૧) **આત્મદોષોપસંહાર :** પોતાના દોષોનો અંત લાવવો.

(૨૨) **સર્વકામવિરક્તતા :** બધી જ ઇચ્છાઓથી વિરામ પામવાની ભાવના ભાવવી. (૧૨૭૭)

(૨૩-૨૪) **પચ્ચક્ખાણ :** મૂળગુણ અને ઉત્તરગુણવિષયક પ્રત્યાખ્યાન કરવું.

(૨૫) **વ્યુત્સર્ગ :** વિવિધ પ્રકારનો ઉત્સર્ગ = ત્યાગ તે વ્યુત્સર્ગ. દ્રવ્ય-ભાવભેદવાળો વ્યુત્સર્ગ કરવા યોગ્ય છે. (તેમાં અશુદ્ધ આહાર વગેરેનો જે ત્યાગ તે દ્રવ્યવ્યુત્સર્ગ. ક્રોધાદિનો જે ત્યાગ તે ભાવવ્યુત્સર્ગ.)

(૨૬) **અપ્રમાદ :** પ્રમાદ કરવો નહીં.

(૨૭) **લવાલવ :** એ કાલનું ઉપલક્ષણ છે એટલે ક્ષણે ક્ષણે સામાચારીનું પાલન કરવું જોઈએ. અર્થાત્ જે સામાચારીનો=ક્રિયાનો જે સમય હોય તે સમયે તે સામાચારી આચરવી.

(૨૮) **ધ્યાનસંવરયોગ :** ધ્યાનરૂપ સંવર માટેનો યોગ (એટલે કે ધ્યાન) કરવા યોગ્ય છે.

(૨૯) **મારણાંતિક વેદનાનો ઉદય :** મારણાંતિક વેદનાનો ઉદય થવા છતાં પણ ક્ષોભ ન કરવો અર્થાત્ આકુળ-વ્યાકુળ ન થવું. (૧૨૭૮)

(૩૦) **સંગોની પરિજ્ઞા :** સંગોની જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાનપરિજ્ઞા એમ બે પ્રકારની પરિજ્ઞા કરવી. (અર્થાત્ સંગોને જાણવા અને પછી તેનો ત્યાગ કરવો.)

(૩૧) **પ્રાયશ્ચિત્તકરણ :** પ્રાયશ્ચિત્ત કરવું.

(૩૨) **આરાધના :** મરણકાલે આરાધના કરવી.

આ બત્રીસ યોગસંગ્રહ થયા. (૧૨૭૯)'

(સટીક આવશ્યકસૂત્રનિર્યુક્તિના મુનિશ્રી આર્યરક્ષિતવિજયજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

ગુરુ આચરણા, સંભાષણા, વાસના અને પ્રવર્તના રૂપ ચાર પ્રકારના ભાવોથી યુક્ત હોય છે. આમ ગુરુના છત્રીસ ગુણો થાય છે. (૬૩૭)

આ શ્લોકનો ભાવાર્થ ઓગણત્રીસમી છત્રીસીની વૃત્તિમાં કહ્યો છે. (૬૩૮)

આ શ્લોકનો ભાવાર્થ ત્રીસમી છત્રીસીની વૃત્તિમાં વર્ણવ્યો છે. (૬૩૯)

આ શ્લોકનો ભાવાર્થ એકત્રીસમી છત્રીસીની વૃત્તિમાં કહ્યો છે. (૬૪૦)

આ શ્લોકનો ભાવાર્થ બત્રીસમી છત્રીસીની વૃત્તિમાં બતાવ્યો છે. (૬૪૧)

આ શ્લોકનો ભાવાર્થ તેત્રીસમી છત્રીસીની વૃત્તિમાં બતાવ્યો છે. (૬૪૨)

આ શ્લોકનો ભાવાર્થ ચોત્રીસમી છત્રીસીની વૃત્તિમાં કહ્યો છે. (૬૪૩)

આ શ્લોકનો ભાવાર્થ પાંત્રીસમી છત્રીસીની વૃત્તિમાં કહ્યો છે. (૬૪૪)

ગુરુ પાંચ મહાવ્રતોની પચીસ ભાવનાઓ ભાવે છે. તેમનું સ્વરૂપ **શ્રમણ-પ્રતિક્રમણસૂત્ર**માં અને **આવશ્યકસૂત્રનિર્યુક્તિ વૃત્તિ**માં આ પ્રમાણે કહ્યું છે -

'આ પાંચ ગાથાઓની વ્યાખ્યા આ પ્રમાણે જાણવી -

પ્રથમ મહાવ્રતની પાંચ ભાવનાઓ

(૧) ઈર્યા એટલે ગમન. તેને વિશે જે સમિત તે ઈર્યાસમિત. ઈર્યાસમિતિ અર્થાત્ ચાલતી વખતે સમ્યગ્ રીતે સાડા ત્રણ હાથ પ્રમાણ ભૂમિ ઉપર દૃષ્ટિ સ્થાપીને ચાલવું તે પ્રથમ ભાવના છે, કારણ કે ઈર્યામાં અસમિત સાધુ જીવોની હિંસા કરનારો બને છે. (તેથી ઈર્યાસમિતિમાં) સર્વકાળ ઉપયોગવાળો થાય.

(૨) આહાર-પાણીને જોઈને વાપરે, કારણ કે જોયા વિના વાપરનારો સાધુ જીવોની હિંસા કરનારો થાય. માટે જોઈને વાપરવું તે બીજી ભાવના. આ જ પ્રમાણે આગળ પણ અક્ષરાર્થ કરવો. (અર્થાત્ આ ત્રીજી ભાવના, આ ચોથી ભાવના વગેરે જાતે સમજી લેવું.)

(૩) (અવિધિથી પાત્રા વગેરેનું ગ્રહણ-મોચન કરવું તે આગમમાં પ્રતિષિદ્ધ છે. તેથી) સાધુ આવા પ્રતિષિદ્ધ ગ્રહણ-મોચનની જુગુપ્સા કરે અર્થાત્ અવિધિથી ગ્રહણ-મોચન કરે નહીં, કારણ કે જુગુપ્સા નહીં કરનાર (અર્થાત્ અવિધિથી ગ્રહણ-મોચન કરનાર) જીવોની

હિંસા કરનારો થાય છે. માટે (અવિધિથી થતાં) ગ્રહણ-મોચનની જુગુપ્સા તે ત્રીજી ભાવના છે.

(૪) સમાધિમાં રહેલો સાધુ સંયમમાં અદુષ્ટ મનને પ્રવર્તાવે, અર્થાત્ મનને દુષ્ટ થવા ન દે, કારણ કે મનને કલુષિત કરતો સાધુ જીવોની હિંસા કરનારો થાય છે. માટે મનની અદુષ્ટતા એ ચોથી ભાવના જાણવી. એ જ પ્રમાણે

(૫) અદુષ્ટ વાણીને બોલનારો થાય. તેથી અદુષ્ટ વાણી એ પાંચમી ભાવના જાણવી. આ પ્રમાણે પ્રથમ મહાવ્રતની પાંચ ભાવનાઓ કહી.

બીજા મહાવ્રતની પાંચ ભાવનાઓ

(૧) હાસ્યનો ત્યાગ કરવાથી સત્યવાદી બનાય છે, કારણ કે હાસ્યમાં મૃષાવાદ પણ થઈ શકે છે. તેથી હાસ્યનો ત્યાગ તે પ્રથમ ભાવના જાણવી.

(૨) બોલવું હોય ત્યારે વિચારીને બોલે, કારણ કે વિચાર્યા વિના બોલતા ક્યારેક અસત્ય પણ બોલાય જાય છે. તેથી વિચારીને બોલવું તે બીજી ભાવના.

(૩-૪-૫) જે મુનિ ક્રોધ, લોભ અને ભયને છોડે છે, તે ક્રોધાદિને છોડનારો મુનિ દીર્ઘરાત્રને એટલે કે મોક્ષને નજીકથી જોઈને (મૃષાને છોડનારો) થાય (અને આ રીતે) મુનિ જ સદા માટે મૃષાને છોડનારો થાય, કારણ કે ક્રોધાદિથી અસત્યવચન બોલાય છે. (ટૂંકમાં બોલતી વેળાએ ક્રોધ, લોભ અને ભયનો ત્યાગ કરવો તે ક્રમશઃ) ત્રીજી-ચોથી અને પાંચમી ભાવના જાણવી. આ પ્રમાણે બીજા મહાવ્રતની પાંચ ભાવનાઓ કહી.

ત્રીજા મહાવ્રતની પાંચ ભાવનાઓ

(૧) પ્રભુને = માલિકને અથવા માલિકે જેને સોંપ્યું હોય તેને આશ્રયીને અવગ્રહની યાચનામાં જાતે જ વિચારીને પ્રવર્તે, (અર્થાત્ પોતાને કેટલી જગ્યાની જરૂર છે ? વગેરે વિચારીને સાધુ તે વસતિના માલિક પાસે અથવા માલિકે જેને સોંપી હોય તે વ્યક્તિ પાસે જાતે જ યાચના કરે, પણ બીજા મારફત યાચના કરાવે નહીં.) નહીં તો અદત્તનું ગ્રહણ થવાનો સંભવ રહે. (આશય એ છે કે સાધુ બીજાને કામ સોંપે કે મારી માટે આટલી યાચના કરજો. ત્યારે તે બીજી વ્યક્તિએ કેવી રીતે યાચના કરી ?, કરી કે ન કરી ?, માલિક પાસે કરી કે માલિક ન હોય અથવા માલિકે જેને સોંપ્યું ન હોય તેવી વ્યક્તિ પાસે યાચના કરી ? વગેરે બાબતમાં ગડબડ ઊભી થવાનો સંભવ રહે જેથી ક્યારેક અદત્તનું ગ્રહણ પણ થઈ જાય. તેથી સાધુ પોતે જાતે જ યાચના કરે.) આ પ્રથમ ભાવના જાણવી.

(૨) (આ રીતે અવગ્રહ = ઉપાશ્રયની યાચના કર્યા બાદ પ્રાપ્ત થયેલ) ઉપાશ્રયમાં જ તણખલા વગેરેની અનુજ્ઞાપનામાં બુદ્ધિમાન સાધુ અવગ્રહ આપનારાના વચનોને સાંભળીને વર્તે. (અર્થાત્ પ્રતિગ્રહ=ઉપાશ્રય આપનારના 'તમે અમારી વસતિ વાપરી શકો છો' એવા વચનો સાંભળીને એટલે કે ઉપાશ્રય વાપરવાની રજા મળ્યા પછી તેમાં રહેલા તણખલા વગેરે માટેની યાચના કરે.) અન્યથા પરિભોગ કરવામાં અદત્તનો દોષ લાગે. આ બીજી ભાવના જાણવી.

(૩) હંમેશા સાધુ સ્પષ્ટ મર્યાદાવડે (અર્થાત્ 'મારે આટલી જગ્યાની જરૂર પડશે' એ પ્રમાણેના સ્પષ્ટ કથનવડે) અવગ્રહની અનુજ્ઞા મેળવીને એટલા અવગ્રહનો ઉપયોગ કરે, અન્યથા અદત્તનું ગ્રહણ થાય. એ ત્રીજી ભાવના છે.

(૪) ગુરુની અથવા (માંડલીમાં વહેંચનાર ગુરુનિયુક્ત) અન્ય સાધુની અનુજ્ઞા મેળવીને ભોજન-પાન કરે, અન્યથા અદત્તનો દોષ લાગે. આ ચોથી ભાવના છે.

(૫) સાધર્મિકોની = ગીતાર્થ અને સંવિગ્નવિહારી એવા સાધુઓની પાસે અવગ્રહની = વસતિની યાચના કરીને સ્થાનાદિ = રહેવું વગેરે કરે. (આશય એ છે કે - ગીતાર્થ અને સંવિગ્નવિહારી સાધુઓના ક્ષેત્રમાં કે વસતિમાં જ સાધુઓએ રહેવું જોઈએ. એવા ક્ષેત્રમાં કે વસતિમાં જ્યારે રહેવાનું થાય ત્યારે જો ત્યાં પહેલેથી જ બીજા સાધુઓ રોકાયા હોય તો તે ક્ષેત્ર કે વસતિ એમના અવગ્રહરૂપ હોવાથી ત્યાં સ્થાન = રોકાણ વગેરે કરતા પહેલાં તેમની પાસે યાચના કરીને અનુજ્ઞા મળ્યા બાદ રોકાણ વગેરે કરે.) નહીં તો ત્રીજા વ્રતની વિરાધના થાય, અર્થાત્ ત્રીજા વ્રતમાં અતિચાર લાગે. આ પાંચમી ભાવના જાણવી. ત્રીજા વ્રતની ભાવના કહી.

ચોથા મહાવ્રતની પાંચ ભાવનાઓ

(૧) આહારને વિષે ગુપ્ત થાય અર્થાત્ સ્નિગ્ધ પદાર્થો વાપરે નહીં. (તથા સ્નિગ્ધ સિવાયના જે પદાર્થો વાપરવાના છે તે પણ) અતિમાત્રાએ વાપરે નહીં. નહીં તો બ્રહ્મચર્યવ્રતનો સાધુ વિરાધક=અતિચાર લગાડનારો થાય છે. આ પ્રથમ ભાવના.

(૨) પોતાને વિભૂષિત કરે નહીં અર્થાત્ કોઈપણ પ્રકારની વિભૂષા કરે નહીં. જો વિભૂષા કરે તો બ્રહ્મવ્રતનો વિરાધક બને. આ બીજી ભાવના જાણવી.

(૩) સ્ત્રીઓને જુએ નહીં, તેમજ સ્ત્રી તથા તેની ઈન્દ્રિયો = અંગોપાંગ એક જ હોવાથી સ્ત્રીઓનાં અંગોપાંગને નીરખે નહીં, નહીં તો બ્રહ્મવ્રતવિરાધક બને. આ ત્રીજી ભાવના.

(૪) સ્ત્રી, પશુ, નપુંસકથી સંસક્ત=યુક્ત એવા ઉપાશ્રય વગેરેમાં રહે નહીં. અન્યથા

બ્રહ્મવ્રતવિરાધક બને. આ ચોથી ભાવના છે.

(૫) તત્ત્વોને જાણનાર સાધુ ક્ષુદ્રકથાને કરે નહીં, અર્થાત્ સ્ત્રીસંબંધી વાતો ન કરે અથવા સ્ત્રીઓ સાથે વાતચીત ન કરે, નહીં તો બ્રહ્મવ્રતવિરાધક બને. આ પાંચમી ભાવના કહી. આ પ્રમાણે ધર્મને ઇચ્છનારો સાધુ બ્રહ્મચર્યને સાંધે=રક્ષણ કરે. ચોથા વ્રતની ભાવના કહી.

પાંચમા મહાવ્રતની પાંચ ભાવનાઓ

(૧-૫) મૂળમાં सद्दरूवं... અહીં જે અનુસ્વાર છે તે પ્રાકૃતશૈલીના કારણે છે અને તે વ્યાકરણના નિયમથી થયેલ નથી. જે પંડિત સાધુ મનોજ્ઞ=ઇષ્ટ કે પાપક=અનિષ્ટ એવા આવી પડેલા શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શને પામીને આસક્તિરૂપ ગૃદ્ધિને = રાગને કે દ્વેષને કરે નહીં, તે સાધુ દાન્ત=ઇન્દ્રિયોનું દમન કરનારો છે, વિરત=સાવદ્યપ્રવૃત્તિઓથી વિરામ પામેલો છે, અકિંચન = નિષ્પરિગ્રહી છે. પરંતુ જો આવા શબ્દાદિને પામીને રાગ-દ્વેષ કરે તો તે રાગ-દ્વેષથી પાંચમા વ્રતની વિરાધના થાય છે. પાંચે ભાવનાઓ કહી. આ રીતે પાંચે મહાવ્રતોની ભાવનાઓ કહી.'

(સટીક આવશ્યકસૂત્રનિર્યુક્તિના મુનિશ્રી આર્યરક્ષિતવિજયજી મ. કૃત ભાવાનુવાદમાંથી સાભાર)

ગુરુ અગિયાર અંગોને બુદ્ધિમાં ધારી રાખે છે. તેરમી છત્રીસીની વૃત્તિમાં કહેલા દૃષ્ટિવાદ સિવાયના અગિયાર અંગો એ જ અગિયાર અંગો છે. આમ ગુરુના છત્રીસ ગુણો થાય છે. (૬૪૫)

ગુરુ બાર અંગો, દસ પયન્ના, છ છેદગ્રંથો, ચાર મૂલ ગ્રંથો, નન્દિસૂત્ર અને અનુયોગદ્વારસૂત્રને ધારણ કરે છે. તેમાં બાર અંગોનું સ્વરૂપ તેરમી છત્રીસીમાં કહ્યું છે. દશ પયન્નાના નામ આ પ્રમાણે છે - ચતુઃશરણ, ભક્તપરિજ્ઞા, સંસ્તારક, આતુરપ્રત્યાખ્યાન, મહાપ્રત્યાખ્યાન, તંદુલવૈચારિક, ચંદ્રવેધ્યક, દેવેન્દ્રસ્તવ, ગણિવિદ્યા અને મરણસમાધિ. છ છેદગ્રંથોના નામ આ પ્રમાણે છે - દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ, વ્યવહાર, જીતકલ્પ, નિશીથ અને મહાનિશીથ. ચાર મૂળગ્રંથોના નામ આ પ્રમાણે છે - આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન અને ઓઘનિર્યુક્તિ (પિંડનિર્યુક્તિ).

ગુરુ રાગ-દ્વેષ કરતા નથી. આમ ગુરુના છત્રીસ ગુણો થાય છે. (૬૪૬)

ગુરુ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યનું સ્વયં પાલન કરે છે, બીજા પાસે પાલન કરાવે છે અને પાલન કરનારા બીજાની અનુમોદના કરે છે. આમ ગુરુના પંદર ગુણ થાય

છે. ગુરુ દસ પ્રકારની સામાચારીમાં કુશળ હોય છે. તેનું સ્વરૂપ દસમી છત્રીસીની વૃત્તિમાં કહ્યું છે. ગુરુ પાંચ સમિતીઓને પાળે છે. ગુરુ પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરે છે. પાંચ પ્રકારની સમિતિઓ અને પાંચ પ્રકારના સ્વાધ્યાયનું સ્વરૂપ બીજી છત્રીસીમાં વર્ણવ્યું છે. ગુરુ અપ્રમત્ત હોય છે. આમ ગુરુના છત્રીસ ગુણો થાય છે. (૬૪૭-૬૪૮)

ગુરુ આઠ પ્રવચનમાતાઓનું પાલન કરે છે. તેમનું સ્વરૂપ **પાક્ષિકસૂત્ર**ની **વૃત્તિ**માં આ પ્રમાણે કહ્યું છે -

'પ્રવચન એટલે દ્વાદશાંગી એટલે બાર અંગો. જેમ માતા પુત્રને જન્મ આપે છે તેમ આઠ પ્રવચનમાતાઓ પ્રવચનને જન્મ આપે છે. માટે તેમને પ્રવચનમાતા કહેવાય છે. તે આઠ છે. તેમાં સમિતિ એટલે સારી પ્રવૃત્તિ. જવામાં જોઈને પ્રવૃત્તિ કરવી તે ઈર્યાસમિતિ. કહ્યું છે કે - 'ઈર્યાસમિતિ એટલે રથ, ગાડું, યાન, વાહનથી ખુંદાયેલા, સૂર્યના કિરણોથી તપેલા (પ્રકાશિત થયેલા), અચિત્ત, મિશ્ર ન હોય તેવા માર્ગો ઉપર ગાડાની ધૂંસરી જેટલી ભૂમિને જોઈને જવું-આવવું.' બોલવામાં નિરવદ્ય (પાપ ન લાગે તેમ) રીતે પ્રવૃત્તિ કરવી તે ભાષાસમિતિ. કહ્યું છે કે - 'ભાષાસમિતિ એટલે હિતકારી, પરિમિત (માપસર) અને શંકા વિનાનું બોલવું.' એષણામાં ઉદ્ગમ વગેરે દોષોને વર્જીને સારી પ્રવૃત્તિ કરવી તે એષણાસમિતિ. કહ્યું છે કે - 'એષણાસમિતિ એટલે ગોચરી ગયેલા મુનિએ બરાબર ઉપયોગ રાખીને નવ કોટીથી શુદ્ધ ગ્રહણ કરવું.' વસ્ત્ર વગેરે ઉપકરણો, માટીના વગેરે પાત્રા અને માત્રક (સાધુનું વિશેષ પ્રકારનું પાત્ર) ને લેવા-મૂકવામાં સારી રીતે જોઈને અને સારી રીતે પૂંજીને સારી પ્રવૃત્તિ કરવી તે આદાનભાંડમાત્રનિક્ષેપણાસમિતિ. વડીનીતિ, લઘુનીતિ, કફ, નાકનો મેલ, શરીરનો મેલ પરઠવવામાં સ્થંડિલશુદ્ધિ વગેરેના ક્રમે સારી પ્રવૃત્તિ કરવી તે ઉચ્ચારપ્રસ્રવણખેલસિંઘાન-જલ્લપારિષ્ઠાપનિકાસમિતિ. સારા વિચારો કરવા વડે અને ખરાબ વિચારો રોકવા વડે મનનું રક્ષણ કરવું તે મનોગુપ્તિ. ખરાબ વચનને રોકવા વડે અને સારા વચન બોલવા વડે વાણીનું રક્ષણ કરવું તે વચનગુપ્તિ. કારણ વિના હાથ-પગ વગેરે અંગોને સંકોચી રાખવા અને કારણ આવે ત્યારે ઊભા રહેવા વગેરેમાં સારી પ્રવૃત્તિ કરીને કાયાનું રક્ષણ કરવું તે કાયગુપ્તિ. '

ગુરુ ચાર દુઃખશય્યાઓને ત્યજે છે. ગુરુ ચાર સુખશય્યાઓને પાળે છે. ચાર પ્રકારની દુઃખશય્યાઓ અને ચાર પ્રકારની સુખશય્યાઓનું સ્વરૂપ **પાક્ષિકસૂત્ર**ની **વૃત્તિ**માં આ પ્રમાણે કહ્યું છે -

'જેમાં સુવાય તે શય્યા. દુઃખ આપનારી શય્યા તે દુઃખશય્યા. દ્રવ્યથી દુઃખશય્યા એટલે તેવો ખાટલો. ભાવથી દુઃખશય્યા એટલે દુષ્ટ ચિત્ત જન્ય કુસાધુતાનો સ્વભાવ. તે ચાર પ્રકારની છે - (૧) પ્રવચનમાં (જિનવચનમાં) અશ્રદ્ધા, (૨) બીજા પાસેથી પૌદ્ગલિક ધન, આહાર

વગેરે મેળવવા વગેરેની ઇચ્છા-પ્રાર્થના, (૩) દેવ-મનુષ્ય સંબંધી કામ (ભોગો)ની આશંસા (મેળવવાની-ભોગવવાની) ઇચ્છા અને (૪) સ્નાન વગેરે શરીરના સુખની (ગૃહસ્થપણાના સુખોની) ઇચ્છા.

ઠાણાંગસૂત્રમાં કહ્યું છે - ચાર દુઃખશય્યાઓ કહી છે. તેમાં આ પહેલી દુઃખશય્યા છે - કોઈ ભારેકર્મી જીવને સાધુ થઈને જિનશાસનમાં શંકા થાય, બીજા મતો સારા છે એમ માનવારૂપ કાંક્ષા થાય, ફળની શંકા રૂપ વિચિકિત્સા થાય, આ બધુ જિનશાસનમાં કહેલું એ જ પ્રમાણે છે કે બીજી રીતે છે ? એમ બુદ્ધિનો ભેદ થાય, આ બરાબર નથી એમ વિપરીત બુદ્ધિ થાય, તે જિનશાસનની શ્રદ્ધા ન કરે, પ્રીતિથી તેને સ્વીકારે નહીં, અતિશય ઇચ્છાપૂર્વક તેને તેની આરાધના કરવી ન ગમે. તે મનને ડામાડોળ કરે છે. તે ધર્મથી ભ્રષ્ટ થાય છે કે સંસારમાં પડે છે. આમ એ સાધુપણારૂપ શય્યામાં દુઃખપૂર્વક રહે છે. એ પહેલી દુઃખશય્યા છે.

હવે બીજી દુઃખશય્યા - કોઈ ભારેકર્મી જીવ સાધુ થઈને પોતાના લાભથી ખુશ થતો નથી, બીજા તરફથી અન્ન વગેરે કે રત્ન વગેરે રૂપ લાભની 'તે નક્કી મને આપશે' એવી આશા રાખે છે અથવા મળી જાય તો ભોગવે છે, તેને ઝંખે છે, તેને માંગે છે, મળ્યા પછી પણ વધુ ઇચ્છે છે. તે મનને ડામાડોળ કરે છે. તેથી ધર્મથી ભ્રષ્ટ થાય છે કે સંસારમાં પડે છે. આમ આ સાધુ પણ સાધુપણા રૂપ શય્યામાં દુઃખપૂર્વક રહે છે. એ બીજી દુઃખશય્યા છે.

હવે ત્રીજી દુઃખશય્યા - કોઈ ભારેકર્મી જીવ સાધુ થઈને દેવસંબંધી કે મનુષ્યસંબંધી કામભોગોની આશા કરે છે કે મળી જાય તો ભોગવે છે, તેને ઝંખે છે, તેને માંગે છે, મળ્યા પછી પણ વધુ ઇચ્છે છે. તે મનને ડામાડોળ કરે છે. તેથી ધર્મથી ભ્રષ્ટ થાય છે કે સંસારમાં પડે છે. આમ આ સાધુ પણ સાધુપણારૂપ શય્યામાં દુઃખપૂર્વક રહે છે એ ત્રીજી દુઃખશય્યા છે.

હવે ચોથી દુઃખશય્યા - કોઈ ભારેકર્મી જીવને સાધુ થઈને 'હું ઘરવાસમાં રહેતો હતો ત્યારે હાડકાને સુખ થાય તેમ મારા શરીરને હોંશિયારી પૂર્વક દબાવાતું, પીઠ દબાવાતી, તેલમાલીશ થતું, મારુ શરીર ધોવાતું, તેમાં કોઈ ના ન પાડતું. જ્યારથી હું સાધુ થયો ત્યારથી એ બધુ મળતું નથી.' આમ વિચારે. તે તે વસ્તુઓની આશા કરે કે મળે તો ભોગવે, તેમને ઝંખે, તેને માંગે, મળ્યા પછી પણ વધું ઇચ્છે. તે મનને ડામાડોળ કરે છે. તે ધર્મથી ભ્રષ્ટ થાય છે કે સંસારમાં પડે છે. આમ આ સાધુ પણ સાધુપણારૂપ શય્યામાં દુઃખેથી રહે છે. એ ચોથી દુઃખશય્યા છે.

સુખ આપનારી શય્યા તે સુખશય્યા. તે ચાર પ્રકારની છે. તે દુઃખશય્યાથી વિપરીત રીતે પૂર્વે કહ્યા મુજબ જાણવી. કહ્યું છે કે -

ચાર સુખશય્યાઓ કહી છે. તેમાં આ પહેલી સુખશય્યા છે - કોઈ જીવને સાધુ થઈને જિનશાસનમાં શંકા થતી નથી, બીજા મતોની કાંક્ષા થતી નથી, ફળની શંકા થતી નથી, બુદ્ધિનો ભેદ થતો નથી, વિપરીત બુદ્ધિ થતી નથી, તે જિનશાસનની શ્રદ્ધા કરે છે, તેને સ્વીકારે છે, તેને તે ગમે છે. તેનું મન ડામાડોળ થતું નથી. તે ધર્મભ્રષ્ટ થતો નથી કે સંસારમાં પડતો નથી. એ સાધુપણારૂપ શય્યામાં સુખપૂર્વક રહે છે. આ પહેલી શુખશય્યા છે.

હવે બીજી સુખશય્યા - કોઈ જીવ સાધુ થઈને પોતાના લાભથી ખુશ થાય છે, બીજા તરફથી લાભની આશા રાખતો નથી, મળે તો ભોગવતો નથી, તેને ઇચ્છતો નથી, તેની પ્રાર્થના કરતો નથી, વધુ ઇચ્છતો નથી. તેનું મન ડામાડોળ થતું નથી. તે ધર્મભ્રષ્ટ થતો નથી કે સંસારમાં પડતો નથી. આ બીજી સુખશય્યા છે.

હવે ત્રીજી સુખશય્યા - કોઈ જીવ સાધુ થઈને દેવસંબંધી કે મનુષ્યસંબંધી કામભોગોની આશા રાખતો નથી, મળે તો ભોગવતો નથી, તેને ઝંખતો નથી, તેને માંગતો નથી, વધુ ઇચ્છતો નથી. તેનું મન ડામાડોળ થતું નથી. તે ધર્મભ્રષ્ટ થતો નથી કે સંસારમાં પડતો નથી. આ ત્રીજી સુખશય્યા છે.

હવે ચોથી સુખશય્યા - કોઈ જીવ સાધુ થઈને એમ વિચારે, 'જો શોક વિનાના, તાવ વગેરે રોગ વિનાના, બળવાન, સારા શરીરવાળા એવા અરિહંત ભગવંતો પણ આશંસા દોષ રહિત હોવાથી ઉદાર, મંગળસ્વરૂપ, ઘણા દિવસોની, પ્રકૃષ્ટ સંયમ યુક્ત, આદરપૂર્વક સ્વીકારેલ, અચિંત્ય શક્તિવાળી, વિશેષ ઋદ્ધિના કારણરૂપ, કર્મક્ષયના કારણરૂપ, મોક્ષના સાધનરૂપ અનશન વગેરેમાંથી કોઈ એક તપક્રિયાને સ્વીકારે છે તો માથાનો લોચ, બ્રહ્મચર્ય વગેરેને સ્વીકારીને થતી વેદના અને તાવ, ઝાડા વગેરે ઉપક્રમથી થતી વેદનાને હું ગુસ્સા વિના, દીનતા વિના શા માટે સહન ન કરું ? આ વેદનાઓ સહન ન કરવાથી મને શું લાભ થશે ? એકાંતે પાપકર્મ બંધાશે. આ વેદનાઓ સહન કરવાથી મને શું લાભ થશે ? એકાંતે નિર્જરા થશે.' આ ચોથી સુખશય્યા છે.'

ગુરુ ત્રણ પ્રકારના સત્યને જાણે છે, તે આ પ્રમાણે - મનસત્ય, વચનસત્ય અને કાયસત્ય. ત્રણ પ્રકારના સત્યનું સ્વરૂપ **પાક્ષિકસૂત્ર**ની **વૃત્તિ**માં આ પ્રમાણે કહ્યું છે -

'મનનું સત્ય તે મનસત્ય એટલે કે મનસંયમ. મનસંયમ એટલે મનને ખરાબ વિચારોથી અટકાવવું અને સારા વિચારોમાં પ્રવર્તાવવું. વચનસત્ય એટલે વચનસંયમ એટલે ખરાબ વચનો ન બોલવા અને સારા વચનો બોલવા. કરણસત્ય એટલે ક્રિયાસત્ય એટલે કાયસંયમ. કાયસંયમ એટલે કામ હોય તો ઉપયોગપૂર્વક જવું-આવવું વગેરે કરવું અને કામ ન હોય તો હાથ-પગ વગેરે અવયવોને ગોપવીને બેસવું.'

ગુરુ છ ભાષાઓને જાણે છે. તેમનું સ્વરૂપ ચોથી છત્રીસીની વૃત્તિમાં કહ્યું છે. ગુરુ બે પ્રકારના ધ્યાનને જાણે છે. ધ્યાન બે પ્રકારનું છે. (૧) પ્રશસ્તધ્યાન-સારુ ધ્યાન અને (૨) અપ્રશસ્તધ્યાન-ખરાબ ધ્યાન. ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ પ્રશસ્તધ્યાન છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ અપ્રશસ્તધ્યાન છે. ભેદોસહિત આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાનનું સ્વરૂપ પહેલી છત્રીસીની વૃત્તિમાં વર્ણવ્યું છે.

ગુરુ સાત પ્રકારના વિભંગજ્ઞાનના સ્વરૂપને જાણે છે. તે **પાક્ષિકસૂત્રની વૃત્તિ**માં આ પ્રમાણે કહ્યું છે -

'સાત પ્રકારનું વિભંગજ્ઞાન છે. જેમાં વિરુદ્ધ કે ખોટો એટલે વસ્તુના સ્વરૂપ પ્રમાણે ન હોય તેવો વિકલ્પ હોય તે વિભગંજ્ઞાન છે. વિભંગજ્ઞાન એટલે મિથ્યાત્વ સહિતનું અવધિજ્ઞાન. તે સાકાર છે. તે સાત પ્રકારનું છે -

(૧) એક દિશામાં લોકજ્ઞાન એટલે પૂર્વ વગેરે એક દિશામાં લોકનો બોધ થવો તે. એને શેષ દિશાઓમાં લોકનો બોધ ન થવાથી તેનો નિષેધ કરે છે. માટે તે વિભંગજ્ઞાન છે.

(૨) પાંચ દિશામાં લોકજ્ઞાન એટલે પાંચ દિશાઓમાં લોકનો બોધ થવો, કોઈ એક દિશામાં નહીં. એ એક દિશામાં લોકનો નિષેધ કરતો હોવાથી વિભંગજ્ઞાન છે.

(૩) ક્રિયાવરણ જીવ એટલે જીવો વડે કરાતી હિંસા વગેરે દેખાતા હોવાથી અને તેનાથી બંધાતાં કર્મો ન દેખાતાં હોવાથી હિંસા વગેરે ક્રિયા એ જ જીવનું આવરણ છે એમ માનવામાં તત્પર તે ત્રીજુ વિભંગજ્ઞાન. એ કર્મો ન દેખાતાં હોવાથી તેમને નથી માનતું. માટે તે વિભંગજ્ઞાન છે.

(૪) મુદ્ગ્ગ જીવ એટલે ભવનપતિ વગેરે દેવો પોતાના શરીરની અવગાહનાના ક્ષેત્રની અંદર રહેલા અને બહાર રહેલા પુદ્ગલોને ગ્રહણ કરી ઉત્તરવૈક્રિય શરીર રચે છે, તે જોઈને સર્વ જીવોનું શરીર પોતાના અવગાહનાના ક્ષેત્રના બાહ્ય અને અભ્યંતર પુદ્ગલોથી જ રચાયેલું છે એમ માનવું તે વિભંગજ્ઞાન છે.

(૫) અમુદ્ગ્ગ જીવ એટલે દેવોનું ભવસ્થવૈક્રિયશરીર બાહ્ય-અભ્યંતર પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના જ રચાયેલું જોઈને સર્વ જીવોનું શરીર બાહ્ય-અભ્યંતર પુદ્ગલોથી રચાયેલું નથી એમ માનવું તે વિભંગજ્ઞાન છે.

(૬) રૂપી જીવ એટલે વૈક્રિયશરીરવાળા દેવોને જોઈને સર્વ જીવો રૂપી જ છે એમ માનવું તે વિભંગજ્ઞાન છે.

(૭) આ બધુ જીવ છે એટલે વાયુથી પુદ્ગલોને હાલતાં ચાલતાં જોઈને સર્વ વસ્તુઓ હાલતી ચાલતી હોવાથી જીવ જ છે, અજીવ છે જ નહીં એમ માનવું તે વિભંગજ્ઞાન છે.'

ગુરુ બે પ્રકારના ધર્મને જાણે છે અને પ્રરૂપે છે. ધર્મ બે પ્રકારનો છે - શ્રમણધર્મ અને શ્રાવકધર્મ. તેમાં શ્રમણધર્મ પાંચ મહાવ્રતરૂપ છે અથવા દસ પ્રકારના યતિધર્મરૂપ છે. પાંચ મહાવ્રતોનું સ્વરૂપ બીજી છત્રીસીની વૃત્તિમાં કહ્યું છે. દસ પ્રકારના યતિધર્મનું સ્વરૂપ બારમી છત્રીસીની વૃત્તિમાં કહ્યું છે. શ્રાવકધર્મ સમ્યક્ત્વ મૂળ બાર વ્રત રૂપ છે. પાંચ પ્રકારના સમ્યક્ત્વનું સ્વરૂપ બીજી છત્રીસીની વૃત્તિમાં કહ્યું છે. બાર વ્રતોનું સ્વરૂપ ચૌદમી છત્રીસીની વૃત્તિમાં બતાવ્યું છે. આમ ગુરુ છત્રીસ ગુણોથી વિભૂષિત હોય છે. (૬૪૯)

આમ ગુરુના ગુણોની અડતાલીસ છત્રીસીઓ કહી. ગુરુના માત્ર આટલા જ ગુણો નથી. ગુરુ આવા અનેક ગુણોના સેંકડો સમૂહોથી અલંકૃત છે. તેમના બધા ગુણોનું વર્ણન કરવું આપણા માટે શક્ય નથી. માટે તેમના થોડા ગુણોનું અહીં વર્ણન કર્યું છે. ગુરુ સુવિહિતોનું એટલે કે સાધુઓનું હિત કરે છે. આવા ખૂબ જ સારા આચાર્ય સાધુસમુદાયરૂપ ગચ્છમાં આધાર સમાન છે એમ તીર્થંકરો અને ગણધરોએ કહ્યું છે. (૬૫૦)

●●●

+ **कह तं भण्णइ सुक्खं ? सुचिरेण वि जस्स दुक्खमल्लिअइ ।**
जं च मरणावसाणे, भवसंसाराणुबंधिं च ॥

લાંબા કાળે જેમાં દુઃખ આવી પડે છે અને મરણ પછી જે સંસારની પરંપરા ઊભી કરે છે તેને સુખ શી રીતે કહેવાય ?

+ **आहारेसु सुहेसु अ, रम्मावसहेसु काणणेसुं च ।**
साहूण नाहिगारो, अहिगारो धम्मकज्जेसु ॥

સાધુઓને આહાર, સુખ, સુંદર મકાનો અને જંગલો સંબંધી અધિકાર નથી, ધર્મકાર્યોનો અધિકાર છે.

+ **जो गिण्हइ गुरुवयणं, भण्णंतं भावओ विसुद्धमणो ।**
ओसहमिव पिज्जंतं, तं तस्स सुहावहं होइ ॥

બોલાતા એવા ગુરુવચનને જે ભાવથી, વિશુદ્ધમનથી ગ્રહણ કરે છે તેને તે ગુરુવચન પીવાતા ઔષધની જેમ સુખ કરનારું થાય છે.

नैतावन्मात्रा एव गुरुगुणाः, परन्त्वनन्ताः । ग्रन्थकृता स्वशक्त्यनुसारेण स्तोका गुरुगुणा वर्णिताः । सर्वेषां गुरुगुणानां प्रतिपादने स्वस्य सामर्थ्यरहितत्वमाविर्भावयितुं स आह -

मूलम् - जइवि हु सूरिवराणं, सम्मं गुणकित्तणं करेउं जे ।
सक्कोवि नेव सक्कइ, कोऽहं पुण गाढमूढमई ॥३८॥

छाया - यद्यपि खलु सूरिवराणां, सम्यग् गुणकीर्त्तनं कर्त्तुम् ।
शक्रोऽपि नैव शक्नोति, कोऽहं पुनर्गाढमूढमतिः ॥३८॥

प्रेमीया वृत्तिः - यद्यपि - सम्भावने, **खलु**शब्दो वाक्यालङ्कारे **सूरिवराणां** - शोभनाचार्याणां, **सम्यग्** - सुष्ठु, न तु यथाकथञ्चित्, **गुणकीर्त्तनं** - गुणानां कथनं, **कर्तुं**-विधातुं, **शक्रः** - सौधर्मदेवलोकाधिपतिः, **अपि**शब्दो गुरुगुणकीर्त्तनं कर्त्तुमहं तु नैव शक्नोमि, शक्रोऽपि नैव शक्नोतीति दर्शनार्थम्, **न**शब्दो निषेधे, **एव**शब्दो अवधारणे, **शक्नोति** - समर्थो भवति, **गाढमूढमतिः** - अत्यन्तमोहयुक्तप्रज्ञावान्, **पुनः** - तु **अहम्** - ग्रन्थकारः, **कः** - कथं, **शक्तः स्यामि**त्यत्राध्याहार्यमिति शब्दार्थः ।

भावार्थस्त्वयम् - देवा अचिन्त्यसामर्थ्याः । तेष्वपीन्द्राणां सामर्थ्यं प्रभूतम् । समभूतलादसङ्ख्येययोजनान्यूर्द्ध्वं गत्वा प्रथमो देवलोकः समवतिष्ठते । तस्याधिपतिः शक्रनामेन्द्रः । गुरुगुणा अनन्ताः । अचिन्त्यसामर्थ्यवान् शक्रोऽपि यदि सर्वान् गुरु-गुणान्यथावस्थितान् कथयितुमसमर्थो भवति तर्ह्यत्यल्पसामर्थ्यवतो मन्दप्रज्ञस्य च मम सर्वगुरुगुणानां यथार्थप्रतिपादने का वार्ता ? अहं तु सुतरां तेषां सम्यक् प्रतिपादने-ऽसमर्थोऽस्मीति वदति ग्रन्थकृत् ॥३८॥

• • •

ગુરુના માત્ર આટલાં જ ગુણો નથી, પરંતુ અનંતા છે. ગ્રંથકારે પોતાની શક્તિમુજબ ગુરુના થોડા ગુણોનું વર્ણન કર્યું છે. ગુરુના બધા ગુણોને સમજાવવા પોતાનું સામર્થ્ય નથી એવું પ્રગટ કરવા તેઓ કહે છે -

શબ્દાર્થ - જો કે સૂરિવરોના ગુણોનું સારી રીતે કીર્તન કરવા શક્ર પણ સમર્થ નથી, તો પછી ગાઢ રીતે મૂઢ મતિવાળો હું કોણ ? (૩૮)

પ્રેમીયા વૃત્તિનો ભાવાનુવાદ - સૂરિવરો એટલે સારા આચાર્યો. ગુણોનું કીર્તન એટલે ગુણો કહેવા. શક્ર એ સૌધર્મ દેવલોકનો અધિપતિ છે. ગાઢ રીતે મૂઢ મતિવાળો એટલે અત્યંત મોહથી યુક્ત બુદ્ધિવાળો. ગુરુના ગુણોનું કીર્તન કરવા હું તો સમર્થ નથી જ, શક્ર પણ સમર્થ નથી એ જણાવવા અપિ શબ્દ મૂક્યો છે. આ માત્ર શબ્દોનો અર્થ છે.

ભાવાર્થ આ પ્રમાણે છે - દેવો અચિંત્ય સામર્થ્યવાળા હોય છે. તેમાં પણ ઈન્દ્રોનું સામર્થ્ય ઘણું હોય છે. સમભૂતલથી અસંખ્ય યોજન ઉપર જઈને પહેલો દેવલોક આવેલ છે. તેનો અધિપતિ શક્ર નામનો ઈન્દ્ર છે. ગુરુના ગુણો અનંતા છે. અચિંત્ય સામર્થ્યવાળો શક્ર પણ જો ગુરુના બધા ગુણોને જેવા છે તેવા કહેવા માટે અસમર્થ છે તો ગુરુના બધા ગુણોનું સાચું પ્રતિપાદન કરવામાં અલ્પસામર્થ્યવાળા અને મંદબુદ્ધિવાળા મારી શી વાત કરવી ? હું તો તેમનું બરાબર પ્રતિપાદન કરવામાં અવશ્ય અસમર્થ છું - એમ ગ્રન્થકાર કહે છે. (૩૮)

●●●

+ **जं न लहइ सम्मत्तं, लद्धूण वि जं न एइ संवेगं ।**
विसयसुहेसु य रज्जइ, सो दोसो रागदोसाणं ॥

જીવો જે સમ્યક્ત્વ નથી પામતા, સમ્યક્ત્વ પામ્યા પછી પણ સંવેગ નથી પામતા અને વિષયસુખોમાં આસક્ત થાય છે તે રાગ-દ્વેષનો દોષ છે.

+ **को दुक्खं पाविज्जा ? कस्स व सुक्खेहिं विम्हओ हुज्जा ? ।**
को व न लभिज्ज मुक्खं ? रागदोसा जइ न हुज्जा ॥

જો રાગ-દ્વેષ ન હોત તો કોણ દુઃખ પામત ? કોણ સુખોથી આશ્ચર્ય પામત ? અથવા કોણ મોક્ષ ન પામત ?

यदि ग्रन्थकारः सर्वगुरुगुणानां यथार्थप्रतिपादनेऽसमर्थस्तर्हि तेनेदं गुरुगुणषट्त्रिंशत्षट्त्रिंशिकाख्यं शास्त्रं कथं विरचितमित्यारेकां समादधाति -

मूलम् - तहवि हु जहासुआओ, गुरुगुणसंगहमयाउ भत्तीए ।
इय छत्तीसं छत्तीसियाउ, भणियाउ इह कुलए ॥३९॥

छाया - तथापि खलु यथाश्रुतात्, गुरुगुणसङ्ग्रहमया भक्त्या ।
इति षट्त्रिंशत् षट्त्रिंशिका, भणिता इह कुलके ॥३९॥

प्रेमीया वृत्तिः - तथापि - यद्यपि सर्वगुरुगुणानां शक्रेणाऽपि अप्रतिपाद्यत्वात् ममाऽपि तत्र सामर्थ्यं नास्ति तथापि, **खलु**शब्दो वाक्यालङ्कारे, **इह** - अस्मिन्, **कुलके** - गुरुगुणषट्त्रिंशत्षट्त्रिंशिकाख्ये, **यथाश्रुतात्** - श्रुतानुसारेण, **भक्त्या** - प्रीत्या, गुरुबहुमानेनेत्यर्थः, **इति** - एवं, **गुरुगुणसङ्ग्रहमयाः** - गुरुगुणानां सङ्ग्रहरूपाः, **षट्त्रिंशत्**-षट्त्रिंशत्सङ्ख्याः, **षट्त्रिंशिकाः** - षट्त्रिंशद्गाथासमूहात्मिकाः, **भणिताः** - प्रोक्ताः । **मये**ति गम्यम् । इति समासार्थः ।

व्यासार्थस्त्वयम् - ग्रन्थकारो वक्ति-यद्यपि सर्वगुरुगुणयथार्थप्रतिपादनेऽहम-समर्थस्तथापि गुरुगुणसङ्ग्रहरूपाः षट्त्रिंशत् षट्त्रिंशिका मयाऽत्र कुलके वर्णितास्तत्र द्वे कारणे स्तः-(१) मयैताः षट्त्रिंशिका न स्वमनिषिकया विकल्प्य कथिताः परन्तु श्रुतानुसारेण । यथा श्रुते मयैताः पठितास्तथैता अत्र प्रतिपादिताः । अत्र मम किञ्चिदपि पाण्डित्यं नास्ति । श्रुतादुद्धृत्य मयैता अत्र निबद्धाः । (२) मयैताः षट्त्रिंशिका गुरुभक्तिभावेन विरचिताः । यथा स्वयं गमनाऽसमर्थः पङ्गुर्यष्टिसाहाय्येनेप्सितं स्थान-मासादयति तथा स्वयं गुरुगुणप्रतिपादनाऽसमर्थोऽहं गुरुबहुमानसाहाय्येनैताः षट्त्रिंशिका विरचितवान् । गुरुभक्तिरेव बलान्मामेतच्छास्त्रविरचनार्थं प्रेरितवती एतच्छास्त्रनिर्विघ्नसमाप्तिञ्च प्रापितवती । यदुक्तं **भक्तामरस्तोत्रे** -

'अल्पश्रुतं श्रुतवतां परिहासधाम, त्वद्भक्तिरेव मुखरीकुरुते बलान्माम् ।
यत्कोकिलः किल मधौ मधुरं विरौति, तच्चारुचूतकलिकानिकरैकहेतुः ॥६॥'

इत्थं पूर्वश्रुत-गुरुभक्ति-प्रभावेण मयैताः षट्त्रिंशिकाः सन्दृब्धाः, न तु स्वसामर्थ्येन ।

अनेन श्लोकेनेदं कुलकं षट्त्रिंशिकामयमिति प्रतिपादितम् । षट्त्रिंशिकानां विषयप्रमाणेऽप्यनेन श्लोकेन कथिते ॥३९॥

● ● ●

\+ **जो चयइ उत्तरगुणे, मूलगुणे वि अचिरेण सो चयइ ।**
जह जह कुणइ पमायं, पिल्लिज्जइ तह कसाएहिं ॥

જે ઉત્તરગુણોને તજે છે તે ટૂંક સમયમાં મૂલગુણોને પણ તજે છે. જીવ જેમ જેમ પ્રમાદ કરે છે તેમ તેમ કષાયો તેને પ્રેરે છે.

\+ **धिद्धी अहो अकज्जं, जं जाणंतो वि रागदोसेहिं ।**
फलमउलं कडुअरसं, तं चेव निसेवए जीवो ॥

ધિક્કાર થાઓ, અરે આ અકાર્ય છે કે જીવ રાગ-દ્વેષના અત્યંત કડવા રસરૂપ ફળને જાણતો હોવા છતાં તેમને જ સેવે છે.

\+ **पत्थरेणाहओ कीवो, पत्थरं डक्कुमिच्छइ ।**
मिगारिओ सरं पप्प, सरुप्पत्तिं विमग्गइ ॥

પથ્થરથી હણાયેલો કૂતરો પથ્થરને કરડવા ઈચ્છે છે, સિંહ બાણ પામીને બાણનું ઉત્પત્તિસ્થાન શોધે છે.

\+ **जिणपहअपंडियाणं, पाणहराणं पि पहरमाणाणं ।**
न करंति य पावाइं, पावस्स फलं वियाणंता ॥

જિનમાર્ગને નહીં જાણનારા એવા, પ્રહાર કરીને પ્રાણ હરનારા જીવોની ઉપર પાપના ફળને જાણનારા જીવો પાપ નથી કરતા.

જો ગ્રન્થકાર ગુરુના બધા ગુણોને બરાબર કહેવા અસમર્થ હોય તો તેમણે ગુરુગુણષટ્ત્રિંશત્ષટ્ત્રિંશિકા નામનું આ શાસ્ત્ર શી રીતે રચ્યું ? આવી શંકાનું સમાધાન કરે છે -

શબ્દાર્થ - છતાં પણ શાસ્ત્રોને અનુસારે ભક્તિથી ગુરુના ગુણોના સંગ્રહરૂપ આ છત્રીસ છત્રીસીઓ આ કુલકમાં કહી છે. (૩૯)

પ્રેમીયા વૃત્તિનો ભાવાનુવાદ - જો કે ગુરુના બધા ગુણોનું વર્ણન શક્ર પણ કરી શકતો ન હોવાથી મારુ પણ તેમાં સામર્થ્ય નથી, છતાં પણ 'ગુરુગુણષટ્ત્રિંશત્ષટ્ત્રિંશિકા' નામના આ કુલકમાં શાસ્ત્રોને અનુસારે અને ગુરુ પરના બહુમાનથી ગુરુના ગુણોના સંગ્રહરૂપ આ છત્રીસ છત્રીસીઓ મેં કહી છે. છત્રીસ ગાથાઓના સમૂહને છત્રીસી કહેવાય છે. આ સંક્ષેપમાં અર્થ કહ્યો.

વિસ્તૃત અર્થ આ પ્રમાણે છે - ગ્રન્થકાર કહે છે કે - જો કે ગુરુના બધા ગુણોનું સચોટ વર્ણન કરવા હું અસમર્થ છું છતાં પણ ગુરુના ગુણોના સંગ્રહરૂપ છત્રીસ છત્રીસીઓ મેં આ કુલકમાં વર્ણવી છે તેમાં બે કારણ છે - (૧) મેં આ છત્રીસીઓ મારી બુદ્ધિથી વિચારીને કહી નથી પણ શાસ્ત્રોને અનુસારે કહી છે. જે રીતે શાસ્ત્રોમાં મેં આ છત્રીસીઓ વાંચી તે પ્રમાણે મેં અહીં તે બતાવી છે. આમાં મારી કંઈ પંડિતાઈ નથી. શાસ્ત્રોમાંથી કાઢીને મેં અહીં એ છત્રીસીઓ ગુંથી છે. (૨) મેં આ છત્રીસીઓ ગુરુ પરના ભક્તિભાવથી રચી છે. જેમ પોતે જવા અસમર્થ પાંગળો લાકડીની મદદથી ઈષ્ટ સ્થાનને પામે છે તેમ સ્વયં ગુરુના ગુણોને કહેવા અસમર્થ એવા મેં ગુરુબહુમાનની મદદથી આ છત્રીસીઓ રચી છે. ગુરુભક્તિએ જ પરાણે મને આ શાસ્ત્રની રચના કરવા પ્રેરણા કરી અને ગુરુભક્તિથી જ આ શાસ્ત્રની વિઘ્ન વિના સમાપ્તિ થઈ. **ભક્તામરસ્તોત્ર**માં કહ્યું છે - 'અલ્પ શ્રુતજ્ઞાનવાળા, શાસ્ત્ર જાણનારાઓને માટે ઉપહાસનું સ્થાન એવા મને તમારી ભક્તિ જ વાચાળ કરે છે, કેમકે ખરેખર કોયલ વસંતમાં મધુર રીતે અવાજ કરે છે તેનું એકમાત્ર કારણ સારી એવી આંબાની કળીઓનો સમૂહ છે. (૬)'

આમ પૂર્વના શાસ્ત્રો અને ગુરુભક્તિના પ્રભાવે મેં આ છત્રીસીઓ રચી છે, મારા સામર્થ્યથી નહીં.

આ શ્લોકથી એ બતાવ્યું કે, આ કુલક છત્રીસીઓથી બનેલું છે. છત્રીસીઓનો વિષય અને તેમનું પ્રમાણ પણ આ શ્લોક વડે કહેવાયું છે. (૩૯)

●●●

अधुना चरमश्लोकेनैतत्कुलकमुपसंहरति -

मूलम् - सिरिवयरसेणसुहगुरु-सीसेणं विरइयं कुलगमेयं ।
पढिऊणमसढभावा, भव्वा पावंतु कल्लाणं ॥४०॥

छाया - श्रीवज्रसेनशुभगुरु-शिष्येण विरचितं कुलकमेतत् ।
पठित्वाऽशठभावा, भव्याः प्राप्नुवन्तु कल्याणम् ॥४०॥

प्रेमीया वृत्तिः - श्रीवज्रसेनशुभगुरुशिष्येण - श्रीवज्रसेनाऽख्यस्य शुभगुरोः शिष्येण, **विरचितं** - गुम्फितं, **एतत्** - प्रस्तुतं, **कुलकं** - षट्त्रिंशत्षट्त्रिंशिकामयं, **पठित्वा** - अधीत्य, **अशठभावाः** - ऋजुस्वभावाः, **भव्याः** - मुक्तिगमनार्हा जीवाः, **कल्याणं** - निःश्रेयसं, **प्राप्नुवन्तु**-लभन्तामिति सङ्क्षेपार्थः ।

विस्तरार्थस्त्वयम् - अनेन श्लोकेन ग्रन्थकृता प्रकृतं कुलकमुपसंहृतम् ।

अस्मिन्श्लोके ग्रन्थकृता स्वगुरोर्नाम प्रकटितम् । तेन ग्रन्थकृद्धृदये वर्तमानं गुरुबहुमानं व्यज्यते । स स्वकृतकार्येष्वपि गुरुमेवाऽग्रे करोति ।

अस्मिन्श्लोके ग्रन्थकृता स्वनाम नोक्तम् । तेन ज्ञायते - स नामस्पृहाविमुक्तोऽभवदिति ।

अस्मिन्श्लोके ग्रन्थकारेण स्वगुरुशिष्यरूपेणैव स्वपरिचयो दत्तः, न तु स्वनाम्ना । तेन ज्ञायते तेन स्वस्याऽस्तित्वं स्वगुरौ विलीनीकृतमिति ।

